Vol. 43, No. 5
September 2022
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866
E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

અનહદ બાની

☐ સુભાષ ભટ્ટ

અંતહીન અર્થોમાં સમગ્ર જીવન અને જગત એકમેકમાં વિસ્તરેલાં છે. આપણે ઇન્ટરબિઇંગ છીએ. આપણે સૌ અસ્તિત્વનું એક જ વસ્ત્ર પહેરીએ - ઓઢીએ છીએ. ‘अ’માં ‘ब’ અને ‘ब’માં ‘अ’ ધબકે છે - વસે છે. આપણે સૌ એકમેકમાં પ્રગટીએ છીએ. પૂર્વ અને પશ્ચિમ અખંડ છે. મારી તરસ તમારી પણ છે અને તમારી તૃપ્તિ મારી પણ છે. તમારી મુક્તિમાં હું પણ મુક્ત થાઉં છું. ક્યારેક અંધકાર દૂર કરવાનો પ્રયાસ વ્યક્તિગત જણાય છે, પણ ઉજાસ અસ્તિત્વગત છે - સૌનો છે.

રૂઢિચુસ્ત યહૂદીઓની એક હસીદ નામની સાધના ધારા છે. તેના થોડાક સાધકોનો એક સમૂહ ગાઢ જંગલમાં ભૂલો પડી ગયો. એમણે નાનીમોટી જંગલકેડી પર ચાલીને મથામણ કરી, પણ ના! ન મારગ પામ્યા કે ન કશે પહોંચ્યા. આખરે થાક્યા, હાંફ્યા અને હાર્યા. બધા મૂંઝાતા બેઠા. ત્યાં એમણે ઉતાવળે ચાલતા એક રબ્બી (ધર્મગુરુ)ને જોયા. પેલા ટોળામાંથી એક જણ બોલ્યું, ‘ગુરુજી, અમે ખોવાયા છીએ. અમને જંગલમાંથી બહાર નીકળવાની કેડી ચીંધો.’ ત્યારે રબ્બી કહે, ‘ખોવાયો તો હું પણ છું, પણ હું તમને એ કેડીઓ ઓળખાવી શકીશ જે ક્યાંયે દોરી નથી જતી. હું તમને નિરર્થક ચીલા તારવી આપીશ. જે ક્યાંયે પહોંચતા કે પહોંચાડતા નથી. પછી તો બધા સાથે જ છીએ, શોધી કાઢીશું એક માર્ગ જે આપણને સૌને, બહાર લઈ જશે અને પાર પણ ઉતારશે.’

પરમ મરમી કબીર દાસજી આમ કહે છે :

નાંવ ન જાને ગાંવકા બિન જાને કિત જાંવ,
ચલતા ચલતા જુગ ભયા પાવ કોસ પર ગાંવ.

એટલે તેના ગામનું નામ જાણ્યા વિના હું ક્યાં જાઉં? અજ્ઞાનમાં ચાલતાં યુગ વીત્યો, બાકી પરમનું ગામ પા ગાઉ પણ દૂર નથી. ખેર! આંગળી ચીંધનાર અને સાથે ભટકનારમાં ઘણો ચૈતન્ય-ભેદ છે.

❑❑❑

૧૩૩

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૩ અંક : ૫, સપ્ટેમ્બર ૨૦૨૨

સંસ્થાપકો :

કનૈયાલાલ મુનશી

શ્રીગોપાલ નેવટિયા

સમર્પણ : સ્થા. ૧૯૫૯

નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ

દીપક દોશી

સહાયક સંપાદકઃ

અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : **યોગેશ પટેલ**

પ્રકાશક :

પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

E-mail : deepsamarpan@yahoo.com
website : www.navneetsamarpan.com

રવાનગી વિભાગ :

૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

નવેમ્બર ૨૦૨૨નો અંક દીપોત્સવી વિશેષાંક હશે.

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.
❑ ઓનલાઈન લવાજમ માટે www.navneetsamarpan.com



મુનશીવાણી

ઑગસ્ટ ૧, ૧૯૬૩

બેંગ્લોર કેન્દ્ર, પ્રાચીન મૂલ્યોનું સમર્થન

મારા નવયુવાન મિત્ર,

ઝડપથી પલટાઈ રહેલી યંત્રયુગની અપેક્ષાઓ સંતોષે એ રીતે આપણી સંસ્કૃતિનાં મૂલ્યો અને શિસ્તને કઈ રીતે સાનુકૂળ બનાવવાં એ આજની પ્રધાન સમસ્યા છે. અર્વાચીનતા અને પરંપરા વચ્ચે સંઘર્ષ સર્જાયો છે. આપણા પર નિર્દયતાથી ફૂંકાઈ રહેલા પરિવર્તનના પવન અને આપણી વારસાગત સાંસ્કૃતિક દૃઢસ્થાયિતા વચ્ચે આપણે છિન્નભિન્ન થઈ રહ્યા છીએ. વર્તમાનના અસહ્ય વિચારનો ભાર ક્યારેક આપણા પગને લપસાવી મૂકે છે. આપણી સમક્ષ વિરાટ નવી દુનિયા પડી છે એ વિચાર માત્રથી આપણે અંજાઈ જઈએ છીએ. આપણને કહેવામાં આવે છે કે આ પહેલાંના કોઈ યુગને આપણે જેમાંથી પસાર થઈ રહ્યા છીએ એ અનુભવમાંથી પસાર થવું નહોતું પડ્યું કે આપણી સમક્ષ પડ્યા છે એવા પડકારોનો સામનો નહોતો કરવો પડ્યો. આપણને કહેવામાં આવે છે કે ભાખરા બંધ બંધાયો એની સાથે જ ભારતની મુક્તિયાત્રા આરંભાઈ. ક્યારેક કોઈ મહત્ત્વની વ્યક્તિ જાહેર મંચ પરથી કોઈક વાદનો પ્રચાર કરે છે ત્યારે તમામ પ્રશ્નો હલ થઈ જાય છે એવો દાવો કરાય છે.

આ બધી ગ્રંથિઓ આજની સમસ્યાઓ ઊભી કરે છે. કેટલીક વાર એ મતિવિભ્રમ પણ સર્જે છે. આપણે ઐતિહાસિક સાતત્યની આપણી ભાવનાને વિસારે પાડી છે. પ્રત્યેક મહત્ત્વની રાજકીય જાહેરાતને ઐતિહાસિક ગણાવાય છે; પ્રત્યેક ચૂંટણી શકવર્તી લેખાય છે; સત્તા, સ્થાન અને પ્રચારના લાભો મેળવતો પ્રત્યેક માનવી એ ક્ષણો પૂરતો વીર-પૂજા પામે છે.

વિકસતું અધિકારી તંત્ર, રેવાલ ચાલે ચાલતો યંત્રયુગ અને પ્રગતિ કરતું વિજ્ઞાન આ બધાં જ બાહુલ્ય ધારણ કરે છે. સરકારો બહુલ હોય છે. વેપારી તંત્રો પણ એવાં જ બાહુલ્ય ધરાવતાં હોય છે. સાહિત્યના ક્ષેત્રે આ બાહુલ્યનું આક્રમણ અલ્પસ્થાયી મૂલ્યનાં વિપુલ પ્રકાશનોના સ્વરૂપે થઈ રહ્યું છે. વર્તમાનપત્રો વધુ ને વધુ મોટી સનસનાટીઓ પ્રત્યે, મોટા ગુનાઓ અને પ્રપંચોને ચમકાવવા પ્રત્યે અને કેવળ મનોરંજન પ્રત્યે ઢળતાં જાય છે. ચલચિત્રો અને નવલકથાઓ પણ પાછળ રહેવા ન માગતાં હોય એમ જાતીયતા અને હિંસાથી બહુલ બનવા લાગ્યાં છે.

[ક્રમશઃ]



ટાટ, દાટ

☐ હેમન્ત દવે


આમ તો આ બન્ને શબ્દ સ્વતંત્ર રીતે પ્રયોજાતા નથી. સામાન્ય રીતે, સામાસિક શબ્દોમાં એ આવે છે. *સાર્થ જોડણીકોશ*માં ઉદાહરણદાખલ 'ટાટ' શબ્દમાં 'લૂખોટાટ', 'નાગુંટાટ' એવાં ઉદાહરણ આપી એના 'સાવ, તદ્દન' એવા અર્થ આપ્યા છે. પણ બધે આ અર્થ બેસતા નથી, જેમ કે, 'લાંબુટાટ'નો અર્થ 'સાવ લાંબું' કે 'તદ્દન લાંબું' તો ન થઈ શકે; ત્યાં એનો અર્થ 'ખૂબ લાંબું' એવો થાય. કે૰ કા૰ શાસ્ત્રી *બૃ૰ ગુ૰ કોશ*માં 'પુષ્કળ, બહુ, વધારે' એવી એની સમજૂતી આપે છે તે બરાબર છે. 'ઘરડુંઠઠ' કે 'ઘરડુંઠાઠ'માં પણ 'અતિવૃદ્ધ' એવો જ અર્થ છે. 'લૂખોટાટ'માં 'બહુ લુખો' કે 'ઘણો લુખો' એવો અને 'નાગુંટાટ'માં 'ખૂબ નાગું' કે 'ઘણું નાગું' એવો અર્થ બિલકુલ બંધ બેસે છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે *સાર્થ જોડણીકોશ*માં એના 'સાવ' અને 'તદ્દન' એવા જે અર્થ સૂચવ્યા છે તે યથાર્થ નથી, 'બહુ', 'અતિશય', 'ઘણું' એવા એના અર્થ છે. *સાર્થ જોડણીકોશ*માં એની વ્યુત્પત્તિમાં કશી સ્પષ્ટતા નથી અને એ કોશમાંની બીજી અનેક પ્રવિષ્ટિઓની જેમ આ શબ્દની પ્રવિષ્ટિ પણ (કોશશાસ્ત્રના) અજ્ઞાનવશ 'થાળી'ના અર્થના, મૂળે કાનડીમાંથી લેવાયેલા, 'ટાટ' શબ્દની સાથે જ આપી દેવામાં આવી છે.

આવો જ બીજો શબ્દ 'દાટ' છે. *સાર્થ*૰ એનો અર્થ 'ભરચક, પુષ્કળ' આપી એનું 'મોંઘુંદાટ' ઉદાહરણ આપે છે અને એની વ્યુત્પત્તિ માટે મરાઠી 'દાટ' શબ્દને તુલનાર્થે મૂકે છે. 'દાટ'ની વૈકલ્પિક જોડણી / ઉચ્ચાર 'ડાટ' પણ છે. કોશ એમાં 'ભારે મોંઘું', 'ઘણું મોંઘું' એમ અર્થ આપે છે.

આની સાથે સરખાવવા જેવા શબ્દો સૂકુંઠઠ, સૂકુંભઠ, સૂકુંસટ છે. એના અર્થ પણ સાવ, ખૂબ, અતિશય સૂકું એમ છે.

આ શબ્દો કોઈ રીતે તો જોડાયેલા લાગે છે પણ એની વ્યુત્પત્તિ વિશે કશું સ્પષ્ટ નથી.

❑❑❑



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૧૧

☐ કૂપમંડૂક

હું એક વાત કરવાનું ચૂકી ગયો. રાણી રાસમણિ પછાત જાતિનાં હતાં એટલે એમને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. દક્ષિણેશ્વર સંકુલનાં મંદિરો તો વિધિપૂર્વક અસ્તિત્ત્વમાં આવી ગયાં, પરંતુ એ માટે પૂજારી બનવા કોઈ બ્રાહ્મણ તૈયાર ન થયો. આમ રાણીને એમની પછાત જાતિ બીજી વાર નડી. ખૂબ પરિશ્રમ પછી શ્રી રાધાગોવિંદજીના મંદિરનો પૂજારી તો મળી ગયો, પરંતુ શ્રીકાલિકામાના મંદિર માટે સમસ્યા એમની એમ ઊભી જ રહી. અને એ તો દક્ષિણેશ્વરનું મુખ્ય મંદિર. ખૂબ જ તગડા વેતનની ઑફર પણ કોઈ બ્રહ્મદેવને આકર્ષી ન શકી. જેને સ્પર્શ કરવાથી પણ પાપ લાગે એવી અસ્પૃશ્ય જાતિની સ્ત્રીના મંદિરમાં અમે નોકરી કરીએ? અસંભવ્યમ્!

રાણીએ ફરી એક વાર ઠાકુરના મોટા ભાઈ રામકુમારનો આશરો લીધો.

રામકુમાર પર લખેલા વિનંતીપત્રમાં રાણીએ છેવટે લખ્યું : યોગ્યતા ધરાવતો કોઈ પણ બ્રાહ્મણ શ્રીશ્રીકાલીમાતાનું પૂજારીપદ ગ્રહણ કરવા સંમત થઈને અમને પ્રાણપ્રતિષ્ઠાના કાર્યમાં મદદ કરવા માગતો નથી. એટલે મહેરબાની કરીને આપ જ આ બાબતમાં જલદી કોઈ વ્યવસ્થા કરીને મને આ સંકટમાંથી બહાર કાઢી મારો ઉદ્ધાર કરશો.

રાણીના એક મદદનીશ પત્ર લઈને રામકુમાર પાસે ગયા અને રામકુમારે પત્ર વાંચી લીધા પછી એમણે બે હાથ જોડી આજીજી કરી કે તમે જ પૂજારી બનશો તો જ રાણીનું કાર્ય સફળ થશે. રામકુમારને રાણીની શ્રદ્ધા, સંવેદના અને ઉદારતા માટે ખૂબ જ આદર હતો. એમણે હા પાડી દીધી. આમ બીજી વાર રામકુમારે રાણીને જાતિવાદના રાક્ષસના ભીષણ સકંજામાંથી છોડાવ્યાં. એ પછી હું ગયા હપતામાં લખી ગયો એમ પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય સમારંભ ૧૮૫૫ના મે મહિનામાં યોજવામાં આવ્યો.

રામકુમારે ઠાકુરને દક્ષિણેશ્વર આવીને રહેવાનો આગ્રહ કર્યો. ૧૯ વર્ષના રામકૃષ્ણને ધીમે-ધીમે દક્ષિણેશ્વર ફાવી ગયું. ફાવે જ ને. ઈશ્વરે એમની અદ્‌ભુત લીલા માટે તો આ તખ્તો ગોઠવ્યો હતો! ઠાકુરની વર્ષોનાં વર્ષો ચાલેલી પ્રખર, અકલ્પ્ય અને બેજોડ સાધનાની પરમપવિત્ર આ જગ્યા હતી. આ જ આરસામાં ઠાકુરની ફોઈની દીકરીનો પુત્ર હૃદયરામ પોતાના બચપણના દોસ્ત અને મામા રામકૃષ્ણ દક્ષિણેશ્વર રહે છે


રાણી રાસમણિ

એ જાણી ત્યાં આવીને રહ્યો. રામકૃષ્ણની સાધના દરમિયાન હૃદયે એમની રક્ષા કરેલી, સેવા કરેલી, એમને સાચવી લીધેલા એટલે કુદરત એને સમયસર દક્ષિણેશ્વર મોકલી જ આપે ને. ઠાકુર પાછળથી વારંવાર કહેતા કે એમની સાધના દરમિયાન હૃદય ન હોત તો એમનું શરીર ટકી જ ન શકત.

ભગવાન રામકૃષ્ણની લીલા માટે ગોઠવાયેલા તખ્તામાં માથુરબાબુની ભૂમિકા અત્યંત મહત્ત્વની હતી. માથુર રાસમણિના જમાઈ અને જમણો હાથ હતા. રાણીના કારોબારમાં એ ખૂબ મદદરૂપ થતા અને રાણીની વિદાય પછી સમગ્ર વહીવટ એમના હાથમાં આવેલો. માથુરને નવા આવેલા ૧૯ વર્ષના ઠાકુર પ્રત્યે શરૂઆતથી જ ભારે લગાવ થઈ ગયેલો, જે એમના મરણ સુધી રહ્યો.

રામકુમારનું સ્વાસ્થ્ય બગડવા માંડ્યું. રાણીને ચિંતા થઈ. એમણે રામકુમારને વિનંતી કરી કે મા કાલીની પૂજા કેમ કરવી એની તાલીમ તેઓ રામકૃષ્ણને આપે. થોડા દિવસો પછી રાણીની સંમતિથી રામકુમારે કૃષ્ણમંદિરની પૂજાની જવાબદારી લીધી અને કાલીમંદિરની જવાબદારી રામકૃષ્ણને સોંપી, પરંતુ થોડા મહિના પછી રામકુમાર અચાનક મૃત્યુ પામ્યા. રામકૃષ્ણને સખત આઘાત લાગ્યો. એ સાત વર્ષના હતા ત્યારે પિતા ગુજરી ગયેલા. એટલે રામકુમાર પિતા સમાન જ હતા. એમણે કાલીપૂજા ચાલુ રાખી, પરંતુ એમના અંતરમાં મા કાલી માટે પ્રેમ અને ભક્તિના એવા જુવાળ ઊઠ્યા કે પૂજા પરંપરા અને વિધિઓ પ્રમાણે કરવાનું છોડી દીધું.

કોઈ વાર મંત્રોચ્ચાર ન કરે ને ભજન ગાય. મા સામે બેસી કલાકો એમની સાથે વાતો કરે. હસે, રડે, પ્રશ્નો પૂછે. વિધિ મુજબ ફૂલો કે નૈવેદ્ય ન ચઢાવે. કોઈ વાર પોતાને જ શિરે ફૂલો મૂકે. સાષ્ટાંગ કરી કલાક - બે કલાક પડી રહે. મંદિરમાં આળોટે. બધાંને થયું કે પૂજારી ગાંડો થઈ ગયો હતો. રાણી ને માથુર પાસે ફરિયાદો ગઈ. માથુર કહે, ''ખબરદાર, કોઈએ રામકૃષ્ણને કશું કહેવું નહિ.'' પછી બીજે દિવસે એ પોતે મંદિરે ગયા. એક-બે કલાક નિરીક્ષણ કર્યા પછી સમજી ગયા કે ઠાકુરનો દૈવીભાવ બધી વિધિઓથી ખૂબ ઊંચો હતો. એમને થયું કે મા જાગ્રત થઈ ગયાં છે. એમણે હુકમ બહાર પાડ્યો કે કોઈએ રામકૃષ્ણની પૂજામાં જરાયે હસ્તક્ષેપ ન કરવો. રામકૃષ્ણ ગમે એવી પરંપરાઓને તોડે તો પણ રાણી અને માથુરની એમના પ્રત્યેની શ્રદ્ધા જરાયે ન ડગમગે.

રામકૃષ્ણ બેમિસાલ ગાયક હતા. હકીકતમાં તેઓ બધી સર્જનાત્મક કલાઓમાં નિપુણ હતા. રાણી એમનું ભક્તિ-સંગીત સાંભળી ગજબના આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરતાં. એક દિવસ ગંગા-સ્નાન કરી રાણી કાલીમંદિરમાં પૂજા કરવા ગયાં. ઠાકુર

ત્યાં હતા. રાણીએ એમનું પ્રિય ભજન સંભળાવવા ઠાકુરને વિનંતી કરી. ઠાકુરે ગાવાનું શરૂ કર્યું. અચાનક તેઓ અટકી ગયા અને રાણી પાસે જઈ કહે : ''કેમ? આ જગ્યાએ પણ આવા વિચારો કરો છો!'' આમ કહી એમણે રાણીને તમાચો મારી દીધો.

હાહાકાર મચી ગયો. રાણી સાથે આવેલી મહિલાઓએ ચીસાચીસ કરી મૂકી. કોઈ માથુરને બોલાવવા દોડ્યું. ચોકીદારો દોડી આવ્યા અને ઠાકુરને ઘસડી બહાર ફેંકી દેવાની તૈયારી કરવા લાગ્યા. રાણીએ એમને અટકાવી દીધા. રાસમણિ ભજનના ભાવમાં ડૂબવાને બદલે એક કાનૂની મુકદ્દમાનો વિચાર કરતાં હતાં. રામકૃષ્ણને આ વાતની કેમ ખબર પડી ગઈ એનું આશ્ચર્ય થયું. રામકૃષ્ણને સજા આપવા ભેગા થયેલા લોકોને કહે, ''આ યુવા પૂજારીનો કોઈ વાંક નથી. ખબરદાર! એમને હાથ પણ લગાડ્યો છે તો.'' રાણી પોતાના ભવનમાં પાછાં ફર્યાં ત્યારે એમની સાથે આવેલી સ્ત્રીઓ રામકૃષ્ણ માટે ગમે તે બોલવા લાગી. રાણી બોલી, ''ગાંડી બાઈઓ! તમને શું સમજ પડે? આ તો દેવીમાએ ખુદ મને પાઠ ભણાવ્યો અને મારા હૈયાને જાગ્રત કર્યું.''

આ ઘટનાની પૂર્વે પણ રામકૃષ્ણે રાણીને એક સંકટમાંથી મુક્તિ આપેલી. કૃષ્ણમંદિરનો એક સહાયક પૂજારી ક્ષેત્રનાથ, ભગવાનની મૂર્તિને એમના



માથુરબાબુ

શયનખંડમાં લઈ જતો હતો ત્યાં એનો પગ લપસ્યો અને મૂર્તિનો એક પગ તૂટી ગયો. એવું મનાતું કે આવું થાય તો એના પગલે આફત આવી સમજો. પ્રખર કહેવાતા પંડિતોએ જ એકમતે અભિપ્રાય આપ્યો કે ખંડિત મૂર્તિને દરિયામાં કે ગંગામાં પધરાવી દેવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. પછી નવી બનાવડાવવી.

રાણીનું હૈયું વિષાદથી છલકાઈ ગયું. શ્રદ્ધા-ભક્તિથી જેની સેવા કરી હોય એને દરિયામાં ફેંકી દેવી! માથુરને ઠાકુર યાદ આવી ગયા. એમને વિશ્વાસ હતો કે એનો પ્રિય યુવા પૂજારી કોઈ રસ્તો અવશ્ય કાઢશે. રાણી અને માથુર ઠાકુર પાસે ગયાં. રામકૃષ્ણ ઉચ્ચ ભાવમાં સરકી પડ્યા અને રાણીને કહે,

''તમારા કોઈ એક જમાઈ પડી

ગયા અને એનો પગ ભાંગી ગયો તો શું તમે એને ફગાવી દેશો ને એની જગ્યાએ નવો જમાઈ લાવશો? કે ડૉક્ટરને બોલાવી એનો ઇલાજ કરાવી એને સાજો કરશો?''

રાણી ખુશ થઈ ગયાં. ઠાકુર ગજબના પ્રાણવાન શિલ્પકાર હતા. માથુરે એક દિવસ રામકૃષ્ણે બનાવેલી મહાદેવની મૂર્તિ જોયેલી. એકદમ જીવંત અને પ્રાણવાન. દોડીને રાણીને બતાવેલી એટલે માથુરે ઠાકુરને વિનંતી કરી અને ઠાકુરે એમની અદ્‌ભુત અને ભક્તિમય કલાથી ભગવાનને જાણે જીવંત કરી દીધા.

એમનાં છેલ્લાં વર્ષોમાં રાણી વધુ ને વધુ આધ્યાત્મિક દુનિયામાં રહેવા લાગ્યાં. વધુ ને વધુ કારોબાર માથુરને સોપતાં ગયાં અને દક્ષિણેશ્વરમાં સમય પસાર કરવા લાગ્યાં. રામકૃષ્ણ સાથે આધ્યાત્મિક વાતો કરવામાં અને ગાંધર્વોને શરમાવે એવા અવાજથી ગવાતાં એમનાં ભજનો સાંભળવામાં એમને અતિઆનંદ થતો, પરંતુ દેવીમાએ એમને સોંપેલું કામ એમણે બખૂબી પૂર્ણ કર્યું હતું એટલે રામકૃષ્ણ ભગવાનની અપ્રતિમ લીલાના મંચ પરથી વિદાય લેવાનો એમનો સમય નજીક આવી ગયો.

૧૮૬૧માં એમને મરડો થયો અને સખત તાવ આવ્યો. કલકત્તાના સર્વશ્રેષ્ઠ ડૉક્ટરોએ સારવાર કરી, પણ છેવટે આશા છોડી દીધી. એમણે સૂચન કર્યું કે રાણીને કોઈ સ્વચ્છ હવાવાળી જગ્યાએ લઈ જવાં. દક્ષિણ કલકત્તામાં ગંગાની એક ટચૂકડી શાખાના કિનારે આવેલા એમના કાલીઘાટ મકાને એમને લઈ જવામાં આવ્યાં. રાસમણિને અચાનક યાદ આવ્યું કે દક્ષિણેશ્વરના ખર્ચા માટે એમણે (હવે બંગલા દેશમાં આવેલા) દીનપુરમાં જે વિશાળ જગ્યા ખરીદેલી એને 'દક્ષિણેશ્વર મંદિર ટ્રસ્ટ' નામ પર ચઢાવવાની બાકી હતી. ૧૮૬૧ના ફેબ્રુઆરીની ૧૮મીએ એમણે આ કાનૂની વિધિ પૂરી કરી અને બીજા જ દિવસે એટલે કે ૧૯મી ફેબ્રુઆરીએ તેઓ ખુદાને ઘર ચાલી નીકળ્યાં. મૃત્યુના થોડા કલાકો પૂર્વે એમને ગંગાકિનારે લઈ જવામાં આવ્યાં. ઘણાબધા દીવાઓ પ્રગટાવવામાં આવ્યા. આખરી ઘડી આવી પહોંચી. રાણી બોલી ઊઠ્યાં,

''બંધ કરો, બંધ કરો આ દીવાઓ. આ તો કૃત્રિમ પ્રકાશ છે. મારી મા આવી પહોંચી છે અને એના તેજમાં આખી દુનિયા ઝળહળી ઊઠી છે.''

હું અગાઉ લખી ગયો છું કે રામકૃષ્ણે કહેલું કે રાણી દેવીમાની આઠ નાયિકોમાંની એક હતી. ભગવાન રામકૃષ્ણને મદદ કરવા દેવીમાએ એને પૃથ્વી પર મોકલી હતી, તે પણ પછાતને અસ્પૃશ્ય કહેવાતી જાતિમાં જન્મ આપીને. ઈશ્વરને ઘર કોઈ છૂત-અછૂત કે હિન્દુ-મુસ્લિમ હોતું નથી. ઇન્સાન ઇન્સાન બનીને રહેવાનું છે.

[ક્રમશઃ]

કીડીનાં ગીત

□ રાજેશ પંડ્યા

કીડીઓ તાણી ગઈ રે અખશર
જોવા જેવું જોણું આ તે કેવું નમણું નવતર.

વેદપુરાણ સઘળાં જોતાંવેંત
થઈ ગ્યાં પીપળપાન
જોતજોતામાં મૂળથી ફળ લગ
લાધ્યું કેવળજ્ઞાન

જ્ઞાનગંગોતરી અવતરી એવી કે છલક્યાં નેણ નિરંતર
કીડીઓ તાણી ગઈ રે અખશર

અખશરના એકેક વળાંકે
સામે મળ્યા અખાજી
એને જોઈ મનમાં ને મનમાં
ખૂબ હરખ્યા કબીરાજી

હરખપદૂડી કીડીયેં પણ રણકાવ્યાં રણઝણ ઝાંઝર
કીડીઓ તાણી ગઈ રે અખશર.

□

પ્રેમગલી સોંસરવી રે
ગઈ કીડી સાજીનરવી રે.

એને પગ અખશરનાં ઝાંઝર રે
એને ઓઢણ કાનોમાતર રે

એને છાની વાતો કરવી રે
પ્રેમગલી સોંસરવી રે
ગઈ કીડી સાજીનરવી રે.

એની વાતો સમજે કબીર રે
બીજું કોઈ ન જાણે લગીર રે

તો કેમ કાગળમાં ભરવી રે
પ્રેમગલી સોંસરવી રે
ભઈ કીડી સાજીનરવી રે.

□

એક કીડી છેને તે જાય દોડી...

અધવચ્ચે આડું ઊભું રહી આંતરે છે
લીલુંછમ લીમડાનું ઝાડ
ઝાડ કહે : જોવા નહિ દઉં તને
આગળ છે મોટોમસ સાકરનો પ્હાડ

પ્હાડ ચડવા જોઈ કાગળની હોડી...

એનાં કરતાં તો અહીં રોકાઈ જા
રાતભર પાંદડાંના હીંચકડાં ખાજે
સૂરજ ઊગે તો પછી પૂછી કબીરને
તું તારે સપનામાં જાજે

તને લઈ જાશે ખાખરાની ખિલકોડી...

□

કીડી ઉપર કટક
લેવા શાનું વટક
ક્યાંથી આવ્યું ભટક ભટક

કંપ્યા ચાંદો સૂરજ
ધ્રૂજ્યા ગ્રહ નક્ષત્ર તારા
રેલ્યા સાતે સાગર
ડોલ્યા ડુંગર અપરંપારા

જોતી કીડી મટક મટક
કે ક્યાંથી આવ્યું રે આ કટક

ગગનગોખ દળવાદળ થંભ્યાં
થંભ્યાં પવન પલાણ્યાં પાણી
ઝાડ ઝાડ વનપંખી થંભ્યાં
થંભી સાળ કબીરે જાણી

પ્રગટી વાણી અટક અટક
એવું આવ્યું રે આ કટક
કીડી પર આ વખત સામટું ત્રાટકતું ત્રટત્રટક.

□

અલી એઈ ઝીણકૂડી

રૂમઝૂમ કરતી તું નીકળતી જ્યારે
આખુંયે વ્રેમાંડ ચડે ચકડોળે ત્યારે
ઘમ્મર ઘમ્મર ઘમ્મ ઘૂઘરીને ઘમકારે
પ્રથમીએ પડે ઝીણી પગલીની ભાત રૂડી.

અલી એઈ ઝીણકૂડી

ઝાંઝરી પ્હેરીને સાંજે રમવાને જાય
કબીરને ઘેર ત્યારે અજવાળાં થાય
બેયને ભાળીને આભે ચાંદો હરખાય
પછી હરખે કબીર, તુંયેં હરખપદૂડી

અલી એઈ ઝીણકૂડી

□

ઓહોહો કીડીબેન,
આટલી ઉતાવળે ચાલ્યાં કાં જાવ...

ઓચિંતાં ભૂલાં પડ્યાં
કે કોઈ કામસર આણીગમ આવ્યાં છો
કે પછી કાશીથી
કબીરે મોકલેલ વાયકને લાવ્યાં છો

ઓહોહો ઝીણીબેન, આટલી ઉતાવળે ચાલ્યાં કાં જાવ
જરાં વરિયાળી સાકરનું શરબત પીવો
ગોળધાણાં તો ખાવ...

એટલામાં હુંય
જૂનું પ્હેરણ ઉતારીને પાણકોરું પ્હેરી લઉં
એટલામાં હુંય
મારી કોરી પછેડીને માથાઢંક વીંટી દઉં

હુંય તારી ભેળાભેળ હેંડતોક આવું
જરા ખોટી તો થાવ...
ઓહોહો કીડીબેન, આટલી ઉતાવળે ચાલ્યાં કાં જાવ...

□

હાં રે હાં કીડીબાઈ

આવડી તે રીસ શાને કરો
આવડો તે કેમ રાખો બરો
મનમાં ભરી છે શાની રાઈ
હાં રે હાં કીડીબાઈ

તમે કીડી ને હું છું સાકરનો કણ
ભવોભવનું છે એવુંએવું સગપણ
આમ ઈટ્ટાકિટ્ટા કરો નહીં, ના રે ભાઈ
હાં હે હાં કીડીબાઈ

શું આપણાં અંજળ પૂરાં થિયાં
શું કબીરનાં વેણ ભૂલી ગિયાં
શીદ રવડતાં મેલીને ચાલ્યાં કાંઈ
હાં રે હાં કીડીબાઈ

□

હું રે ભલી
ને મારી ઝાંઝરી ભલી.

અખાએ ઘડાઈ અને કબીરે જડાઈ
બાઈ મીરાંએ ચડાઈ બેઉં પગ
લોકલાજ મૂકી મેં તો નાચી ઝૂકીઝૂકી
તઈ જોવાને મળ્યું રે આખું જગ

હવે જઉં કઈ ગલી
હું રે ભલી ને મારી ઝાંઝરી ભલી.

ઝાંઝરીના ઝીણા સૂર સાંભળે સાહેબ
એને મૌલવીની બાંગ ના સુણાતી
નથી નગારાએ નાદ, આ તો ભીતરનો સાદ
જેને ધબકારે ફાટ ફાટ છાતી

મને સંભળાતી અલી
હું રે ભલી ને મારી ઝાંઝરી ભલી.

ચાર ગઝલો

☐ સાહિલ

આંસુએ પણ આંસુ સાર્યું હોય છે
તો સમજવું સ્વપ્ન હાર્યું હોય છે

જીવદયા પ્રેમી ગણાયો તોય હું
રોજ મારા મનને માર્યું હોય છે

હું જ મારાં કર્મનો કર્તા છતાં
જે થયું એ ક્યારે ધાર્યું હોય છે

જે દિશા તકદીર દોરી લઈ ગયું
ત્યાં જવા ક્યારે વિચાર્યું હોય છે

એક બે ક્ષણના મિલનને લઈ જમા
આયખું આખું ઉધાર્યું હોય છે

ખુદને તારણહાર માને છે સદા
ક્યાં તણખલાનેય તાર્યું હોય છે

ઔર બળવાખોર સાહિલ થઈ ગયું
જ્યારે પણ મેં મનને વાર્યું હોય છે

☐

નરમ એટલે શું? સખત એટલે શું?
સમયને પૂછો કે બખત એટલે શું?

અમે તીક્ષ્ણ શૂળોની સેજે સુનારા
છતાં કાં પૂછો છો તખત એટલે શું?

અમે તો હવાને જ કાસદ બનાવી
અભણ જીવ શું જાણે ખત એટલે શું?

જીવ્યા સાંકડી શેરી વચ્ચે હંમેશાં
નથી જાણ અમને પખત એટલે શું?

વીત્યો કાંચીડા સાથે અવતાર પૂરો
છતાંયે ન જાણ્યું વખત એટલે શું?

અમે મૌનને બોલતાં શિખવાડ્યું
ખબર ક્યાં છે અમને લખત એટલે શું?

લખ્યું'તું અમે નામ સાહિલ અમારું
પછી જાણ્યું કે દસ્તખત એટલે શું?

□

જો સામનામાં હામ જેવી ઢાલ પણ હશે
તો ચ્હેરો હાર્યા કાળનો ખુશહાલ પણ હશે

બીજાને કાજ જીવનારાની વિદાય પર
અશ્રુથી ખુદ સમયના ભીના ગાલ પણ હશે

સીધા જણાતા માણસોના ભૂતકાળમાં
એકાદ ચીલો ચાતરેલી ચાલ પણ હશે

ક્યારેય એકલાં એ નથી જાતાં ક્યાંય પણ
જ્યાં પણ વ્યથા હશે ત્યાં જરૂર વ્હાલ પણ હશે

ક્યારેક ભીની આંખની ખામોશી સાંભળો
એમાં વીત્યા વખતના અહેવાલ પણ હશે

એમાં ખરાબી જોઈ નથી ખુદ ખુદાએ પણ
સારા હશો તો થોડા બુરા હાલ પણ હશે

સાહિલ તમારા કરતાં ઘણાં ઉમદા સર્જકો
કાલે હતા છે આજ અને કાલ પણ હશે

□

જ્યાં નજર નાખો તુરંગો નીકળે
ચોતરફ નકરી સુરંગો નીકળે

સહુની આંખોમાં પ્રતીક્ષા જોઉં છું
ક્યારે સોનેરી કુરંગો નીકળે

રાફડામાંથી જ ના સમજો તમે
વાણીમાંથી પણ ભૂજંગો નીકળે

દૃષ્ટિમાં દૃષ્ટિપણું હોવું ઘટે
તો તમસમાંથી તરંગો નીકળે

શ્વેત પારેવાં ઊડે છે જે તરફ
શક્ય છે ત્યાંથીય જંગો નીકળે

કેમ પ્હોંચાશે કહો મંઝિલ સુધી
નિર્ણયો પણ જો અપંગો નીકળે

માણસોના ટોળાંમાં પણ એક બે
નીકળે સાહિલ મલંગો નીકળે



બે લઘુકાવ્યો

□ રમણીક સોમેશ્વર

વરસાદી સવારે


અસ્થિ-પિંજર ઝાડનું
પંખી અડ્યું
ત્યાં
આભ થઈ પ્રસરી ગયું
ને વાદળાં
વૃક્ષો સમાણાં
સ્થિર થઈ
જોતાં રહ્યાં
મેઘ
રણઝણતી સિતારી શો
રણકતો
મંદ્ર
બસ,
વરસ્યા કરે છે ક્યારનો
ઉર્વરા ધરતી
વનોનાં સ્વપ્ન જોતી
ઝીલતી
ને
ખીલતી.

સવારની લટારમાં

સાવ સૂકું ઝાડ
એને ટેરવે
આકાશ તોળે

ગાભમાં
ભીનપ ઉછેરી
આભ ઢોળે

ને વસંતો
પાનખર હડસેલતી
ચોમેર કોળે.



છબિ સૌજન્ય: રમણીક સોમેશ્વર

ગઝલ

☐ પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ

આકર્ષણોને છોડવું સૌનું ગજું નથી
અલગારી થઈને જીવવું સૌનું ગજું નથી
તૈયારી રાખવી પડે પડકાર ઝીલવા
કુંડાળા બ્હાર આવવું સૌનું ગજું નથી
આંખોનું તેજ દાવ ઉપર મૂકવું પડે
સૂરજની સામે તાકવું સૌનું ગજું નથી.
જ્યાં જીહજૂરીના હો સમૂહગાન ચોતરફ
એકલ અવાજે બોલવું સૌનું ગજું નથી.
દિશાવિહીન આ ભીડમાં ખોવાઈ ગ્યા પછી
અસ્તિત્વ ખુદનું શોધવું સૌનું ગજું નથી

એક ખોબો જળ ભરો

☐ હાર્દિક વ્યાસ

દૂર છલકે છે સરોવર એક ખોબો જળ ભરો,
છોડીને સઘળી પળોજણ એક ખોબો જળ ભરો.

સ્થિરતા પણ હોય છે ક્યારેક વહેવાની સ્થિતિ,
દૃશ્ય કલ્પી લો મનોહર એક ખોબો જળ ભરો.

પાસપાસેના મુકામો દૂર થાતા જાય છે,
દૂરતા કેવી અડોઅડ એક ખોબો જળ ભરો!

માત્ર તારી પાસ છે મોંઘું રસાયણ સ્પર્શનું,
એ જ છે અસલી ધરોહર એક ખોબો જળ ભરો!

હસ્તરેખામાં ઉછરશે પાણીનું ઉદ્‌ગમ સ્થળ,
હાથ બોલે છે મનોમનઃ 'એક ખોબો જળ ભરો!'

હાથનું ખાલીપણું ભરવા મથે છે મુક્ત જળ,
ઢોળવા કરતાં છલોછલ એક ખોબો જળ ભરો...



શ્રીગણેશ સંપ્રદાય : ઐતિહાસિક વિહંગાવલોકન

☐ સંકલન : જયા મહેતા

વેદપુરાણાદિ ગ્રંથો

ગણપતિપૂજા ક્યારથી શરૂ થઈ એ વિશે ચોક્કસપણે કાંઈ કહી શકાય તેમ નથી. વૈદિકયુગમાં, લગભગ આઠ હજાર વર્ષ પહેલાં 'ગણપતિ' સંજ્ઞાનો ઉલ્લેખ થયો છે. એ પહેલાં ભારતમાં દ્રવિડ સંસ્કૃતિના દેવ ગણપતિ હતા અને એને જે આર્યોએ અપનાવી લીધા છે, એવો પણ એક મત છે.

ઋગ્વેદમાં 'ગણપતિ' નામનો સ્પષ્ટ ઉલ્લેખ છે :

'गणानां त्वा गणपतिं हवामहे...'

બૃહસ્પતિ અને બ્રહ્મણસ્પતિદેવની સ્તુતિમાં એ દેવને માટે જ 'ગણપતિ' નામ પ્રયોજાયું છે. બૃહસ્પતિ અને બ્રહ્મણસ્પતિ એક જ કે જુદા એ પ્રશ્ન રહે છે. ઋગ્વેદમાં જ ઇંદ્રની સ્તુતિમાં ઇંદ્રનો પણ 'ગણપતિ' તરીકે ઉલ્લેખ છે. બૃહસ્પતિ સાથે ગાનારા ગણ રહેતા. ગણના પતિ એટલે 'ગણપતિ.' આ અર્થમાં પણ 'ગણપતિ' સંજ્ઞા બૃહસ્પતિ આદિ માટે પ્રયોજાઈ હોય એવો સંભવ છે.

મહાભારતમાં બૃહસ્પતિ અને ગણેશ એ બે જુદા દેવ છે. બૃહસ્પતિ દેવગુરુ છે. વ્યાસને મહાભારત લખી આપનાર ગણપતિ છે. મહાભારતમાં ગણેશ્વર અને વિનાયક બંને દેવના ઉલ્લેખો છે.

ગણના પતિ એટલે ગણપતિ. આ અર્થમાં અનેક ગણપતિ અને વિનાયકોના નિર્દેશ મળે છે. તેઓ સર્વત્ર સંચાર કરી શકતા. શિવ અને રુદ્ર, પાર્વતી અને દુર્ગા, એમ ગણપતિ અને વિનાયક રૂપ હશે. આરંભમાં વિનાયક દુષ્ટ દેવ તરીકે ઓળખાતા. ગણપતિનું સ્વરૂપ સૌમ્ય અને વિનાયકનું રૌદ્ર હતું. પછી બંને દેવ એક જ એ માન્યતા રૂઢ થઈ હશે. સ્મૃતિ-પુરાણો ઇત્યાદિમાં 'ગણપતિ-વિનાયક' એમ સંયુક્ત નામોલ્લેખ છે. બ્રહ્મપુરાણ, શિવપુરાણ વગેરે પુરાણોમાં ગણપતિનાં જન્મ, અવતારકાર્ય, ગજમુખ વગેરે વિશે વિભિન્ન કથાઓ મળે છે.

પ્રાચીન ઉપનિષદો અપાર શ્રદ્ધાનું ગૌરવ પામ્યાં, તેથી ગણપતિ સંપ્રદાયના અનુયાયીઓએ પણ એ ઉપનિષદોની શૈલીએ ચાર ઉપનિષદો રચ્યાં, ગણેશગાયત્રી રચી, ગણેશનાં હજાર, એકસો આઠ અને બાર નામ કલ્પ્યાં. પૂજાનું તંત્ર તૈયાર કર્યું. માનસપૂજા, સ્તોત્રો રચ્યાં. ફલશ્રુતિઓ પણ દર્શાવી. ગણપતિનું તાંત્રિક સ્વરૂપ, બીજમંત્ર, 'ગઁ' તેમ જ છ-અક્ષરી, આઠ-અક્ષરી વગેરે માળામંત્રો તૈયાર કર્યા. એકાત્મવાદ જાળવી રાખીને સગુણ-નિર્ગુણ સ્વરૂપો વર્ણવ્યાં. સગુણરૂપનું ઉદાત્તીકરણ ૐકારરૂપે, પરબ્રહ્મરૂપે કર્યું.

આ ચાર ઉપનિષદો : 'ગણપતિ અથર્વશીર્ષ'ના રચયિતા ગણક નામના ઋષિ છે. 'હેરમ્બ ઉપનિષદ' શંકરે ગૌરીને કહ્યું છે, તો 'વરદા પૂર્વતાપિની અને ઉત્તરતાપિની' પ્રજાપતિ, યાજ્ઞવલ્ક્ય અને રુદ્રે નિવેદન કર્યું છે. આ બધાં ઉપનિષદો અથર્વવેદ સાથે સંકલિત છે.

'ગણેશપુરાણમ્' ભગવાન વેદવ્યાસે વિઘ્નહર્તા ગણપતિને વંદન કરીને લખ્યું છે. આ પુરાણ બ્રહ્મદેવે વેદવ્યાસને કહ્યું. વ્યાસે ભૃગુઋષિને કહ્યું ને ઋષિએ તે સૌરાષ્ટ્રના દેવનગરના રાજા સોમકાન્તને કહ્યું એમ એમાં દર્શાવ્યું છે. ગાણપત્ય સંપ્રદાયને માન્ય એવું આ ગણેશદેવ વિશેનું સૌથી મોટું સ્વતંત્ર પુરાણ. અન્ય પુરાણોની જ શૈલીએ લખાયેલા આ પુરાણની મહાપુરાણો કે ઉપપુરાણોની સૂચિમાં સમાવેશ નથી.

'ગણેશપુરાણ'માં ગણપતિના અનેક અવતાર અને અસંખ્ય અવતાર-કાર્યો વર્ણવ્યાં છે. તેમાં એમની સર્વત્ર સંચારક્ષમતા, અતીન્દ્રિય શક્તિઓ. ચમત્કારો ઇત્યાદિ ઉપરાંત એમને દેવાધિદેવ રૂપે ગૌરવાન્વિત કર્યા છે. ચાર યુગમાં ગણપતિના ચાર અવતાર આમ વર્ણવ્યા છે : કૃતયુગમાં કશ્યપપુત્ર દશભુજ તેજસ્વી કાયાયુક્ત સિંહવાહન વિનાયક - ત્રેતાયુગમાં શિવપુત્ર ષડ્ભુજ શુભકાન્તિ મયૂરવાહન મયૂરેશ્વર - દ્વાપરયુગમાં શિવપુત્ર ચતુર્ભુજ રક્ત-અંગકાંતિયુક્ત, મૂષકવાહન ગજાનન - કળિયુગમાં દ્વિભુજ, ધૂમ્રવર્ણ અંગકાંતિયુક્ત, અશ્વવાહન ધૂમ્રકેતુ. ગણેશપુરાણમાં ગણેશસ્તુતિ જ છે.

'મુદ્ગલપુરાણમ્' મહામુનિ મુદ્ગગલે કેવળ ગણપતિ વિશે લખેલું બીજું પુરાણ છે. ગણપતિમય થયેલા મુદ્ગલ ઋષિનું નામ ગ્રંથને અપાયું છે. આ ગ્રંથ આધ્યાત્મિક છે. શ્રેય અને પ્રેય. દૈવી અને આસુરી સંપત્તિ, આસક્તિ અને અનાસક્તિ, ધર્મ અને કામ, નિરહંકાર અને દંભ, ઈશ્વર-સન્મુખતા અને ઈશ્વર-વિમુખતા વચ્ચેનો વિરોધ એ આ ગ્રંથનો રહસ્ય ભાગ છે. આધ્યાત્મિક રહસ્યના ઉકેલ તરફ આ ગ્રંથકારની દૃષ્ટિ છે.

ગણેશ વિશેનો ત્રીજો મહત્ત્વનો મનાતો ગ્રંથ 'ગણેશભાગવત' ઉપલબ્ધ નથી.

ઈ.સ.ના છઠ્ઠા સૈકામાં, શંકરાચાર્યના સમયમાં શ્રીગણેશ સંપ્રદાય પ્રબળ હતો. છઠ્ઠા સૈકા પછી ગજમુખ ગણેશની આકૃતિ જોવા મળે છે, એ ઈ.સ.ના આઠમા સૈકામાં રૂઢ થઈ હશે. સંસ્કૃત મહાકવિ ભવભૂતિના 'માલતીમાધવ' નાટકમાં ગજમુખ ગણપતિનો ઉલ્લેખ છે.

સૂંઢને લીધે ગણપતિનું રૂપ ૐકાર જેવું દેખાય છે. તેથી એમનું શબ્દબ્રહ્મ સાથે એકરૂપ કલ્પવામાં આવ્યું, એમ પણ મનાય છે. કાર્યારંભે ગણપતિની પૂજા કરવાથી કાર્યસિદ્ધિ અને વિઘ્નનાશ થાય છે, એવો મત પ્રચલિત છે. ગણપતિને ૐકાર સાથે અભેદ માનીએ તો જેમ વેદપઠનનો પ્રારંભ ૐ ઉચ્ચારથી થાય છે, તેમ કોઈ પણ કાર્યનો પ્રારંભ ગણપતિની પૂજાથી કરવાની પ્રણાલિકા પડી હશે.

હિંદુધર્મમાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશનું મહત્ત્વનું સ્થાન હતું. પછી બ્રહ્મદેવનો સંપ્રદાય લોપ પામ્યો જણાય છે. અને ગણપતિ સંપ્રદાય વિષ્ણુ અને શિવસંપ્રદાય જેટલું જ મહત્ત્વ પામ્યો છે.

'ૐ શ્રી ગણેશાય નમઃ'માંથી સાભાર



માનું ઘર

☐ ગિરીશ ભટ્ટ

પ્રથમ મને એક જૂની ડાયરી મળી ને એમાંથી રોહિણી નામની સ્ત્રી મળી. ડાયરી ખોલી કુતૂહલવશ ને લખ્યું હતું: હું રોહિણી. લલિતાબાએ મને ડાયરી આપીને કહ્યું : આમાં લખજે, જે મનમાં આવે તે.

માબાપ વિશે કશું નથી જાણતી એટલે માત્ર આટલું – હું રોહિણી.

અક્ષરો બહુ સારા ન હતા.

મને રોજ સાંજે પરિમલ ગાર્ડનમાં જવાની ટેવ. છેલ્લા છ માસથી ત્યાં જતો હતો. ગમતું હતું. સાવ અલગ માહોલ, ઘરથી અને દુનિયાથી. વૃક્ષો, છોડવાઓ, મેંદીની વાડ, લીલા ઘાસની બિછાત, ભીની-ભીની પગદંડીઓ, ફુવારાઓ અને નગરજનો. સરસ સ્થાન હતું. હજી ગયે વરસે નિવૃત્ત થયો હતો.

એ લોકોએ વિદાયસભાનું આયોજન કર્યું હતું : પ્રાર્થના, વિદાયગીત, ભાષણો, પ્રશંસાઓ ને ભેટ. મારા કેટલાક સદ્‌ગુણોથી હું જ અજાણ હતો. મેં એ લોકોની ઉદારતાની પ્રશંસા કરી હતી;

મિત્રો, એટલો સારો તો હું નહોતો જ.

મને એ સમયે પીડા થતી હતી : ઑફિસ સારી હતી. મારો સમય સુખરૂપ વ્યતીત થતો હતો, પણ પછી શું?

પત્નીનું નિધન થયું હતું. સાવ એકલો હતો, શું કરીશ સમયનું?

એ પીડાએ મને અમુક સ્થાનો આપ્યાં હતાં. મંદિર, બાગ, પુસ્તકાલય ને ભ્રમણ. તો પણ ક્યારેક ઘરની એકલતા પીડતી હતી. પત્ની હોત તો? આ પ્રશ્ન જ ના હોત. બાસઠની વય અકળાવતી હતી. મન કહેતું હતું : તું ક્યાં વૃદ્ધ હતો? ને અરીસો કહેતો હતો : તું યુવાન તો નથી જ.

રસ પડ્યો રોહિણીમાં. કઈ વયમાં મહાલતી હશે, રોહિણી? હા, પછીનાં પાનાંઓમાં પણ લખાણ હતું. ભૂલી ગઈ હશે કે ત્યાગ કર્યો હશે? પરિમલ ગાર્ડનની, મારી સામેની બેન્ચ પર પડી હતી, નોધારી. સાંજ ઢળી રહી હતી.

આસપાસ જોયું, કોઈ નહોતું, બસ, હું ને એ ડાયરી. થયું કે હમણાં એ આવશે ડાયરી શોધતી, એ રોહિણીને જોઈ શકીશ.

ક્યારેક કુતૂહલ કેટલું તીવ્ર બની જતું હોય છે?

મેં ડાયરી લીધી, ખોલી, મૂકીને ફરી લીધી. બીજું પાનું વાંચ્યું. લલિતાબા ભલાં હતાં. મેં પહેલા દિવસે જ તેમને કહ્યું હતું : કોઈ નથી મારું. બસ, તમે જ છો.

દ્રવી ગયાં હતાં : રહેજે અહીં.

લલિતાબહેનનું વર્ણન હતું : સ્થૂળ કાયા, વસ્ત્રોનાં શોખીન, દીકરો પરદેશ, પતિનો ફોટો ભીંત પર હતો, સુખડના હારવાળો.

મને થયું કે લઈ જાઉં સાથે. રાતે વાંચીને કાલે સાંજે અહીં જ મૂકી દઈશ. આમાં ક્યાં પાપ હતું?

કાર્યાલયમાં લખાવ્યું : ડાયરી મળી હતી, કોઈ શોધતું આવે તો આ નંબર પર સંપર્ક કરે. મેં મારી ફરજ બજાવી હતી.

એ ડાયરી મારા બગલથેલામાં હતી. મને લાગતું હતું કે હું એકલો ન હતો. રોહિણી મારી સાથે હતી. મારી મજલ ઘર ભણી હતી.

કેટલાક મિત્રોએ સલાહ આપી હતી: વિભાકર, એ ઘર છોડી દે. તું ત્યાં શાંત નહીં રહી શકે. સત્ય સ્વીકારવું પડે. તને કેટલી યાદ આવશે પત્નીની?

પણ મારું ત્યાં રહેવાનું એ જ કારણ હતું.

મેં બહુ મોડેથી લગ્ન કર્યાં હતાં. નાનો ભાઈ આર્મીમાં હતો, અમૃતસરમાં તેનું ઘર હતું. એણે મને લગ્નના ફોટા મોકલ્યા હતા. સરસ સ્ત્રી મળી હતી. એ સ્ત્રીએ મને પ્રણામ પાઠવ્યા હતા. હિન્દીભાષી હતી. તેના અવાજમાં આત્મીયતા હતી. કહેતી હતી : 'બડે ભૈયા, આપ ભી શાદી કર લિજીયે. મુજે કંપની ચાહિયે. અકેલી ક્યા કરુંગી? ત્યારે મારી વય ચાલીસની હતી.

મારી ઑફિસમાં એક સ્ત્રી આવતી જતી હતી. તેને ક્યારેક કામ મળી જતું હતું. કોઈ ક્લાર્ક રજા પર હોય ને હું તેને ગોઠવી દેતો હતો. તે જરૂરતવાળી હતી. બહુ ઓછું બોલતી હતી. કાયમ કામ થોડું મળે?

એક વાર તેણે આદ્ર સ્વરમાં કહ્યું હતું : સર, આપના ઘરમાં નોકરડીની જરૂર છે? હું તૈયાર છું. સરસ કામ કરીશ. આપ ઇચ્છો તો રસોઈ પણ બનાવીશ. સર, આઇ ઍમ નીડી.

બે મિનિટ પછી મેં તેને પૂછ્યું હતું : તું મારી સાથે લગ્ન કરવા તૈયાર છે?

તે રડી પડી હતી : 'સર...'

ને અમે કોર્ટ મૅરેજ કરી લીધાં હતાં.

અનામિકાએ મને કેટલું સુખ આપ્યું હતું? મેં પણ નાના ભાઈને અમારા ફોટા મોકલ્યા હતા. એ લોકો ખુશ થયા હતા.

થયું કે આવું સુખ મળે એવી તો કલ્પના પણ ક્યાં હતી?

વચ્ચે પ્રમોશન મળ્યું હતું, પરંતુ અનામિકા આ શહેર છોડવા તૈયાર નહોતી. મેં માંડી વાળ્યું હતું.

અને એક દિવસ તેણે સાવ અચાનક, ચિરવિદાય લીધી હતી.

હું એ ઘર છોડી શકું તેમ નહોતો. મને જૉબમાં રસ નહોતો રહ્યો. નિવૃત્ત થયો. મન ઈશ્વરમાં પરોવવાના મારા બધા પ્રયત્નો વિફળ ગયા.

(૨)

ને આજે ગાર્ડનમાંથી ડાયરી મળી હતી. જાણ નથી કે એ વિશે આટલું કુતૂહલ કેમ જાગ્યું. બસ, લઈ આવ્યો સાથે.

અને બેસી ગયો વાંચવા.

બીજું પાનું ખોલ્યું. એમાં સુવિચારો હતા. એક કવિતા હતી. અક્ષરો સારા હતા. કાળજીપૂર્વક લખાયું હતું.

એ પછી પોતાની વાતો : મારું નામ કોણે પાડ્યું હશે? મને ખૂબ ગમે છે. એ લોકો કહેતા હતા કે મને ત્યાં મૂકી જનારી સ્ત્રી મારી મા હતી. સાથે એક ચબરખી હતી : બીજો ઉપાય નથી, આને ત્યાં મૂકી જવા સિવાય. હું તેને રોહિણી કહું છું. હું સંસ્થાના મકાનની પરસાળમાં રાખેલા પારણામાંથી મળી હતી. મોટી થઈ પછી દુલારી મેમે મને આ વાત કહી હતી.

મને થયું કે આ તો કરુણિકા, એ રોહિણીની.

સ્ત્રીએ અનાથાલયની વાતો લખી હતી : થોડો સમય અણસમજમાં પસાર થયો હતો. એ લોકો સારી સંભાળ રાખતા હતા.

કેટલી છોકરીઓ હતી? ઓરડાઓ અને છોકરીઓ.

ભાન થયું - ભૂખ તરસનું, શૌચનું, વસ્ત્રોનું, ઊંઘનું, રાત-દિવસનું, અંદરનું, બહારનું, હું ત્યાં ડરવાનું શીખી હતી. એક મેમ ગુસ્સે થતાં હતાં. અમને વઢે, સજા કરે, મોટેથી કશું કહ્યા કરે.

ને સખીઓ પણ થઈ હતી. નામ

હજી મોઢે હતાં, હમણાં સુધી.

ચોથા પાને લખ્યું હતું : હું મને ગમતી એક સ્ત્રીને મા કહેતી હતી. ને તે હસી પડતી હતી. ભલી હતી. તે ઉત્તર વાળતી હતી : અરે! હું હજી પરણી નથી. શાની મા? બધું યાદ છે, પણ એવી સમજણ ક્યાં હતી?

દશમે પાને લખ્યું હતું : મને ખબર પડી હતી એ મારી મા નહોતી. તો કોણ હશે મારી મા? ચમેલી, બે વર્ષ મોટી હતી. તેણે કહ્યું હતું : જે જન્મ આપે એ સાચી મા. વર્ષ જતાં હતાં ને સમજ પડતી હતી. એક છોકરીએ કહ્યું કે તારી મા જ તને અહીં લાવી હશે, પૂછજે મેમને. પણ એ મેમને ક્યાં પૂછી શકી હતી? ડર લાગતો હતો.

પછીના પાનામાં બહુ મોટી વાત હતી. તેનું નીચેનું વસ્ત્ર લોહી-લોહી થયું હતું. 'હું રડતી હતી ને કાવેરીદીદી આવ્યાં હતાં. બે-ચાર છોકરીઓ ઊભી હતી.' દીદીએ કહ્યું હતું : લો, શરૂ થઈ ગયું. કેટલી પળોજણ? કેટલું ધ્યાન રાખવું પડશે? ને એ દિવસે મને બહુ ડર લાગ્યો હતો. મા યાદ આવી ગઈ હતી. મને અહીં મૂકીને ક્યાં ચાલી ગઈ હશે? કેવી હશે મા? ક્યારે આવશે? ગઈ જ શું કામ? મને જન્મ આપ્યો એટલે શું? હું ભણવા લાગી હતી. એક મેમ અમને બધું શીખવતાં હતાં. ક કલમનો ક, ખ ખડિયાનો ખ. ને તેમણે મને કહ્યું હતું : ર રોહિણીનો ર. હું ખુશ થઈ હતી. હું ઝડપથી વાંચતાં-લખતાં શીખી ગઈ હતી. વરસમાં એક વાર અમને દાક્તર તપાસતા હતા. જીભ, આંખો, નખની તપાસ; શ્વાસ, ધબકારાની તપાસ. અમે લાઇનમાં ઊભાં હોઈએ ને ક્રમ પ્રમાણે દાક્તર પાસે જઈએ. લીલાબા ખુરસી પર બેઠાં હોય. સમય મળે ત્યારે અમે બારીમાંથી બહારનાં દશ્યો જોઈએ. સડક, વાહનો, લોકોની આવ-જા, મકાનો, દુકાનો, લારીઓ ને કોલાહલ. અમને તહેવારોમાં મંદિરે લઈ જવાતાં હતાં, ત્યારે અમે કેટલાં હરખાઈ જતાં હતાં.

(૩)

આ એક અનાથ છોકરીની કથા મળી.

કોઈ લલિતાએ રોહિણીને ડાયરી આપી ને તેણે તેની કથા લખી હતી.

રોહિણી લલિતાને ઘરે ક્યારે ને કેવી રીતે પહોંચી એનો કશો ઉલ્લેખ ના મળ્યો.

એક પાને હતું : મારે લલિતાબાનું ઘર છોડવું પડ્યું હતું. ભલાં હતાં, પરંતુ તેમનો ઓરમાન ભાઈ સારો નહોતો ચારિત્રનો. એક વહેલી સવારે મારા સામાન સાથે ત્યાંથી નીકળી ગઈ હતી. ક્યાં જવું એ પ્રશ્ન હતો. બસ, ચૂપચાપ નીકળી ગઈ હતી. શું હતું સામાનમાં? વસ્ત્રોની એક જોડ, ડાયરી અને પાંચ રૂપિયાનું પરચૂરણ.

પછીના લખાણમાં ભલા ડૉક્ટર મળી

ગયા એની વાત હતી.

સત્યકથા હતી. એ નસીબવાળી હતી. અનાથાલયમાં દાક્તરી તપાસ કરતા હતા એ ડૉક્ટર જ મળ્યા. મૉર્નિંગ વૉકમાં નીકળ્યા હતા. ઓળખી ગયા છોકરીને. રોહિણી રડી પડી હતી.

ને એ ડૉક્ટરને ત્યાં આવી હતી.

એણે વર્ણન કર્યું હતું : આગળના ખંડમાં દવાખાનું ને પાછળના ખંડમાં રહેવાનું. એ સાંકડી જગ્યામાં હું ગોઠવાઈ હતી. તેમણે પૂછ્યું હતું : રસોઈ કરતાં ફાવશે? મને આશ્રયસ્થાન મળ્યું હતું, ખુશ હતી અને ડર પણ હતો.

ડૉક્ટર પણ પુરુષ જ હતા ને તે સ્ત્રી હતી.

રોહિણી પુરુષથી ડરવાનું શીખી ગઈ હતી. તેણે એ સંદર્ભમાં મા વિશે વિચારવાનું શરૂ કર્યું હતું. તે પુખ્ત હતી.

'મા એકલી થોડી જવાબદાર હતી? હશે ને કોઈ પુરુષ જેણે માને આ હાલતમાં મૂકી હશે.'

ડૉક્ટરે કહ્યું હતું : તેમની એક દીકરી યુ.કે.માં હતી ને બીજી આ.

તેમણે એને દર્દીઓના કેસ કાઢવાનું કામ શીખવ્યું હતું, પૈસા લેવાનું શીખવ્યું હતું.

'રોહિણી, એ લોકો દુ:ખી હોય. તેઓ સાથે સારો વહેવાર રાખવો.'

રોહિણી તૈયાર થઈ ગઈ હતી. ગમ્યું આ બધું, પણ રાતે મા યાદ આવી જતી હતી : હશે આ દુનિયામાં કે? હશે તો ક્યાં હશે? કેવી રીતે જીવતી હશે? ક્યાં શોધવી તેને? કહીશ અંકલને.

તે ટેલિફોનમાં સંદેશાઓ પણ સાંભળતી હતી. પાવરધી થઈ ગઈ હતી.

એક વાર ઇચ્છા જાગી હતી : માનો ફોન આવે તો? પૂછે – તું જ મારી રોહિણીને? તે શું કરે? મા તો તેનું

નામ જાણતી હશે. ચિઠ્ઠીમાં લખ્યું હતું ને? કેવી કમનસીબ હતી?

(૪)

ને ફોન રણક્યો હતો : કોણ? રોહિણી? તારી ડાયરી મળી ને એમાંથી તું મળી. મેં જ નંબર આપ્યો હતો ઑફિસમાં. સારું થયું. ક્યારે આવે છે? મારું નામ વિભાકર. નિવૃત્ત છું. રોજ આવું છું ગાર્ડનમાં. લખી લે સરનામું. દશ વાગ્યે આવીશ? ભલે...

મને થયું કે કેવું બની રહ્યું હતું; એક ડાયરીએ એક અજાણી સ્ત્રી સુધી પહોંચાડ્યો હતો. અવાજ પરથી તેની વય બહુ મોટી ન લાગી અને ડાયરીમાં પણ તે બહુ મોટી ક્યાં હતી?

મેં અધૂરું વાંચન પૂરું કરવાનું નક્કી કર્યું. મુખ્ય રસ તેની માની શોધનો હતો. કેવી તલપાપડ હતી, માતાને મળવા માટે? કોઈ લેખક આ વિષય પર મોટી વાર્તા લખી શકે.

તે આગળ લખતી હતી : ડૉક્ટર અંકલ ભલા હતા. તેમણે મને તેમની યુ.કે.માં રહેતી પુત્રી સાથે વાત કરાવી હતી. નામ અમૃતા હતું.

કહેતાં હતાં : મને તું ગમી. પાપાને સંભાળજે. એકલા છે ને? રોહિણી, પાપાને ના છોડતી. માંડ તું મળી. એકાદ વર્ષમાં હું તેમને અહીં લાવવા ઇચ્છું છું. મૉમ નથી. કોઈ કાયમ થોડા રહે. તને પણ મૉમ નથી મળતી ને? નો વે, રોહિણી. આપણે કોઈના અભાવ સાથે જ જીવવાનું હોય છે. તારો ફોટો ગમ્યો. કેટલી માસૂમ છે તું?

રોહિણી ને અમૃતાદીદી ગમી ગયાં હતાં, એ પછી એક દિવસે ડૉક્ટર તેને તેની માનો ફોટો આપે છે : લે રોહિણી... આ તારી...! મને અનાથ આશ્રમવાળા મેડમે આપ્યો. રોહિણી ગાંડીઘેલી થઈ જાય છે.

હા, તે આવી હતી. તને શોધતી-શોધતી. એ લોકોએ લલિતાનું સરનામું આપ્યું હતું. રજિસ્ટરમાં એ હતું.

રોહિણીનું છેલ્લું વાક્ય એ હતું : માનો ફોટો મળ્યો, પણ મા ના મળી.

લલિતાબા... ઘર વેચીને ચાલ્યાં ગયાં હતાં. હા, તે ત્યાં સુધી આવી હતી.

અંકલે એ ફોટો અખબારમાં છપાવ્યો હતો. સાથે ટૂંકમાં બધી વિગત હતી.

પણ એ નિરુત્તર રહી હતી.

કથા નાટ્યાત્મક હતી. એમ થાય કે આવું બને ખરું? મારે પૂછવું જ રહ્યું રોહિણીને કે શું આ સત્યકથા હતી? અનાથાલયનું આબેહૂબ વર્ણન હતું. કલ્પના આવી ના હોઈ શકે. રાત એના વિચારોમાં પસાર થઈ હતી.

(૫)

સવારે વહેલું ઉઠાયું. તે આવવાની હતી ને? મારે તેનું સ્વાગત પણ કરવું જોઈએ. કોણ આવતું હતું અહીં? અનામિકાના ગયા પછી ઘરની રોનક ચાલી ગઈ હતી.

રોહિણીની ડાયરીએ મને નવી

દિશામાં પ્રવૃત્ત કર્યો હતો.

મેં કૉફી-નાસ્તાની વ્યવસ્થા કરી, ઘર વ્યવસ્થિત કર્યું, કામ કરતી બાઈને થોડી સૂચનાઓ આપી.

કાલ સાંજથી જે કથાનું રસપાન કર્યું એ કથાની નાયિકા આવવાની હતી. કેટલાં કુતૂહલો હતાં? શી વય, કેવો દેખાવ, ક્યાં રહેતી હશે, પરણી હશે? ને છેલ્લે, શું તેને મા મળી હશે કે મન સાથે સમાધાન કર્યું હશે?

અવાજમાં મીઠાશ હતી, પણ તેના જીવનમાં કેટલી મીઠાશ હશે?

તે નિયત સમય પહેલાં આવી હતી. સ્કૂટર બારણા સામે ઊભું હતું.

તે બોલી હતી : અંકલ...

ને મેં તેને આવકારી હતી. તે યુવાન હતી. ખાસ ટાપટીપ નહોતી કરી.

'અંકલ, હું હમણાં ભુલકણી થઈ ગઈ છું. સારું થયું કે ડાયરી તમારા હાથમાં આવી. વાંચી ગયા ને? મારી સચ્ચાઈ છે એમાં.'

મને પ્રશ્નોના જવાબો મળતા હતા.

'તમે કૉફી બનાવી? અરે, હું બનાવત. રોજ ડૉક્ટર અંકલને બનાવી આપું છું. સર, હું અંગ્રેજી પણ શીખી છું. બસ. પદવી નથી મળી. અરે, ઘણું નથી – મા, જન્મતારીખ, બાપ, ઘર...'

ને મેં કહ્યું : રોહિણી, જે છે એ યાદ કર. તારી રોજનીશી મેં વાંચી, પીડા થઈ મને. તેણે વિષય બદલ્યો. 'અંકલ, શા માટે આ બધું બનાવ્યું તમે? હું શું મહેમાન હતી?'

ને એકાએક તેની દૃષ્ટિ અનામિકા સાથેના મારા ફોટા પર પડી. તે ઝબકી હતી.

તેણે તરત પર્સમાંથી ફોટો કાઢ્યો.

વારાફરતી બેય જોવાયા.

ને બેસી ગઈ પાસેની ખુરસીમાં.

મને સમજ પડી ને હું પણ ચોંક્યો. શું બેય સરખાં હતાં. એટલે કે રોહિણી તેની દીકરી હતી?

ક્યાં અનામિકાએ મને કશું કહ્યું હતું? બસ, શોધતી હતી દીકરીને.

અનામિકાની જન્મતારીખ લખી હતી ને મૃત્યુતારીખ પણ.

તે રડી ને મેં સાંત્વના આપી હતી, તેને પંપાળી હતી.

પછી બોલી, 'અંકલ... મારી શોધ પૂરી થઈ. તમે મને મા આપી. હવે મારે તેને તમારા દ્વારા પામવાની છે.'

'રોહિણી... તેણે મને કશું કહ્યું નહોતું, લગ્ન સમયે.' મેં યાદ કર્યું.

'તમારી ઓશિંગણ છું, અંકલ.' તે બોલી.

'રહીશ અહીં મારી સાથે? તારું જ ઘર છે.' મેં આગ્રહપૂર્વક કહ્યું.

'ત્યાં ડૉક્ટર અંકલ એકલા છે. આવતી રહીશ.' કહેતી ઊભી થઈ.

તેણે નમીને ચરણસ્પર્શ કર્યો.

જતાં-જતાં બોલી, 'આવીશ અંકલ, માનું ઘર મળ્યું છે.'

❑❑❑



મહેન્દ્ર મેઘાણીઃ એક અપૂર્વ વાચનયાત્રા

જન્મ : ૨૦-૬-૧૯૨૨
અવસાન : ૩-૮-૨૦૨૨

☐ હિમાંશી શેલત

પોતાના દીર્ઘ-આયુષ્યનો નિર્મલ, ઉજ્જ્વલ અને ટકોરાબંધ હિસાબ આપી, સોમે વર્ષે આયખું સમેટનાર મહેન્દ્ર મેઘાણીનો ગુજરાતી વાચકસમુદાય ઋણી છે અને રહેશે. જાહેર જીવનમાં કે સાહિત્યિક વર્તુળમાં મળતાં તમામ માન-અકરામ અને ખિતાબો ઝંખવાય એવા યશ અને લોકાદરના અધિકારી ઠર્યા, મહેન્દ્રભાઈ. સામાન્ય પ્રજાને પરવડે એવું ગુણવત્તાભર્યું સાહિત્ય ઘેર-ઘેર પહોંચાડવાની એમની તત્પરતા, આત્મરતિમાં મહાલતા વર્ગને કે સુખવાસી જીવોને, બિલકુલ નહીં સમજાય. 'લોકમિલાપ' એક એવું નામ અને સરનામું જ્યાં ગુજરાતી ભાષાને અને પુસ્તકોને ચાહતા અનેક ઉત્સાહપૂર્વક પહોંચી જતા. આજે, જ્યારે પ્રકાશકો પાંચસો નકલ છાપતાં દસ વાર વિચાર કરે છે, ત્યારે વર્ષોવર્ષ હજારો નકલો પ્રગટ કરી, આગોતરા ગ્રાહકો નોંધી જંગી વળતર આપી, લોકમિલાપે વૈચારિક ક્રાંતિમાં પ્રચંડ યોગદાન આપ્યું છે. જનસામાન્ય સુધી વાંચવા જેવું સાહિત્ય પહોંચાડવાનું જે સ્વપ્ન મહેન્દ્રભાઈને પિતા ઝવેરચંદ મેઘાણી પાસેથી મળ્યું, તેને નક્કર રૂપ આપવામાં મહેન્દ્રભાઈ અને એમના સમગ્ર પરિવારે પાછું વળીને જોયું નથી.

કાચી વયે માતાની અને યુવા વયે પિતાની હૂંફ ગુમાવી બેઠેલા આ કર્મવીરે

તાલીમ મેળવેલી એમના પિતા પાસેથી જ. સ્વાતંત્ર્યસંગ્રામનો પ્રભાવ અને એમાં ઝવેરચંદ મેઘાણીની સક્રિયતાની અસર મહેન્દ્રભાઈના ઘડતરમાં સ્પષ્ટ જણાય. શરીરશ્રમ, અભ્યાસ, સાદાઈ અને જબરદસ્ત દેશદાઝ તો જાણે વારસામાં. આઝાદ હિંદ ફોજના ત્રણ અફસરો પર દેશદ્રોહના આરોપસર મુકદ્દમો ચાલેલો ત્યારે એ કાળે કાર્યવાહીમાં પત્રકાર લેખે હાજર રહી, 'લાલ કિલ્લાનો મુકદ્દમો' નામે પુસ્તક પ્રગટ કરેલું. વિવિધ દેશોના સ્વતંત્રતા સંઘર્ષનો અભ્યાસ કરી 'જય ઇન્ડોનેશિયા' શીર્ષક હેઠળ પુસ્તિકા લખી, તો સાથે અનુવાદો પણ કર્યા, એમાંનો એક તો 'જ્વાળા', વિક્ટર હ્યુગોની નવલકથા 'નાઇન્ટી થ્રી'નો અનુવાદ. ગુજરાતી અને અંગ્રેજી - બંને ભાષા ઉપર ધ્યાનાર્હ પ્રભુત્વ અને વિશાળ વાચનને પરિણામે એમનાં સાહિત્યક્ષેત્રનાં કાર્યો પણ ઉલ્લેખનીય બન્યાં, એમાં સંક્ષેપ, અનુવાદ અને સંપાદન ખાસ.

ઉત્તમ વાચનસામગ્રી શોધી-શોધીને વાચકો સામે ભેટસોગાદ પેઠે ઉમળકાપૂર્વક ધરતો આ પુસ્તકપ્રેમી પરિવાર મને મારા વિદ્યાર્થીકાળથી જ બહુ પસંદ. મહેન્દ્રભાઈ, ગોપાલભાઈ કે મંજરીબહેનને મેં પહેલી વાર આવાં પુસ્તક પ્રદર્શનોમાંના જ એકાદ પ્રસંગે જોયાં હશે. વિનોદ મેઘાણી ત્યારે તો દૂરની ક્ષિતિજે પણ નજરે નહોતા ચડ્યા!

મહેન્દ્રભાઈનું બાહ્ય વ્યક્તિત્વ આકર્ષક. ઊઘડતો વાન, સરસ મઝાની દાઢી, આકાશી ઝાંય ધરાવતી તેજ આંખો, ધારદાર અવાજ અને ખાદીનો પોશાક. માથે ટોપી ખરી, પણ એનો રંગ સફેદ જ હોય એ જરૂરી નહીં, અવનવા રંગની અને સાવ અલગ તરી આવે એવી ટોપી પહેરી શકે મહેન્દ્રભાઈ. પુણ્યનો આવો વ્યાપાર કરતો મેઘાણીપરિવાર અનેક રીતે વિશિષ્ટ. મહેન્દ્રભાઈના લઘુબંધુ જયંતભાઈ અને નાનકભાઈ પણ પુસ્તક-વિશ્વના નિવાસી. 'લોકમિલાપ' અને જયંતભાઈનું 'પ્રસાર' પુસ્તક પ્રકાશના ઇતિહાસની વિરલ ઘટનાઓ. ઉત્તમ કાગળ, સુઘડ છાપકામ, નાજુક રેખાંકનોનું સુશોભન, અને આંખે ઊડીને વળગે એવી પ્રસ્તુતિ. યાદગાર પ્રસંગોએ ભેટ આપવા માટે પુસ્તકો પર ગુજરાતી કુટુંબો પંસદગી ઢોળે એ અસામાન્ય હકીકત પાછળ એક પરિવારનું અને એના મોભીનું કેવું તપ હોઈ શકે એ કલ્પી શકાય.

છતાં આ સઘળું તો પુસ્તકોને ચાહતાં સહુ જાણે, આજે ખુલ્લા દિલે જે વહેંચવું છે તે થોડું અંગત, તોયે મહેન્દ્રભાઈના વ્યક્તિત્વને વિશેષ પ્રકાશિત કરે એવું.

વિનોદ મેઘાણી સાથે લગ્ન નિશ્ચિત થયાં કે તરત વિનોદ મને ભાવનગર લઈ ગયો, મહેન્દ્રભાઈ અને નિમુભાભી (નિર્મળાભાભી) સાથે મુલાકાત માટે. ઓછા બોલા, સમયની પાકી શિસ્ત જાળવતા, સહેજ અળગા અને શિસ્તબદ્ધ મહેન્દ્રભાઈ સાથેની એ પહેલી નજીકની કહી શકાય એવી મુલાકાત, ત્યાં સુધી

તો એમને પુસ્તક પ્રદર્શનોમાં જ દીઠેલા. એમની મુખમુદ્રા પ્રસન્ન, પરંતુ કોઈ અકળ કારણસર સામી વ્યક્તિ એમની સાથે વાતચીતમાં ઝંપલાવી ન શકે. થોડું અંતર જાળવીને જ આપોઆપ પ્રવર્તે. પ્રારંભિક પરિચયમાં આટલું નોંધાયું. નિમુભાભીને વિનોદ માટે વિશેષ લાગણી એટલે લગ્ન પછી અમને ભાવનગર નોતર્યાં. એ વખતે મહેન્દ્રભાઈનું એક અલગ રૂપ જોયું. ઘરનાં કામમાં પાવરધા. થાક કે કંટાળા વિના બધું ચીવટપૂર્વક કરે અને લખવા-વાંચવાનાં પોતાનાં નિજી કાર્યોમાં તો યજ્ઞમાં બેઠા હોય એવી એકાગ્રતા. નિમુભાભી અને મારા રસનો એક ખાસ વિષય તે અંગ્રેજી ફિલ્મો! એક બપોરે મહેન્દ્રભાઈ સાઇકલ લઈને ઊપડ્યા એકલપંડે ખાદીભંડાર. વિનોદ માટે ઝભ્ભો અને મારે માટે સુંદર રંગનું કાપડ. એ પૅકેટ લેતાં હું આર્દ્ર બની ગઈ, સરવાળે એકેય શબ્દ ઉચ્ચારી ન શકી, સાદુંસીધું ‘થૅન્ક યૂ’ નિરર્થક બની જાય એવી એ ક્ષણ હતી.

પછીનાં વર્ષોમાં અમદાવાદ જવાનું થાય અને મહેન્દ્રભાઈ એમની દીકરી મંજરીબહેનને ઘેર હોય તો અમે અચૂક મળવા જતાં. સંપર્ક જાળવવાની એમની રીત અનોખી. એકાદ અર્થસઘન અવતરણ કે કાવ્યપંક્તિઓ લઈને પોસ્ટકાર્ડ ઊડતું-ઊડતું આવે અબ્રામા-વલસાડને બારણે. સંબોધનની કશી આળપંપાળ નહીં અને જે કહેવાનું હોય તે સઘળું અવતરણમાં જ સમાય. મહેન્દ્રભાઈ ભારતમાં હોય



છબિ સૌજન્ય: વિવેક દેસાઈ

તો ૮ માર્ચનો મહિલા દિવસ આવા પત્ર વિનાનો, કોરોકટ્ટ જાય નહીં, મારા સુધી એ શુભેચ્છાઓ અવશ્ય પહોંચી હોય. એમની સ્મૃતિમંજૂષામાંથી યાદગાર કંડિકાએ અનાયાસ હાથ લાગતી હશે, તે વિના ‘કાવ્યકોડીઆં’ જેવી રૂપકડી પુસ્તિકાઓ ગુજરાતને ક્યાંથી મળત?


વાદ-પ્રતિવાદમાં મહેન્દ્રભાઈની સક્રિય સામેલગીરી ભાગ્યે જ હોય, પણ સામી વ્યક્તિને ધીરજથી સાંભળવામાં એ ઉત્તમ શ્રોતા. ઝવેરચંદ મેઘાણીની કેટલીક નવલકથાઓની સંક્ષિપ્ત આવૃત્તિઓ પ્રગટ કરવાનો વિચાર આવતાં એમણે

એ કામ હાથ પર લીધેલું. ભાવનગર પહોંચીને એમણે કાટછાંટ કરીને જે સામગ્રી તૈયાર કરેલી તે પર હું નજર ફેરવું એવો પ્રસ્તાવ હતો. હું ત્યાં પહોંચી. કથાસાહિત્ય ભણાવનાર અને લખનાર તરીકે મારી સમજ એમ કહેતી હતી કે સર્જકે જે વર્ણનો કથામાં વણ્યાં હોય કે પાત્રોની રજૂઆતમાં જે કોઈ પ્રયુક્તિનો આધાર લીધો હોય તે સહેતુક ગણાય. એને ટૂંકાવવામાં કથાનો સ્તર અને આકૃતિ જોખમાય, એટલે સંક્ષેપ કરવાનું કામ એકદમ અનિવાર્ય હોય તો જ હાથ પર લેવું. મહેન્દ્રભાઈના મત મુજબ પુસ્તકનું કદ અને લંબાણ દેખી વાચક ડરી જાય અને પાછો પડે એ કરતાં સંક્ષિપ્ત આવૃત્તિ દ્વારા પ્રશિષ્ટ કૃતિઓનો પરિચય આછોપાતળો મળે તો એ ખોટું નહીં. એમની પાસે વિદેશી લેખકોની સંક્ષિપ્ત કથાશ્રેણીનું ઉદાહરણ મોજૂદ હતું. એ દિવસોમાં અમારી વચ્ચે જે ચર્ચા થઈ એમાં મહેન્દ્રભાઈએ એમને સંપૂર્ણ અસ્વીકાર્ય હોય તેવા મારા મુદ્દાઓ અપાર ધીરજ અને શાંતિથી, વચ્ચે કશો પ્રતિવાદ કર્યા વિના, સાંભળેલા.

હજી તો ઘડતર અને તાલીમનો આરંભ થતો હતો ત્યાં તો ઝવેરચંદ મેઘાણીનું અચાનક અવસાન થયું. પિતાના મૃત્યુને કારણે આવી પડેલી જવાબદારીઓ અને જીવનના નાના-મોટા સંઘર્ષોએ એમના વ્યક્તિત્વની કુમાશ હણી લીધી હશે. એમાં એમણે સ્વીકારેલા શિસ્તબદ્ધ જીવનના આદર્શો અને સિદ્ધાંતપ્રિયતાએ તથા કઠોર જીવનશૈલીએ થોડો ઉમેરો કર્યો હોવાનો સંભવ છે. ૧૯૪૨નો સમય પિતા-પુત્રના સંબંધ માટે ભારે કટુતાભર્યો અને તાણગ્રસ્ત રહ્યો. પરસ્પર નારાજગી એ હદે તીવ્ર બનેલી કે એ ગાળાના ઝવેરચંદ મેઘાણીના મહેન્દ્રભાઈ ઉપરના પત્રો અસંતોષ અને ઉગ્ર રોષથી ભરેલા વંચાશે. ૧૯૪૩માં મહેન્દ્રભાઈ કોઈ પરિચિતના લાહોર ખાતે આવેલા કારખાનામાં કામ પર લાગે છે, એ પોતાનું ક્ષેત્ર નથી એવી સભાનતા છતાં ત્યાંનું કામ અધવચ્ચે છોડીને એ વળી કાશ્મીર પહોંચે છે. કાશ્મીરથી લખેલો એક પત્ર જુઓ :

‘ઘરથી જેટલો વધુ દૂર જાઉં છું એટલું જ ઘર વધુ ને વધુ સાંભરે છે. દ્વેષભાવ તો અમરનાથની ઠંડીમાં બળી ગયો છે, એમ હું માનું છું. મારાં ભૂતકાલીન સંકુચિતતા કે દ્વેષભાવથી લજ્જા અનુભવું છું પણ એવું તો વિકાસક્રમમાં અનિવાર્ય હશે જ. (પૃ. ૧૮૬, ‘લિ. હું આવું છું,’ ખંડ-૨)

પોતાનું ક્ષેત્ર પત્રકારત્વ અને સાહિત્ય જ છે એની પૂરી પ્રતીતિ થયા બાદ મહેન્દ્રભાઈ ફરી મુંબઈ પહોંચ્યા અને આ વખતે માર્ગદર્શન અને તાલીમ સ્વામી આનંદ પાસેથી મેળવ્યાં. સ્વામી દાદાએ એમને પોતાના કાગળો અને લખાણોની ફાઈલ તૈયાર કરવાનાં, અને ટપાલ લખવાનાં તથા વહીવટી કાગળોની નોંધ રાખવા જેવાં કામો સોંપ્યાં. મહેન્દ્રભાઈના અભ્યાસનો વિસ્તાર વધે એવા હેતુથી



એમને પીટીટ લાઇબ્રેરીના સભ્ય બનાવ્યા તથા દેશી-વિદેશી વિવિધ સમાચારપત્રો અને સામયિકો મળે એવી ગોઠવણ કરી. સ્વામી આનંદની સીધી દેખરેખ અને અંગત દોરવણીનું પરિણામ મહેન્દ્રભાઈના વ્યક્તિત્વમાં દેખાવા લાગ્યું. જીવનના ઉત્તરાર્ધમાં તો સહુને માટે એ અત્યંત ઋજુતા દાખવનારા વત્સલ 'મીમી' બની ગયા. પૂરી સજગતા અને તત્પરતાથી પોતાના અંધકારભર્યા ખૂણાઓની સફાઈ કરવાની મહેન્દ્રભાઈની તૈયારી એમને જાણતાં સહુ પારખી શકે એવી.

સુરત ખાતે 'લોકમિલાપ'ના એક પુસ્તક પ્રદર્શનમાં બાળકોના વિભાગમાં શિકારકથાનાં પુસ્તકો જોઈ એકાદ પુસ્તકનાં પાનાં ફેરવ્યાં. પ્રાણીઓના શિકાર સાથે સાહસ અને વીરત્વને સાંકળી લેતી આવી કથાઓ બાળકો માટે તો ન જ હોવી જોઈએ એવી મારી માન્યતાને આધારે મેં મહેન્દ્રભાઈને એ પુસ્તકો દેખાડ્યાં અને મારો વાંધો નોંધાવ્યો. 'તમારી વાત સાચી છે, બે'ન!' બસ, આટલું જ. અને એ પુસ્તકો ત્યાંથી તરત ખસેડાઈ ગયાં.

પ્રજાની વૈચારિક સમૃદ્ધિ દ્વારા જ સાચો વિકાસ શક્ય છે એમ પ્રબળપણે માનતા મેઘાણીબંધુઓ પાસેથી સારું સાહિત્ય સામાન્યજન સુધી પહોંચાડવા તન-મન અને ધનથી કેવી રીતે ધોધમાર વરસવું એ શીખવા જેવું. આટલું કર્યા બાદ પણ પ્રજા જો ન વાંચે તો એને આપણે ખુદ વાંચી સંભળાવીએ એવો પ્રયાસ મહેન્દ્રભાઈએ એમની વાચનયાત્રાઓ દરમિયાન હાથ ધર્યો. સિત્તેરની વયે હાથમાં પુસ્તકોની પેટી ઉપાડી બસમાં ગુજરાતને ખૂણેખાંચરે


વાચનયાત્રા નિમિત્તે પહોંચી જતા મહેન્દ્રભાઈને જોઈને અચંબાભર્યો આદર ન જાગે તો જ નવાઈ. નિમુભાભીના મૃત્યુ પછી સાવ નજીકની એકાદ તારીખે ગોઠવેલી વાચનયાત્રા પણ મહેન્દ્રભાઈએ મુલતવી રાખી નહોતી.

એમની સમયની ચુસ્તી અસાધારણ અને શિસ્તબદ્ધ કામ કરવાની ઢબછબ પણ વિશિષ્ટ. વિનોદ મેઘાણી માટે એ પ્રેરણામૂર્તિ. સામયિકોની સૂચિ બનાવી એની પુસ્તિકા છપાવવી, અને ગુજરાતની શિક્ષણ સંસ્થાઓમાં ઠેરઠેર સામયિકોનાં પ્રદર્શનો યોજવા પૂરી નિષ્ઠાથી દોડાદોડ કરવી એની પાછળ પ્રેરકબળ, પ્રચ્છન્નપણે, મહેન્દ્રભાઈ નહીં તો બીજું કોણ? બાકી ગાંઠને ખર્ચે, જાત ઘસી ઊજળાં થનારાં આવાં ધબકતાં વ્યક્તિત્વો કંઈ સહેલાઈથી જડે છે આજકાલ?

મેઘાણીબંધુઓના અંતરંગ સંબંધની પ્રકૃતિ બહુરંગી અને સ્વીકૃત ધોરણને ટેકે ન સમજાય એવી. વાચનયાત્રા માટે મહેન્દ્રભાઈ વલસાડ આવ્યા હોય ત્યારે વિનોદ એમને ચોખ્ખું કહી શકે કે વાચન તો મારી ખુદની પસંદગીનું જ હોય, એટલે સાંભળવા નહીં આવું પણ સંસ્થા લગી મૂકી જઈશ. કોઈ બહાનું નહીં, કારણ કે મહેન્દ્રભાઈને માઠું લાગશે એવી દહેશત નહીં, રોકડી વાત અને મહેન્દ્રભાઈ પૂરી પ્રસન્નતાથી આ સ્પષ્ટતા વધાવે, અને પછી આખી બાબતનો વીંટો વાળી દેવાનો. પૂર્ણ વિચાર સ્વાતંત્ર્ય તમામને પક્ષે! એમાં અબોલાનેય આવકાર!

ઝવેરચંદ મેઘાણીનું પત્રસાહિત્ય ‘લિ. હું આવું છું’નું નવસંસ્કરણ પ્રકાશિત કરવાનું હતું ત્યારની એક અંગત વાત. આ વખતે મળે એટલા તમામ પત્રો માટે ટહેલ નાખવી અને શક્ય તેટલું પ્રગટ કરવું એ નિર્ધાર હતો. ભાવનગર જઈને વિનોદ પેટી ભરીને પત્રો લઈ આવ્યો. આ સામગ્રીમાં ઘણું એવું હતું જે પરિવારની વ્યક્તિઓનાં જીવનને સ્પર્શે અને કશા ઢાંકપિછોડા વિના એમને ઉદ્‌ઘાટિત કરે. મહેન્દ્રભાઈએ અમારી વિવેકશક્તિ પર ભરોસો મૂકીને બાપુજી અને એમની વચ્ચે થયેલો સંપૂર્ણ પત્રવ્યવહાર સોંપી દીધો. આમ કરતી વખતે પોતાની છબિ કે પ્રતિષ્ઠાને વચ્ચે આવવા ન દીધી. યુવા વયના એમના વ્યક્તિત્વ કટુ આલોચના કરતા અને કુટુંબ ક્લેશની ઘટનાઓને આલેખતા પત્રો આમ પ્રગટ થવા દેવામાં જે નૈતિક હિંમત જોઈએ તે એમનામાં હતી. પિતા-પુત્ર વચ્ચેનો નાતો દર્શાવવા માટે આ પત્રો મહત્ત્વના હતા અને એ ટાળીને સંપાદન કરવાની અમારી ઇચ્છા નહોતી. ઝવેરચંદ મેઘાણીના દૈદીપ્યમાન વ્યક્તિત્વનું માનવીય પાસું પૂર્ણ રીતે રજૂ કરવામાં મહેન્દ્રભાઈએ અમને બહુ મોટી સહાય કરી છે. આ સંપાદનમાં વિવાદાસ્પદ પત્રો સામેલ કરવા પાછળ અમારી ભૂમિકા સ્પષ્ટ હતી. વ્યક્તિનું સંકુલ ભાવવિશ્વ વાચક સમક્ષ જો પૂરી પ્રામાણિકતાથી ખોલી ન શકાય તો ગ્રંથ

પ્રગટ કરવાનો અર્થ જ ન રહે. અમારા આ અભિગમને મહેન્દ્રભાઈનો ટેકો. જીવન જોવા - મૂલવવાની એમની દૃષ્ટિ જ અનોખી.



એક સૌમ્ય પ્રકાશ હતો મહેન્દ્રભાઈની હાજરીનો, પાછલાં વર્ષોમાં તો ખાસ. પુસ્તક-પ્રદર્શન નિમિત્તે કરેલા પ્રવાસો, થયેલી પ્રશસ્તિ, વિદેશયાત્રાઓ અને આજીવન જળવાયેલા વિદેશી મિત્રો સાથેના સંબંધો કે મહાનુભાવો સાથેનો ઘરોબો - આવી વાતો એ છેડે નહીં, જાતને ભૂંસીને કામ કરવાની વિનમ્રતા. સંસ્કારઘડતરનો પહેલો શબ્દ બરાબર પચાવેલો.

બે હજાર ત્રણમાં 'અડધી સદીની વાચનયાત્રા'ના નિવેદનમાં મહેન્દ્રભાઈ લખે છે :

'આપણી પ્રજાનાં અનેક અનિષ્ટોનું મૂળ કદાચ વિચારશૂન્યતામાં જડશે. વાચનના સમૂળગા અભાવમાંથી અને ઘણી વાર યોગ્ય વાચનના અભાવમાંથી આવી વિચારશૂન્યતા પેદા થાય છે.' (પૃ. ૪-૫) આજે દસ વર્ષ પછી પણ આ હકીકતમાં ફેર પડ્યો નથી. અવદશાનાં મૂળ વિચારશૂન્યતામાં જામી ગયાં છે. પણ સંતાપ કરવાને બદલે મહેન્દ્રભાઈએ કર્મઠ એકલવીર બનવાનું પસંદ કર્યું. ૧૯૫૦થી ૭૮ સુધી ચાલેલું 'મિલાપ' આવા જ વિચારની ફલશ્રુતિ અને એમણે આદરેલી વાચનયાત્રા પણ આ જ ભાવનાનું સુભગ પરિણામ.

વર્ષો પહેલાં, ઠેઠ ૧૯૪૫માં, બાપુજીએ મહેન્દ્રભાઈને એક પત્ર લખ્યો હતો :

'જીવનનો મહાગ્રંથ તારી સમક્ષ ખુલ્લો પડ્યો છે તેનું ભરપૂર રસપાન કર. સર્વ ક્ષોભસંચોકને ફગાવી દે. માનવજીવનને આવરી લેતી વિશાળ દૃષ્ટિ કેળવ. રૂઢિવાદ અને ઝનૂનની પકડમાંથી મુક્ત થઈ જા, કારણ કે એ બે વૃત્તિઓ ફક્ત ધર્માંધતા સાથે જ સંકળાયેલી નથી, જીવનનાં તમામ ક્ષેત્રોમાં એ આપણી પર દમન ગુજારે છે.

ના, તું ઘાસનું તણખલું માત્ર નથી. તું વટવૃક્ષની મુખ્ય ડાળી છો, વડવાઈ છો અને એટલે તું વટવૃક્ષ જ છો. તારો વિસ્તૃત વિકાસ નિશ્ચિત છે.' (મૂળ અંગ્રેજીમાં, પૃ. ૩૬૧, 'લિ. હું આવું છું.')

પિતાના આ બોલ સાચા ઠર્યા. સ્વસ્થાપનાથી જોજનો દૂર, સમાજની વૈચારિક સમૃદ્ધિના શુભ આશયથી પોતાનું આયખું ઓવારી દેનારા મહેન્દ્રભાઈના સમર્પિત જીવનનો ઘેઘૂર ઘટાટોપ અને એની નીચે પાંગરેલું 'લોકમિલાપ' જેવું પુસ્તક-તીર્થ વાચકોના વિશાળ સમુદાયના સ્મરણમાં જીવંત રહેશે.

❑❑❑



સુરેન ઠાકર 'મેહુલ' : જન્મ : ૩૦-૭-૧૯૪૨ / અવસાન : ૨૭-૭-૨૦૨૨

જીવતરની સમી સાંજે

☐ સુરેન ઠાકર 'મેહુલ'

મેહુલને જેણે સાંભળ્યા છે એમને ઠાલા શબ્દોના પરિચયની જરૂર નથી. રળિયાત કંઠ અને ભાતિગળ મિજાજમાં એમનું શબ્દસૌજન્ય હૃદયસોંસરવું ઊતરી જાય. લૌકિક અને અલૌકિક એવા જીવનના બન્ને પાસાને એમણે આત્મતેજથી દીપી બતાવ્યા. શબ્દો એમની વાણીમાં સાક્ષાત્ સરસ્વતી થઈ વહેતા. સર્જન ક્ષેત્રે એમના પ્રદાનમાં એમના સુભદ્ર સંચાલનને આમેજ કરવાં પડે. સંચાલનમાં ભાષા, સાહિત્ય, લોકસાહિત્ય, સંસ્કાર અને સુહૃદયતાનો આવો સુમેળ એક આદર્શ બની રહેશે. અધ્યાપનમાં પણ એમણે વિદ્યાર્થીઓને પાઠ્યક્રમને અતિક્રમી જતી પ્રજ્ઞાનું પાન કરાવ્યું. કવિતા ઉપરાંત નાટકમાં પણ એમનું પ્રદાન ધ્યાનાર્હ છે. એમની ભાષાસમૃદ્ધિનો સ્રોત એમની આત્મસમૃદ્ધિ હતી. માતાજીના આ પરમ ભક્ત ઉપર દૈવીકૃપા ઊતરી હતી એનો પરિચય એમનાં પદો અને ભક્તિગીતોમાં પામી શકાય છે.

"તમે સમતા પ્રબોધી મારા નાથ,
ભવરણ હવે ઝળહળ ઝળહળ થાય..."

આ શબ્દોમાં એમની આત્મપ્રતીતિ ઝિલાઈ છે. પરમના ચરણે ધરેલું જીવન અને કવન એમણે સાર્થક કરી બતાવ્યું. -સં

જીવતરની સમી સાંજે પ્રાગડના સૂર ગૂંથવા બેઠો છું. નિર્નિમેષ થઈ નિહાળું છું અતીતને. એક હૂંફાળી કસક મેં મારી અંદર હંમેશાં અનુભવી છે. રાતના વૈભવમાં મેં કંઈકેટલીય વાર જાગરણ કર્યું છે. ઓઢવાને સુખનો સમય ઝાઝો નથી મળ્યો. દુઃખના કામળાએ જ હૂંફ દીધી છે. જીવનનો દાવ દિલથી રમ્યો છું. કાજગરી ઉંમરનાં સપનાં નથી તૂટ્યાં એમ નહીં, પણ સપનાં જોવાનું મેં કદી બંધ નથી કર્યું. જગતની રીત સાથે મારો ઝાઝો મેળ નથી બેઠો. ગરલના કસુંબા ઘૂંટ્યા છે અને હોંશે-હોંશે અમલ કર્યો છે. મનના બારણાને કદી ભોગળ નથી ભીડી. કશુંય અકબંધ રાખવાના પ્રયત્નો નથી કર્યા. વંટોળ શો વીંઝાયો છું. કંઈકેટલીય વાર સગડ ધરબાઈ ગયા છે અને મેં નવી કેડી કંડારવાનો દાખડો કર્યો છે. ભર્યા આષાઢના મેઘલ અજંપામાં મને મરજી મુજબનાં ઓસડ મળ્યાં છે. સમી સાંજે જ્યારે આયખું ફંફોસી રહ્યો છું ત્યારે ગુમાવેલું બધું જાણે પાછું હાથ લાગ્યું છે. જીવનનો ગોધૂલિ સમય થયો છે અને સંભારણાનું ધણ મનના પાદરને ભર્યું-ભર્યું બનાવે છે

કલરવોના ઘર સમું કલબલતું આંગણ સાંભરે,
સાવ લીલુંછમ હજી આજેય બચપણ સાંભરે,
જીવ માફક જાળવ્યાં ભવનાં એ ભારણ સાંભરે,
વ્હાલસોયાં થઈને સોંસરવાં સર્યાં-જણ સાંભરે.

સ્વર્ગ ન સ્થળમાં વસે છે, ન કાળમાં. સ્વર્ગ તો વસે છે માણસના મનમાં. મનના એ સ્વર્ગને મેં હંમેશાં માણ્યું છે. સ્વાતિ નક્ષત્રે છીપના ગર્ભમાં સરેલ બુંદ જેવી સજલ ક્ષણોના સંસ્પર્શે હું હંમેશાં ભીનો-ભીનો રહ્યો છું. અશ્રુવહનની પળ મારા માટે હંમેશાં પ્રચંડ આવિર્ભાવની મહાક્ષણ બનીને આવી છે. મારું દુઃખ કેવળ કોમળ અક્ષુબાષ્પથી ઢંકાયેલું જ નથી, એ રુદ્રતેજથી ઝળહળે પણ છે.

આજ એકલતા મોરી છે અને નાદબ્રહ્મની ધૂણી ધખાવી મેં સોડ તાણી છે. અહાલેકના સ્વપ્નમાં બપોર



તો ગઈ કાલે પણ હતો - કાળઝાળ, બપોર આજે પણ છે - શીતાગાર. આજે અહીં હું મને મળું છું. મેં મને પૂછ્યું - માત્ર ઇશારાથી - 'કેમ છે?' ત્યાં તો સચરાચરની હાલકડોલક અવસ્થા સમો સમય ખડખડાટ હસી પડ્યો. 'અહીંથી નીકળ્યો ત્યારે નરવો, લીલોકુંજાર, તસતસતો, મસૃણ મજાનો હતો - છતાં કાચો.' અને હવે... ઉપર બધું જ જરઠ, આંખે પડળ, શ્વેત કેશ, પીળાશ ફરી વળી છે છતાં ભર્યા ભીતરથી તરબતર, માત્ર જોવાનું જ જોઈ શકું એવો. રોમરોમે બજી રહ્યા છે હવે ઘંટારવો. એકધ્યાન થઈ ગયા છે કાન - ઇડા અને પિંગલા સાથે શ્વસે છે. ભીતરનાં મરુથલ પાંગર્યાં છે, કારણ અંતઃસ્રોતા મંદાકિની હવે બારે કાંઠે થઈ છે. હવે ઉષઃકાળ, બપોર, સાંજ, રાત કે માઝમ રાત - બધો જ સમય મારા માટે ઝાલરટાણાનો છે.

પ્રસંગોપાત્ત જે કંઈ જડે છે તે હવે રેશમ બનીને ઊઘડે છે, અલખ સ્વરના પડઘા પડે છે અને શ્વાસ રમણે ચડે છે. જાણે નવખંડમાં નોબત વાગે છે :

હેજી અમને અમલ ચઢ્યો રે ઘનઘેરો
નવખંડ નોબત વાગિયું હોજી.
હેજી રણઝણ ચઢી અપરંપાર
ઘટમાં રે ઘૂઘર વાગિયું હોજી...

પિંડને પરમ પદારથ જડ્યો છે. ગેરુઓ ક્યારે આવીને રંગી ગયો ખબરેય ન પડી.

ઘૂઘરવેલે તેડું આવવાની તૈયારી છે ત્યારે 'રખે મોડું થાય' એ બીકે ઉત્તરકાળને ગણકાર્યા વગર મેં કદમનો ક્રમ વધાર્યો છે, પણ કઈ તરફ? સુખ પાછળ? ના. આનંદયાત્રા માટે. સુખ અને આનંદ વચ્ચેની પાતળી ભેદરેખાને હું પામ્યો છું એ અહોભાગ્ય મારું. સંધ્યાટાણે ટહુકતા સૌંદર્યમાં સાત્ત્વિક મૌગ્ધ્ય માણતાં-માણતાં જોઉં છું તો મસ્તક ઢળ્યું છે અલખનાં ચરણે. અણુએ અણુને જાણે નવો ઘાટ મળતો હોય એમ લાગે છે. દુઃશાસની અને અજામિલી વૃત્તિઓને ભેદી અનાદિનો અભેદ્ય રણકો ઘટમાં ગુંજતો સંભળાય છે. 'કસ્તુરી કુંડલી બસે' કરતાંકને કબીર સાક્ષાત્ થયા છે. ઋતુઓના કંપ સમી તૃષ્ણાઓ બાલિશ લાગે છે. નીરવ રજનીના તમસમય તેજને નયને આંજી ઓળઘોળ થયો છું. આહીર ભૈરવના સૂરમાં રગદોળાઈ ઘટમાં જે ઘંટા બજી ઊઠી તેના થોડાક સૂર મેં 'અર્થની વેણુ'માં વહાવ્યા છે. આજે હવે એ સૂર સમેટી લઈ આપ સૌની વિદાય લઉં છું.

('અર્થની વેણુ'માંથી સારવીને)

રટું ના કેમ, મારું ભવ લગીનું લેણું છે, અજપાજાપ તો અઠંગનું ઘરેણું છે.
પછેડી બાંધ, આજ આબોહવા સારી છે, ઉલેચી નાખ હૃદય, તારા કરમાં વેણું છે.
મૂક્યા જ્યાં પાય ને રણઝણ ચઢી છે ઘનઘેરી, ભૂમિ છે વ્રજની, વળી કૃષ્ણપગની રેણુ છે.

'કમળપૂજા'- સુરેન ઠાકર 'મેહુલ'માંથી સાભાર

મિત્તલ પટેલ : એક મુલાકાત

☐ આરાધના ભટ્ટ

મિત્તલ પટેલના નામથી અને એમના કામથી હવે માત્ર ગુજરાત જ નહીં, પણ આખો દેશ પરિચિત છે. એટલે એક વ્યક્તિ તરીકે એમનો પરિચય થાય એ આ સંવાદનો હેતુ બન્યો. ગ્રામ્ય પરિસરમાં, સામાન્ય પરિવારમાં એમનો ઉછેર થયો છતાં એમને પરિવારમાં વાતાવરણ એવું મળ્યું કે એમની પાંખો ખોલી એ આકાશમાં ઊડી શકે. એ વાતાવરણે એમને આપેલા આત્મબળે આજે એમને દેશની વિચરતી-વિમુક્ત જાતિઓનાં સરનામાં વિનાના માનવીઓનું સરનામું બનાવ્યાં છે. તેઓ હવે એક વ્યક્તિ માટીને એક સંસ્થા બન્યાં છે. માત્ર વિચરતી અને વિમુક્ત જાતિના જ નહીં પણ કોઈપણ જરૂરતમંદ વ્યક્તિ આજે અડધી રાત્રે ફોન કરીને મદદ માંગી શકે એટલો એમનો ભરોસો એ પામ્યાં છે. એમણે સ્થાપેલી સંસ્થા 'વિચરતા સમુદાય સમર્થન મંચ' દ્વારા હવે પર્યાવરણથી લઈને શિક્ષણ સુધીનાં અનેક પ્રકારનાં સમાજોપયોગી રચનાત્મક કાર્યો થઈ રહ્યાં છે. એમનાં કાર્યોની સુરભી એમને છેક દિલ્હી સુધી લઈ ગઈ, જ્યાં તેઓ કેન્દ્ર સરકાર સ્થાપિત સલાહકાર બોર્ડનાં સભ્ય છે. ચાર વર્ષ પહેલાં ભારતના રાષ્ટ્રપ્રમુખે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે એમને નારીશક્તિ એવોર્ડથી સન્માનિત કર્યાં હતાં. આ ઉપરાંત એમને અનેક રાષ્ટ્રીય અને ગુજરાત રાજ્યનાં સન્માનો પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. મિત્તલ પટેલ ગુજરાતી અખબારોમાં કોલમ લખે છે અને વિચરતી જાતિઓની વ્યથા કથાઓ આલેખતાં એમનાં બે પુસ્તકો પણ પ્રગટ થઈ ચૂક્યાં છે. એમની સાથેનો આ સંવાદ એમનો અંતરંગ પરિચય કરાવશે

- આ.ભ.



પ્રશ્ન: આપણે સંવાદની શરૂઆત તમારાં કામના આરંભથી કરીએ. યુવાન મિત્તલ આઈ.એ.એસ. ઑફિસર બનવા માટે ગામથી અમદાવાદ આવે છે, ત્યાં આવીને એ પત્રકારત્વના શિક્ષણ તરફ વળે છે અને એ કરતાં કરતાં એ મિત્તલ પટેલ બેઘર લોકોનું આશ્રયસ્થાન બની જાય છે. જીવનના આ મોડ વિષે અમને વાત કરો.

આપણે જન્મીએ અને પછી મોટા થતાં સમાજને જેમ ઓળખતાં જઈએ તેમ આપણા મનમાં એક સ્વપ્ન રચાતું જાય છે- 'હું મોટી થઈની આમ કરીશ' અથવા 'મારે આમ કરવું છે.' મારી પ્રાથમિક શાળાના દિવસોમાં મારા મનમાં એક ચોક્કસ ખ્યાલ હતો કે મારે એક રમતવીર બનવું છે. ભારતમાં એક સરસ યોજના છે કે જે વ્યક્તિઓ સ્પોર્ટ્સમાં આગળ હોય એમને સ્પોર્ટ્સ સોશિયલમાં એડમિશન આપવું અને એમને તકો આપવી. એટલે હું ત્યાં ભણવા ગઈ. ચાર વર્ષ મેં એમાં ગાળ્યાં અને હું નેશનલ લેવલ પર રમી આવી. પણ મારાં મમ્મી પપ્પાની વાત કરું તો કદાચ બંને સાતમું ધોરણ ભણ્યાં હશે. અને મારા પપ્પા કરતાં પણ મારા જીવન ઘડતરમાં મારી મમ્મીની ભૂમિકા મોટી છે. એણે મને કહ્યું કે તને જે ગમે એ જ કરવું. મારી મોટી બહેન વિજ્ઞાન શાખામાં ભણતી હતી અને એ વખતે એવું હતું કે વિજ્ઞાનની ડિગ્રી માટે ભણો તો સમાજમાં વટ પડી જાય. એટલે વટ પડી જાય એ હેતુથી અને બહેન ભણે છે તેથી મેં પણ નક્કી કર્યું કે હું પણ સાયન્સમાં ભણું. એટલે મેં પેલું રમતગમતનું ક્ષેત્ર જતું કર્યું અને પછી ઇજનેર બનવાનું નક્કી કર્યું, પણ બારમા ધોરણની પરીક્ષામાં મારા માર્ક એટલા ન આવ્યા કે હું ઇજનેરી શાખામાં જઈ શકું. એટલે મેં ભૌતિકવિજ્ઞાન સાથે બી.એસ.સી. કર્યું. એ વખતે ભારત માટે કંઈ કામ કરવું એવા કોઈ ખ્યાલો મને નહોતા. મને નાનપણથી એવું પણ શીખવા મળેલું કે તમે તમારા પગ પર ઊભા રહેવા જોઈએ. એ ખ્યાલ સાથે મેં નક્કી કર્યું કે બી.એસ.સી. પૂરું કર્યા પછી હું આઈ.એ.એસ. માટે તૈયારી કરીશ અને એને માટે હું અમદાવાદ આવી અને એના ભાગરૂપે મેં પત્રકારત્વ ભણવાનું શરૂ કર્યું. એ ભણવા પાછળ ખ્યાલ એ હતો કે યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં મારાં પેપર સારાં જશે અને હું ઇન્ટરવ્યુ સરસ રીતે આપી શકીશ. પણ એ પત્રકારત્વના મારા અભ્યાસે મારા જીવનનું બધું જ બદલી નાખ્યું.પત્રકારત્વના અભ્યાસથી હું એક જુદી દુનિયાના પરિચયમાં આવી. એક પ્રસંગ તમને કહું, જેનાથી મારા જીવનની દિશા બદલાઈ ગઈ. એ વખતે 'ચરખા' નામની સંસ્થાએ એક ફેલોશીપ શરૂ કરેલી. ગુજરાતની અલગ અલગ સંસ્થાઓમાંથી પત્રકારત્વના ચાર વિદ્યાર્થીઓને પસંદ કરીને એમને સ્થળાંતર કરતા મજૂરોના જીવનનો આર્થિક અને સામાજિક અભ્યાસ કરવા માટે મોકલવા માટે એ ફેલોશીપ

હતી. એ ફેલોશીપ મને મળી અને એમાં મેં દક્ષિણ ગુજરાતના શેરડી કામદારોનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. મેં નક્કી કરેલું કે હું એ લોકોની વચ્ચે રહીને એમનો અભ્યાસ કરીશ. એમાં સુરતની એમની એક સંસ્થાનો એક કાર્યકર મારી સાથે આવેલો. હવે મેં વાંચ્યું હતું પણ મને ખબર નહોતી કે આ કામદારો કેવી રીતે રહે છે. મને હતું કે એ લોકો તંબૂમાં રહેતા હશે, ત્યાં લાઈટ હશે, ઓઢવા-પાથરવાનું એ લોકો મને આપશે જ. એવા ખ્યાલો સાથે એક બેગ ભરીને પુસ્તકો અને એક બેગ ભરીને મારાં કપડાં લઈને એમના પડાવમાં પહોંચી ગયેલી. નવેમ્બર મહિનો, અને ગામથી બે-અઢી કિલોમીટર દૂર એમનો પડાવ. ત્યાં ભૂરા રંગના પ્લાસ્ટિકના દોઢસો-બસો તંબૂ હતા, એ તંબૂ એટલા નીચા કે એમાં એક માણસ સીધું ઊભું પણ ન રહી શકે. એ જોઈને પહેલી નજરે તો મને થયું કે અહીં તો હું ન રહી શકું. મને થયું કે હું મુકાદમને મળીને નીકળી જાઉં. એ મુકાદમને લાગ્યું કે હું કોઈ પત્રકાર છું અને બધી માહિતી મેળવવા માટે આવી છું. એટલે એમણે મને કહ્યું કે 'અહીં કોઈ ખરાબ કામ થતું નથી, અહીં પરિસ્થિતિ બરાબર છે, તમે જાઓ'. હું ત્યાં જ હતી ત્યારે એક ભાઈ એના સાત-આઠ મહિનાના બાળકને લઈને ત્યાં આવ્યો. એ ભાઈને વાગેલું, એને ખૂબ લોહી નીકળે અને બાળકના મોં પર પણ કાંટા વાગેલા અને એ રડે. એ રડતાં રડતાં એની આદિવાસી ભાષામાં કંઈક બોલતો હતો. મારી સાથે જે કાર્યકર હતો, મુકેશ, એણે પછી મને સમજાવ્યું કે આ માણસ અને એની પત્ની એમના બાળક સાથે શેરડીના ખેતરમાંથી આવતાં હતાં ત્યારે કોઈ બે જણા બાઈક પર આવીને એની પત્નીને ઉપાડીને લઈ ગયા. બાળક પેલી બહેનની કેડમાં ઊંચકેલું હતું એને વાડમાં ફેંકી દીધું અને એ બધી ઝપાઝપીમાં આ માણસને વાગ્યું. મારા જીવનમાં મને કોઈ દિવસ ડર નથી લાગ્યો. પણ આ ઘટનાથી પહેલી વખત એક સ્ત્રી હોવાથી જે ડર હોય એનો અનુભવ થયો. એ બહેનને ઉપાડી ગયા એની પંદર મિનિટ પહેલાં હું એ જ રસ્તે આવેલી. પછી તો મને થયું કે અહીં ન રહેવાય. પણ પાછા જવાનો માર્ગ પણ નહોતો, અંધારું થવા આવેલું, મને થયું કે કાલે સવારે તો નીકળી જ જઈશ. બીજું, મને થયું કે પોલીસ આવશે, પણ પોલીસ પણ ન આવ્યા. એ રાત એક કામદાર બહેનને ત્યાં હું રોકાઈ. મેં એ બાઈને બહુ સહજતાથી પૂછેલું કે આ તંબૂમાં મને રોકાવા દેશો? અને એણે બહુ જ નિખાલસતાથી કહી દીધેલું કે 'રહી જા ને' ત્યારે મને એમ થયેલું કે આવી કોઈ કામદાર બહેન જો રાત્રે મારા ઘરનો દરવાજો ખખડાવે તો મેં એને આટલી સાહજિક રીતે કહ્યું હોત કે 'રોકાઈ જા?' આખી રાત આવી ગડમથલમાં, ઉચાટમાં અને ડરમાં મેં કાઢી. પણ મને બીજા દિવસે સવારે એમ થયું કે જો હું અહીંથી ભાગી

જઈશ તો મારા જીવનનો જે મકસદ છે એ અને અહીં આવવાનો હેતુ સિદ્ધ નહીં થાય. એ લોકોએ મને કહ્યું કે આવી રીતે બહેનોને ઉપાડી જવાની ઘટનાઓ અમુક ગામોમાં અવારનવાર બને છે, પણ કોઈ કશું બોલતું નથી. આ બધું જાણ્યા પછી હું દોઢ મહિનો એમની વચ્ચે રહી. એ લોકો જે ખાય એ ખાધું, ખાવા ન મળે તો હું ભૂખી પણ રહી. સાચું કહું તો મેં ભીખ પણ માંગી છે કે 'મેં ત્રણ દિવસથી ખાધું નથી, મને ખાવા આપો.' એ લોકો જે કેમિકલવાળા ગંદા પાણીથી નહાય એનાથી હું નાહી છું. આ દોઢ મહિનામાં મેં ભારતને જોયું અને આજે લોકો જે મિત્તલને ઓળખે છે, તમે જે મિત્તલને જુઓ છો, એ મિત્તલનો જન્મ એ દોઢ મહિનામાં થયો. હું એમ કહી શકું કે એ દોઢ મહિનામાં હું જે શીખી એ મારા જીવનનું દર્શન છે. એ પછી હું ઘણા રાજકારણીઓને મળી, સરકારી અધિકારીઓને પણ મળી. એમને કેમ આવી રીતે રહેવું પડે છે? એમને કેમ પૂરું વેતન મળતું નથી? એમને પૂરતી સુવિધાઓ કેમ મળતી નથી? પણ બધેથી મને નાસીપાસ થઈ જવાય એવા જવાબો જ મળ્યા. અધિકારીઓએ મને કહ્યું કે 'અમે શું કરી શકીએ? એ અમારા હાથની વાત નથી.' ત્યારે મને થયું કે હું તો આઈ.એ.એસ. થઈને આ અધિકારી બનવા ઇચ્છું છું, જે એમ કહે છે કે એમના હાથમાં કશું નથી. તો મારે આ નથી કરવું. એટલે આખરે પછી એ આઈ. એ. એસ. ઑફિસર બનવાનું સ્વપ્ન પડતું મુકાયું.

પ્રશ્ન: મિત્તલબેન, જીવનની આખેઆખી દિશા બદલાઈ જાય એવા નિર્ણયો કરવા સહેલા નથી હોતા. એને માટે નીડરતા, મક્કમતા, સ્પષ્ટતા, સાહસ અને નિસ્બત જોઈએ. આ આત્મબળ તમારામાં ક્યાંથી આવ્યું એમ તમને લાગે છે?

તમે બહુ સાચી વાત કરી. પહેલી વખત મારી પસંદગી જ્યારે હૉસ્ટેલમાં રહેવા માટે થઈ ત્યારે મારી ૧૩-૧૪ વર્ષની ઉંમર. મહેસાણાનું શંખલપુર એ મારું ગામ. મારા ગામમાંથી મારા પહેલાં કોઈ છોકરી હૉસ્ટેલમાં ભણવા ગઈ હોય એવું નહોતું બન્યું. અને બીજું એ કે મારે માટે એક રાત પણ મારી મમ્મી વગર રહેવું એ બહુ અઘરું હતું. એટલે જ્યારે મેં મમ્મીને કહ્યું કે હું તારા વગર ન રહી શકું, ત્યારે મને બરાબર યાદ છે કે એણે મને એક જ વાત કહેલી. બાજરાનો કડક રોટલો અને ચા એ મારી પ્રિય. તો એ બનાવીને મારી સામે મૂકીને મારી મમ્મીએ મારી સાથે ડાયલોગ કરેલો. મને થાય છે કે જે વ્યક્તિ ખાસ કશું જ ભણી નથી એને આટલી સમજણ છે, એટલે ખરેખર ભણતરને અને સમજણને કશી લેવાદેવા નથી. તો મારી મમ્મીએ મને ચૂલા પાસે બેસાડીને એક વાત કરી કે મારો પાલવ પકડીને તો તું કાયમ રહી શકશે, પણ તું



જો અહીંથી બહાર જઈશ તો એક બહુ જ મોટી દુનિયાના પરિચયમાં આવીશ અને તારી પાસે એક સરસ જિંદગી હશે, સાચા-ખોટાનો નિર્ણય કરવાની તારા પોતાનામાં તાકાત હશે. અને એ રીતે એણે મને આખરે સમજાવી લીધી. એણે મારામાં જે આત્મવિશ્વાસ ભર્યો એને કારણે એનાથી હું દૂર જઈને રહી શકી. બીજું, જે સેવાની વાત આવી એનું મૂળ કદાચ મારા ઘરના વડીલોમાં જે સેવા પરાયણતાની ભાવના હતી એમાં હશે. અમારા ઘરમાં દસ-બાર ભેંસો હતી. મમ્મી વલોણું કરે ત્યારે ગામમાં વારો કર્યો કહેવાય. વારો કર્યો હોય ત્યારે બધાં છાશ લેવા આવે. એમાં ગામમાં રહેતા વસવાયાં, એટલે કે જેમની આર્થિક સ્થિતિ ખરાબ હોય એવા લોકો પણ આવે. એમનું જમણ જ કદાચ રોટલો ને છાશ હોય, એટલે છાશ પૂરી થવા આવી હોય તો પણ મારી મમ્મી પાણી નાંખી નાંખીને એમને માટે છાશ કરી આપે, ભલે અમારા માટે ઓછી છાશ રહે. ગામમાં કોઈની છોકરીનું લગ્ન હોય અને અમારા ઘેર આવીને કહે કે પૂરતા પૈસા નથી તો મારા પપ્પા તરત એમને મદદ કરવા ઊભા હોય. એટલે કદાચ આ સંસ્કારો આમાંથી આવ્યા હશે.

પ્રશ્ન: મિત્તલ તમે જે કામ કરો છો એ કામ જો ન કરતાં હોત તો ખાસ્સી સારી વહીવટી નોકરી કરતાં હોત, સારો પગાર મળતો હોત. આ કામમાં તો કદાચ ગાંઠનાં ગોપીચંદન કરવાનાં થાય. તમારા પરિવારે, ખાસ તો લગ્ન પછી, તમને આ કામ કરતાં ક્યારેય રોક્યાં નહીં?

મેં પત્રકારત્વ કર્યું પણ એમાં મેં જોયું કે મને સમાજના ઉત્થાનને લગતી જે સ્ટોરીમાં રસ હોય એવી સ્ટોરીને મીડિયામાં બહુ સ્થાન નહોતું. પછી મારી માને મેં જ્યારે કહ્યું કે મારે સામાજિક

સેવાનું કાર્ય કરવું છે ત્યારે એ બહુ નિરાશ થયેલી. શેરડી કામદારો સાથે દોઢ મહિનો રહીને આવી પછી ત્યાંના ફોટા મેં મમ્મીને બતાવેલા અને એને એ વખતે બહુ આંચકો લાગેલો. એણે મને પૂછેલું કે આ બધું કરતાં તને ડર નથી લાગતો? તેમ છતાં મારા પિયરમાંથી કોઈ દિવસ કોઈએ મને રોકી નહોતી, કારણકે મમ્મી કહેતી કે આર્થિક પાસું બહુ મહત્ત્વનું છે પણ મનને ગમે એ કામ કરવું એ પણ એટલું જ અગત્યનું છે. પણ મેં આ કામ શરૂ કર્યું અને સાથે સાથે એ જ વખતે મારાં લગ્ન થયાં, અને તે વખતે બહુ સંઘર્ષ થયો. એમને એમ હતું કે જર્નાલિઝમમાં એમ.ફિલ. કરેલી છોકરીને તો સરસ નોકરી મળી શેક એમ છે, પછી આવું કામ શું કામ કરે છે? અને એમની રીતે એ સાચાં પણ હતાં. હું સવારે વહેલી નીકળી જાઉં -ક્યારેક સવારે ૪-૫ વાગ્યે અને રાત્રે પાછા આવવાનું તો કોઈ ઠેકાણું ન હોય. અને સ્વાભાવિક રીતે આપણા સમાજમાં એક એવી અપેક્ષા હોય કે લગ્ન કરીને વહુ આવે એટલે એ ઘર સંભાળે. પણ એમણે મને બહાર જઈને કામ કરવાની ના નથી પાડી પણ આવું કામ કરવાનું મેં પસંદ કર્યું એની સામે એમને ચોક્કસ વાંધા હતા. એમને મારી સુરક્ષાની ચિંતા હતી, એમને ભય હતો. બીજું જે સમુદાયો સાથે મેં કામ કરવાનું પસંદ કર્યું એ સામાજિક રીતે અસ્વીકૃત હતા એટલે એમને થતું કે જેમને મોટા ભાગના લોકો પોતાની નજીક પણ આવવા ન દે એવા લોકો સાથે તારે કેમ કરવું છે? પણ હું ડાયલોગમાં માનું છું કારણકે હું કોમ્યુનિકેશનની વિદ્યાર્થિની છું. મેં મારા પતિ મૌલિકને સમજાવ્યું કે તું મારો સૌથી સારો દોસ્ત છે, પણ આ કામ હું નહીં છોડી શકું કારણકે હજારો લોકોની આશાઓ મારી સાથે હવે જોડાયેલી છે. હું એની સાથે કામ માટે જુઠ્ઠું પણ બોલી છું. મેં એની સામે સ્ત્રી અધિકારની વાત ક્યારેય નથી કરી. સ્ત્રી અધિકાર તરીકે નહીં, પણ એક માનવતાની દૃષ્ટિએ મેં એને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને છ-સાત વર્ષના સંઘર્ષ પછી હવે આ કામ મારા કરતાં પણ વધારે એ કરે છે. આખું ઑફિસ મેનેજમેન્ટ એણે સંભાળી લીધું છે અને એ કહે છે કે બે-ત્રણ વર્ષ પછી એ મારી સાથે ફૂલ-ટાઈમ આ જ કામ કરવા માંગે છે. એટલે ધીરજથી બધું જ થઈ શકે છે.

પ્રશ્ન: આ દરમ્યાન તમારી દીકરીનો જન્મ થયો. માતૃત્વ સાથે આ બધું કેવી રીતે શક્ય બન્યું?

મારી દીકરી જન્મી એ પહેલાં મારી તબિયત નાજુક હતી અને મારે ખૂબ સંભાળવાનું હતું, પણ ત્યાં સુધીમાં મૌલિકનો મને ખૂબ સહકાર હતો. એ જ વખતે પૂ. મોરારિબાપુએ વિચરતી જાતિઓ માટે રામકથા આપેલી



અને એ રામકથા વખતે મારે આખા ગુજરાતની વિચરતી જાતિઓના લોકોને હાજર રાખવા હતા એટલે મારે ખૂબ પ્રવાસો થતા. બીજી બાજુ ડૉક્ટરે આરામ કરવાની સલાહ આપેલી. મારે એટલા બધા પ્રવાસો કરવાના થતા કે એ દિવસોમાં મારી સાથે કોઈ ડ્રાઈવર ટકતા નહોતા, તેથી હું જાતે બસો-અઢીસો કિલોમીટર ડ્રાઈવ કરીને જતી. પછી કિયારા જન્મી અને એ સત્તર દિવસની હતી ત્યારે રાષ્ટ્રીય સ્તરે વિચરતી જાતિઓ માટે કંઈક નક્કર કરવાના ઇરાદાથી સોનિયા ગાંધીના અધ્યક્ષપદે એક સમિતિ રચાયેલી અને એમાં આખા ભારતમાંથી ફક્ત બે એન.જી.ઓ.ને બોલાવેલાં. એમાં મને આમંત્રણ મળ્યું હતું. ત્યારે મૌલિકે કહ્યું કે દીકરીને હું સંભાળીશ અને એ સત્તર દિવસની દીકરીને મૂકીને હું સવારની ફ્લાઈટમાં દિલ્હી ગઈ અને રાતની અગિયાર વાગ્યાની ફ્લાઈટમાં પાછી આવી. મારી અને કિયારાની હાલત ખરાબ થઈ ગયેલી. મારી મમ્મી બહુ રડેલી અને મને વઢેલી. ત્યારે મેં મમ્મીને કહેલું કે કિયારા મારી દીકરી છે એટલે એણે મજબૂત થવું પડશે અને એ થઈ જ જશે. અને પછી તો હું એને ઑફિસે લઈને જતી, આ સમુદાયમાં જવા મારા પ્રવાસોમાં પણ હું એને કારમાં લઈને જતી. કેટલાકને પોતાના બાળકને આવા લોકો અડે એ પણ ન ગમે, કદાચ આ લોકો સાત દિવસ સુધી નહાતા પણ નહીં હોય, એ લોકો કિયારાને ઊંચકે એને તડકો ન લાગે એટલે પોતાનો ગંદો સાડલો એના મોઢા પર ઢાંકે, એમનાં બાળકોના ખોયામાં કિયારાને સુવડાવે, એમનો ઠંડો બાજરાનો રોટલો એને ખવડાવે. એ બધું મને ક્યારેય નડ્યું નથી, કારણકે મને એમાં એ લોકોની મમતા દેખાતી હતી. મને લાગે છે કે કિયારા એટલે જ મજબૂત છે.

પ્રશ્ન: તમને ક્યારેય આ કામમાં ખતરો લાગ્યો છે? તમારી સુરક્ષાના પ્રશ્નો થયા છે? સ્ત્રી હોવાથી અમુક

કામો કરવામાં અવરોધો નડ્યા છે?

એવું શરૂઆતમાં થતું. મેં પહેલાં શેરડી કામદારોની તમને વાત કરી ત્યારે મને એક છોકરી હોવાનો એહસાસ થયો અને ભય લાગેલો. બાકી આમ મારા ઉછેરમાં એ વાત કદી નથી આવી. પણ વાડીયામાં દેહ-વ્યાપાર કરતી બહેનોનું કામ કરવાનું મેં શરૂ કર્યું ત્યારે મને બધાએ કહેલું કે એ બહુ અસુરક્ષિત ગામ છે, એ લોકો લૂંટી નાંખે છે. પહેલી વખત એ બહેનોએ અમને કહ્યું કે અમારે અમારી દીકરીઓનાં લગ્ન કરાવવાં છે ત્યારે ત્યાંના દલાલો તરફથી એક ખતરો મેહસૂસ થયો, કારણકે એમને થયું કે આ ગામની દીકરીઓ જો લગ્ન કરવા માંડશે તો આ ધંધો કોણ કરશે. એ વખતે એ દલાલોએ ગંભીર કહેવાય એવી ધમકીઓ આપવાનું શરૂ કરેલું. મારી દીકરીની સુરક્ષાને જોખમ ઊભું થયેલું કે મારી સ્કૂલમાં ભણતી છોકરીઓને ઉપાડી જવાની ધમકીઓ મળેલી ત્યારે હું ગભરાયેલી. જ્યારે ડર લાગે ત્યારે મને મારી કુદરત પરની શ્રદ્ધા કામમાં આવે છે અને સાથે અમે પોલીસની મદદ પણ લીધેલી. હું લોકોને કહું છું કે મને કોઈના બાપની બીક નથી લાગતી, પણ મારી સાથે જોડાયેલા બીજા લોકોને ખતરો ઊભો થાય ત્યારે થોડીક વાર માટે મન પાછું પડે.

પ્રશ્ન: હવે વિચરતા સમુદાય સમર્થન મંચની સ્થાપનાની વાત કરો. તમારી એક ઑફિસ છે, તમને મદદ કરે એવા કાર્યકરોની પણ તમને જરૂર પડે છે. આ આખું આયોજન કેવી રીતે થયું?

૨૦૦૮થી વિચરતી જાતિઓ સાથે કામ શરૂ કરેલું અને એ વખતે એવું મનમાં નહોતું કે કોઈ સંસ્થા કરવી. વિચરતી જાતિઓના લોકો પાસે એમની ઓળખનો કોઈ પુરાવો ન હોય એને કારણે એ લોકો જે તકલીફો વેઠતા હોય છે એ અસહ્ય લાગી. એ લોકો નટ-બજાણીયાના ખેલ કરે, છરી-ચપ્પુની ધાર કાઢવાનું કામ કરે, વાંસમાંથી ટોપલા-ટોપલી બનાવે એવાં કામો કરવા માટે ગામેગામ ફરે અને એમને પૂછીએ કે તમારું ગામ કયું તો કહે કે અમે રાજસ્થાનથી આવ્યા કે અમે સિંધથી આવ્યા. એટલે જ્યારે એમની વચ્ચે જઈને એમને પૂછું કે તમને શું જોઈએ છે ત્યારે કોઈએ ગાડી-બંગલાની વાત નહોતી કરી, પણ દરેકે કહેલું કે મને ફોટોવાળું કાર્ડ મળે. એ કાર્ડ એમને કેવી રીતે મળે એમાંથી આ આખી મથામણ મારી શરૂ થઈ. એમની પાસે મતદાર કાર્ડ નહોતું એ એમને મળે એ માટે અમે બહુ જ પ્રયત્નો કર્યા. અને એમની વાત કોઈ સાંભળી નહોતું રહ્યું એની પાછળ એક બહુ મોટું કારણ અમને એ લાગ્યું કે એ લોકો વોટ-બેંક નથી. અને મારે એ લોકો વોટ-બેંક તરીકે પ્રસ્થાપિત થાય એ ઊભું કરવું હતું. આ પ્રયત્નોમાંથી ધીરેધીરે અમારી આ સંસ્થાનો જન્મ થયો. ૨૦૧૦માં અમે એને સંસ્થા તરીકે રજિસ્ટર કરી. એમાં



ઘણા બધા સંવેદનશીલ લોકો જોડાયા, એવા લોકો જે મારા કામને સપોર્ટ કરતા હતા, જરૂર પડે તો મારી સાથે કામો માટે આવતા. આપણા જાણીતા સાહિત્યકાર માધવ રામાનુજ એવા એક વ્યક્તિ છે. એમને મેં આ ટ્રસ્ટમાં પ્રમુખની ભૂમિકા નિભાવવાનું કહ્યું અને એમણે હા પાડી. એ ઉપરાંત ઘણા લોકો છે જે સંસ્થામાં જોડાયા અને અમે સંસ્થા તરીકે કામ શરૂ કર્યું. આર્થિક બાબતની વાત કરું તો ગુજરાતમાં અને ગુજરાતની બહાર રહેતા, ખાસ તો મુંબઈના લોકોએ અમને ખાસ્સો સપોર્ટ આપ્યો. પછી ધીમેધીમે અમારું કામ ઘણું વિસ્તર્યું છે, અમે અમારાં કામની વ્યાખ્યા થોડી વિસ્તૃત કરી છે. હવે અમે માત્ર વિચરતી-વિમુક્ત જાતિઓ માટે જ નહીં, પણ કોઈપણ ગરીબ અને જરૂરતમંદ વ્યક્તિને કોઈપણ પ્રકારની મદદ શક્ય હોય તેમ કરીએ છીએ. સૌથી પહેલું તો માનવ અધિકારનું કામ કરીએ છીએ. એમના માટે સરકાર નીતિઓ બનાવે એ માટે અમે સક્રિય છીએ. એમને માટે રેશન કાર્ડ, રહેઠાણ વગેરે માટે અલગ બજેટ ફાળવવામાં આવે એ માટે અમે ઘણું કામ કર્યું. એનું સુંદર ઉદાહરણ એ કે ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષોએ એમના ચૂંટણી ઢંઢેરામાં આ લોકો માટે રાજકીય પક્ષો શું કરશે એ અમે લખાવ્યું. ત્યાર પછી ૨૦૧૯માં આપણા વડાપ્રધાને અમારી પાસે સૂચનો માંગ્યાં કે આ લોકો માટે સરકારી રાહે શું કરવાની જરૂર છે. એના આધારે એમણે પછી રાષ્ટ્રીય સ્તરે વેલફેર બોર્ડ બનાવ્યું. એટલે એ રીતે વિચરતી જાતિઓને જરૂર પડે તો બારણું ખખડાવી શકાય એવી એક જગ્યા મળી. એ વેલફેર બોર્ડમાં હું અત્યારે સભ્ય છું અને એમાં અમે સમગ્ર ભારતની વિચરતી જાતિઓ માટે નીતિઓ ઘડવા એક સરસ મોટો મુસદ્દો તૈયાર કરીને આપ્યો છે. વી.એસ. એસ.એમ.માં લગભગ ૭૦ કાર્યકરોની અમારી ટીમ છે અને આ રીતનું કામ અમે કરીએ છીએ. માનવ અધિકાર ઉપરાંત રોજગાર મેળવવા એમને વગર

વ્યાજે નાણાં ધિરાણ કરવાનું કામ પણ અમે શરૂ કર્યું અને એમનાં બાળકોને શિક્ષણ મળે એનું પણ કામ અમે કરીએ છીએ. એટલે આર્થિક અને શિક્ષણ આ બે રીતે કોઈપણ સમુદાય કે વ્યક્તિ પગભર થઈ જાય તો પછી એને કોઈની જરૂર નથી રહેતી એમ હું માનું છું. અમે હાલ લગભગ અઢી હજાર બાળકોને શિક્ષણ મળે એવું કામ પણ કરીએ છીએ, જેમાં રોજગારલક્ષી ભણતર માટે પણ જોગવાઈ છે. બનાસકાંઠામાં વોટર મેનેજમેન્ટ અને વૃક્ષારોપણનું કામ પણ મોટે પાયે થાય છે. હવે તો વિદેશોમાં વસતા દાતાઓ પણ અમને આર્થિક સહાય કરે છે.

પ્રશ્ન: તમારા કાર્યક્ષેત્રના વર્ણન પરથી એ જણાય છે કે તમારે વારંવાર સરકારી કચેરીઓમાં જવાનું થતું હશે. આપણી બાબુશાહી વિશે ઘણી વાતો થાય છે. તમને કેવા અનુભવો થાય છે?

શરૂઆતમાં બહુ અઘરું લાગતું હતું. હવે તો સરકારી અધિકારીઓની ટ્રેનિંગમાં પણ મારે જવાનું થતું હોય છે. મેં એવું જોયું છે કે કોઈપણ વ્યક્તિ સરકારી અધિકારી તરીકે કામમાં જોડાય છે ત્યારે શરૂઆતમાં એક-બે વર્ષ એના કામમાં એનો ઉત્સાહ દેખાય. આપણું અંગ્રેજોએ બનાવેલું માળખું છે એટલું સુંદર, પણ લોકો એને એટલું જડતાથી લઈ લે. એટલે એક રાશન કાર્ડ જેવી વસ્તુ માટે એ લોકોને પાંચ મહિના કે એક વર્ષ સુધી ધક્કા ખાવા પડે, એની આપણને શરમ આવે. સંવેદના નામનું તત્ત્વ એમનામાં ધૂંધળું થઈ ગયું હોય એવું દેખાય. એટલે બહુ અઘરું છે. પણ હવે મારા કામથી લોકો પરિચિત થયા છે અને હું સરકારના બોર્ડમાં બેસું છું એટલે અધિકારીઓ સાંભળતા થયા છે, તેમ છતાંય આપણને થકવી નાંખે. હું બહુ સાચું કહું તો સરકાર દ્વારા કરોડો રૂપિયા કલ્યાણ યોજનાઓને ફાળવવામાં આવે છે એનો જો સરખી રીતે ઉપયોગ થાય તો ભારતમાં કાર્યરત સંસ્થાઓ પૈકી કોઈએ કામ કરવાની જરૂર નથી. એટલે અઘરું તો છે, પણ મને લાગે છે કે એમાં લાગ્યા રહેવું જ પડે અને એ તંત્રને આપણે જ સંવેદનશીલ બનાવવું પડે.

પ્રશ્ન: મિત્તલ તમે ઘણી બધી વિચરતી-વિમુક્ત જાતિઓ સાથે કામ કરો છો. એ દરેક જાતિની અલગ અલગ સામૂહિક ખાસિયતો તો હશે પણ આપણે એ બધી જ જાતિઓને એક સમૂહ તરીકે જોઈએ તો એમની પ્રજાકીય ખાસિયતો શું છે?

આ બધા જ લોકો બહુ મજાના છે. એમની બધાની ભાષા એક જ મૂળ, ગુજરાતી. પણ એમની અંદરોઅંદર વ્યવહાર માટેની બોલી અલગ અલગ. એ ૪૦ જાતિઓ છે અને એ દરેકેદરેકનો પહેરવેશ જુદોજુદો. એમાંના કેટલાક હવે શહેરમાં વસવા આવ્યા એટલે શહેરનો પહેરવેશ અપનાવ્યો છે. પણ સૌથી રસપ્રદ બાબત તે આ બધાની



પોતપોતાના સમાજોની પંચાયતો છે. એટલે કોઈપણ નાના-મોટા ટન્ટો-ફસાદ થાય તો એ પંચાયત નિર્ણય કરે. એમાંની ઘણીખરી જાતિઓમાં સ્ત્રીઓનું સ્થાન બહુ જ ઊંચું છે એ મેં જોયું છે. લગ્ન પછી કોઈ સ્ત્રીના જીવનમાં પ્રશ્ન થાય તો એમની પંચાયત એ સ્ત્રી તરફી ચુકાદો આપે છે. એમનું સંગઠન પણ જબરું છે. ધારો કે એક ગામમાં ૫૦૦ ઘરની વસ્તી હોય અને એમાં કોઈ ઘર્ષણ થાય તો એમની પંચાયત જે નિર્ણય લે તો આખું ગામ એમાં ભાગીદાર થઈ એ નિર્ણયને માથે ચડાવે છે. અને એ પણ એટલું જ સાચું છે કે બાહ્ય સમાજના આપણે બધા એમનામાં બહુ સ્વીકૃત નથી. એમને આપણા પર બહુ ભરોસો નથી પડતો એટલે એમની અંદરની જે વાતો હોય તે આપણને કહેવાનું એ લોકો ટાળતા હોય છે. કેટલીક બાબતો નેગેટીવ પણ છે, ખાસ કરીને દીકરીઓનું ભણતર. કેટલાક સમાજોમાં એક પણ દીકરી પાંચમા-સાતમા ધોરણથી વધુ ભણી નથી. મને આ કામ કરવા માટે સંઘર્ષ કરવો પડ્યો પણ આ સમાજની સ્ત્રીઓ ભલે ડૂગડૂગી વેચવાનું કે બંગડી-બક્કલ-બોરિયા વેચવાનું કામ કરતી હોય, પણ એમને એ કરવા બહાર જવાની છૂટ છે. એટલે એ રીતે એ મહિલાઓ બહુ એમ્પાવર્ડ કહી શકાય એવી છે.

પ્રશ્ન: આપણે મહામારીના સમયમાં જીવીએ છીએ. મહામારીનો આ ગાળો આ જાતિઓના લોકો માટે કેવો સમય રહ્યો છે?

આમાં હું એ સમાજને બે વિભાગમાં વહેંચીશ. કેટલાક એવા છે જે શહેરોમાં આવીને મુખ્ય ધારાના સમાજમાં જીવે છે. એમના સુધી કોરોના વાયરસ પહોંચ્યો છે. અને જે લોકો હજી એમના જ



વિચરણ અને એમના જ વ્યવસાયોમાં જીવે છે એમનામાં કોરોનાનો એક પણ કેસ નથી થયો. વાદી-મદારી કે સરાણીયા લોકોમાં હજુ આ વાયરસ આવ્યો નથી. હવે સરકારી સ્તરે જો હું વિચારું તો જે ગંભીર બીમારીમાં સપડાયા એ લોકો માટે તો જેમ બીજા લોકોને માટે થયું એવું થયું, પણ અમુક લોકોને કોરોના અડ્યો પણ નથી. એવા આખા સમાજો છે જેમાં એક પણ મૃત્યુ નથી થયું એમનું રસીકરણ કરવાનો પડકાર સરકાર માટે ઊભો થયો છે. એ લોકોને એમ છે કે અમને તો આવું કંઈ થયું નથી એટલે એ લોકો આમાં માનતા નથી. બીજું એમની માન્યતાઓ છે કે વેક્સિન લઈશું તો બે મહિનામાં મરી જઈશું. કેટલાક એવું માને છે કે વેક્સિન લેવાથી આપણે નપુંસક થઈ જઈશું, કેટલાક એવું માને છે કે વેક્સિન લઈશું તો આપણે શું શું કરીએ છીએ એ સરકારને બધી ખબર પડી જાય. એમને સમજાવીને રસી લેવા તૈયાર કરવા એ બહુ મોટો પડકાર છે અને અમે પણ એમને તૈયાર કરવા પ્રયત્ન કરીએ છીએ.

પ્રશ્ન: આટલાં વર્ષોથી આ કામ કરો છો એટલે સ્પર્શી જાય એવા કે યાદ રહી જાય એવા પ્રસંગો તો અનેક હશે. પણ એવા કોઈક પ્રસંગોની વાત કરશો?

એક વાત કહું તો ડફેર સમૂહની આખી એક વસાહત અને એમના વિશે એ વખતે હું બહુ જાણતી નહોતી, પણ એ લોકો ખૂંખાર એવું મેં સાંભળેલું. એક વખતે મેં છાપામાં વાંચેલું કે કોઈક ગામ પાસે ડફેરોનો વાસ છે અને એમનો ત્યાં ત્રાસ છે. એ માહિતીના આધારે હું એ ગામમાં પહોંચેલી. ગામથી લગભગ ત્રણ-ચાર કિલોમીટર એમનો ડંગો, ત્યાં એક બહેન મને લઈ ગયેલી. એમની પરીસ્થિતિ એટલી ખરાબ હતી. પહેલાં તો એમણે મને દૂરથી આવતી જોઈ એટલે એ બધા એકદમ ઊભા થઈ ગયા, ખાસ કરીને પુરુષો. જાણે બધા ત્યાંથી ભાગવાની તૈયારી કરતા હોય એવું લાગ્યું. મેં પેલાં બહેનને પૂછ્યું કે આ લોકો અમ કેમ કરે છે? તો એમણે કહ્યું કે કદાચ પોલીસ હોય તો એમને ભાગવાની ખબર પડે એટલા માટે. પછી તો પેલાં બહેન મારી સાથે હતાં એટલે બધા બેઠા અને મારી સાથે એમણે વાત

કરી. ચોમાસું હતું, છાપરાંની અંદર પણ કાદવ-કિચડ હતો. એમાં પ્લાસ્ટિક પાથરીને એક બહેન એના નાનકડા ૩-૪ દિવસના બાળકને લઈને ખાટલા પર મારી સામે બેઠી હતી. એ બાળક રડતું હતું અને મને વાત કરવામાં ડીસ્ટર્બ થતું હતું. એટલે એ બહેનને મેં કહ્યું કે આ બાળકને ફિડિંગ કરાવ ને. મેં જેવું કહ્યું એટલે એણે તરત કહ્યું કે તું આને ધવડાવવાની વાત કરે છે? જ્યારથી આ એલી થઈ છે ત્યારથી જંગલી બિલાડા પણ બહાર નથી નીકળતા જેને મારીને ખાઈ શકાય. તો હું આને શું ધવડાવું?. 'એલી' એટલે ત્રણ-ચાર દિવસ સુધી સતત પડેલો ભારે વરસાદ-હેલી. તો આ વાતથી મને બહુ આંચકો લાગેલો. આપણે ત્યાં તો શેરીમાં કૂતરી વિયાય તો એને આપણે પંદર દિવસ શીરો કરીને ખવડાવીએ, એ રીતે આપણે એના માતૃત્વનું સન્માન કરીએ એ આપણી સંસ્કૃતિ છે. અહીં એક માણસે માણસને જન્મ આપ્યો, એને કોઈ પૂછવાવાળું નહીં? એની આવી દશા? એ પ્રસંગ હજુ મારા મનમાંથી હટતો નથી, એનાથી મેં નક્કી કરેલું કે હું આ કામ કરીશ. એવી જ એક બીજી ઘટના ૨૦૧૫માં અમદાવાદથી લગભગ ૬૦ કિલોમીટર દૂર ડફેર સમુદાયનો ડંગો હતો. સામાન્ય રીતે એ લોકો ગામથી દૂર, જ્યાં પોલીસ સહેલાથી પહોંચી ન શકે એવા સ્થળે પડાવ નાંખતા હોય. ચોમાસું, રાત, પાણી જોરદાર વરસે. ત્યાં દસેક પરિવારોનાં છાપરાં હતાં. જ્યારે ચોમાસું હોય ત્યારે છાપરાંની અંદર થઈને પાણી વહેતું હોય, અને એમના ખાટલા ખાસ્સા ઊંચા હોય. એ લોકો એ જ ખાટલા પર ત્રણ ઇંટો મૂકીને તબકડામાં રસોઈ પણ કરે. રાત્રે એ પતિ-પત્ની અને લાકડાના બે ટેકાની વચ્ચે એક ઘોડિયું બાંધેલું એમાં એક બચ્ચું. એ ત્રણ જણા સૂતાં હતાં અને પાણીનો આવરો વધ્યો. એકાએક એમણે એમનાં ફાટેલાં ગોદડાં અને ૨-૪ વાસણ જેવો સામન બચાવવા માટે ખસેડવો પડ્યો. એ પછી અચાનક પેલી બહેનનું ધ્યાન ગયું કે મારું બાળક ક્યાં. બંને જણ દોડતાં ઝૂંપડીમાં પહોંચ્યાં ત્યાં તો



ઘોડિયાની ઉપર થઈને પાણી જતું હતું. આ ઘટના રાત્રે ત્રણેક વાગે ઘટી અને મને સવારે સાડા છ વાગે એમનો ફોન આવ્યો. એમણે મને ફોન એટલે કર્યો કે બાળકની દફનવિધિ ક્યાં કરવી એની ખબર નહોતી. એ લોકોનો પહેરવેશ હિંદુ જેવો અને ધર્મે એ લોકો મુસ્લિમ છે. કબરસ્તાનોમાં પણ એમના દફન માટે જગ્યા આપતા નથી હોતા. એ બહેન, એનું નામ સાયરા, એણે ફોન ઉપર છાતીફાટ રડતાં રડતાં કહ્યું કે બહેન અમે તો જંગલી જાનવરો કરતાં પણ ગયાં, ગાભાનાં ગાદલાં જેવી વસ્તુઓ બચાવવામાં હું મારા પેટના જણ્યાને ભૂલી ગઈ. હું તમને વર્ણવી નહીં શકું કે આ આખી ઘટના મારે માટે કેટલી હચમચાવી નાંખનારી હતી. આવા દુઃખના પ્રસંગો રોજેરોજ સાંભળવા મળે છે.

એક-બે સુખદ ઘટના પણ તમને કહું. ડીસામાં રહેતા સરાણીયા લોકોને જ્યારે ફોટોવાળા મતદાર કાર્ડ મળ્યાં ત્યારે મારા એક કાર્યકરે મને ફોન કરીને જણાવ્યું. મેં એમના મુખીને ફોન કર્યો કે ચાલો તમને કાર્ડ મળી ગયું તો હવે તમને કેવું લાગે છે. ત્યારે એ લોકોએ મને કહ્યું કે અમે તો બધા ચાલતાં જૂના રણુજા જઈએ છીએ. મેં પૂછ્યું કે કેમ જાઓ છો, તો કહે કે અમે માનતા માની હતી. આપણને નવાઈ લાગે કે મતદાર કાર્ડ માટે કોઈ માનતા માની શકે, પણ એ આવા નોખા માણસો છે.

મારી દીકરી જન્મી એ પહેલાં થોડો વખત મારી તબિયત ઘણી ખરાબ હતી. તો દીકરી આવી પછી એ બધાને ખબર પૂછવા આવવું હતું અને મેં એમને ના પાડી. એમને બહુ માઠું લાગ્યું. પછી મારી દીકરી એક વર્ષની થઈ ત્યારે એક કાર્યકરે ત્યાંથી મને અચાનક ફોન કર્યો કે બહેન એક ઘટના બની છે અને તમારે તેમજ મૌલિકભાઈએ બંનેએ તરત આવવું પડશે. અમે એ ગામમાં પ્રવેશ્યાં ત્યાં લગભગ અમારા એ બૃહદ્ પરિવારના બધા જ લોકો-લગભગ ૫૦૦-૬૦૦ માણસો, સરસ રંગબેરંગી નવાં કપડાં પહેરીને ત્યાં હાજર હતા. બેન્ડ-વાજાં અને ઢોલ-શરણાઈથી અમારું સામૈયું કર્યું. એક મોટો મંડપ બાંધ્યો હતો અને ત્યાં મારી દીકરીનો જન્મદિવસ ઉજવવાનું એમણે આયોજન કરેલું. હું રડી પડેલી આ આખી ઘટનામાં. કારણકે આ એવો સમાજ છે જેમનામાં પોતાનું બચ્ચું ક્યારે જન્મ્યું એ એમને ખબર ન હોય. એટલે હું કહેતી હોઉં છું કે ભારતની સમગ્ર વિચરતી જાતિનો સામૂહિક જન્મદિવસ એ પહેલી જૂન છે. મારી આખી કાર ભરાઈ જાય એટલી ભેટો એ લોકો લઈ આવેલા. એમાં એક ભેટ સોનાનો 'ઓમ' પણ હતો. મને અને મૌલિકને પણ પહેરામણી કરી. એટલે મને થાય છે કે હું કેટલી નસિબદાર છું. મારા પર કેટલી કૃપા છે, ભગવાને મને કેટલું બધું આપ્યું છે!

❑❑❑



ફુગ્ગો ફુલાવવો સહેલો નથી

☐ નટવર પંડ્યા

ફુગ્ગો ફુલાવવા કરતાં માણસને ફુલાવવો સહેલો છે. આવું જ્ઞાન મને એક નિર્દોષ બાળક પાસેથી થયું. અમારા સંબંધીનો એક નાનકડો પાંચ વર્ષનો પુત્ર બે રૂપિયાના ડઝન એવા ફુગ્ગાની કોથળી લઈને મારી પાસે આવ્યો અને મને કહે, "મામા, ફુગ્ગો ફુલાવી આપો ને!" હું સંબંધમાં તેનો મામો નહોતો, છતાં મામા કેમ કહ્યો તે સમજાયું નહીં. કદાચ તેની મમ્મીએ શીખવ્યું હોય કે દરેક અજાણ્યા પુરુષને 'મામા' કહેવા. આ રીતે મામા કહીને તેણે મને ‘મામા’ બનાવ્યો.

બાળક ફુગ્ગાની કોથળી લઈને મારી પાસે આવ્યો. મેં જોયું તો કોથળીમાં બે-એક ઇંચના નાના-નાના ફુગ્ગા હતા.

આવા સમયે હું ભરી સભામાં (એટલે કે એક લગ્નપ્રસંગમાં, સગાસંબંધીઓની વચ્ચે) બેઠો હતો. આ બાળક સૌથી પહેલો મારી પાસે આવ્યો તેથી મને થયું કે બાળકને મારામાં કંઈક કૌવત દેખાયું હશે તો જ આવડી મોટી ઇન્દ્રસભામાં ફુગ્ગો ફુલાવવાનો કળશ મારા પર ઢોળ્યો હોય ને! બાળક બહુ મોટી આશા લઈને આવ્યો છે એટલે તેનો ફુગ્ગો ફુલાવી દેવો એ મારી એક સામાજિક જવાબદારી હતી, એક પડકાર હતો. મેં ફુગ્ગો ફુલાવવાનું બીડું ઝડપ્યું.

મેં સમજીવિચારીને બીડું ઝડપ્યું હતું, કારણ કે આવા નાના-નાના ફુગ્ગા ફુલાવવા એમાં ક્યાં મોટો વાઘ મારવાનો હતો, પણ મને ક્યાં ખબર હતી કે નાના અમથા ફુગ્ગા માટે બહુ મોટો પુરુષાર્થ કરવો પડે તેમ છે.

ફુગ્ગો હાથમાં લેતી વખતે આપણને એવું લાગે કે આ તો એક જ ફૂંકનો ઘરાક! બીજી માગશે નહીં. આમ ફુગ્ગાની પહેલાં આપણે ફુલાઈ જઈએ, પણ જેમ પાંડવો-કૌરવોની બાણવિદ્યાની પરીક્ષા વખતે કેટલાકને તો આખેઆખી ચકલી જ નહોતી દેખાતી એવું જ અહીં થયું.

ફુગ્ગો હાથમાં લઈએ તો સૌપ્રથમ ફૂંક ક્યાંથી મારવી એ જ જડતું નથી. મહામહેનતે ફૂંક મારવાનું કેન્દ્ર શોધીએ અને ઉત્સાહના અતિરેકમાં સીધી જ ફૂંક મારવા માંડીએ. આપણને એમ થાય કે "...એ ફુલાયો, એ ફુલાયો... ક્યાંક ફટાક્યો થઈ જશે." પણ ઘણી મથામણને અંતે ફુગ્ગો જરાય મચક નથી આપતો. એને મુખથી વિમુખ કરીને જોઈએ તો ખ્યાલ આવે કે ફૂંક મારવાની જગ્યાની રિંગ તો ચોંટેલી છે, ત્યારે આપણને આપણી અમૂલ્ય ફૂંકો વેડફાઈ ગયાનો અફસોસ થાય. અત્યાર સુધી આપણે જે ફૂંક મારી તે બધી વાતાવરણમાં ભળી ગઈ. તેને કારણે કદાચ તાપમાન ત્રણ-ચાર ડિગ્રી વધી ગયું હોય એવુંય બને. વાતાવરણનું નહીં તો આપણા મગજનું તો વધે જ, કારણ કે ફૂંકો ગરમાગરમ હોય છે. એક ફૂંકમાં આખું સાતપુડાનું જંગલ સળગાવી દેવું હોય એમ આપણે ફૂંકો મારીએ છીએ. છેવટે ફૂંક મારવાની રિંગ ચોંટી ગયેલી હોય તેને ખેંચીને ખુલ્લી કરી ફરીથી એક ઝંઝાવતી ફૂંક મારી. અમને ખાતરી થઈ કે હવે હવા ફુગ્ગામાં જ જાય છે, પણ હવા અંદર જતી હોવા છતાં ફુગ્ગો ફુલાતો નહોતો, જે અમારા માટે એક વણઉકેલ્યું રહસ્ય હતું.

આમ બીજા તબક્કાના પ્રયત્નોમાં પણ ધારી સફળતા મળતી નથી. વળી જો આપણે ભરી સભામાં બેઠા હોઈએ તો લોકો આપણી હાંસી ઉડાવે. વળી જાહેરમાં ફુગ્ગો એક વાર હાથમાં લીધા પછી મુકાય પણ નહીં. આપણી દશા જોયા પછી બીજા લોકો ફુગ્ગો ફુલાવવાનું બીડું ઝડપે નહીં. ન જ ઝડપે

ને! જ્યારે અન્ય લોકો આપણા તરફ આંગળી ચીંધી બાળકને પ્રોત્સાહન આપે કે એમને જ કહે એ ફુગ્ગો ફુલાવી આપશે. એમને સરસ આવડે છે. નાનકડા ફુગ્ગાને આપણે તુચ્છ ગણ્યો હોય, પણ તેની તુચ્છતા આપણને ભારે પડે છે. તેથી જ કવિએ કહ્યું છે...

તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો;
આ નાનો આ મોટો, એવા એવો મૂરખ કરતા ગોટો.

આવા સમયે આપણને ખબર પડે કે કોઈને નાનો ન સમજવો. નાનકડા ફુગ્ગા ફુલાવવાની પ્રાચીનકાળથી ચાલી આવતી એક ખાસ પદ્ધતિ છે. આવા ફુગ્ગાને સીધેસીધો ફુલાવી શકાતો નથી. તેથી જેમ કોઈ બાણાવળી યોદ્ધો તીર ચડાવીને પણછ ખેંચતો હોય તેમ એક હાથે ફુગ્ગાને હોઠ પાસે વાંસળી વગાડતા હોય એ રીતે આડો ગોઠવીને બીજા હાથે તેનો આગળનો ભાગ પકડીને ખેંચવો પડે છે અને ખેંચેલી સ્થિતિમાં ફૂંક મારવી પડે છે. આ બંનેમાં શક્તિ, દૃઢ મનોબળ, મજબૂત ફેફસાં અને એકાગ્રતાની જરૂર પડે છે. આ રીતે એક માનવશક્તિને બબ્બે જગ્યાએ લગાડવાની કુશળતા દરેક કર્તામાં હોતી નથી. જે લોકો આધેડ વયના હોય અને આગળના દાંત તૂટી ગયા હોય તેણે તો પહેલેથી જ રાજીનામું આપી દેવું. બાળપણમાં ફુગ્ગા ફુલાવવાની જે પ્રૅક્ટિસ હોય તે મોટા થતાં સુધીમાં છૂટી ગઈ હોય. વળી ફુગ્ગા ફુલાવવાનું કામ કંઈ વારંવાર આવતું નથી એટલે આ ક્રિયા પર પહેલાં જેવો કાબૂ હોતો નથી. ફુગ્ગો બરાબર ખેંચીએ તો ફૂંક મારવાનું ન ફાવે અને ફૂંક મારવા જઈએ તો ફુગ્ગો ઢીલો પડી જાય એટલે શરૂઆતનો સમય અને પ્રાથમિક ઊર્જા તો ફુગ્ગો ખેંચીને તેમાં ફૂંક મારવામાં જ વેડફાઈ જાય. ઘણી વાર આ રીતે ફુગ્ગાને બરાબરનો ખેંચીને ફૂંક મારવા જઈએ ને ખેંચેલો ફુગ્ગો હાથમાંથી છટકે તો સીધો જ સટ્ટાક કરતો હોઠ પર કે ગાલ પર આવે અને ગાલ ચમચમી જાય, બે ઘડી તમરાં બોલી જાય. હોઠ અને ગાલ પર ચમચમાટી થઈ જાય છતાં ફુગ્ગો ફુલાવવા માટે મોટી ઉમ્મીદ લઈને જે બાળક આવ્યું હોય તે બીજા પાસે જતું નથી. બાળકનો આપણા પરનો વિશ્વાસ હજુ સુધી ડગ્યો હોતો નથી. અલબત્ત, આપણે ડગમગી ગયા હોઈએ. આપણે બાજુવાળાને સહેજે આગ્રહ કરીએ કે 'લો તમે બે'ક ફૂંક મારો ને! ટીપે-ટીપે સરોવર ભરાય ને ફૂંકે-ફૂંકે ફુગ્ગો ફુલાય. પણ આપણા હોઠ અને ગાલ પર ફુગ્ગાએ બે-ચાર તમાચા મારી લીધા હોય તે જોઈને તે લોકો આપણને જ પ્રોત્સાહન આપે, 'તમે, તમે જ બરાબર છો. તમે બે'ક ફૂંક જોરદાર રીતે મારો એટલે ફુગ્ગો ફુલાઈ જશે.'

ફુગ્ગામાં ફૂંક મારવાની એક ખાસ રીત હોય છે. બે હોઠને દબાવીને ફૂંક

મારવી પડે છે. ભૂતકાળમાં જો નિયમિત ધોરણે શંખ વગાડ્યો હોય તો તે શંખ ફૂંકવાનો મહાવરો અહીં ઉપયોગી થાય છે. ચૂલામાં ફૂંકો મારતા હોય એવી રીતે ફુગ્ગામાં ફૂંકો ન મારી શકાય. આ ક્ષેત્ર આખું અલગ છે. પ્રાણાયામ, કપાલભાતિ જેવા શ્વાસ- ઉચ્છ્વાસના વિવિધ વ્યાયામ કરાવનારાઓને પણ જો આ નાનકડો ફુગ્ગો ફુલાવવા આપો તો કપાલભાતિ ગોત્યું ન જડે ને પરબારો પ્રાણ યમ લઈ જાય. હા, બાકી ફુગ્ગાને હોઠ પાસે રાખી, ખેંચીને, ટોર્નેડો જેવી ફૂંક મારીએ તો એમાં પણ મોટા ભાગની ફૂંક બહાર જ જાય અને ફુગ્ગો જેમનો તેમ જ રહે.

બીજો ધ્યાનમાં રાખવાનો મહત્ત્વનો મુદ્દો એ કે ફુગ્ગામાં એક વાર ફૂંક મારીએ અને જો ફુગ્ગો સહેજ પણ ફૂલ્યો તો તે આખેઆખો ન ફુલાય ત્યાં સુધી સતત ફૂંક મારતાં રહેવું પડે છે. એમાં વચ્ચે 'છોટાસા બ્રેક' ન ચાલે. જો બ્રેક લો તો પાછું એકડે એકથી ચાલુ કરવું પડે. એટલે મોટા ભાગનાને તકલીફ એ જ થાય કે અડધો ફુગ્ગો ફૂલે ત્યાં શ્વાસનું પૂર્ણવિરામ આવી ગયું હોય એટલે વચ્ચે જરાક અમથું અલ્પવિરામ આવે ને ફુગ્ગાનું પૂર્ણવિરામ થઈ જાય. તે પાછો મૂળ સ્થિતિમાં આવી જાય. તેને કારણે ફૂંક મારી-મારીને ફૂંકમારુના ગલોફા દુ:ખી જાય અને આપણી અસંખ્ય અમૂલ્ય ફૂંકો વેડફાઈ જાય.

ગલોફાના દુ:ખથી પીડિત આપણે ફુગ્ગા ફુલાવવાની યોજનામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનું ઇચ્છીએ તો પણ બાળક આપણને છોડતું નથી. તે આપણને પ્રોત્સાહન આપતાં કહે છે કે થોડીક જોશથી ફૂંક મારો તો ફુલાઈ જશે. ફરી પાછું બાળકને રાજી કરવા ફૂંકો મારીએ. નાગ નચાવતી વખતે મદારી મોરલી વગાડતો હોય એવી રીતે ગલોફાં ફુલાવીને ફૂંક મારીએ છતાં ફુગ્ગો પોતાનું અસલી સ્વરૂપ બદલતો નથી. કેટલીક વાર આપણને થાય કે શું આ લોકોએ ના ફૂલે એવા ફુગ્ગાનું પૅકેટ તો આપી દીધું નહીં હોય ને! કેટલાક નફ્ફટ લોકો તો જાહેરમાં આપણી પટ્ટી પાડે કે એક નાનું અમથું ફુગ્ગું ફુલાવી શકતા નથી તે તમે બીજું શું કરવાના! આમ ફુગ્ગો બાળકને પાછો આપી શકાતો નથી, આપવા જઈએ તો બાળક લેતું નથી. અને આવા નાચીજ ફુગ્ગા માટે જાહેરમાં એવી પ્રતિજ્ઞા લઈ શકાતી નથી કે "હું ફુગ્ગો ફુલાવીને જ જંપીશ. જ્યાં સુધી ફુગ્ગો નહીં ફુલાવું ત્યાં સુધી અન્નજળ હરામ છે." કારણ કે આવી જબરદસ્ત પ્રતિજ્ઞાથી પણ આપણી પ્રતિભામાં કોઈ નવી આભા પ્રગટતી નથી. છેવટે પરિસ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થાય છે. તેથી જ બાળકો સોંપે તે કામ હાથમાં લેતાં પહેલાં સો વાર વિચારવું. ફુગ્ગો ફુલાવવો સહેલો નથી.

❑❑❑



ઇનામ

□ મોના જોષી

કંકુએ માંડ મીંચાયેલી આંખો ખોલી. કાન સરવા કર્યા. કોઈ કમાડ ખખડાવતું હોય એવો ભાસ થયો. ‘અત્યારે કવેળાએ કોણ હશે?’ કંકુએ વિચાર્યું. પડખામાં સૂતેલા બે દીકરાઓ ઉપર નજર નાખી. ભૂખથી ટળવળતા દીકરાઓને માંડ સમજાવી ફોસલાવીને સુવડાવ્યા હતા. ફરી જાગી જશે તો સુવડાવવા અઘરા થશે.

કંકુએ બંને દીકરાઓને ઓઢાડેલી

ફાટલી ઓઢણી લઈને ખભે નાખી. ઓરડા ઉપર એક નજર નાખી. 'ઘરમાં ચોરવા જેવું તો કશું જ નથી. આવનાર લઈને બહુ-બહુ તો જીવ લઈ જશે, બીજું શું! અને જો જીવ લઈ લે ને તો તો નિરાંત થાય. આમ પણ જીવતર ધરીને કોઈ સુખ દીઠું નથી. મરીએ તો છુટકારો થાય.' કંકુ સ્વગત બબડી અને કમાડ પાસે ગઈ, "કોણ છે અડધી રાત્રે?" કંકુએ કમાડ આગળ જઈ ધીમા સાદે બૂમ પાડી.

થોડી નીરવ શાંતિ પછી અવાજ આવ્યો, "કમાડ ખોલ, હું છું." કંકુએ અવાજ ઓળખ્યો. એની આંખો પહોળી થઈ ગઈ. સાત-સાત વર્ષ વહી ગયાં હતાં, પણ કંકુ એ રણકો ભૂલી નહોતી. એણે ફટાક દઈને કમાડ ખોલી નાખ્યાં. અંધારામાં ઊભેલા ઓળા સાથે આંખ મળી અને કંકુ એની છાતીએ વળગી પડી. ક્યાંય સુધી બંને મૂગાં મોઢે રડતાં રહ્યાં.

થોડું ભાન આવતાં જ કંકુ સંતરામને ઘરમાં ખેંચી ગઈ અને કમાડ બંધ કરી દીધાં. સંતરામે ભોંય ઉપર સૂતેલા બે પડછાયાને જોયા અને ધીમા અવાજે પૂછ્યું, "શું છે? દીકરો કે દીકરી?"

કંકુ બોલી, "દીકરો. અદ્દલ તમારા જેવો જ છે. ગુસ્સો આવે પછી આગળપાછળનું કંઈ વિચારતો નથી." સંતરામને થયું કે કંકુ એને ટોણો મારી રહી છે. સંતરામ નીચું જોઈને બેસી રહ્યો. કંકુ એની ધૂનમાં બોલતી રહી, "તમે ભાગી ગયા ત્યારે નાનકો મારા પેટમાં હતો અને મોટો ત્રણ વર્ષનો. મારી ઉંમરય ક્યાં એટલી બધી હતી! માડી પણ તમારી પાછળ-પાછળ મોટા ગામતરે ઊપડી ગયાં. ગામ આખું અમને નફરતની નજરથી જોતું. એટલે કોઈની મદદની આશા રખાય એમ નહોતી. એકલી પંડે દીકરાઓને ઉછેરી રહી છું. તમારી ખોટ બહુ સાલે છે." અને કંકુ ફરી ડૂસકે ચઢી. સંતરામ એની પીઠ પસારતો રહ્યો. થોડું સ્વસ્થ થતાં કંકુએ સંતરામને પૂછ્યું, "તમે ક્યાં હતા આટલો વખતથી? અત્યારે અહીં કેવી રીતે?"

સંતરામ ભૂતકાળમાં સરતાં બોલ્યો, "એ દિવસે અહીંથી ભાગીને હું ગિરનારની તળેટીએ પહોંચ્યો, ત્યાં બાવાઓની એક જમાત હરદ્વાર જઈ રહી હતી. એના ભેગો ભળી ગયો, ત્યારથી બાવાઓ સાથે અહીંથી તહીં રખડી રહ્યો છું. આજે સાત વર્ષે એ જમાત ફરી ગિરનારની તળેટીમાં આવી. એટલે લાગ જોઈને રાતના અંધારામાં તમને લોકોને મળવા આવ્યો." પછી થોડું અટકીને ઉમેર્યું, "કંકુ દીવો કર ને! મારે તને અને છોકરાઓને જોવાં છે."

કંકુ કેવી રીતે કહે કે ઘરમાં દીવો કરવા જેટલુંય તેલ નથી. ઘરની જમીન, કપડાંલત્તાં, વાસણકૂસણ બધું જ વેચાઈ ગયું છે. સારું છે કે સંતરામ રાતના

અંધારામાં આવ્યો છે. દિવસે આવ્યો હોત તો ઘરની અને છોકરાઓની હાલત જોઈને એનું કાળજું કપાઈ જાત.

કંકુ બહાનું કાઢતાં બોલી, "છોકરાં હમણાં જ સૂતાં છે. દીવાના અજવાળે જાગી ગયાં અને તમને જોઈને પૂછે કે આ કોણ છે? તો મારે શું કહેવું? એના કરતાં દિવસે ભિક્ષા માગવાના બહાને આવજો ત્યારે અજવાળે દીકરાઓને જોઈ લેજો."

સંતરામ નિસાસો નાખતાં બોલ્યો, "દિવસે તો મારાથી નહિ અવાય. હું ગમે એવો વેશ કરું તો એ ગામના લોકો મને તરત ઓળખી જાય. એમાંય અરજણની બાયડી તો બહુ હોશિયાર છે. એ મારો ચહેરો નહીં ભૂલી હોય."

કંકુ મનોમન બોલી, "તે ક્યાંથી ભૂલે! એના દેખતાં તેં એના ધણી, સસરા અને દિયરનાં ઢીમ ઢાળ્યાં હતાં. કઈ બાયડી એ ભૂલે?"

ભોંભાખળું થવા આવ્યું ત્યાં સુધી ધણી-ધણિયાણી ધીમા સાદે સુખદુ:ખની વાતો કરતાં રહ્યાં. બહાર ફળિયામાં થોડો અવાજ થતાં બંને સજાગ થયાં. સંતરામ ઊભો થતાં બોલ્યો, "હું જાઉં. અજવાળું થયું અને કોઈ મને ઓળખી ગયું તો ભારે થશે."

કંકુ હાથ પકડતાં બોલી, "ફરી ક્યારે આવશો?" સંતરામે કંકુનો હાથ દબાવતાં કહ્યું, "હજી આજનો દિવસ ગિરનારમાં પડાવ છે. જો નીકળાશે તો આજે રાત્રે ફરી મળવા આવી જઈશ. મારી રાહ જોજે." અને સંતરામ આવ્યો હતો એમ જ અંધારાને ઓઢીને નીકળી ગયો. કંકુ ક્યાં સુધી શૂન્યમાં તાકતી બેસી રહી. એ ગોઝારા દિવસને યાદ કરતાં એના શરીરમાં કમકમાં આવી ગયાં.

આ કંકાસનાં બીજ કંઈ કેટલીય પેઢી પહેલાં વવાયાં હતાં. એ કોણે વાવ્યાં અને શું વેર હતું એ પણ યાદ નહોતું, પણ એમાં કેટલીય પેઢીઓ હોમાઈ ગઈ હતી. છેલ્લે અરજણના દાદાએ સંતરામના બાપનું ખૂન કર્યું હતું.

એ દિવસે શું થયું એ કંકુને પણ ખબર નથી. તે મોટા દીકરાને લઈને સુવાવડ કરવા પિયર આવી હતી. ત્યાં એને સમાચાર મળ્યા કે અરજણ અને સંતરામ વચ્ચે ઝઘડો થતાં સંતરામ અરજણ, એના બાપ અને નાના ભાઈનું ખૂન કરીને ભાગી ગયો. કંકુના માથે જાણે આભ તૂટી પડ્યું. બે દીકરા અને ઘરડી સાસુની જવાબદારી કંકુના માથે આવી. દીકરાના વિયોગમાં થોડા દિવસ ઝૂરીને સાસુએ સ્વર્ગની વાટ પકડી.

કંકુએ નાનાં-મોટાં કામ કરીને ઘર ચલાવ્યું. ખરચા વધતાં ધીરે-ધીરે ઘરનો સરસામાન વેચાવા લાગ્યો. આજે મિલકતના નામે કંકુ પાસે આ તૂટલુંફૂટલુ ખોરડું અને બે દીકરા સિવાય કંઈ નહોતું. ગઈ કાલે તો ઘરમાં અનાજનો એક દાણોય વધ્યો નહોતો. અડોશપડોશ

અને ગામના લોકો થોડી ઘણી મદદ કરતા હતા, પણ હવે એ લોકો પણ કંકુને જોઈને કમાડ વાસી દેતા હતા.

કંકુએ એક નજર ભૂખ્યા સૂતેલા દીકરાઓ ઉપર નાખી. 'હમણાં ઊઠશે એટલે પાછા ખાવાનો કકળાટ કરશે.' કંકુ આજે અનાજનો વેંત કેવી રીતે કરવો એના વિચારમાં પડી. કંઈક વિચારીને કંકુ ઊભી થઈ. ઘરમાં જે થોડાં ઘણાં કપડાં પડ્યાં હતાં એનું પોટલું વાળ્યું, એક ઘડામાં પાણી લીધું, એની ઉપર ચારણી ઢાંકી અને કમાડ આડું કરીને ગામની સીમ ભણી ઊપડી.

આમ તો ગામમાં દરેકના ઘરે નળ આવી ગયા હતા, પણ ઘણી વાર વધારે કપડાં ધોવાનાં હોય ત્યારે ગામની બાયું નહેરે જતી. એટલે કંકુને કોઈએ 'ક્યાં જાય છે?' એવો પ્રશ્ન કર્યો નહીં.

ગામની બહાર એક નાળું હતું. રોજ સવારે ગામનાં ઢોર-ઢાંખર ત્યાં થઈને ગામની બહાર ગોચરમાં ચરવા જતાં. કંકુ ત્યાં આગળ પહોંચી. એણે આગળપાછળ નજર નાખી. નાળું ખાલી હતું. હમણાં ઢોરોનું ધણ અહીંથી પસાર થયું હોય એમ લાગતું હતું. તાજા છાણના પોદળા ચારે બાજુ પડેલા હતા.

કપડાંનું પોટલું એક તરફ મૂકી કંકુ ચારણીમાં પોદળા લઈને ઘડામાંથી થોડું-થોડું પાણી લઈ ધોવા લાગી. આગલી રાતે ઢોરોને જે ઘઉં કે બાજરો ખવડાવ્યા હોય એના થોડા ઘણા દાણા આખા

નીકળ્યા હોય એ ધોઈ-ધોઈને ભેગા કરવા લાગી. કોઈ આવે એ પહેલાં મુઠ્ઠી દાણા ભેગા થઈ જાય તો છોકરાઓની આજની ખાવાની ચિંતા ટળે.

કંકુ ઝપાટો બોલાવવા લાગી. ત્યાં તો કંકુને પીઠ પાછળ પગરવ સંભળાયો. કંકુના હાથ અટકી ગયા. એણે પાછળ નજર નાખી. અરજણની વહુ હંસાને આવતી જોઈને એને ગભરામણ થઈ. ચારણી કપડાંના પોટલા નીચે સરકાવી દીધી અને પગમાંથી કાંટો કાઢતી હોય એમ પગ ખોતરવા લાગી.

કંકુને હતું કે હંસા નાળામાંથી બહાર જતી રહે પછી જેટલા દાણા ભેગા થયાં છે એટલા લઈને ઘરભેગાં થઈ જવું, પણ હંસા કંકુની આગળ જ આવીને ઊભી રહી. હવે શું કરવું? આ સાત વર્ષમાં બંને ઘણી વખત આમને-સામને થયાં હતાં. ઘણી વખત નાની-નાની બાબતમાં બાખડી પડ્યાં હતાં, પણ આજે કોણ જાણે કેમ કંકુ હંસાનો સામનો કરતાં ડરી રહી હતી.

કંકુએ નજર ઊંચી કરી. હંસા કપડાંના પોટલા નીચેથી ડોકાતી ચારણીને તાકી રહી હતી. કંકુએ કપાળે હાથ ઘસ્યો. હવે હંસા આખા ફળિયાની વચ્ચે એની મજાક ઉડાવશે. એણે ચારણી જોઈ લીધી છે, એટલે હવે છુપાવવાનો કોઈ અર્થ નથી.

કંકુ કપડાંનું પોટલું, ઘડો અને ચારણી લઈને ઊભી થઈ અને કંઈ પણ બોલ્યા વગર ગામ બાજુ ચાલવા લાગી. ત્યાં પાછળથી હંસાનો અવાજ આવ્યો, "ઊભી રહે. મને ખબર છે તારા ઘરમાં કાલે શું થયું તે." કંકુને આંખે અંધારાં આવ્યાં. એ પરાણે જાત સંભાળીને ઊભી રહી. હંસા એની નજીક આવતાં બોલી, "કાલે રાતે તારા ઘર આગળથી નીકળતી હતી, ત્યારે મેં સાંભળ્યું હતું. તું તારા ભૂખ્યા છોકરાઓને સમજાવી - ફોસલાવીને સુવાડી રહી હતી. આમ તો મારા ધણીના મારતલના છોકરાઓ માટે મારો જીવ ના બળવો જોઈએ, પણ કાલે મારો જીવ બળ્યો."

કંકુએ આંખ ઊંચી કરીને હંસા સામે જોયું. ના, હંસા મજાક નહોતી કરતી. એની આંખમાં સાચે જ દુઃખ ડોકાઈ રહ્યું હતું. હંસા આગળ બોલી, "આપણા બાપદાદાએ વાવેલા વેરઝેરના વેલા આપણાં બાળકોને સંતાપી રહ્યાં છે. હજુ આ કેટલી પેઢી સુધી ચાલશે એ મને ખબર નથી. હું એને મૂળમાંથી કાઢી તો ના શકું પણ એકાદ ડાળી કાપીને એને ઓછાં તો કરી શકું."

અને હંસાએ સાડીના પાલવ નીચે સંતાડેલી અનાજની પોટલી કાઢીને કંકુના હાથમાં પકડાવી અને મૂંગા મોઢે ગામ તરફ પાછી વળી.

કંકુ આભી બનીને એની પીઠ તરફ તાકી રહી. હજી એ ત્યાં ઊભી-ઊભી હંસા બોલી એ સમજવાની કોશિશ કરતી રહી. 'સાચે જ એણે કાલે

છોકરાઓને રડતાં સાંભળ્યાં હશે? કે પછી સંતરામને ભાળી ગઈ હશે? મને એની ઉપર શંકા ના જાય એટલે એ સહાનુભૂતિનું નાટક કરતી હશે?'

કંકુ ઘરે પાછી આવી. હંસાએ આપેલું અનાજ દળીને છોકરાંઓને ભરપેટ જમાડ્યાં. એ આખો દિવસ એના મનમાં વિચારોનાં વમળ ઘૂમરાતાં રહ્યાં.

સાંજ પડતાં તો ગામમાં દેકારો મચી ગયો. 'સંતરામ પકડાયો. અરજણનો ખૂની સાત વર્ષે પોલીસને હાથે લાગ્યો.' ગામ આખું સંતરામને જોવા પોલીસ સ્ટેશને ઊભરાયું. કંકુ બંને છોકરાઓને લઈને કમાડ વાસીને ઘરના ખૂણામાં બેસી રહી. છાતીનો બંધ આજે છૂટી ગયો હતો. કંકુ ક્યાંય સુધી પોક મૂકીને રડી રહી. બંને બાળકો ઓશિયાળાં થઈને કંકુને તાકી રહ્યાં. થોડા દિવસ કંકુએ કામ વગર ઘરની બહાર જવાનું ટાળ્યું. થોડા દિવસ ગામમાં ચોરે ને ચૌટે એક જ ચર્ચા થતી રહી, સંતરામને કોણે પકડાવ્યો? પછી ધીરે-ધીરે બધું ભુલાતું ગયું.

એક દિવસ કંકુ જેની રાહ જોતી હતી એ મોકો મળ્યો. સવારે હંસાને કપડાંનું પોટલું લઈને નહેર તરફ જતી જોઈ. કંકુ કેટલાય દિવસથી તૈયાર રાખેલી પોટલી બગલમાં દબાવી અને હંસાની પાછળ નીકળી પડી. પેલું સૂમસામ નાળું આવતાં કંકુએ ઝડપ વધારી. હંસાને કોઈનો પગરવ સંભળાતાં એણે પાછળ ફરીને જોયું. કંકુને પોતાની પાછળ આમ ઉતાવળા પગલે આવતાં જોઈને એને ગભરામણ થઈ. એણે માથે પોટલું લઈને લગભગ દોડવા માંડ્યું. ત્યાં પાછળથી કંકુનો અવાજ આવ્યો," જ્યાં છો ત્યાં જ ઊભી રહેજે."

હંસાના પગ જમીન સાથે જડાઈ ગયા. એનું શરીર બીકના માર્યા થરથર કાંપવા લાગ્યું. કંકુ દોટ મૂકીને એની પાસે આવી. કંકુ કંઈ કહે કે કરે એ પહેલાં હંસા બે હાથ જોડીને એના પગ આગળ બેસી ગઈ અને બોલી, "મેં તારા ધણીને નથી પકડાવ્યો. હું સાચું કહું છું. મારાં છોકરાંના સોગંદ. મહેરબાની કરીને મને કશું ના કરતી. મારાં છોકરાં રઝળી જશે."

કંકુ હંસાને બાવડેથી ઝાલીને ઊભી કરતાં બોલી, "મને ખબર છે. હું તો તારું ઋણ ચૂકવવા આવી છું. સરકારે સંતરામના માથે બે લાખનું ઇનામ રાખ્યું હતું. એના ઉપર મારાં કરતાં તારાં છોકરાંઓનો હક વધારે છે."

એણે બગલમાં દબાવેલી પોટલી હંસાના હાથમાં મૂકી અને ઉમેર્યું, "એ દિવસે તેં વેરઝેરના વેલાની એક ડાળ કાપી હતી. આજે હું બીજી ડાળખી કાપી રહી છું."

કંકુ નિરાંતનાં પગલાં ભરતી ગામ તરફ પાછી વળી. હંસા આભી બનીને આ જોગમાયાને જતાં જોઈ રહી.


❑❑❑

હિંદી ફિલ્મસંગીતના ઇતિહાસકાર, ‘ફૅક્ટ-ચેકર’, ઇતિહાસકાર : નલિન શાહ

☐ ઉર્વીશ કોઠારી

છેલ્લા દોઢ-બે દાયકામાં હિંદી ફિલ્મો અને ફિલ્મસંગીત વિશેનાં પુસ્તકોનો વરસાદ વરસી રહ્યો છે, પરંતુ તે પહેલાં હિંદી ફિલ્મો અને ખાસ તો ફિલ્મસંગીત એ ગંભીર લેખન કે સંશોધનના વિષય ગણાતા ન હતા. ફિલ્મસંગીતના પ્રેમીઓની બિરાદરી મોટી હતી, પણ ‘જૂના’ સંગીતના મોટા ભાગના પ્રેમીઓની હદ ૧૯૫૦ના દાયકે આવી જતી. તે પહેલાંનાં ગીતો અને તેની સાથે સંકળાયેલા સંગીતકારો-ગીતકારો-ગાયકો વિશે આધારભૂત રીતે લખનારા-વાત કરનારા બહુ ઓછા લોકો હતા. તેમાંના એક એટલે મુંબઈના નલિન શાહ. જુલાઈ ૨૧, ૨૦૦૨ના રોજ ૮૭ વર્ષની વયે તેમનું અવસાન થયું.

નલિનભાઈના પ્રયાસોથી ૧૯૩૦-૧૯૪૦ના દાયકાઓના ફિલ્મસંગીતની ઘણી વિગતો, તેના ઇતિહાસના ઘણા ટુકડા પ્રકાશમાં આવ્યા. આરંભના દાયકાઓના ઇતિહાસમાં રહેલી અઢળક ખાલી જગ્યાઓમાંથી ઘણી નલિનભાઈના ખાંખાંખોળાથી પુરાઈ. ખેમચંદ પ્રકાશ, ગુલામ હૈદર, વિનોદ, શ્યામસુંદર, હુસ્નલાલ-ભગતરામ જેવા પ્રચંડ પ્રતિભાશાળી સંગીતકારો વિશે નલિનભાઈએ તેમના કુટુંબીજનો કે બીજા સ્નેહીઓને મળીને, ઠેકઠેકાણેથી જહેમતપૂર્વક વિગતો મેળવીને,



'ફિલ્મફેર'માં વિગતવાર લેખ લખ્યા. તેમના લેખો થકી તે સંગીતકારો અને તેમની રચનાઓ પર ચડેલાં વિસ્મૃતિનાં આવરણ હટ્યાં અને તે નવેસરથી, નવા શ્રોતાઓ સુધી પહોંચ્યાં.

જૂનાં હિંદી ગીતોની રેકૉર્ડના સંગ્રાહક તરીકે નલિનભાઈનો સંગ્રહ માતબર હતો, પણ તે સંગ્રાહક કરતાં ઘણું વધારે હતા. સંગીતની બારીકીઓ માણતાં-માણતાં તે નૌશાદ, અનિલ બિશ્વાસ, ગુલામ મહંમદ, ઓ. પી. નૈયર, એસ. એન. ત્રિપાઠી જેવા ધુરંધર સંગીતકારો, કમર જલાલાબાદી, 'પ્રદીપ'જી, કતિલ શીફાઈ જેવા કવિઓ, જી. એમ. દુર્રાની, ઝોહરાબાઈ અંબાલાવાલી, રાજકુમારી જેવા ગાયકો સહિત બીજા ઘણા કલાકારોના નજીકના પરિચયમાં આવ્યા. અનિલ બિશ્વાસ દિલ્હીથી મુંબઈ આવે ત્યારે નલિનભાઈના ઘરે જૂના કલાકારોનાં મિલનો પણ યોજાતા. જેમને જીવનમાં એક વાર મળવાની,



નૌશાદ અલી સાથે નલિન શાહ

ફક્ત મળવાની, ચાહકોની ઇચ્છા હોય, એવા આ કલાકારો સાથે અંગતતાનો નલિનભાઈના મનમાં ભાર ન હતો. કલાકારો સાથેના સંબંધનો ઉપયોગ તે પ્રભાવ પાડવા માટે નહીં, પણ શક્ય એટલી માહિતી મેળવવામાં અને તેની ફેરચકાસણી માટે કરતા હતા.

માહિતીની ખરાઈનો મુદ્દો આવે ત્યારે તે કોઈની શેહ રાખતા નહીં. મહાન સંગીતકાર નૌશાદ સાથે તેમને આત્મીય સંબંધ હતા. છતાં, તેમણે કહેલી બધી વાતો તે આંખ મીંચીને માની લેતા નહીં. નૌશાદ હંમેશાં એવું કહેતા કે "મહાન ગાયક કે. એલ. સાયગલની અંતિમ યાત્રામાં, તેમની ઇચ્છા પ્રમાણે, (નૌશાદનું સ્વરબદ્ધ કરેલું ગીત) 'જબ દિલ હી તૂટ ગયા' વગાડવામાં આવ્યું હતું." આ કથા અનેક ઠેકાણે છપાઈ હતી, પરંતુ નલિનભાઈ તર્કથી વિચારીને કહેતા કે સાયગલે આવું કહ્યું હોય એવું શી રીતે માની લેવાય? બીજું, એ જમાનામાં અંતિમ યાત્રા નીકળી હોય ત્યારે કે સ્મશાનમાં ગીત વગાડવાનું બહુ કઠણ હતું. છેવટે, નલિનભાઈએ સાયગલની અંતિમ યાત્રામાં ઉપસ્થિત (મદન પુરી-અમરીશ પુરીના ભાઈ) ચમન પુરીને મળ્યા અને તેમને પૂછ્યું, ત્યારે ચમન પુરીએ કહ્યું કે તેમને પણ આવું કંઈ બન્યું હોવાનું યાદ નથી.

સાયગલ નલિનભાઈનું સૌથી પ્રિય પાત્ર હતા. સાયગલ સાથે સીધી અને



નલિન શાહ અને કાનન દેવી - કલકત્તા

આડકતરી રીતે સંકળાયેલા અનેક લોકોને તે મળ્યા હતા, તેમના પરિવારજનોની ભાળ મેળવીને તેમની સાથે વાતો કરી હતી, સાયગલના ડ્રાઇવર પોલને શોધીને તેને મળ્યા હતા. સાયગલના પરિવાર પાસેથી તેમણે સાયગલના મૃતદેહ પાસે ઊભેલા પરિવારજનોની બે અતિદુર્લભ તસવીરો મેળવી હતી. સાયગલ વિશેનો નલિનભાઈનો ઑડિયો-વિઝ્યુઅલ કાર્યક્રમ તેમના તમામ કાર્યક્રમોમાં સૌથી ઉત્તમ ગણાતો હતો.

કલાકારો સાથે નિકટતા અને ફિલ્મસંગીતના વિસરાયેલા-વિખરાયેલા ટુકડા જોડતાં-જોડતાં નલિનભાઈએ સ્ટેજ પરથી રજૂ થતા હિંદી ફિલ્મી ગીતોના કાર્યક્રમના સ્વરૂપમાં મોટું પરિવર્તન આણ્યું. અગાઉ ફિલ્મી ગીતોના કાર્યક્રમો 'ઑર્કેસ્ટ્રા' પ્રકારના રહેતા. તેને બદલે નલિનભાઈએ મનોરંજનની સાથે માહિતીનું અને ઇતિહાસના ટુકડાનું મિશ્રણ કર્યું. તેમનો પહેલો એવો કાર્યક્રમ 'સરગમકા સફર' ફિલ્મસંગીતની ઉત્ક્રાંતિ વિશેનો હતો. અંગ્રેજીમાં જેને 'ઇન્ફોટેઇન્મેન્ટ' કહેવામાં આવે છે, એવું કાર્યક્રમનું એ સ્વરૂપ અત્યંત સફળ થયું, તેમાં નલિનભાઈના જ્ઞાન ઉપરાંત તેમની વક્તૃત્વકળાનો મોટો ફાળો હતો. તે શિક્ષક રાખીને બાકાયદા ઉર્દૂ શીખ્યા હતા.

દૂરદર્શન પર અને વિવિધભારતી પર આવતા તેમના સંગીતવિષયક કાર્યક્રમોનો સ્તર અન્ય કાર્યક્રમો કરતાં અલગ રહેતો, પણ સ્ટેજ કાર્યક્રમોની વાત જ જુદી હતી. માથે કાશ્મીરી ટોપી, મોટા થોભિયા, પઠાણી ડ્રેસ, ઉપર જૅકેટ, ઘેઘૂર અવાજ અને તેમાં વહેતો ઉર્દૂનો પ્રવાહ... તેના એકંદર પ્રભાવથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જતા હતા.

અમદાવાદની 'ગ્રામોફોન ક્લબ' માટે નલિનભાઈએ કેટલાક ઉત્તમ

ઑડિયો-વિઝ્યુઅલ કાર્યક્રમો આપ્યા. તેમના સ્ટેજ-કાર્યક્રમો શરૂ થયા તે પહેલાં, દૂરદર્શન પર ક્યારેક તેમના ઇન્ટર્વ્યૂ આવતા હતા. તે સાંભળીને બધાને એવી જ છાપ પડતી હતી કે તે ગુજરાતી 'શાહ' નહીં, પણ કાશ્મીરી 'શાહ' લાગે છે.

નલિનભાઈના વ્યક્તિત્વમાં કડપ અને રુઆબ હતો. થોડી રુક્ષતા પણ ખરી. વ્યવસાયે તે એલ.આઇ.સી.માં ડેવલપમેન્ટ ઑફિસર અને ડેવલપમેન્ટ ઑફિસરોના યુનિયનના વેસ્ટ ઝોનના નેતા હતા. મહારાષ્ટ્રના ચિંચણ-તારાપુરમાં જન્મેલા નલિનભાઈને બાળપણથી મુંબઈ આવવાનું થતું. સંગીત પ્રત્યેનો તેમનો પ્રેમ નાનપણથી જાગ્રત



તલત મેહમૂદ અને કતીલ શિફાઈ સાથે નલિન શાહ

થયો હતો, જેને તેમણે પોષ્યો. પાશ્ચાત્ય સંગીતના વર્ગો ભર્યા, વાયોલિન શીખ્યા. ત્યાં નૃત્ય શીખવા આવતાં કીર્તિદાબહેન સાથે મુલાકાત થઈ, પ્રેમ થયો અને લગ્ન પણ થઈ ગયાં. એલ.આઇ.સી.નું વિશ્વ નલિનભાઈનું સમાંતર બ્રહ્માંડ હતું અને તે બંને વિશ્વો વચ્ચે સહજતાથી અવરજવર કરી શકતા હતા. નિવૃત્તિ પછી પણ યુનિયન લીડર તરીકે તેમનો કડપ અને તેમનાં આદર-માન જળવાતાં રહ્યાં. પરંતુ ફિલ્મસંગીતના ઇતિહાસકાર તરીકેની તેમની ખ્યાતિ ક્યાંય વધી ગઈ અને તેમને અનેક સંગીતપ્રેમીઓના આદરપાત્ર બનાવી દીધા.

'ફિલ્મફેર', 'માધુરી', 'પ્રિયા', અંગ્રેજી 'મિડ-ડે' જેવાં જાણીતાં સામયિકો-અખબારોમાં તેમની કૉલમ આવતી હતી. 'ટી-સિરીઝ' દ્વારા પ્રકાશિત હિંદી માસિક 'પ્રિયા'માં તેમના જૂના સંગીત વિશેના લેખ વાંચીને અમે—મોટા ભાઈ બીરેને અને મેં—તેમને પત્ર લખ્યો. એ રીતે અમારો સંપર્ક શરૂ થયો. કાનપુરના હરમંદિરસિંઘ 'હમરાઝ' દ્વારા સંશોધિત-સંપાદિત 'હિંદી ફિલ્મ ગીતકોશ'ના પહેલા ખંડના વિમોચન સમારંભમાં પહેલી વાર મુંબઈમાં તેમને મળવાનું થયું. ત્યાર પછી તરતના અરસામાં મારે છ મહિના મુંબઈ રહેવાનું થયું, તે ગાળામાં તેમની સાથે ગાઢ પરિચય થયો અને ૧૯૩૦-૧૯૪૦ના ફિલ્મ સંગીતના ખજાનાનો દરવાજો ખૂલી ગયો.



ઓ.પી. નૈયર અને નલિન શાહ

૧૯૯૧-૧૯૯૨ના એ સમયગાળામાં તેમની સાથે નૌશાદ, પ્રદીપજી, કમર જલાલાબાદી, વિજય ભટ્ટ, સારંગીવાદક પંડિત રામનારાયણ જેવા કેટલાક લોકોના ઘરે જવાનો અમૂલ્ય લહાવો મળ્યો. પુણેની એક સફરમાં તેમની સાથે સંગીતકાર રામ કદમ અને મરાઠી ગાયિકા જ્યોત્સ્ના ભોળેના ઘરે પણ જવાનું થયું હતું. એક વાર પ્રખ્યાત સિતારવાદક ઉસ્તાદ અબ્દુલ હલીમ જાફર ખાં નલિનભાઈના ઘરે જમવા આવવાના હતા, ત્યારે તેમનો પણ સત્સંગ ત્યાં થયો. નલિનભાઈનાં પુત્રી-જાણીતાં પત્રકાર-લેખિકા અમૃતા શાહને પણ પહેલી વાર ત્યારે મળવાનું થયું.

પાર્શ્વગાયિકા રાજકુમારી સાથે નલિનભાઈના ઘરે થયેલી મુલાકાત જુદી રીતે યાદગાર હતી. આર્થિક ભીંસમાં રહેલાં રાજકુમારીનો એક કાર્યક્રમ હતો. તેના માટે તેમને કેટલાંક ગીતોના શબ્દોની જરૂર હતી. તેમનાં પોતાનાં ગીતો ઉત્તમ, પણ આયોજકોના આગ્રહને માન આપીને તેમને બીજાં જૂનાં ગીત પણ ગાવાનાં હતાં. તેમાંથી 'ગોરે ગોરે, ઓ બાંકે છોરે' ગીતના શબ્દો લખવા માટે, નલિનભાઈએ તે ગીતની ૭૮ આરપીએમની રેકૉર્ડ ચડાવી અને તેને ઓછી સ્પીડે વગાડી. એ રીતે મેં શબ્દો લખીને આપ્યા.

નલિનભાઈ સાથે એક વાર 'પ્રદીપ'જીના ઘરે જવાનું હોવાથી મેં તેમની સુપરહિટ ફિલ્મો 'કિસ્મત' અને 'બંધન'ની સંયુક્ત એલ.પી., રેકૉર્ડનું આવરણ સાથે રાખ્યું હતું. 'પ્રદીપ'જીના ઘરે પહોંચ્યા પછી મેં તેમને રેકૉર્ડના કવર પર ઑટોગ્રાફ આપવા કહ્યું. તેમણે ધ્યાનથી કવર પરનું લખાણ વાંચ્યું અને મારી સામે જોઈને કહ્યું,

"આમાં મારું નામ ક્યાં લખ્યું છે? હું શા માટે સહી કરું?" મેં વાંચ્યું, તો કોઈ કારણસર એચ.એમ.વી.ના રેકૉર્ડના કવર પર ગીતકાર તરીકે 'પ્રદીપ'જીનું નામ ન હતું. હું જરા પાછો પડ્યો, પણ નલિનભાઈએ 'પ્રદીપ'જીને પ્રેમથી ઠપકો આપતાં, લગભગ આદેશાત્મક સ્વરે કહ્યું, "તમારું નામ નથી, તેમાં આ છોકરો શું કરે? તેણે થોડી રેકૉર્ડ બનાવી છે? આપી દો એને ઓટોગ્રાફ." પછી 'પ્રદીપ'જીએ પ્રેમથી સહી કરી દીધી.

નલિનભાઈ લાલ 'એન્ફીલ્ડ' રાખતા હતા, જેમાં લાલ રંગની જ સાઇડ-કાર હતી. તેમાં બેસીને એકથી વધારે વાર નૌશાદના બાંદ્રામાં આવેલા બંગલે જવાનું થયું હતું. ત્યાંથી નીકળતાં એક વાર તેમને પૂછ્યું કે અમુક સવાલ તો તમે થોડા વખત પહેલાં પણ પૂછ્યો હતો. ફરી કેમ પૂછ્યો? નલિનભાઈનો જવાબ હતો, "કલાકારો સાથે વાત કરીએ ત્યારે થોડા-થોડા સમયે તેમને એકના એક સવાલ ફરી-ફરીને પૂછવા, જેથી તેમના જવાબમાં ફરક પડતો હોય તો ખ્યાલ આવે. કલાકારો ચહીને જૂઠું ન બોલતા હોય, પણ સ્મૃતિ ઘણી વાર અવનવા ખેલ કરાવતી હોય છે."

ફિલ્મ અને ફિલ્મસંગીતમાં ઇતિહાસ જેવા ઇતિહાસને બદલે મનોરંજક કહાસુનીની બોલબાલા વધારે હતી, ત્યારે નલિનભાઈના અભિગમે નવી દૃષ્ટિ પૂરી પાડી. તે કદી કશું માની લેતા નહીં. એક વાર 'લૈલા મજનૂ' (૧૯૪૫)ના એક ગીત 'તુમ્હારી જાને તમન્ના સલામ કરતી હૈ'માં કોનો અવાજ છે, એવો પ્રશ્ન ઊભો થયો. એ ફિલ્મમાં ઝોહરાબાઈ અંબાલાવાલીએ કેટલાંક ગીત ગાયાં હતાં. નલિનભાઈએ તેમને પૂછતાં તેમણે કહ્યું કે હા, "એ મારો અવાજ છે." પણ નલિનભાઈને સંતોષ ન થયો. એટલે તેમણે તપાસ ચાલુ રાખી. એક દિવસ નૌશાદ સાથે વાતમાંથી વાત નીકળતાં તેમણે કહ્યું કે એ અવાજ નસીમ અખ્તરનો છે. સ્પષ્ટતા માટે નલિનભાઈએ ઝોહરાબાઈને ફોન કર્યો અને આખી વાત કરી. એટલે તરત તેમણે કહ્યું, "મારી યાદદાસ્ત બહુ સારી નથી. એટલે નૌશાદ કહે છે તો એ અવાજ નસીમ અખ્તરનો હશે."

એક વાર તેમના સાંતાક્રુઝ (પશ્ચિમ)ના ઘરે અમે બેઠા હતા ત્યારે મેં પૂછ્યું કે "શૌકત દેહલવી ('નાશાદ') અને શૌકત હૈદરી એમ બે સંગીતકારોનાં નામ આવે છે. તો એ બંને એક કે જુદા?" તેમણે જરાય ખચકાટ વગર કહ્યું કે તેમને ખબર નથી. ગાયિકા મુબારક બેગમે બંને માટે ગીત ગાયાં હતાં. એટલે તરત નલિનભાઈએ મુબારક બેગમને ફોન લગાડ્યો. તેમની પાસેથી જાણવા મળ્યું કે બંને એક જ સંગીતકારનાં બે નામ હતાં.

દસ્તાવેજીકરણના માણસ હોવા છતાં ઘણીબધી બાબતોમાં નલિનભાઈ બહુ ઉદાસીન હતા. અંગ્રેજી 'મિડ-



નલિન શાહના ઘરે ઇન્દીવર, અનિલ બિસ્વાસ અને પ્રદીપ

ડે'માં આવેલા તેમના લેખોનું પુસ્તક કરવું જોઈએ, એ માટે ઘણા વખતથી તેમને આગ્રહ કરતો હતો. મિત્રો સાથે મળીને 'સાર્થક પ્રકાશન' શરૂ કર્યા પછી નવેસરથી તેમને સમજાવવા પ્રયાસ કર્યા. તેની પણ અસર ન થઈ. છેવટે તેમના લેખ ટાઇપ કરાવીને એક ફાઇલ બનાવી. કોવિડ પહેલાંનાં વર્ષોમાં એક અરસા સુધી દર વર્ષે તે બીરેનના વડોદરાના ઘરે ચાર-પાંચ દિવસ રહેવા આવતા હતા. એવા એક નિવાસ દરમિયાન તેમની પાસે લેખો એડિટ કરાવ્યા અને વર્ષ ૨૦૧૬માં તેમનું પહેલું અને એકમાત્ર પુસ્તક 'મેલડીઝ, મૂવીઝ ઍન્ડ મેમરીઝ' સાર્થક પ્રકાશન અંતર્ગત પ્રગટ થયું.

બીરેનના ઘરે રહીને તેમણે સાયગલ વિશેના તેમના પુસ્તકનાં થોડાં પાનાં લખ્યાં હતાં. 'મેલડીઝ, મૂવીઝ ઍન્ડ મેમરીઝ'ના પ્રકાશન પછી બીજા પુસ્તક માટે લેખ કરવાનું તેમને કહ્યું હતું. પરંતુ છેલ્લાં થોડાં વર્ષથી તેમની સાથે થતી વાતો પરથી એ પુસ્તકો થાય એવી સંભાવના પાંખી હતી. તેમની વિદાય સાથે ફિલ્મસંગીતનાં કેટલાંક પાત્રો અને તેમને લગતી વિગતો-કિસ્સા-મૂલ્યાંકનો પણ લુપ્ત થયાં છે. તેમના અગ્રંથસ્થ લેખો વેબસાઇટ ઉપર કે બીજી કોઈ રીતે મુકાય અને ફિલ્મસંગીતના પ્રેમીઓ-અભ્યાસીઓ માટે કાયમી ધોરણે જળવાય તો પુસ્તકની જેમ એ પણ નલિનભાઈની સ્મૃતિ જીવંત રાખવામાં મદદરૂપ બનશે.

❑❑❑




અંતરિક્ષના આગિયા

(નભે ટમટમતી કથાઓ)

☐ ધ્રુવ ભટ્ટ

॥ પ્રકરણ ૪ દેવયાની અને તેના કુટુંબની કથા ॥



આગળના પ્રકરણમાં આપણે, પૂર્વ ક્ષિતિજ પરથી બહાર આવેલા તારાઓને સાંકળીને બનાવેલાં ચિત્રો જોયાં. હવે જરા આપણે મધ્ય આકાશ તરફ આગળ વધીએ. કૃત્તિકા પછી અશ્વિની મીન અને તિમિમંડળના ઝાંખા તારા જોઈને મધ્ય આકાશ સુધી આવતાં આપણને પશ્ચિમ તરફ ડૂબવા જતો, ચાર તારાને એકબીજા સાથે સાકળીને બનતો ચોરસ દેખાશે.

આ ચોરસને ભાદ્રપદાનો ચોરસ કહે છે ભાદરવામાં ક્ષિતિજ પરથી ઊગતો આ ચોરસ અત્યારે મધ્ય આકાશમાં પહોંચ્યો છે. પૃથ્વીની સૂર્ય ફરતી ફરવાની ગતિને કારણે તારાઓ દરરોજ ચાર મિનિટ વહેલા ઊગે છે તે કારણે

આવતા એકાદ-બે માસમાં તે વાયવ્ય, (ઉત્તર-પશ્ચિમ) ક્ષિતિજે ડૂબી જશે.

આ ચોરસ અને તેને સાંકળતા તારથી બનતી આકૃતિનું નામ 'ખગાશ્વ' છે. ચોરસના સહુથી વધુ ચમકતા, પૂર્વોત્તર તરફ લંબાતી ઝાંખા-ઊજળા ત્રણ-ત્રણ તારાઓની બે હાર દેખાય છે તેને ઘોડાના પાછળના પગ કલ્પ્યા છે. તેની સામેના તારાની સામી તરફ કૂદતા ઘોડાના પગના આકારે જોડેલી ચાર-ચાર તારાની હારને ઘોડાના આગલા પગ કલ્પ્યા છે. તેની ઉપરના તારાને જોડતી તારક-આકૃતિ તેની ડોક અને મોં-મસ્તકનું ચિત્ર રચે છે.

જોકે ખગાશ્વનું દર્શન અને તેની કથા તો આપણે ભાદરવા માસના આકાશદર્શન સમયે કરીશું. આજે તે માત્ર તેના પાછલા પગ સ્વરૂપે લંબાયેલ ઝાંખા-ઊજળા તારકોની બે હારની જ વાત કરીએ. આ ખગાશ્વના પાછલા પગના તારાઓને દેવયાની તારકજૂથ કહે છે.

પ્રદૂષણ વગરના આકાશમાં રાતે દેવયાનીને જોઈએ તો તેની પાસે એક ઝાંખા ધુમ્મસ જેવું ધાબું દેખાશે. બાઇનોક્યુલર કે દૂરબીન વડે તે વધુ સ્પષ્ટ અને ઊજળું દેખાશે. એ ધાબું એમ-૩૧ ગૅલક્સી (કે નેબ્યૂલા) તરીકે ઓળખાતી આપણી આકાશગંગા (મંદાકિની)થી સહુથી નજીકની (પચીસ લાખ પ્રકાશવર્ષ) બીજી આકાશગંગા કે બીજું તારાવિશ્વ.

આ એમ-૩૧ નેબ્યુલા દેવયાની તારકજૂથ પાસે દેખાતી હોવાથી તેને દેવયાની તારાવિશ્વ કહે છે. આ દેવયાની તારાવિશ્વ એક સેકંડના ૧૧૦ કિલોમીટરની ઝડપે આપણી આકાશગંગા, મંદાકિની તરફ આવી રહ્યું છે. જોકે ૨૦૧૨ સુધી આપણે આ વાતને થિયરી કે ગણતરીઓ તરીકે જ લેતા હતા. કારણ કે દેવયાનીની પ્રમાણભૂત ગતિ માપવી અને તે ખરેખર આપણી તરફ જ આવશે તે આધારભૂત રીતે નક્કી કરવું અઘરું હતું.

પરંતુ તે પછી ૨૦૨૦ સુધીમાં હબલ ટેલિસ્કૉપે મોકલાવેલી વિગતોનો અભ્યાસ અને વિજ્ઞાનીઓએ કરેલાં સંશોધનો પછી આપણને આકાશી જ્યોતિઓ વિશે ઘણી નવી વાતો જાણવા મળી.

આપણા સૂર્યની ગતિ અને દિશા, સૂર્ય જેમાં છે તે મંદાકિનીની ગતિ અને દિશા તથા દેવયાની તારાવિશ્વની ગતિ અને દિશાના સંદર્ભો લઈને કરાયેલાં સંશોધનો કહે છે કે આવતાં પાંચ અબજ વરસ પછી દેવયાની અને મંદાકિની પરસ્પરમાં ભળી જશે (અગાઉ દેવયાનીએ પોતાની નજીકની એમ-૩૨ ગૅલક્સીના મોટા ભાગને પોતાનામાં સમાવી લીધી છે તેવું સંશોધન પણ છે).

અહીં દેવયાની તારા વિશ્વનું ચિત્ર આપેલું છે. તે સાથે મંદાકિની અને દેવયાનીનું

ગુરુત્વાકર્ષણીય મિલન લગભગ ૩.૭૫ અબજમા વરસે શરૂ થશે ત્યારે પૃથ્વી પરથી જેવાં દશ્યો દેખાશે તેનું કળાકારે દોરેલું કાલ્પનિક ચિત્ર અહીં મૂક્યું છે.



દેવયાનીના પ્રમાણમાં આપણું મંદાકિનીવિશ્વ થોડું નાનું છે. તોયે બન્ને મહાન તારાવિશ્વો છે. તે બેઉ એકબીજાં સાથે ભળતાં હશે ત્યારે લાખો-કરોડો વરસ સુધી કેવા-કેવા તેજ લિસોટા અને રંગ-ફુવારાથી અંતરિક્ષ છલકાઈ જશે તેની કલ્પના આપણને રોમાંચિત કરી દે છે.

આપણે વાર્તા કરવી છે દેવયાની તારકજૂથની; પરંતુ તેની વાત કરવા જતાં આપણે તેના બીજા સાથી મંડળની ઓળખ કરવી પડશે, કારણ કે તે બધાં પણ દેવયાનીની કથા સાથે સંકળાયેલાં છે.

દેવયાનીથી નીચે પૂર્વોત્તર ક્ષિતિજ તરફ જોતાં અંગ્રજી મૂળાક્ષર એમ અથવા ડબ્લ્યૂ રચતા પાંચ તારા દેખાય છે, તે શર્મિષ્ઠા તારક મંડળ છે.

દેવયાનીથી જરાક પાછળ પૂર્વ ક્ષિતિજ તરફ જોઈશું તો એક જાસૂદના ફૂલનો કે વરરાજાના સાફામાં ભરાવેલી કલગીનો આકાર રચતું તારકજૂથ દેખાશે. પૂર્વજોએ રાતના આકાશમાં કલ્પેલી શ્રેષ્ઠ આકૃતિઓમાંની એક એવી આ કલગીનું નામ છે યયાતિ.

શર્મિષ્ઠાથી જરા ઉપર, ક્ષિતિજ તરફ જઈ રહેલું, કોઈ નાના બાળકે મંદિર ચીતર્યું હોય તેવી આકૃતિ રચતા પાંચ તારાઓ દેખાય છે તેનું નામ વૃષપર્વા.

આ બધાં પાત્રોની વાર્તા મહાભારતના આદિ પર્વમાં અને મત્સ્યપુરાણમાં કહેવાઈ છે. જોકે આપણે તો દેવયાનીને લગતી વાર્તા કરીને જ અટકી જઈશું, કારણ કે તેનાથી શરૂ થયેલી વાર્તા આગળ જતાં અનેક પર્વોનો આખો મહાગ્રંથ બને છે.

દેવયાની દાનવોના ગુરુ શુક્રાચાર્યની લાડકી દીકરી છે. આ રૂપગર્વિતા દેવયાની, ક્રોધવશ પોતાના જ પતિને વૃદ્ધત્વનો શ્રાપ આપનારી સ્વાભિમાની સ્ત્રી છે.

એથી પણ આગળ કહીએ તો જગપ્રસિદ્ધ કુરુવંશ અને યદુવંશની આદિ માતાઓમાંની એક માતા દેવયાની છે. મહાભારતમાં દેવયાનીનો વિગતે ઉલ્લેખ છે. દેવી ભાગવત પણ દેવયાનીની વાત કરે છે.

ભારતીય પુરાણો અનુસાર દેવયાની દૈત્યોના ગુરુ શુક્રાચાર્યની પુત્રી હતી. શુક્રાચાર્ય એક તરફ ઇંદ્રપુત્રી જયંતીને પરણેલા એટલે ઇંદ્રના જમાઈ અને બીજી

તરફ મહાબલી અસુરરાજ વૃષપર્વાના ગુરુ અને સલાહકાર હતા.

ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી અને દેવો સાથેના યુદ્ધમાં મૃત્યુ પામેલા અસુર સૈનિકોને તે ફરી જીવતા કરતા એટલે દેવ-દાનવ યુદ્ધ કોઈ પરિણામ વગર ચાલ્યા જ કરતું.

આ વૃષપર્વા મહાન દૈત્યરાજવી હતો અને ગુરુ તથા સલાહકાર એવા શુક્રચાર્યનો સર્વાધિક આદર કરતો અને તેમની સૂચનાને આજ્ઞા માનીને અમલ કરતો.

વૃષપર્વાને એક પુત્રી હતી તેનું નામ તેણે શર્મિષ્ઠા રાખ્યું હતું.

અહીં સુધીની વાર્તામાં આવેલાં પાત્રોમાંથી, દેવયાની, શર્મિષ્ઠા અને વૃષપર્વાનો પરિચય આપણે હમણાં જોયેલા તારકજૂથ રૂપે કર્યો છે. હવે યયાતિનો પરિચય કરી લઈએ.

ચંદ્રવંશી રાજા નહુષ અને તેની પત્ની અશોકસુંદરીનો મોટો પુત્ર યતિ અને નાનો પુત્ર તે યયાતિ. યતિ સાધુ થઈને વનમાં ગયો એટલે પિતાની દેખભાળનું કામ યયાતિ પર આવ્યું. રાજા નહુષ સપ્તર્ષિઓના શ્રાપને કારણે મહાસર્પ રૂપે પૃથ્વી પર પડ્યા ત્યારથી પિતાના રાજ્યની ધુરા યયાતિ સંભાળતો. અતિલોકપ્રિય રાજા હતો.

યયાતિ એક વખત મૃગયા કરવા નીકળ્યો ત્યારે તેણે દેવયાનીને જોઈ અને તેનો પરિચય પૂછીને કહ્યું, ‘હે સુંદરી, હું મહારથી નહુષનો પુત્ર યયાતિ છું. તને જોઈને મને ઇચ્છા થાય છે કે હું તારાં માતાપિતાને મળીને તેમને કહું કે તે કન્યાદાન કરીને તારો હાથ મને સોંપે.’

યયાતિ જેવો રાજવી જો દેવયાનીનો હાથ માગે તો શુક્રાચાર્ય કે જયંતી કોઈ ના પાડવાના નહોતા, પણ દેવયાનીએ તરત કહ્યું, ‘હે મહાન રાજવી, આપ કોઈ પણ ગુણવાન સુંદર કન્યાના પતિ થવા માટે સર્વ રીતે યોગ્ય છો, પરંતુ હું શુદ્ધ બ્રાહ્મણ વંશની પુત્રી છું અને તમે ક્ષત્રિય છો. વળી, દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ મારા પિતા પાસે અભ્યાસ કરે છે તે મને અત્યંત પ્રિય છે. એટલે આપ મારાં માતાપિતા પાસે મારી માગણી ન કરો એ જ સારું થશે.’

‘કચ?’ યયાતિએ કહ્યું, ‘હે કન્યા, તું બહુ ભોળી છે, જો કચ તારા પિતા પાસે વિદ્યા શીખતો હોય તો તે ગમે તે ઉપાયે સંજીવની વિદ્યા શીખવા જ આવેલો છે. તને ભલે તે પ્રિય હોય, તેના મનમાં તારા માટે સહેજ પણ સ્નેહ હોય તેવું હું નથી માનતો.’

દેવયાનીએ ઉત્તર આપ્યો, ‘કદાચ એમ જ હશે. બધા અસુરો પણ એમ જ માને છે. એમણે તો કચને બે વખત મારી નાખ્યો હતો, પરંતુ મારા પિતા પાસે

જીદ કરીને મેં જીવિત કરાવ્યો, કારણ કે હું કચને પ્રેમ કરું છું.'

યયાતિ ચાલ્યો ગયો.

આ તરફ અસુરોએ કચને ત્રીજી વખત મારી નાખીને સળગાવી દીધો. દેવયાની શુક્રચાર્ય પાસે કચને જીવિત કરાવે તે પહેલાં અસુરોએ કચની રાખ આસવમાં ઓગાળીને શુક્રાચાર્યને પીવડાવી દીધી.

દેવયાનીએ પિતા પાસે કચને પેટમાંથી જીવિત બહાર કઢાવવાની હઠ લીધી. શુક્રચાર્ય પાસે હવે કોઈ ઉપાય નહોતો. તેમણે કચને કહ્યું, 'હું તને સંજીવની વિદ્યા શીખવું છું. તે પછી તું મારું પેટ ચીરીને બહાર આવી જા અને મને જીવતો કરજે.'

દેવયાનીની જીદને કારણે, દાનવગુરુએ દેવગુરુના પુત્રને સંજીવની વિદ્યા શીખવી. કચ વિદ્યા શીખીને શુક્રચાર્યનું પેટ ફાડીને બહાર આવ્યો તે પછી તેણે શુક્રાચાર્યને જીવતા કર્યા અને સ્વર્ગમાં જવાની રજા માગી.

'તારે મને મૂકીને જતા રહેવું છે?' દેવયાનીએ કચને પૂછ્યું અને ઉમેર્યું, 'મેં તને અનેક વખત જીવતો કરાવ્યો છે. કચ, તું મને છોડીને જઈ ન શકે.'

'દેવયાની, મારો અહીં આવવાનો આશય ફક્ત સંજીવની વિદ્યા શીખવાનો હતો તે મેં શીખી લીધી છે. હવે અહીં રહીને હું શું કરું? મારા મનમાં તારા પ્રત્યે કોઈ લાગણી નથી. ઉપરાંત તારા પિતાના પેટમાંથી બહાર આવ્યો એટલે હવે હું તારો ભાઈ થયો ગણાઉં. તું મને પ્રેમ કરતી હતી તે કારણે જ તારા પિતા પાસે મને વારંવાર જીવતો કરાવ્યો અને સંજીવની વિદ્યા પણ હું તારે કારણે મેળવી શક્યો છું તે તારા ઉપકારને હું નહીં ભૂલું.'

હતાશ દેવયાનીનો ક્રોધ સળગી ઊઠ્યો, તેણે કહ્યું, 'કચ, તેં મારા પ્રેમનો અનાદર કર્યો હોત તો હું તને એમ જ જવા દેત, પરંતુ તેં તારા અને દેવતાઓના સ્વાર્થ માટે મારો ઉપયોગ કરીને મારો અક્ષમ્ય અપરાધ કર્યો છે. હું તને શ્રાપ આપું છું કે તું દેવલોકમાં તારી વિદ્યાનો ઉપયોગ નહીં કરી શકે.'

કચે પણ સામો શ્રાપ આપ્યો, 'હે દેવયાની, હું બૃહસ્પતિનો પુત્ર, કચ તને શ્રાપ આપું છું કે બ્રાહ્મણની પુત્રી એવી તને બ્રાહ્મણ વંશનો પતિ નહીં મળે.'

કચ જતો રહ્યો. દેવયાની ઝાંખી પડી ગઈ. ગુરુપુત્રીની ઉદાસી દૂર કરવા રાજા વૃષપર્વાએ પોતાની લાડકી પુત્રી શર્મિષ્ઠાને દેવયાની સાથે રહેવા અને તેને આનંદમાં રાખવાના ઉપાયો કરવા કહ્યું.

એક દિવસ શર્મિષ્ઠા અને તેની સખીઓ દેવયાનીને નજીકના વનમાં એક સરોવરમાં નાહવા લઈ ગઈ. સખીઓએ નાહીને પહેરવાનાં કપડાં બાજુમાં એક કૂવાની પાળ પર મૂક્યાં અને સરોવરમાં નાહવા પડી.

શર્મિષ્ઠા નાહીને થોડી વહેલી બહાર નીકળી. તેને અસુરોના પહેરવેશને બદલે બ્રાહ્મણનાં કપડાંમાં પોતે કેવી લાગે છે તે જોઈ લેવાનું મન થયું. દેવયાની હજી નાહી રહી છે ત્યાં સુધીમાં તેનાં કપડાં પહેરીને શર્મિષ્ઠા પાણીમાં પોતાની છાયા જોવા માંડી.

'અરે નીચ!' દેવયાનીએ પોતાનાં કપડાં પહેરેલી શર્મિષ્ઠાને જોતાં જ સરોવરમાંથી રહ્યે-રહ્યે જ ચીસ નાખી, 'અસુરની પુત્રી થઈને એક બ્રાહ્મણની, અરે તમારા ગુરુની પુત્રીનાં કપડાંને હાથ લગાડતાં તારો જીવ કેમ ચાલ્યો?'

શર્મિષ્ઠા ડઘાઈ ગઈ, પોતાને ઘડીભર નવા પહેરવેશમાં જોઈ લેવા કરેલી ગમ્મતનો આવો આકરો પ્રતિભાવ આવશે તે કલ્પના તેને નહોતી. તે ખુલાસો આપવા ગઈ, 'અરે આ તો જરાક....'

'શું આ તો જરાક?' દેવયાનીએ કહ્યું, 'તને ખબર છે? તારું, તારા અસુરોનું અને તારા બાપ વૃષપર્વાનું, બધાનું અસ્તિત્વ મારા પિતાને કારણે છે.'


'જો, બાપ ઉપર જ ન જઈશ.' શર્મિષ્ઠા પણ ખિજાઈ.

'બાપ સુધી ન શું કામ જઉં? તું અને તારા બાપુ મારા પિતાના પગ દબાવવાને લાયક છો.' દેવયાનીએ એટલી જ ઉગ્રતાથી કહ્યું.

બન્ને વચ્ચે મોટો ઝઘડો થયો. શર્મિષ્ઠાએ પોતાને અને પોતાના પિતાને ગાળો આપતી ગુરુપુત્રીને સરોવરમાંથી ઉઠાવીને જેવી ને તેવી હાલતમાં કૂવામાં નાખી અને સખીઓ સાથે ઘરે જતી રહી.

દેવયાની બચાવ માટે બૂમો પાડતી હતી અને યયાતિ ત્યાંથી પસાર થયો. એણે દેવયાનીને કૂવામાંથી બહાર કાઢી અને પોતાનું ઉત્તરીય તેને ઓઢવા આપ્યું. પછી રડતી દેવયાનીને પોતાની સાથે ઘોડા પર બેસાડીને તેને ઘરે મૂકવા ગયો.

શુક્રાચાર્યે પુત્રીને આવી હાલતમાં જોઈ અને તેની વાત સાંભળી તો તેમના દુઃખ અને ક્રોધનો પાર ન રહ્યો. તે સીધા જ વૃષપર્વાના દરબારમાં જઈને બધી વાત કરીને ઘોષણા કરી, 'હે રાજન, તમારી પુત્રીએ દેવયાનીની જે હાલત કરી છે તે જોતાં હું દૈત્યોનું ગુરુપદ સંભાળી શકું તેમ નથી. હું સંસાર ત્યાગીને વનમાં તપ કરવા ચાલ્યો જઉં છું.



વૃષપર્વાને ઊંડું દુઃખ થયું. શુક્રાચાર્ય પોતાને છોડી જાય તે કલ્પનાથી જ તેને કમકમાં આવી ગયાં. તેણે કહ્યું, 'ગુરુજી, મેં તમારો કોઈ દોષ

કર્યો નથી. એથી તમે મને છોડી જાઓ તે યોગ્ય નથી. જે કંઈ કર્યું છે તે મારી પુત્રી શર્મિષ્ઠાએ કર્યું છે. આથી તમે કહો તે સજા તેને કરીએ.'

શુક્રાચાર્યે વિચાર કર્યો અને યયાતિને કહ્યું, 'હે રાજન, તમે મારી પુત્રીને વસ્ત્રવિહીન હાલતમાં બચાવી છે એટલે હવે હું મારી લાડકી પુત્રી તમને જ સોંપું છું. હવે તેની રક્ષાનો ભાર તમે તમારા શિરે લો. તમે તેની સાથે લગ્ન કરો અને તેને ભરપૂર માન-સન્માન અને સુખ આપો.'

યયાતિ તો રાજી જ હતો. તેણે હા પાડી એટલે શુક્રાચાર્યે ત્યાં જ દેવયાની અને યયાતિનાં લગ્ન કરાવ્યાં.

કન્યાને વિદાય આપતાં પહેલાં શુક્રાચાર્યે રાજાને કહ્યું, 'હે, અસુરશ્રેષ્ઠ, તમારી પુત્રીના કારણે જ મારે મારી પુત્રીનાં લગ્ન મારે એક ક્ષત્રિય સાથે કરવાં પડ્યાં છે. હે રાજા! સહુ જાણે છે કે ક્ષત્રિયોમાં કન્યા સાસરે જાય ત્યારે તેની સાથે કેટલીક સ્ત્રીઓને દાસી કે રખેવાળ રૂપે મોકલવી પડે છે.'

વૃષપર્વાએ કહ્યું, 'જી ગુરુદેવ, આપણે દેવયાની સાથે દાસીઓ જરૂર મોકલીશું. આપ કહો તેટલી અસુરપુત્રીઓ દાસી તરીકે દેવયાની સાથે જવા રાજી થશે.'

'તો શર્મિષ્ઠાને મારી સાથે દાસી તરીકે મોકલો' પિતા કંઈ કહે તે પહેલાં દેવયાનીએ કહી દીધું. શુક્રાચાર્યે રાજાને દેવયાનીની આ માગણી પૂરી કરવાનો હુકમ કર્યો.

બિચારો વૃષપર્વા, ગુરુ-આજ્ઞા સામે નિરુપાય હતો. શર્મિષ્ઠા દેવયાનીની દાસી થઈ.

વાર્તામાં જરાક આગળ જઈએ તો દેવયાની સુખી હતી. તેને બે રાજકુમારોને જન્મ આપેલો. એક દિવસ મહેલના ઉપવનમાં લટાર મારવા નીકળેલી દેવયાનીએ ચાર બાળકોને ત્યાં જોયાં. તેણે તરત પૂછ્યું, 'આ રાજમહેલનું ઉપવન છે. રાજા, રાણી કે રાજકુમારો સિવાય કોઈથી અહીં અવાતું નથી. તો, તમે કેમ આવ્યાં છો, તમે કોણ છો અને તમારાં માતાપિતા કોણ છે?'

જરા મોટો હતો, તેણે નિર્દોષપણે ઉત્તર આપ્યો, 'આ ઉપવન અમારું છે. મારું નામ ધ્રુયુ છે, આ બે મારા ભાઈ છે. આ માધવી મારી બહેન છે. અમારી માતાનું નામ શર્મિષ્ઠા છે અને પિતાનું યયાતિ છે. અમે મહારાજ યયાતિનાં સંતાનો છીએ'

'કોનાં?' દેવયાનીનું મગજ બહેર મારી ગયું.

'મહારાજ યયાતિનાં.' ઉત્તર એનો એ જ રહ્યો.

ખલાસ, હવે દેવયાનીને કોઈ રોકી શકે તેમ નહોતું. તે ગઈ શર્મિષ્ઠા પાસે. શર્મિષ્ઠાએ જે હતું તે કહી દીધું.

દેવયાની પોતે જ શર્મિષ્ઠાને દાસી તરીકે લઈ આવી હતી. એ શર્મિષ્ઠાને શું

કહે? પોતાને દગો કરનાર તો યયાતિ હતો. દેવયાનીએ યયાતિને બોલાવ્યો. રાજા આવ્યો તે સાથે જ દેવયાની હાથમાં પાણી લઈને બોલી, 'હે રાજા, તું અત્યારે જ વૃદ્ધ થઈ જા.'

દેવયાનીએ શ્રાપ આપ્યો કે બીજી જ પળે રાજા સાવ વયોવૃદ્ધ થઈ ગયા. યયાતિને અકાળે વૃદ્ધ નહોતું થવું. તેણે અનેક વિનંતી કરી, પણ દેવયાનીનો શ્રાપ પલટી શકે તેમ નહોતો.

આટલી વાર્તા પછી હવે આકાશમાં જોઈએ તો શર્મિષ્ઠા અને યયાતિની વચ્ચેનું આકાશ તો ખાલી દેખાય છે, ત્યાં કોઈ તારો દેખાતો નથી. નકશામાં જોઈએ તો તે જગ્યાએ બે નાનાં ચક્કરડાં બતાવ્યાં છે. નરી આંખે ન દેખાતાં આ ચક્કરડાં સારા બાઇનોક્યૂલર કે દૂરબીનથી સરસ રીતે જોઈ શકાય છે.

દિવાળીમાં બાળકો બે ભોંચ-ચક્કરડી એકસાથે સળગાવે તો કેવો સરસ દેખાવ થાય? તેવો દેખાવ આકાશમાં આ સ્થળે જોવા મળે છે.

નાનપણે કોઈ વાર દૂરબીનથી આકાશ જોતાં ત્યારે અમે તે ચક્કરોને દેવયાનીનાં કંકણ (બંગડી) કહેતા. આ કથા સાંભળ્યા પછી તે બે ક્લસ્ટરને અમે શર્મિષ્ઠાનાં બાળકો પણ કહેતા થયા. નરી આંખે દેખાતાં નથી, પણ છે ખરાં!

ફરી પાછા વાર્તા તરફ નજર કરીએ તો વૃદ્ધ યયાતિએ દેવયાનીને અનેક રીતે વીનવી કે તે પોતાનો શ્રાપ પાછો લઈ લે, પરંતુ દેવયાનીએ ઘસીના ના પાડી દીધી.

બહુ વિનવણી પછી દેવયાનીએ કહ્યું, 'જો કોઈ તમારું વૃદ્ધત્વ લઈને પોતાની યુવાની તમને આપશે તો તમે યુવાન થઈ શકશો. તમે ફરી વૃદ્ધ થવા ઇચ્છો ત્યારે યુવાની પાછી આપીને તમારું વૃદ્ધત્વ પાછું લઈ શકશો.'

આવું તો કોણ કરે? બધાએ ના પાડી. અંતે યયાતિએ દેવયાનીના પુત્રોને બોલાવ્યા અને સૌથી મોટા પુત્ર યદુને તેની યુવાની પોતાને આપવા વિનંતી કરી તો તેણે ના પાડી. યદુએ તો પિતાને પોતાની માતા સાથે દગો કર્યા બદલ ઠપકો પણ આપ્યો.

(આ ચંદ્રવંશી યદુથી 'યદુવંશ' શરૂ થયો, યદુનાં સંતાનો યાદવો તરીકે ઓળખાયા. શ્રીકૃષ્ણનો જન્મ આ યાદવ કે જાદવકુળમાં થયો.)

દેવયાનીનો બીજો પુત્ર તુર્વસુ પણ માન્યો નહીં.

(તુર્વસુથી મ્લેચ્છ (તુર્ક) વંશ શરૂ થયો. મહાભારત અને બીજા પુરાણોમાં મ્લેચ્છવંશીઓને 'અબ્રાહ્મણ' કહ્યા છે, પરંતુ તેમને બીજા ધર્મના ગણ્યા નથી.)

દેવયાનીના પુત્રો નામક્કર જતાં યયાતિએ શર્મિષ્ઠાના પુત્રોને બોલાવ્યા અને મોટા ધ્રુયુને પૂછ્યું તો તેણે પોતાની યુવાની ગુમાવવાની બીકે ના પાડી.

(આ ધ્રુયુથી ભોજવંશ શરૂ થયો. કુંતીનો જન્મ આ વંશમાં થયો. દેવયાનીનો યદુ અને શર્મિષ્ઠાનો ધ્રુયુ - બન્ને ઓરમાન ભાઈઓ થાય. એટલે ભોજવંશી કુંતી અને યદુવંશી વાસુદેવ, પરસ્પર કાકા કાકાનાં સંતાનો તરીકે ભાઈબહેન ગણાય, એ ન્યાયે શ્રીકૃષ્ણ કુંતીને 'ફોઈ' કહેતા.)

યયાતિએ શર્મિષ્ઠાના બીજા દીકરા અનુને વિનંતી કરી તો તેણે પણ વૃદ્ધ થવાની ના પાડી.

(આ અનુનાં સંતાનો યવનો કહેવાયા. મુચકુંદઋષિના તપના તેજમાં બળીને મૃત્યુ પામેલો મહાબલી કાળયવન અનુનો વંશજ હતો.)

ચારમાંથી એકેય પુત્ર ન માન્યો. અંતે યયાતિએ પાંચમા, સહુથી નાના, પુરુને પૂછ્યું તો તેણે તરત જ પિતાનું વૃદ્ધત્વ સ્વીકારીને પોતાની યુવાની પિતાને આપી.

કેટલાંયે વર્ષો સુધી પુરુની યુવાની પોતાની પાસે રાખીને અંતે યયાતિએ તેને પાછી સોંપીને પોતે વનમાં તપ કરવા ગયો.

વનમાં જતાં પહેલાં એણે પોતાનું રાજ્ય શર્મિષ્ઠાના સહુથી નાના પુત્ર પુરુને સોંપ્યું. દેવયાનીનો પુત્ર યદુ સહુથી મોટો હોવાં છતાં રાજા ન થઈ શક્યો.

(પુરુથી ભારતમાં ઠેરઠેર જાણીતો, સૌથી મહાન ગણાયેલો પૌરવવંશ થયો. તેમાં આગળ જતાં અનેક મહાન રાજાઓ થયા. દુષ્યંત-શકુંતલાના પુત્ર ભરતને કારણે આ વંશ ભરતવંશ પણ કહેવાયો અને વળી, આગળ જતાં મહાન રાજવી કુરુને કારણે આ વંશ કુરુવંશ તરીકે ઓળખાયો, જેમાં આગળ જતાં કૌરવો અને પાંડવો થયા. આમ પાંડવોની મૂળ આદિમાતા અસુર હતી.)

આ દેવયાનીનું આખું કુટુંબ ઉત્તરના આકાશમાં ધ્રુવ તારકની આસપાસ ચમકે છે. આ નક્ષત્રો એટલાં રૂપાળાં છે કે લોકોને નિશાળોમાં ભણાવીએ તો પણ યાદ રહી જાય, પરંતુ એ સમયે, આ દેશના નાનાં-નાનાં ગામોમાં, ગાઢાં વનોમાં, પર્વતો પર અને સુદૂર સમુદ્રતટે વસતી મહેનતુ પ્રજાને શાળાએ જવાનો અને ભણવાનો સમય મળે તો પણ તેમને ભણાવનારા મળે તેમ નહોતા.

એટલે કથાઓ કહેવી તે શ્રેષ્ઠ ઉપાય હતો. વાતો, વાર્તાઓ પાસે ન જાણે કઈ ગતિ છે કે તે ગામેગામ, અરે છેક દરિયાપાર પણ ઝપાટાભેર ફેલાતી હોય છે.

આ કથાઓ ઘેર-ઘેર જાણીતી થાય તો જેણે તે સાંભળી હોય તેને આકાશમાં ચમકતા આપણા આ બધા પૂર્વજોને શોધવા અઘરા ન પડે. આ બધાં પાત્રો લોકોનાં મનમાં પોતીકાં તરીકે વસી જાય અને તેમને તે આકાશમાં દેખાય, ઓળખાય પણ ખરાં. છેને મજાની રીત?

ભારતીય પુરાણોની દેવયાનીને ગ્રીક પુરાણોએ એન્ડ્રોમેડા અથવા એન્ડ્રોમેડે

(અર્થાત્ પુરુષોની શાસક) કહી છે. આ એન્ડ્રોમેડા ઇથિઓપિયન રાજા સિફિયસ (વૃષપર્વા) અને તેની અધધધ રૂપાળી રાણી કેસીઓપિયા (શર્મિષ્ઠા)ની એકની એક દીકરી છે. સુંદર માતાની દીકરી એન્ડ્રોમેડા પોતે પણ અત્યંત સ્વરૂપવાન હતી.

રાણી કેસીઓપિયાને પોતાના અને પુત્રીના રૂપનું બહુ અભિમાન હતું. એક વખત, વાત-વાતમાં કેસીઓપિયાએ જાહેરમાં કહ્યું, 'હું અને મારી દીકરી એન્ડ્રોમેડા તો નેરેઇડ્સ (સમુદ્રના સહુથી વૃદ્ધજન એવા નિરીયસની પરમ સુંદરીઓ ગણાતી પચાસ દીકરીઓ) કરતાં પણ રૂપાળાં છીએ.

કેસીઓપિયાએ આ વાત એટલા અભિમાનપૂર્વક કહી કે થોડા સમયમાં તો વાત ઘેર-ઘેર જાણીતી થઈ ગઈ.

આ વાત જળદેવતા પોસાઇડોનને કાને પડી. જગતભરનાં ખારાં-મીઠાં પાણીને સંભાળતા, નદી અને સમુદ્રોમાં સફર કરતા નાવિકોનું અને અનેક જળચરોનું ધ્યાન રાખતા, સ્તુનામી અને ચક્રવાતોના દેવ પોસાઇડોનને સ્વસ્થતા ગુમાવવી પાલવે તેમ નહોતી. આમ છતાં એમણે પોતાના વયોવૃદ્ધ, અને આદરપાત્ર મિત્ર નિરીયસની દીકરીઓને અપમાનજનક શબ્દો કહેનારી કોસીઓપિયાને, બીજા કોઈને નુકશાન ન થાય તે રીતે સજા તો કરવી જ હતી.

જળદેવતા પોસાઇડોને સિટ્સ (સમુદ્રાસુરો)ને બોલાવ્યા અને આદેશ દીધો, 'જાવ, ઇથીઓપિયન રાજા સિફિયસ અને કેસીઓપિયાનું રાજ્ય હતું ન હતું કરીને પાછા આવો.

સિટ્સ, એને દરિયાઈ દૈત્યો કહો કે અસુરો કહો, રાજા સિફિયસના રાજ્ય તરફ જવા નીકળ્યા. સિફિયસ અને કેસીઓપિયા માટે બચવાનો કોઈ આરો ન હતો. અજેય ગણાતા સિટ્સ જો જમીન પર ચડી આવે તો આખા રાજ્યમાં પ્રલય લાવી શકે તેમ હતું.

આ દૈત્યોથી બચવા રાજા-રાણીએ બહુ જ સ્વાર્થી ઉપાય યોજ્યો. રાણીએ કહ્યું, 'સિટ્સ આવશે ત્યારે આપણી એન્ડ્રોમેડાને તેમની સામે ધરી દઈશું,'

'સિટ્સ આવશે ત્યારે શું કામ? આપણ સિટ્સને અહીં આવવા જ નથી દેવા, એન્ડ્રોમેડાને અત્યારે જ દરિયે મૂકી આવીએ એટલે તેને જોઈને સિટ્સ કિનારે જ રોકાઈ જશે.'

માતા-પિતાએ પોતાની પુત્રીને નિર્વસ્ત્ર કરીને સમુદ્રકિનારે એક ખડક સાથે બાંધી દીધી.

માતા-પિતાને નિરાંત થઈ. તેમણે એકબીજા સામે જોયું અને મનોમન કહ્યું કે, 'સમુદ્રના દૈત્યો આવશે તો આટલી રૂપાળી એન્ડ્રોમેડાને જોઈને અહીં જ રોકાઈ



જશે અને તેને ઉપાડીને ચાલ્યા જશે. આપણે અને આપણું રાજ્ય બચી જશે.'

બિચારી એન્ડ્રોમેડા, પોતાના કોઈ ગુના વગર સજા ભોગવવા જઈ રહી હતી. તેણે સિટ્સને આવતા જોયા અને ભયથી ચીસો પાડી.

બરાબર એ જ વખતે દેવોનો પુત્ર પર્સિયસ ઊડતા ઘોડા પેગાસસ પર સવાર થઈને ત્યાંથી પસાર થયો. નીચે ખડક સાથે બંધાયેલી પરમ સુંદર યુવતીને જોઈ. એક એકલી છોકરી મદદ માગતી હોય તો પોતે મદદ કરવી જ જોઈએ એ વિચારે પર્સિયસ સિટ્સ સામે બાખડ્યો.

લાંબા યુદ્ધ પછી પર્સિયસે દરિયાઈ અસુરોને હરાવ્યા અને એન્ડ્રોમેડાનાં બંધનો છોડીને તેને પેગાસસ પર બેલાડે બેસાડીને આકાશમાર્ગે ઊડી ગયો (ઘોડેસવાર પોતાના ઘોડા પર, પોતાની પાછળ કોઈ બીજાને બેસાડે તેને બેલાડે બેસાડ્યું કહેવાય છે).

ઊડતો ઘોડો પેગાસસ ન હોત તો એન્ડ્રોમેડાનું શું થાત? એટલે એન્ડ્રોમેડાએ આકાશમાં પોતાનું સ્થાન પેગાસસના તારક મંડળનો એક ભાગ બને તેવું નક્કી કર્યું.

હવે દેવયાની અને એન્ડ્રોમેડા બન્નેની વાત તપાસીએ. બેઉ વાતમાં અભિમાનની વાત તો આવે છે. બન્નેની વાતમાં જળ આવે છે. એકમાં સરોવર અને કૂવો તો બીજીમાં દરિયો.

બન્નેમાં નાયિકાને તેમનાં કપડાં કાઢીને તજી દેવાઈ તેવી કથા છે. બંન્નેની કથામાં એક યા બીજી રીતે સિટ્સ અને અસુરોનો ઉલ્લેખ છે.

એકને યયાતિ (એક વખત ઇંદ્રનો હતો તે નહુષનો પુત્ર) બચાવે છે. બીજીને દેવપુત્ર પર્સિયસ બચાવે છે.

આ પુરાણકથાઓ વાંચી, સાંભળીને આકાશનો નકશો યાદ રાખવાનું અઘરું નહીં પડે. પછી તો ઘરમાં બેઠાં-બેઠાં પણ આ બધાં પાત્રોના નામેરી તારાઓ અત્યારે આકાશના કયા ખૂણે ચમકતા હશે તે કહી શકાશે.

[ક્રમશઃ]



આઇસબ્રેક

☐ નીરજા ☐ અનુ.: કિશોર પટેલ

ઝરમર વરસાદ ક્યારનો એકધારો વરસતો હતો. આ અઠવાડિયામાં વરસાદની આવી ઝરમર સતત પડ્યા કરશે એવું વેધર પૉર્ટલ પર કહેવાયું હતું. એ બહાર નીકળ્યો ત્યારે વરસાદની સાથે આવેલો ઠંડો પવન એનાં હાડકાંમાં ઘૂસી ગયો. ઝડપથી ચાલતો એ રસ્તા પર આવ્યો. હંમેશની જેમ રસ્તો નિર્જન હતો. ક્યારેક જ માણસો દેખાતા. વાહનોની આવ-જા પણ રહેતી નહીં. ભારતમાં જે રીતે કાયમ હૈયેહૈયું દળાય એવી ગરદી રહેતી આ દેશમાં ક્યાંય દેખાતી નહીં. સ્ટુટગાર્ડ આમ તો ધમાલિયું શહેર હતું. જે વિસ્તારની શાળામાં એ શિક્ષક હતો એ ભાગ થોડી ઊંચાઈ પર હતો. નાનાં-નાનાં ખુશમિજાજ ઘરો અને લીલાછમ બગીચાઓ. એકાદ હિલસ્ટેશન પર

આવ્યો હોય એવું એને લાગતું. ઉનાળાના થોડાક દિવસો બાદ કરતાં હંમેશાં ધુમ્મસની ચાદર પથરાયેલી રહેતી. આજે પણ વાદળો નીચે આવી ગયાં હતાં અને ધુમ્મસ ગાઢ થઈ ગયું હતું. શરીરે ચડાવેલો ઓવરકોટ એને પૂરતો લાગતો ન હતો. અહીંની હવાથી હજી એ ટેવાયેલો ન હતો. છ વર્ષ થઈ ગયાં હતાં, પણ એ ના તો હવાથી ટેવાયેલો હતો કે ના અહીંના માણસોથી. ઘણું કરીને જે દેશના વાતાવરણમાં અને સંસ્કૃતિમાં જન્મ્યા હોઈએ ત્યાંની જ માટીથી આપણે ઘડાતાં હોઈએ છીએ અને એટલે જ બીજી માટીમાં જઈએ ત્યારે ત્યાં એકરૂપ થતાં સહુને સમય લાગતો હોય છે.

સામે સ્ટેશન દેખાવા લાગ્યું એટલે એણે ચાલવાની ઝડપ વધારી. દૂરથી આવતી ટ્રામ એણે જોઈ. કોઈ પણ પરિસ્થિતિમાં એ ટ્રામ એણે પકડવાની હતી. એ જો ચુકાઈ ગઈ તો બીજો અડધો કલાક રાહ જોવી પડશે. એણે પગ ઉપાડ્યા, પણ કોણ જાણે શું થયું કે પગમાં મણ-મણનું વજન એણે અનુભવ્યું. ટ્રામ સ્ટેશનમાં પ્રવેશતી હતી અને એ હજી પૂલ ઉપર હતો. દાદરો ઊતરીને એણે દોડતાં જવાનું હતું, પણ પગ જાણે જમીનમાં ખોડાઈ ગયા હતા. જાતને સાવધ કરીને એ દોડવા લાગ્યો, પણ મોઢા પર લગાવેલા માસ્કના કારણે એ સરખો શ્વાસ લઈ શકતો ન હતો. નીચે ઊતરતી વખતે એનો શ્વાસ ચડી ગયો અને ટ્રામ નીકળી ગઈ હતી. સ્ટેશનમાં એના સિવાયના જે ચાર-પાંચ માણસો હતા એમને સહુને લઈને ટ્રામ જતી રહી હતી. જાણે એ ત્યાં હતો જ નહીં. એકાકી સ્ટેશન પર એને એકલાને નિરાધાર છોડીને ટ્રામ જતી રહી.

ઘણી વાર સુધી એ દૂર જતી ટ્રામનો ઝાંખો થતો જતો પ્રકાશ જોઈ રહ્યો. પછી ભારે પગલે એક એકાકી બેંચ પર એ હાથની અદબ વાળીને બેસી રહ્યો, બીજી ટ્રામના આગમનની રાહ જોતો. ધુમ્મસની ચાદર હવે સ્ટેશન પર પણ ફેલાયેલી હતી. પવન પણ વાતો હતો. પવનની એક-એક લહેર ધુમ્મસને દૂર ધકેલી રહી હતી. એમાંથી એક સ્ત્રી પ્રગટ થઈ. હાથ લાંબો કરીને એ કંઈક માગતી હતી. એનો ચહેરો પરિચિત લાગ્યો. ક્યાં જોઈ હતી આ પહેલાં? લંડનમાં, પૅરિસમાં કે પછી મ્યુનિચમાં? યાદ આવતું ન હતું.

પોતે તો આ વર્ષે જ અહીં આવ્યો હતો. પેલી સ્ત્રીએ હિજાબ પહેર્યો હતો. ગોરી હતી. એનો ચહેરો ઉદાસ હતો. જાણે બધું જ ગુમાવી બેઠી હોય. જીવ હાથમાં લઈને ક્યાંક નાસી છૂટવું હોય, કોઈક વાતથી મુક્તિ જોઈતી હોય એવા ભાવ હતા એના ચહેરા પર. કરુણ ચહેરે હાથ ફેલાવીને એ ઊભી હતી. ધીરજથી ઊભી રહીને અરજ કરતી હતી. પણ કોના માટે? એના લાંબા ગાઉનનો એક

છેડો પકડીને બાજુમાં ઊભેલી પીળી આંખોવાળી છોકરી માટે કે પીઠ પર બાંધેલા નાના છોકરા માટે? ના ઉકલે એવી ભાષામાં એ કંઈક બબડાટ કરતી હતી. એ વખતે સાથે આવેલા મિત્રોના ફોટા પાડતો એ ઊભો હતો હાથમાં કૅમેરા લઈને. અચાનક જ એ ફ્રેમમાં પ્રવેશી ગઈ હતી. મિત્રોના ચહેરા પર એ કૅમેરા ફોકસ કરતો હતો ને એ ક્ષણે જૂની સંદૂક જેવો આડો ચહેરો આંખો સાથે ટકરાયો હતો. એ વખતે એ કૅમેરા સહિત ધ્રૂજી ઊઠ્યો હતો.

હજી પણ યાદ આવે છે એની. મગજમાં જડાઈ ગઈ છે જાણે. કેટલી વાર એની યાદ ઉખાડીને ફેંકવા ઇચ્છી પણ એવું થયું નહીં. હજીયે એમ જ ઊભી છે. ધુમ્મસની ચાદર ફાડીને પ્રગટ થઈ છે. એને લાગ્યું કે કોઈ પણ ક્ષણે આવીને એની સાથે અથડાશે. એ પાછળ ખસ્યો. એટલામાં ધુમ્મસના આવી ચડેલા એક વાદળમાં એ ખોવાઈ ગઈ. આ શું રમત ચાલી રહી છે? એ આંખો ફાડીને એકીટશે જોઈ રહ્યો. ધુમ્મસ સિવાય કશું દેખાતું ન હતું, પણ પછી ફરી એક વાર એ પડદો હઠ્યો અને સામે આવ્યો લૉરાનો ખિલખિલાટ હસતો પ્રસન્ન ચહેરો. હસતી-હસતી એ એને સાદ કરતી હતી. પાછળ હઠતાં જઈને એને બોલાવતી હતી. એણે આગળ વધવા પગ ઉપાડ્યા, પણ ફરી વચ્ચે આવ્યું વરસાદનું એક વાદળું. હતાશ થઈને એ બેંચ પર બેસી પડ્યો. જોરમાં પવન આવ્યો અને ધુમ્મસની ચાદર વીખરાઈ ગઈ. સામે કોઈ જ ન હતું. ના લૉરા, ના હાથ ફેલાવીને કરુણ આંખોથી સાદ કરતી પેલી સ્ત્રી.

શું થયું છે પોતાને? સવારથી કેમ થતા હશે આવા ભાસ? સવારે બાબા આવ્યા હતા સ્વપ્નામાં. ખરેખર તો એમના માટે એણે પોતાના મનના અને સ્વપ્નાંના દરવાજા બંધ કરી દીધા હતા. વળી દરવાજો ખોલીને એ પણ કદી આવ્યા ન હતા, તો પછી આજે અચાનક શું થયું? એમને કંઈ થયું તો નહીં હોય ને? કલ્પનામાત્રથી એ ધ્રૂજી ઊઠ્યો. વિચારોને ખંખેરી એણે ઘડિયાળમાં જોયું. બીજી ટ્રામને આવવાની હજી વાર હતી.

વરસાદ ગોરંભાયેલો હતો. ઘાટાં વાદળોના ઢગલા આકાશમાં નીચે-ઉપર ચોમેર પ્રસરેલા હતા. બપોરના ચાર વાગ્યે છવાયેલા અંધકારનો એને ડર લાગ્યો. એ અંધકારને ચીરતો પ્રકાશ એને જોઈતો હતો. એ રાહ જોઈ રહ્યો. દિવસ ટૂંકો થઈ ગયો હતો, રાત ખૂટતી ન હતી. અહીં બાકીનું બધું ઠીક હતું, ફક્ત આ જ એને પસંદ ન હતું. અંધકારનો ખૂબ મોટો પડછાયો ફેલાયેલો રહેતો ને યાદ આવ્યા કરતી અનેક અંધકારમય રાતો. ખાસ કરીને પેલી હૉસ્ટેલમાં વિતાવેલી રાતો. બાબાએ જીદ કરીને હૉસ્ટેલમાં મૂક્યો હતો. એ નાનો હતો ત્યારે આઈ કહેતી કે તોફાન કર્યું છે તો બાબા

હૉસ્ટેલમાં મૂકી દેશે, પણ ખરેખર તેઓ એવું કરશે એવું એને લાગ્યું ન હતું. દસ વર્ષનો હતો ત્યારે બાબાને હંમેશાં એમ જ લાગતું કે આ છોકરામાં શિસ્ત નથી ને એટલે જ એમણે એને મિલિટરી સ્કૂલમાં દાખલ કરી દીધો.

બહાર ઝરમરતો વરસાદ અને ઉપર ફાટવાની રાહ જોતું આકાશ. એ એકાદ હિલસ્ટેશન હતું. ત્યાંની શાળા કાયમની વરસાદી હવા, આકાશ હંમેશાં કાળાંડિબાંગ વાદળાંથી ભરાયેલું રહેતું, ત્યારે પણ પ્રકાશ પામવા એ હવાતિયાં મારતો. એકલો બેસીને આંસુ વહાવતો રહેતો. બહાર જેમ વરસાદ વરસતો એમ એની આંખો વરસ્યા કરતી. ઘરની અને આઈની યાદ આવતી. બાબાનો ગુસ્સો યાદ આવતો. એમનો ચહેરો યાદ આવતો કે તરત મુઠ્ઠી વળાઈ જતી, ત્યારે જ એણે નક્કી કર્યું હતું કે પોતાને આવા અંધકારમય ઓરડામાં કેદ કરનારા પિતાનો બદલો લેવો છે અને એમને પણ આવા અંધકારમાં ધકેલી મૂકવા છે. એમણે એની સાથે શું શું કર્યું તે બધું યાદ રાખીને પોતે એમને કોઈ વાતનો આનંદ લેવા દીધો નથી. દસમું પાસ કર્યું ત્યાં સુધી એમની સાથે સીધો સંપર્ક હતો જ નહીં. રજાઓમાં ઘેર જાય તો પણ ત્યાં ખાસ રહેતો નહીં. બેલગામમાં આજી પાસે જતો રહેતો. બધાં એને સમજાવતાં કે એમણે તો તારા ભલા માટે જ તને બહારગામ મોકલાવ્યો હતો. જો ને, કેવો સરસ અભ્યાસ ચાલે છે તારો! ડાહ્યો પણ થયો છે તું, કેટલો શાંત અને ગંભીર થઈ ગયો છે તું!

એ મનમાં હસતો. પોતે સાચે જ શાંત અને ગંભીર થઈ ગયો હતો કે મુખવટો હતો? એ શાંત ચહેરાની પાછળ સતત લાવા ઊકળતો રહેતો. દુનિયા વિશે સતત ગુસ્સો ભરાયેલો રહેતો. પોતાને અન્યાય થયો છે એવી ભાવના સાથે જ એ જીવતો હતો. પોતાને અન્યાય કરનારાને એ સુખેથી જીવવા દેવા માગતો ન હતો. એટલે જ એમની જે જે અપેક્ષાઓ હતી એનાથી વિરુદ્ધ વર્તન એ કરતો રહ્યો. સત્ય એ હતું કે પોતે એન્જિનિયર બનવા ઇચ્છતો હતો, પણ જ્યારે એને જાણ થઈ કે બાબા પણ ઇચ્છે છે કે એ એન્જિનિયર થાય ત્યારે દસમા ધોરણમાં ત્રાણું ટકા મેળવ્યા પછી પણ એણે જાણીજોઈને આર્ટ્સ કૉલેજમાં ઍડ્મિશન લીધું. અગિયારમા ધોરણમાં જર્મન ભાષા પસંદ કરી. સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ શિષ્યવૃત્તિ મેળવી અહીં સ્ટુટગાર્ડ આવ્યો. આ શહેરના પ્રેમમાં પડી ગયો. એક મહિનામાં જ એણે નક્કી કરી નાખ્યું કે કાયમ અહીંયાં જ રહેવું છે. અહીં જે મિત્રો બન્યા એમના સંપર્કમાં એ રહેતો. લૉરા અહીં જ મળી એને. એમના ગ્રૂપમાં એકબીજાના નામથી સહુ એમને ચીડવવા લાગ્યાં. અજાણતાં જ

બંને એકમેકના પ્રેમમાં પડી ગયાં. ત્યાંથી પાછાં ફર્યા બાદ પણ મેઇલ લખ્યા કરતાં એકબીજાને. એ રીતે બંને એકબીજાના સંપર્કમાં રહ્યાં. એણે અંગ્રેજી અને જર્મન ભાષા જોડે બી.એ. કર્યું. થોડુંક ભાષાંતર, ટ્યૂશન અને એવું ઘણું કામ કર્યું. અહીં આવવા પૈસા જમા કરતો રહ્યો. મેક્સમુલર ભવનમાં આવતો-જતો રહ્યો. એમનો સંપર્ક વધારતો રહ્યો. પરીક્ષાઓ આપી. બી.એ.માં સારા ગુણ મળ્યા એને. એટલે એને અનુસ્નાતક માટે શિષ્યવૃત્તિ મળી. બાબાએ એક પણ પૈસો આપ્યો નહીં. એને પણ એમની પાસેથી પૈસા જોઈતા ન હતા. આઈ બૅન્કમાં કામ કરતી હતી, આઈએ કરજ લીધું અને બાબાથી ખાનગીમાં એને પૈસા આપ્યા. એમ છેવટે એ રીતે ઉચ્ચ અભ્યાસ માટે એ કાયમનો નીકળી આવેલો. એ નીકળ્યો ત્યારે બાબાની આંખોમાં દુ:ખના ભાવો જોઈને એને આનંદ થયો હતો. એવા જ દુ:ખના ભાવો સાથે એ પોતે ઊભો હતો જ્યારે હૉસ્ટેલના દરવાજે આઈ-બાબા એને મૂકી ગયાં હતાં. હવે ખાલી ઘરમાં તેઓ અંધારું ઓઢીને કાયમ માટે બેઠેલાં રહેશે એવા વિચારે એને સારું લાગ્યું હતું. પણ બસ, એટલું જ. ધીમે-ધીમે બધું ઓગળતું ગયું. મનમાં કોઈ જ લાગણી સિલ્લક બચી નહીં. ના ગુસ્સો, ના પ્રેમ.

આઈ ઘણી વાર કહેતી, ''અરે, થોડા છે તેઓ કડક સ્વભાવના, એમની મરજી પ્રમાણે જ બધું થવું જોઈએ એવું માનનારા. એમનું સાંભળીએ ને, તો એમના જેવો પ્રેમાળ માણસ બીજો શોધ્યો નહીં જડે!'' એ આઈ જોડે દલીલ કરતો, ''આ કેવો પ્રેમ? એક તરફ ગળામાં લગામ બાંધી રાખવી ને બીજી તરફ પીઠ પર હાથ ફેરવ્યા કરવાનો? મારો જ કક્કો ખરો એવું એમનું ચાલતું આવ્યું છે, કાયમનું. આજોબા જોડે ઝઘડીને, ઘરની બહાર પડીને એમણે પોતે તો સ્વાતંત્ર્ય મેળવી લીધું. પોતાના પગ પર ઊભા રહ્યા, પોતાની ઇચ્છા પ્રમાણે જીવ્યા, પણ આપણને સહુને એમની દુનિયામાં ગોંધી રાખ્યાં. આઈ, તને પણ ક્યાં તારી મરજી પ્રમાણે જીવવા મળ્યું છે? કેટલી બધી એવી વાતો છે જે તારે એમનાથી ખાનગીમાં કરવી પડી છે! અરે, અમને પ્રેમ કર્યો એ પણ એમનાથી સંતાડીને! આખી જિંદગી તેં નોકરી કરી, પણ કમાયેલો પૈસો શું તું તારી મરજીથી ખરચી શકી છો?'' આવો પ્રશ્ન આઈને પૂછ્યો હોય ત્યારે એ કહેશે, ''હોય કોઈ કોઈનો સ્વભાવ એવો. આશુ, આટલી કડવાશ સારી નહીં, આવું બધું મનમાં સંઘરી રાખીશ તો તું પણ બાબાના જેવો કડવો અને અપ્રિય થઈ પડીશ.'' એ એવું બોલી ત્યારે એણે જોર-જોરથી માથું ધુણાવ્યું હતું. ''ના, હું ક્યારેય એમના જેવો નહીં બનું.'' એ હંમેશાં એવું કહેતો, પણ આજકાલ એને પ્રશ્ન થતો હતો,

શું ખરેખર પોતે બાબા જેવો કડવો થઈ ગયો છે? લોકો ઉપર જબરદસ્તી પ્રેમ કરવા જતાં શું સંબંધોની મીઠાશ હું ખોઈ બેઠો છું? લૉરાએ એવું કહ્યું હતું એને. એ હંમેશાં કહેતી કે, ''આશુ, ડૉન્ટ બી પઝેસિવ, ટિપિકલ ઇન્ડિયન પુરુષ જેવું ડોમિનેટિંગ વર્તન કરે છે તું. આઇ નેવર એક્સ્પેક્ટેડ ઈટ ફ્રૉમ યૂ.''

એની બાબતમાં પોતે શા માટે આટલો બધો પઝેસિવ થઈ ગયો હતો? ને ભારતીય પુરુષો જેવો ડોમિનેટિંગ એટલે શું? એને ચોક્કસ શું કહેવું હતું? ભારતીય પુરુષો વિશે એ કેટલું જાણતી હતી? સાચે જ તેઓ ડોમિનેટિંગ હોય છે? મારા જેવા કે બાબા જેવા?

પણ પોતે એવો નથી એ વાત લૉરાને કેવી રીતે સમજાવવી? એ વખતે તો એ એને સમજાવી શક્યો નહીં. પોતાની અંદર પ્રેમનું ઝરણું વહે છે એવું તે લૉરાને કહી શક્યો નહીં. પોતે તો ખરા મનથી એને ચાહતો હતો, પણ લૉરાને ગળે એ વાત ઊતરી ન હતી. ''તું લાખો વાર ભલે કહે, પણ મને એ ઝરો દેખાવો તો જોઈએ?'' એવું એ કહેતી. એનો એ ઝરો મનમાં જ વહેતો રહ્યો. અંદરના આશુ જેવું વર્તન એ કદી કરી શક્યો નહીં.

કેમ આવું થયું મારી બાબતમાં? આઈ કહેતી હતી એમ શું બાબાનું પણ મારા જેવું જ થયું હશે? એમના પણ મનમાં રહેલો ઝરો મનમાં જ રહી ગયો હશે? અને પોતાને દેખાયા એ બાબા જુદા જ હતા? અંદરથી કોઈના માટે એક લાગણી થવી અને બાહ્ય વર્તનમાં બીજી થાય એવું થતું હશે? બધાંની સાથે એવું થતું હશે? લૉરા એને છોડી ગઈ પછી એ ખૂબ વિચારતો હતો પોતાના આવા વર્તાવ બદલ. એને નિરાશા થતી. જેવા થવું ન હતું એવો હું થયો છેવટે? અંદર ને અંદર એ તૂટતો ગયો, પણ એ દિવસોમાં સોફી મળી જેણે એને સમજાવ્યો, ''આશુ, તારી અંદર એ ઝરો ના હોત તો તું મને કેવી રીતે સમજી શક્યો હોત?''

એ કહેતી હતી એ કદાચ સાચું હશે. પોતાની અંદર એ ઝરો ના હોત તો પેલી સ્ત્રીની આંખો વારંવાર યાદ આવી ના હોત અને બાબાને હૉસ્પિટલમાં ઍડ્મિટ કર્યા છે એવો નેહાનો સંદેશો મળ્યા પછી મનમાં અસ્વસ્થતા ઘર ના કરી ગઈ હોત.

સામેથી ટ્રામનો પ્રકાશ દેખાયો ને એ ઊભો થયો. એ ટ્રામમાં ચઢ્યો ત્યારે ત્રણ-ચાર જણા બેઠા હતા. એક ઉંમરલાયક સજ્જન અને એક છોકરો શાંતિથી પુસ્તકમાં મોં ઘાલીને બેઠા હતા. બીજો એક છોકરો કાનમાં હેડફોન લગાવીને સંગીત સાંભળતો હતો. બેઠાં-બેઠાં એના પગ અને હાથ વડે એ તાલ આપતો હતો. એક સ્ત્રી પોતાના નાના બાળકને લઈને બેઠી હતી. કંઈક વિચાર કરતી એ બહાર જોતી બેઠી હતી. અહીં તો દરેક જણ પોતાનામાં જ મગ્ન રહેતું હોય

છે. પોતાની દુનિયામાં અથવા પુસ્તકોની દુનિયામાં. મુંબઈમાં લોકલ ટ્રેનમાં જે સહજપણે સંવાદ થાય છે તેવો અહીં થતો નથી. સંવાદ કરવાથી પોતાની પ્રાયવસી જાણે છીનવાઈ જવાની હોય એવો ડર અહીં દરેક જણને લાગે છે. એ લૉરાને ઘણી વાર કહેતો કે કેટલા શુષ્ક માણસો છે તમારે ત્યાં. એવે સમયે ફૂંફાડો મારીને એ કહેતી, ''આને શુષ્ક હોવું ના કહેવાય. દરેક જણને પોતાનો અવકાશ જોઈતો હોય છે. પોતાના સમય અને જગ્યા પર કોઈ અતિક્રમણ કરે એ કોઈને ગમતું નથી, મને પોતાને પણ નથી ગમતું.''

સાચું પૂછો તો એને પણ ક્યાં એવું ગમતું હતું? બાબાએ હાથમાં લીધેલી એના જીવતરની લગામ તોડાવીને એ અહીં આવી ગયો હતો, પણ આવી વાતોથી એની અંદર વ્યાપેલી શુષ્કતાનો ખુલાસો મળતો હોય એવું એને લાગતું. એના મનમાં ચાલતાં શોરબકોરનો અંદાજ લૉરા લગાવી શકી નહીં. બી.એ. કરીને આગળનું ભણવા એ અહીં આવ્યો ત્યારે લૉરા અને બીજા મિત્રો જ તેનો આધાર બની રહ્યાં હતાં. અંગ્રેજી અને જર્મન ભાષાના વિષયો જોડે એ એમ.એ. કરતો હતો, ત્યારે લૉરા પણ અહીં જ હતી. બે વર્ષ જોડે રહ્યાં, પણ લાંબો સમય જોડે રહ્યાં પછી બધું જ બગડ્યું. એને લૉરા પાસેથી જે જોઈતું હતું એ મળ્યું નહીં અને લૉરાને જે જોઈતું હતું એ પોતે આપી શક્યો નહીં. લૉરા અને તેની વચ્ચે તણખા ઊડવા લાગ્યા ને એક દિવસ એ એને છોડીને જતી રહી, ત્યારે એ ઘણો અસ્વસ્થ રહેતો હતો. એ દિવસોમાં જ સોફી મળી હતી.

સોફી ઘણી જુદી હતી. સોફી પ્રગલ્ભ હતી, સહનશીલ હતી. ખરેખર તો એ અહીંની ન હતી. એ પૉલિશ હતી. અહીં નોકરી માટે આવી હતી. આશુ અહીં આવ્યા પછી આજીવિકા માટે જે હોટલમાં કામ કરતો હતો ત્યાં એ રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી હતી. રાત્રે સૂઈ રહેવા ઘર ન હતું એટલે એ ત્યાં નાઇટ ડ્યૂટી કરતી. દિવસે પીઠ પર સામાન બાંધીને એ ફરતી રહેતી. ક્યારેક યુનિવર્સિટી તો ક્યારેક બિબલોથેકમાં બેસીને એ અભ્યાસ કરતી. સાંજે હોટલમાં આવતી, ત્યાં રાત્રે પગ વાળીને બેસવા મળતું. ત્યાં જ ઓળખાણ થઈ હતી એની સાથે. ધીમે-ધીમે ગપ્પાં મારવાનાં શરૂ થયાં. એકબીજાં સાથે વાત કરવાનું બંનેને ગમવા માંડ્યું. પછી સહવાસ વધતો ગયો. એકબીજાને ગમવા લાગ્યાં. આ નિશાળમાં શિક્ષકની નોકરી મળી પછી એણે હોટલની નોકરી છોડી દીધી. એ દિવસોમાં ખ્યાલ આવ્યો કે બંને જણાથી એકબીજાં સિવાય નહીં રહેવાય. એટલે પછી હમણાં-હમણાં જ બંનેએ મળીને બિબલોથેક નજીક એક ઘર ભાડે રાખ્યું અને ત્યારથી બંને બધું જ શૅર કરતાં

હતાં. (બિબલોથેક=લાઇબ્રેરી)

કંઈક કરવાનું એમ કરીને એણે ફોન ઉઘાડ્યો અને સંદેશા જોવા લાગ્યો. પંદર દિવસથી લગભગ રોજ નેહા જોડે ચૅટિંગ ચાલુ હતું. બાબાનો રિપોર્ટ કોવિડ પૉઝિટિવ આવ્યો ત્યારથી એ ચિંતામાં હતો. છેલ્લા છ મહિનાથી આ દેશના લોકો પણ આ રોગ સામે ઝઝૂમી રહ્યા હતા. મૃત્યુના વધતા આંકડા સાથે લોકો હતાશ થઈ ગયા હતા. પરિસ્થિતિ છેક હમણાં થોડીક અંકુશમાં આવી હતી. ચાર મહિનાથી એની નિશાળ બંધ હતી. જુલાઈ મહિનાથી બધું ફરી શરૂ થયું હતું. લોકો બધા નિયમોનું કડક પાલન કરતા હતા. ભારતમાં તો મઝા હતી. મહારાષ્ટ્રમાં કિસ્સાઓ વધુ હતા તેમ છતાં રાજ્ય સરકારે મામલો સારી રીતે સંભાળ્યો હતો એવું નેહા કહેતી હતી, પણ લોકો નિયમપાલન અંગે ગંભીર ન હતા. એટલે જ કેસ વધતા હતા. અહીં પણ લોકો એવા જ છે. લૉકડાઉન કોઈને જ પસંદ ન હતું. લોકોને હરવાફરવા પર, કોઈ પણ કામ કરવાના સ્વાતંત્ર્ય પર બંધન આવે એ ગમતું ન હતું. ઉનાળામાં તો લોકો કાં તો કોઈ બાગમાં આરામથી પડ્યા રહે નહીં તો પછી રસ્તા પર એકાદ બાંકડે બેસીને પુસ્તકો વાંચ્યા કરે, પણ જ્યારે ઘરમાં લોકો મરવા લાગ્યા ત્યારે લોકો ડાહ્યા બની ગયા. અહીંના વડા પ્રધાને સ્થિતિને સારી રીતે સંભાળી લીધી હતી, પણ પાડોશના સ્પેન અને ઇટાલીથી આવતા મૃત્યુના આંકડાઓ સાંભળીને લોકો ધ્રૂજી ઊઠ્યા હતા. વૃદ્ધોમાં મૃત્યુનું પ્રમાણ વધુ હતું. માણસો સ્વજનને મૃત્યુ પામતાં જોતા તો હતા, પણ એમની નજીક જઈ શકતા ન હતા. ના તો અંતિમવિધિ થતો હતો ના એ પછીની પરંપરા. ભારતમાં પણ એવું જ થતું હતું. આમ તો બધું કરનારા ભટ્ટજી કોરોનાના ડરથી બધું ટાળંટોળ કરતા હતા. નેહાના કાકાસસરા પુણેમાં કોરોનાને લીધે મૃત્યુ પામ્યા, પણ એમની બૉડી મળી જ નહીં. પછીનો વિધિ કરવા કોઈ આવ્યું નહીં. એનાં દીકરો-વહુ નદીકિનારે જઈને વિસર્જન કરી આવ્યાં હતાં. બાબાને કંઈ થયું તો કોણ કરશે એ બધું?

ફટાક દઈને એના શરીર પર રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં. કોણ જાણે કેવી રીતે એમને કોવિડ થયો હતો. આઈ તો કહેતી હતી કે બાબા ક્યારેય ઘરમાંથી બહાર નીકળ્યા જ નથી. સવારે વહેલા ઊઠીને શાકભાજી અને કરિયાણું લઈ આવતા હતા, પણ કોણ જાણે કેવી રીતે શરદી થઈ, ગળામાં ખંજવાળ ઊપડી અને તાવ આવ્યો. પોતાને કોરોના થયો એવા વિચાર માત્રથી એ ગભરાઈ ગયા હતા. રિપોર્ટ આવતાં પહેલાં જ એમણે આઈને કહ્યું હતું, ''હું કોઈ કોવિડ સેન્ટર પર જવાનો નથી.'' એટલે પછી એમને ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા, ત્યાં એમને એમ કે આઈ અને નેહા નજર

સામે રહેશે, પણ કોઈને જ અંદર જવા દેવાતાં ન હતાં. નેહાનો પતિ કિરણ દિવસમાં એક વાર અંદર જઈ આવતો હતો. એમાં વળી આઈને તાવ આવ્યો હતો. બે દિવસથી કિરણને પણ તાવ હતો. છેલ્લો સંદેશો એ જ હતો. એ પછી નેહા તરફથી એક પણ સંદેશો આવ્યો ન હતો. બધાંને કેમ છે એ જાણવાનો કોઈ રસ્તો ન હતો. એણે આઈ અને કિરણની પૂછપરછ કરી હતી, પણ એ વાતને પણ બે દિવસ વીતી ગયા હતા, પણ નેહા તરફથી કોઈ સંદેશો આવ્યો ન હતો.

નેહા આઈ-બાબાની સંભાળ જવાબદારીપૂર્વક લેતી હતી. પોતે તો હાથ ખંખેરીને અહીં આવી ગયો હતો. આટલા દિવસોમાં ક્યારેય સામેથી ફોન કરીને એણે બાબા અંગે પૂછપરછ કરી ન હતી. નેહાના જ સંદેશા આવતા. ક્યારેક એનો અથવા આઈનો ફોન આવતો, પણ પોતે તો આ દિવસોમાં એક પણ ફોન કર્યો ન હતો. બાબાને હૉસ્પિટલમાં ખસેડ્યા એવો મૅસેજ આવેલો તે દિવસે પોતે જરાક અસ્વસ્થ થઈ ગયેલો. એક-બે વાર મન થયું હતું કે બાબાને વીડિયો કૉલ કરું, પણ ના કર્યો. મારો અહમ્, મારી જીદ વધતાં જાય છે કે શું? છેલ્લાં બે-ત્રણ વર્ષમાં એવું લાગતું હતું કે સગાંવહાલાંની માયામમતાના ચક્કરમાંથી પોતે બહાર નીકળી આવ્યો છે, પણ હવે લાગે છે કે એ વાત એટલી સહેલી નથી.

છેલ્લા આઠ દિવસથી ત્યાં સહુ એ વાયરસ સામે ઝઝૂમી રહ્યા છે. પોતે અહીં રહીને કંઈ જ કરી શકતો ન હતો. એમને કંઈ થયું તો નહીં હોય ને? નેહા ફોન કેમ કરતી નથી? આઈ તો સિરિયસ થઈ નથી ગઈ ને કે પછી કિરણ? કંઈ સમજાતું ન હતું. આઈને તાવ આવે છે એ જાણીને એ ગંભીર થઈ ગયો હતો. એને કંઈ થઈ ગયું તો? ભવિષ્યમાં પોતાના દેશમાં પાછા ફરવાનું થાય ત્યારે ક્યાં જવાનું અને કોના માટે જવાનું એવા વિચારો આવતા, પણ કોણ જાણે કેમ ફોન ઊંચકીને ખબર પૂછવાનું સાહસ એ કરી શકતો ન હતો. અહમ્ આડે આવતો હતો, મનમાં ઘર કરીને બેઠેલો ભય પણ ખરો. ફોન કર્યો અને કંઈ ખરાબ સમાચાર સાંભળવા મળ્યા તો. આ કોવિડ તો અનેક ઉંમરલાયક માણસોને લઈ ગયો છે. આઈ-બાબા પણ જતાં રહેશે તો શું થશે?

આમ જુઓ તો કંઈ થવાનું નથી એ વાત એ પણ જાણતો હતો. એ પોતે તો અહીં જ રહેવાનો હતો. પછી પણ ક્યારે ત્યાં જશે એની ખાતરી ન હતી. એક માટી સાથેનું બંધન તોડીને આવ્યા પછી નાહક ભાવનાશીલ બનીને એને યાદ કર્યા કરવાનો શું અર્થ છે. એ દેશ માટે, ત્યાંની માટી માટે અને આઈ-બાબા માટે ચોક્કસ શું કરી શકવાનો છે પોતે. બહુ-બહુ તો તેઓ તકલીફમાં હોય ત્યારે

પૈસા મોકલવાના. અત્યારે પણ તેઓ બીમાર છે એ જાણ્યા પછી પણ પોતે ક્યાં દોડી ગયો છે ત્યાં. ફ્લાઇટ્સ બંધ છે એ તો એક બહાનું છે, માત્ર કહેવા પૂરતું. ધારો કે ફ્લાઇટ્સ શરૂ થઈ જાય તો શું પોતે એટલો બધો ખર્ચ કરીને ત્યાં જવાનો છે? વળી કોને માટે જવાનું? એ માણસ માટે જેણે મને સમજવાનો ક્યારેય પ્રયાસ કર્યો નથી? આઈ કહે છે કે મારે એમને સમજવાના, પણ જે માણસે અમારા સહુનાં જીવનના રિમોટ કંટ્રોલ પોતાના હાથમાં રાખ્યાં હોય એને શા માટે સમજવાના?

માથું ધુણાવી એણે આંખો મીંચી દીધી. એમની પર કેટલો પણ ગુસ્સો આવે, પછી એ કોઈ પણ કારણસર હોય એમ છતાં થોડાક દિવસથી કેમ આ અસ્વસ્થતા અનુભવાય છે? સોફી સાચું જ કહે છે. એક સમય હોય છે જ્યારે મનમાં કડવાશ ભરાયેલી રહે છે, પણ પછી બધો ગુસ્સો વહી જાય છે અને પછી કંઈ જ લાગતું નથી, સાવ કંઈ જ નહીં. એ પોતે એ તબક્કામાં ક્યારની પહોંચી ગઈ હતી અને હવે તો એ શોધવા નીકળી પડી છે પોતાની જન્મદાતાને. આ બાયોલૉજિકલ પૅરન્ટ્સનું પ્રકરણ અહીં ઘણું સામાન્ય થઈ પડ્યું છે. આપણે ત્યાં કોઈ ખાસ વિચાર કરતું નથી. અહીં કેટલી સહજતાથી એમનો સ્વીકાર થાય છે! એની માતા જર્મની આવવા માટે પોલૅન્ડથી ઘર છોડીને નીકળી આવી હતી. ટ્રેનમાં મળેલા જર્મન ડૉક્ટર સાથે પ્રેમમાં પડી. ગર્ભવતી થઈ, ત્યાં સુધીમાં પેલો રવાના થઈ ગયો હતો. જન્મ આપ્યા પછી એણે પણ જવાબદારી ખંખેરી નાખી એટલે સોફીની રવાનગી થયેલી પાલક માતાપિતા પાસે. એમ જ એ મોટી થઈ ગઈ. અઢાર વર્ષની થઈ ત્યાં સુધીમાં એ ત્રણ જણની પાસે ઊછરી હતી. થોડાક સારા-નરસા અનુભવ એને થયા હતા. જન્મતાંની સાથે નિરાધાર છોડી દેનારી માતા પ્રત્યે સોફીને ગુસ્સો હતો જ, પણ એમાંનો થોડોક ગુસ્સો પાલક માતાપિતા સામે પણ હતો. જવાબદારી સ્વીકાર્યા પછી પણ સરખી રીતે ઉછેર કરતાં એમને આવડ્યું ન હતું. અનાથ છોકરીને ઘેર લાવ્યા પછી ચોક્કસ શું કરવાનું એનો વિચાર જ એ લોકોએ કર્યો ન હતો. ખોરાક, વસ્ત્રો અને છાપરું આપ્યું એમાં કંઈ બધું આવી જતું નથી. એને સમજ્યા વિના જ એને ઉછેરી હતી. એક ઘરમાં તો જેણે જવાબદારી લીધેલી એ પિતાએ જ એની પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે એ સોળ વર્ષની હતી. પછી એણે સ્વતંત્ર રહેવાનું નક્કી કર્યું. આ બધો વનવાસ અને રઝળપાટ, જન્મ આપીને છૂટી ગયેલી માતાને કારણે એના લમણે આવ્યો હતો એવું એને લાગ્યા કરતું. એક વાર મળીને એને પૂછવું છે એવું એ એને કહેતી હતી.

એ વખતે એણે એને પૂછ્યું હતું કે શું કરીશ એને મળીને? હાલમાં એના મનની કડવાશ ઓછી થઈ હતી, પણ એને એક વાર મળવાની એની ઇચ્છા તો તીવ્ર થઈ ગઈ હતી.

સોફીના જીવન વિશે એને હમણાં-હમણાં જાણવાનું મળ્યું હતું. શરૂઆતમાં તો એણે એ વિશે કંઈ જ કહ્યું ન હતું. એણે પણ કદી વિગતે પૂછ્યું ન હતું. અહીંની જીવનપદ્ધતિનો આ એક મહત્ત્વનો ભાગ છે. દરેક જણ માટે અંગતતા જાળવવી જરૂરી હતી. ભારતમાં થતું એમ અહીં અન્યોનાં જીવનમાં કોઈ માથાકૂટ કરતું નહીં કે કોઈ-કોઈને સલાહ આપતું નહીં. શરૂઆતમાં એ કંઈક પૂછતો ત્યારે હસી પડીને સોફી કહેતી, ''તું મને સોફી સમજીને મારી જોડે પ્રેમ કર ને, કોની છોકરી, કયા દેશની, કયા ધર્મની વગેરે ચિંતા શું કામ કરે છે? હું કરું છું કે એવું?'' એને પણ ગળે ઊતરી ગઈ એ વાત. પછી એણે ક્યારેય પૂછપરછ કરી નહીં. છેક હમણાં એક આખું વર્ષ જોડે રહ્યાં પછી થોડી-થોડી વાતો એણે સાંભળી હતી, પણ એમાંય સોફીએ કદી એની સલાહ માગી ન હતી. એ કંઈ કહે ત્યારે એ સાંભળી લેતી, પણ કરતી તો પોતાને જે કરવું હોય તે જ.

ગયા વીક-એન્ડ પર અઠવાડિયાની રજા લઈને સોફી ગઈ હતી પોલૅન્ડ છોડીને આવેલી અને પછી એને જન્મ આપીને છોડી મૂકનાર બાયોલૉજિકલ માતાને મળવા. આ જૈવિક સંબંધ શું ખરેખર એટલો મહત્ત્વનો હોય છે ખરો? જીવનમાં અનેક ઠેકાણે મળેલાં, થોડોક સમય માતાપિતાની ભૂમિકા ભજવી ગયેલાં બાકીના સહુ માણસોને મળવાને બદલે જન્મતાં જ નાળ છેદીને ભાગી ગયેલી માતાને મળવાની ઇચ્છા એને કેમ થઈ હશે? એણે કહ્યું હતું, ''આ તો સાવ મૂર્ખાઈ છે. તારું શું થશે એ વિચાર જે સ્ત્રીએ કર્યો નથી એની તપાસ કરવા તું કેમ નીકળી છો?'' એ હસી હતી. ''શા માટે મને છોડી દીધી હતી, શું કારણ હતું એ જાણવું જોઈએ કે નહીં? આખી જિંદગી એનો વાંક કાઢ્યા કરીને મનમાં કડવાશ ભરી રાખવા કરતાં એક વાર ખરુંખોટું કરી નાખ્યું હોય તો પછી હું સુખેથી જીવું. મારા ભાગ્યે જે કંઈ વિઘ્નો આવ્યાં છે એ બધાં માટે હંમેશાં મેં એને જવાબદાર ગણી છે. એણે એવું શું કામ કર્યું એની એક વાર ખબર પડે તો રાત્રે હું ચેનથી ઊંઘી શકું. આશુ, આઇસબ્રેક કર્યા સિવાય અંદર ખળખળ વહેતાં પાણીનાં દર્શન થવાનાં નથી.'' એ જ્યારે આવું બોલી ત્યારે તરત જ આશુએ એને ચૂમી લીધી હતી. આટલું હકારાત્મક વિચારતી છોકરી પોતાની સાથે છે એનું એને ગૌરવ થયું હતું, પણ જ્યારે સોફી બોલી કે, ''તું પણ એક વાર ભારત જઈને મુક્ત થઈને આવ. કદાચ તારા પિતા પણ

આઇસબ્રેકની રાહ જોતા હોય.'' ત્યારે એ મૌન રહ્યો હતો. સોફી મ્યુનિચ ગઈ એ જ અઠવાડિયામાં નેહાનો સંદેશો આવ્યો હતો કે કોવિડના લીધે બાબાને હૉસ્પિટલમાં લઈ ગયા છે. એણે સોફીને કંઈ જ કહ્યું ન હતું. એના પાછા ફરવાની એ રાહ જોઈ રહ્યો. આઇસબ્રેક કરવા વિશે એના શબ્દો એને હમણાં-હમણાં યાદ આવ્યા કરતા હતા.

એ ટ્રામમાંથી ઊતર્યો. સ્ટેશનમાંથી બહાર નીકળ્યો, પણ ઘેર જવાની ઇચ્છા એને થઈ નહીં. સોફી ઘેર ન હતી. આશુને બીજે દિવસે રજા હતી. રજાના દિવસે ઘેર એકલા રહેવાના વિચારથી જ એને કંટાળો આવ્યો. સોફીની હાજરીની હવે આદત પડી ગઈ હતી. પછી થોડો વખત એ બિબલોથેકમાં ગયો અને પુસ્તકોનાં પાનાં ફેરવતો બેઠો. આ લાઇબ્રેરીમાં આવ્યા પછી એને એક પ્રકારની નિરાંત અનુભવાતી. એનું મન શાંત થઈ જતું. ઘણી વાર લાઇબ્રેરીની અગાસીમાં ઊભા રહીને શહેર તરફ જોઈ રહેતો. એ શહેરને, એના માણસોને નિહાળ્યા કરતો. આ બધા માણસો હવે મારા માણસો છે એવું એ મોટે-મોટેથી પોતાની જાતને કહેતો. ધીમે-ધીમે એની અસ્વસ્થતા દૂર થતી.

હમણાં પણ એ અગાસીમાં ગયો. શ્વાસમાં શહેરની હવા ભરી લીધી. ઠંડી હવાથી એના શરીરમાં ધ્રુજારી ભરાઈ આવી એટલે એ નીચે ઊતરી ગયો. મોટી પહોળી લાઇબ્રેરીનાં પગથિયાં ઊતરી એ નીચે આવ્યો અને ચાલતો ઘેર ગયો. લેચ ઉઘાડીને એ ઘરમાં પ્રવેશ્યો કે તરત પરિચિત સુગંધ પ્રસરેલી અનુભવી. સોફી આવી ગઈ કે શું? એણે મોટેથી સાદ કર્યો. અંદર જઈને જોયું તો બાથરૂમમાંથી પાણીનો અવાજ આવતો હતો. કદાચ શાવર લેતી હશે.

અજાણતાં જ એના શરીરમાં ઉત્સાહ આવ્યો. પોતાની રૂમમાં જઈ એણે પણ શાવર લીધો. શાવર લઈને એ બહાર આવ્યો ત્યારે સોફી હાથમાં કૉફીના મગ ભરીને ઊભી હતી. એને નજીક લઈને એ બોલ્યો, ''થૅન્ક ગૉડ તું આવી ગઈ. તું ના આવી હોત તો આજે આત્મહત્યા કરવાના જ મૂડમાં હતો.''

એને એક ઠોંસો લગાવતાં એ બોલી, ''વિચાર તો કરી જો. હું જ ફાંસીએ લટકાવી દઈશ તને.'' એકંદરે એનો મૂડ સારો જણાતો હતો.

''કેમ છે તારી આઈ?''

સોફી હસીને બોલી, ''મસ્ત. આઠ દિવસ એની જોડે વિતાવ્યા એટલે સરસ જ હોવી જોઈએ.'' પછી સોફી એની કથા કરતી રહી.

એને છોડી દીધાં પછી એની આઈ ક્યાં-ક્યાં ભટકતી રહી હતી, કેટલી નોકરીઓ કરી, કોને-કોને મળી, કેટલા જણાના પ્રેમમાં પડી, કેટલાં લગ્ન કર્યાં અને કેટલા છૂટાછેડા લીધા. પચાસની વયે પહોંચી ત્યાં સુધીમાં બે લગ્નથી એને

ત્રણ સંતાનો થયાં હતાં. જોકે હાલમાં તો એ એકલી જ રહેતી હતી.

કેટલી સહજતાથી સોફી આ બધું કહેતી હતી.

''તારી યાદ ના આવી એને ક્યારેય?'' એણે પૂછ્યું.

''આવતી હતી રે. એ એવું બોલી કે હંમેશાં હું એના દિલમાં જ હતી.''

''તો પછી એણે તપાસ ના કરી તારી?''

''એ વખતે એની પરિસ્થિતિ નહોતી મારી સંભાળ લેવાની. અહીં તો ઘેરથી ભાગીને આવી હતી. પેલા પુરુષના પ્રેમમાં પડી, પણ પેલાએ હાથ ખંખેરી નાખ્યા. એકલી છોકરી. શું કરી શકે એમ હતી? મારી સંભાળ કઈ રીતે લીધી હોત? પોતાને જે નહીં ફાવે તે બીજું કોઈ જરૂર કરશે એવું એને લાગતું હતું. એટલે જ એ મને છોડી ગઈ.''

''જેમ તું એની તપાસ કરતી હતી એમ એ પણ તારી તપાસ કરતી હતી?''

''હાસ્તો વળી, એ મને મળવા માગતી હતી, પણ એની હિંમત થતી નહોતી અને તું તો જાણે છે, શરૂઆતમાં મને પણ એવી ઇચ્છા નહોતી થતી પણ સાચું કહું? ખૂબ સરસ છે એ. મસ્ત એકદમ, મુક્ત મનની! મને તો ગમી!''

આશુ સ્તબ્ધ થઈને એને જોઈ રહ્યો. એ બોલી, ''આમ શું જુએ છે?''

કંઈ નહીં એવું બોલીને એ ચૂપ રહ્યો. પછી બોલ્યો, ''મને પણ તારી જેમ માફ કરતાં આવડતું હોત તો કેટલું સારું થયું હોત.''

''અરે! કરી દે માફ. બોલ, વાત કરવી છે ડેડી સાથે?''

ના કહીને એણે માથું ધુણાવ્યું, પણ એની આંખો છલોછલ થઈ ગઈ. એ જોઈને સોફીએ પૂછ્યું કે શું થયું? ત્યારે એણે કહ્યું કે બાબાને હૉસ્પિટલમાં ઍડ્મિટ કર્યા છે. નેહાને ફોન કર્યો કે એવું સોફીએ પૂછ્યું ત્યારે એણે કહ્યું, ''બે દિવસથી એનો કોઈ સંદેશો નથી. સોફી, કંઈ જ સમજાતું નથી.''

''અરે પણ તું ફોન કરી શકે ને?''

એ ચૂપ થઈ ગયો એટલે એનો મોબાઇલ ઉપાડતાં સોફી બોલી, ''લેટ મી કૉલ હર.''

''ના.''

''ના શું? અનલૉક કર તારો ફોન.''

એણે ફરી માથું ધુણાવ્યું એટલે સોફી ચિડાઈ ગઈ, ''મૅસેજ આવ્યો હશે, જરા જોતો ખરો!''

એણે ફોન ખોલ્યો. એ જ વખતે નેહાનો મૅસેજ આવ્યો. ''બાબા ઇઝ સિરિયસ અને આઈને પણ ઍડ્મિટ કરી છે. એનું ઑક્સિજન લેવલ સાઠ પર આવ્યું છે.''

એને પરસેવો વળી ગયો. હાથ ધ્રૂજવા લાગ્યો અને આંખો વહેવા લાગી.

''આશુ, આપણે ફોન કરીએ. નેહાને ફોન લગાડ.''

એણે ફોન કર્યો. ખાસી વાર કોઈએ

ઉપાડ્યો નહીં. છેવટે બંધ થઈ ગયો. એના હૃદયના ધબકારા અટકી ગયા. નાના બાળકની જેમ એ સોફી તરફ જોઈ રહ્યો. સોફીએ એને નજીક લીધો. ડૂસકું લેતાં એ સોફીની સોડમાં ભરાયો. સોફી ખાસી વાર એની પીઠ પસવારતી રહી.

રાત્રે ક્યારેક એનો ફોન વાગ્યો ત્યારે એ સ્વપ્નમાં હતો. હૉસ્ટેલના દરવાજા પર ઊભો રહીને પીઠ ફેરવીને દૂર જઈ રહેલા બાબાને જોતો. આંખોમાંથી પાણી વહેતું હતું ને એ બડબડતો હતો, ના જશો મને એકલો મૂકીને, પણ એ જતા રહ્યા. નિશાળનો ઘંટ વાગવા લાગ્યો હતો અને કોઈ એને જબરદસ્તીથી ગ્રાઉન્ડ પર લઈ જઈ રહ્યું હતું.

સોફીએ ફોન ઉપાડયો હતો. નેહા જોડે એ કંઈ વાતો કરતી હતી. પછી અચાનક એ બોલી, ''સૉરી ટુ હિયર ઈટ નેહા, આઇ વિલ ટેલ આશુ. હી વોઝ વરિંગ ઍન્ડ ટ્રાઇન્ગ ટુ કૉલ યૂ... આઇ નો આઇ નો... આઇ અન્ડરસ્ટૅન્ડ. હાઉ ઇઝ કિરણ ઍન્ડ મમ્મા... એવરીથિંગ વિલ બી ઓકે... યૂ આર બ્રેવ. ટેક કેર ડિયર.''

કાન પર પડતા શબ્દ એને સંભળાતા હતા અને એને એમ લાગતું હતું કે ગ્રાઉન્ડ પર ઊભી રહીને સોફી એને કંઈક કહે છે, ''રડતો નહીં... એવરીથિંગ વિલ બી ઓકે.''

શું ઠીક થવાનું છે, ખરેખર કોનું શું ઠીક થવાનું છે. આંખો ખોલીને એ જોવા માગતો હતો, પણ આંખો સામે સર્વત્ર અંધકાર ફેલાયેલો હતો. મરણિયા થઈને એણે જોયું પણ પ્રકાશની એક પણ રેખા ક્યાંય એને દેખાઈ નહીં.

સોફીનો અવાજ એને સંભળાયો. ''આશુ... આશુ... ઊઠે છે કે?'' એણે આંખો ખોલવાનો પ્રયાસ કર્યો. ધીમે-ધીમે એ આ દુનિયામાં પાછો ફર્યો. સોફી બોલી, ''આશુ, સૉરી, બાબા ઇઝ નો મોર. નેહા વોઝ નોટ ઇન મૂડ ટુ સેન્ડ યૂ એની મૅસેજીસ. બિકોઝ, કંઈ જ કહેવા જેવું નહોતું.''

એ એકદમ બેઠો થઈ ગયો. ''ક્યારે?''

''પંદર મિનિટ થઈ.''

''અને આઈ?''

''શી ઇઝ ઓકે. ઑક્સિજન લેવલ હવે એંસી પર પહોંચ્યું છે. આમ છતાં સમય લાગશે. એને કંઈ કહ્યું નથી. તારો પિતરાઈ ભાઈ પહોંચી ગયો છે. કિરણ ઇઝ નોટ ઇન ધ પોઝિશન ટુ ડુ ઍની ફોર્માલિટીઝ.''

એ એમ જ બેઠો રહ્યો, સુન્ન થઈ ગયો હોય એમ. ચોક્કસ શું પ્રતિક્રિયા આપવી જોઈએ? આઈ ઠીક છે એનો આનંદ મનાવવો કે બાબા ગયા એનો ઠૂઠવો મૂકવો? એને કંઈ જ સમજાતું ન હતું. પોતાને શું થાય છે. ખરાબ લાગે છે કે બીજું કંઈ? એ ગયા એનું દુઃખ લાગે છે કે અમારી વચ્ચેનું શીતયુદ્ધ

પૂરું થયું એનો આનંદ થાય છે? અહીં બેસીને પણ શું કરવાનું? એમના ગુણ લોહીમાં ઊતર્યા એનો શોક મનાવવો કે સીધું ઊભા થઈને ભારત પહોંચી જવું? કંઈ જ સમજાતું ન હતું.

એણે સોફી તરફ જોયું. એની આંખોમાંથી વહેતાં આંસુ જોઈને સોફી બોલી, ''જરા વૉશ લઈ લે, હું સરસ કૉફી બનાવી લાવું છું.'' એ કિચનમાં ગઈ, પણ એ ના ઊઠતાં એમ જ બેઠો રહ્યો, ટી-શર્ટની બાંયથી આંસુ લૂછતો રહ્યો.

એ આંખો મીંચી ગયો. સોફી બોલતી હતી, ધારો કે આપણે ગયાં હોત એમને મળવા અને બધો હિસાબ સામસામે રજૂ કર્યો હોત તો કંઈક જુદું થયું હોત કે?

એને થયું, જે રીતે સોફીની આઈએ પોતાની ભૂલો કબૂલ કરી અને પોતાની મુશ્કેલીઓ ખુલ્લા દિલે કહી તે રીતે બાબાએ પોતાની મુશ્કેલીઓ આપણને કહી હોત ખરી? કે પછી હોઠો પરનું તાળું ચાવી મારીને બંધ કર્યું હોત? વળી જે રીતે સોફીએ ત્રાહિત તરીકે બધી વાતો તરફ જોયું એ રીતે જોવાનું મને પોતાને ફાવ્યું હોત ખરું? એમની વાતો સમજી શક્યો હોત ખરો? કદાચ ના. આઈ કહેતી હતી એમ હું વધુ ને વધુ જિદ્દી બની ગયો છું.

આજે સોફી કેટલી ફ્રી થઈ ગઈ છે પોતાની આઈને મળી આવ્યા પછી. તેનું આખું શરીર અને મન હળવું થઈ ગયું છે આજે. એના હલનચલનમાં એક પ્રકારની સ્વતંત્રતા જણાઈ આવે છે, જ્યારે હું તો ત્રાણમાંથી ક્યારેય મુક્ત થાઉં જ નહીં એવા પ્રયાસો કરતો આવ્યો છું! જીવનમાંથી માણસની એક વાર બાદબાકી થઈ જાય પછી બાકી શું રહે છે? નહીં ઉચ્ચારેલી વાતો સંદૂકમાં જેમની તેમ બંધ પડી રહે છે. ને પછી ઇચ્છા થાય તો પણ એ સંદૂક ખોલી શકાતી નથી. આપણી પેટી એમ જ બંધ રહી જવાની છે, કાયમની. કોની સાથે વાત કરવી અને શું વાત કરવી? આઈ મને માફ કરશે? મારી જોડે સંબંધ રાખશે કે તોડી નાખશે કાયમનો?

છ વર્ષમાં ફક્ત એમને મળવાનું નહીં એમ કરીને ભારતમાં એક પણ વાર ગયો જ નહીં. કોને સજા કરતો હતો હું? એમને કે પછી મને પોતાને? એમના કારણે મારા સાથેના સહુ સંબંધોને? આવું વર્તન કેમ કર્યું પોતે? હવે શું અંત આવશે આમ તાણી રાખેલા સંબંધોનો? કઈ રીતે થશે આઇસબ્રેક?

આશુ... કૉફીનો કપ એના હાથમાં મૂકીને સોફીએ એના માથા પરના વાળમાં હાથ ફેરવ્યો. એણે કપ બાજુએ મૂકીને સોફીની કમરે હાથ વીંટાળ્યો અને ડૂસકે-ડૂસકે રડવા લાગ્યો. સોફી એને સમજાવતી રહી, પણ એ સમજણની પેલી પાર નીકળી ગયો હતો. બહાર વરસાદનું જોર વધ્યું હતું અને અંદર તો જાણે પૂર આવ્યું હતું.

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડૉ. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

□ ડૉ. પંકજ જોશી

૩૬. આરોગ્ય અને અંતઃકરણ

સાધના અને શરીર, દેહ અને દેહનું આરોગ્ય, આ સઘળી વાત આપણે આગળ કરી. આ બધામાં મૂળ વાત એ ફલિત થાય છે કે જીવન વિશે શાસ્ત્રીજીનો અભિગમ ક્યારે પણ એકાંગી હતો નહીં. તેઓ વેદાંતના પ્રખર પંડિત હતા, પરંતુ તેમની સાથેની વાતોમાં કેવળ વેદાંત અને બ્રહ્મ, હું અને તમે તો આત્મા છીએ, શરીરને તો ભૂલી જવાનું છે, કેવળ આત્મા સ્વરૂપે રહેવાનું છે જેવી કોઈ વાતો ભાગ્યે જ આવતી! રાજુલામાં તેમનું ઘર શારદાશ્રમ. તેમાં ઉપરને માળે સઘળા બેસી શકે એવો મોટો સ્વાધ્યાય ખંડ હતો. એક વાર તેઓ મને ઉપર લઈ ગયેલા અને પોતે વ્યાસપીઠ પર

બેસીને વાત કરેલી, ત્યાં તેમની પાછળ આદિશંકરાચાર્યનું મોટું તૈલચિત્ર હતું, પરંતુ આમ છતાંય તેમની વાતોમાં ક્યારેય કેવળ શુષ્ક વેદાંત આવતું નહીં.

ખરેખર તો તેઓએ વેદાંત વિશે એક વાર એવું કહેલું કે એ કેવળ વાતો અને ચર્ચા કરવાનો વિષય નથી, વેદાંત એ તો એક નિષ્ઠા છે જેને જીવનમાં સ્થિર કરવાની છે. આ વાતનો અર્થ એવો થાય કે કેવળ પંડિતાઈ, ચર્ચાઓ અને વિતંડાવાદ, વાત અને વાક્યનો અર્થ શું થાય? આ બધામાં કલાકો, દિવસો અને વર્ષો અંતહીન ગાળવા એ જીવનને વ્યર્થ કરવાની વાત છે, પણ આ વાત ફરી અન્ય સમયે કરીશું.

આ બધામાં મૂળ વસ્તુ એ છે કે આપણે ત્યાં ઘણા લોકો ઘણી વાર વેદાંત એટલે વેદાંતની જ વાત કર્યા કરે અથવા શરણાગતિ અને ભક્તિને માને તો પછી એમાં જ લાગી પડ્યા હોય. બીજા કોઈએ તો યોગ લીધો તો માત્ર યોગમાં જ મચી પડે, સતત આસન, પ્રાણાયામની જ ચર્ચા અને ચર્યા કર્યા કરે. એ કેટલું બધું મહત્ત્વનું છે અને જીવનમાં બીજું તો કંઈ ખબર છે જ નહીં તેમ ચાલે. આવું બાપાની વાતમાં કદી આવતું નહીં. એમને માટે આ સઘળાં કેવળ સાધનો હતાં. તેઓ જીવનને સમગ્ર રીતે જોતા. જીવનના આપણને જે પાસાઓ નાનામાં નાના અને જરા પણ મહત્ત્વના ન હોય એવા લાગે તેના વિશે પણ તેઓ શાંતિથી અને વિગતે વાત કરીને તેમાં ઊંડાણપૂર્વક જતા. આવી રીતે જીવન તથા જગતને સમગ્ર રીતે અને ઊંડાણપૂર્વક જોવું, વિચારવું, સમજવું તેનું નામ જ તો વિજ્ઞાન છે.

ખરેખર જોવા જઈએ તો વિજ્ઞાનને પણ આજે આપણે આ રીતે જોતા નથી. જેમ ઉપર અધ્યાત્મની વાત કરી તેમ વિજ્ઞાનમાં પણ વિજ્ઞાનીઓ એકાંગી બની જતા હોય છે. જેમ અધ્યાત્મને એકાંગી રીતે જોવા લાગીએ છીએ તેમ વિવિધ ક્ષેત્રોના લોકો પણ પોતપોતાનાં જુદાં-જુદાં રંગનાં ચશ્માં પહેરીને બેઠા હોય છે. તેમાં ઘણી વાર આપણો મોટો દોષ પણ હોતો નથી. આપણી પોતાની બુદ્ધિની મર્યાદાને કારણે આવું થાય છે, તેમાં આપણને એક સલામતી જણાય છે. આથી જ હંમેશાં અધ્યાત્મને આપણે કોઈક ને કોઈક ચોકઠા અને વિધિ-વિધાનોમાં ગોઠવવા લાગીએ છીએ. આ રીતે વિજ્ઞાન અથવા જીવન એ અધ્યાત્મથી અલગ થઈ જાય છે અને છેવટે જે ધ્યેય છે તેનાથી દૂર થઈને આનંદનો જે અનુભવ કરવાનો છે એ વાત તો જીવનના અંત સુધી બાકી જ રહી જાય છે. આમ જીવનની સમગ્રતા, એના સાચા અધ્યાત્મ કે સાચા વિજ્ઞાન સુધી આપણે પહોંચી શકતા નથી.

જોકે આ સઘળામાં કશું ન થઈ શકે, ન કરી શકાય તેવી કોઈ વાત નથી. કેવળ આપણી દૃષ્ટિમર્યાદાને વિશાળ

થવાની તક આપીએ તો સહજ રીતે સમગ્રતાનો અનુભવ અને તે દિશામાં ગતિ થાય એવું છે. આ તો માત્ર સહજ રીતે ખુલ્લા થવાની જ વાત છે. આ વાતને શાસ્ત્રીજી ક્યારેક શબ્દોમાં કહીને અથવા ઘણી વાર તો પોતાનાં વિચાર, વાણી અને વર્તન દ્વારા જ સ્વાભાવિક રીતે સમજાવી દેતા.

આવા સંદર્ભમાં, શરીરનું આરોગ્ય અને અંતઃકરણના સંબંધ વિષે બાપાએ ખૂબ ભાર દઈને કહ્યું કે અંતઃકરણ અશુદ્ધ હોય તો અનેક ઉપાયો છતાં પણ શરીર સ્વસ્થ ન રહે. વળી બીજી બાજુએ, જેમ અંતઃકરણ શુદ્ધ અને સ્થિર હોય તેમ શારીરિક આરોગ્ય પણ અનાયાસે આવે જ. એમણે ભાર દઈને સમજાવ્યું કે વેદાંત પણ એમ કહે છે અને આયુર્વેદ પણ એમ જ કહે છે.

મારી દૃષ્ટિએ સર્વના હિત માટેની આ એક મોટામાં મોટી વાત છે, તથ્ય છે. હવે આયુર્વેદમાં તો એમણે ઉત્તમ પદવી પ્રાપ્ત કરેલી. વાત, પિત્ત, અને કફ આ ત્રણના વિજ્ઞાન વિષયનો તેમનો ત્રિદોષ વિશેનો નિબંધ, તેને બનારસ હિંદુ યુનિવર્સિટી દ્વારા સુવર્ણચંદ્રક આપીને તેમનું સન્માન કરાયેલું. આ જ રીતે સંસ્કૃત શાસ્ત્રોમાં પણ વ્યવસ્થિત અભ્યાસ કરીને એમણે શાસ્ત્રીની પદવી મેળવેલી. વળી જ્યોતિષના પણ તેઓ ઉત્તમ જ્ઞાતા અને પંડિત હતા, પરંતુ આગળ કહી ગયા એમ, અમારી વાતો અને ચર્ચામાં જ્યોતિષ વિષે ભાગ્યે જ એકાદ વાર વાત થઈ હશે. આવી જ રીતે આયુર્વેદની પણ કોઈ મોટી ચર્ચાઓ અમારે થતી નહીં. વાત થતી એ કેવળ સમગ્રતાની અને જીવનની, તથા જીવનને કેવી રીતે આગળ લઈ જવું તેની.

આથી જ, આટલાં બધાં વર્ષોના અમારા સંપર્કમાં 'આત્મા', 'બ્રહ્મ', 'ભક્તિ', 'શરણાગતિ', 'ઈશ્વર', 'ભગવાન' આવા શબ્દોનો ઓછો જ પ્રયોગ થયો હશે. મૂળ વાત આવતી એ જીવન, જીવન કેવી રીતે જીવવાનું અને જીવન સિદ્ધિ તરફ લઈ જવાનું, તેનું વિજ્ઞાન કે પદ્ધતિ એ જ રહેતી. કોઈ ખાસ માન્યતાઓ કે ધારણાઓની વાત પણ વિશેષ આવે નહિ. મુખ્ય વાત ક્રિયાની જ રહેતી, અને બાપા એવું સમજાવતા કે અહીં તો ક્રિયા એ જ મહત્ત્વની વાત છે, ક્રિયાથી જ સિદ્ધિ થાય છે અને ક્રિયાથી જ આનંદ ઉત્પન્ન થાય છે.

દેહનું આરોગ્ય તથા અંતઃકરણના સંબંધ વિશેની આ વાત બાપાએ જે કરી એ મારી દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની છે. આજના આધુનિક વિજ્ઞાનમાં આ વિશે છેલ્લા બે-ત્રણ દાયકાઓમાં અનેકવિધ સંશોધનો થયાં છે. આજે પણ વિશેષ અને વિશેષ સંશોધન આ દિશામાં થતાં જાય છે. જીવ વિજ્ઞાનીઓ, ડૉક્ટરો, મનોચિકિત્સકો અને અન્ય પણ આજે આ વિષે વિચારી રહ્યા છે. આ કારણે

આરોગ્ય તથા અંતઃકરણનો સંબંધ આજે વિશેષ રૂપે સ્પષ્ટ થતો જાય છે.

આજનું પ્રચલિત ઍલોપથી અથવા દવાઓનું વિજ્ઞાન શરીરને કેવળ એક યંત્ર માનીને વિવિધ રાસાયણિક દવાઓ દ્વારા તેને ઠીક કરવાનો પ્રયત્ન કર્યા કરે છે. જ્યાં કેવળ કેમિકલ્સથી તે કામ ન થાય ત્યાં શરીર ઉપર સર્જરી અથવા કાપકૂપ કરવામાં આવે છે. કેવળ રોગને, બહારનાં ચિહ્નો અથવા જેને અંગ્રેજીમાં આપણે symptoms કહીએ છીએ તેને જ, આવાં બાહ્ય ચિહ્નોને જ મહત્ત્વ અપાય છે, પરંતુ આ પ્રકારની વિચારસરણી અથવા જડ માન્યતામાં હવે એક મહત્ત્વનો બદલાવ આવવાની દિશા ખૂલી રહી છે.

આ વિશે વાત કરતાં ઘણાં વર્ષો પહેલાં મુંબઈમાં બનેલો એક રસપ્રદ પ્રસંગ મને યાદ આવી જાય છે. મને તે સમયે શરીરમાં કંઈક તાવ જેવું લાગતું હતું અને એક ડૉક્ટરને મળવાનું બન્યું. એમણે પોતાની રીતે તપાસ કરી લીધી અને કંઈ જ બોલ્યા, કહ્યા વગર ત્રણ-ચાર દવાઓ અને ટીકડીઓ લખવા માંડ્યા અને મારા હાથમાં કાગળ પકડાવી દીધો. સવાર, બપોર, સાંજ કેવી રીતે આ બધી દવાઓ લેવાની છે એની વાત કરી દીધી. હવે આપણે તો વૈજ્ઞાનિક કહેવાઈએ એટલે દરેક બાબતમાં કંઈ ને કંઈ સંશોધન તો કરવું જ પડે! એટલે મેં તરત સવાલ પૂછ્યો કે આ ઉષ્ણતામાન જરા વધારે લાગે છે તો એનું કારણ શું હશે? ડૉક્ટરસાહેબે જે જવાબ આપેલો તે રસપ્રદ હતો. એમણે કહ્યું કે એવા બધા પ્રશ્નો નહીં કરવાના! હા, તાવ જેવું લાગે છે અને તેને માટે તમને આટલી ટૅબ્લેટ્સ લખી આપી છે. એ લેવા માંડો એટલે તે કાબૂમાં આવી જશે. બસ, બીજા વિચાર કરવાની જરૂર નથી. મેં તેમને સમજાવ્યું કે આ તો ભવિષ્યમાં વિશેષ ધ્યાન રાખી શકાય અને ફરી વાર આવું ન થાય એ માટે શું કરવું, એ માટે તમને પૂછ્યું. ત્યારે મંદ હાસ્ય કરીને એમણે એટલો જ જવાબ આપ્યો કે અમે બેઠા છીએ ને, આ બધું વિચારવાને બદલે ફરી વાર મારી પાસે આવી જજો!

બાપાએ જે વાત કરી એમાં બે શબ્દો મહત્ત્વના છે. એક આરોગ્ય અને બીજું અંતઃકરણ.

એમાં કેટલાક પ્રશ્ન પણ ઊભા થાય છે. પ્રથમ તો વાસ્તવિક આરોગ્ય એટલે શું અને અંતઃકરણ એટલે શું સમજવું? વળી આ બંને વચ્ચે સંબંધ કેમ છે અને કેવો છે? આ અંતઃકરણની શુદ્ધિ એટલે શું અને તે કેમ કરવી?

તેમાં આપણે પહેલા તો એ સમજવાનું રહે કે વાસ્તવિક આરોગ્ય એટલે શું? નિરામયતા અથવા નીરોગપણાને આપણે સ્વાસ્થ્ય કહીએ છીએ. રોગનો અભાવ દેહમાં જોઈએ પણ એ માટે અંતઃકરણને સુધ્ધાં નીરોગી કરવું પડે તે વાત એમણે

કરી. અંતઃકરણને નીરોગી કરવા માટે તેને શુદ્ધ કરવું પડે અને એની સૂક્ષ્મતા તથા સ્થિરતા પણ કરવી પડે. જો આ કામ થાય અને એ દિશામાં પ્રગતિ થાય તો જ સાચા અને વાસ્તવિક સ્વાસ્થ્ય તરફ આપણી ગતિ થાય. એ વિષે વિશેષ વાત પછી કરીશું, આજે તો 'આરોગ્ય' એટલે સ્વસ્થતા તથા 'અંતઃકરણ' એટલે સામાન્ય જેને મન, બુદ્ધિ કહીએ છીએ એવો પ્રચલિત અર્થ સ્વીકારીને આગળ ચાલીએ.

વાસ્તવમાં તો અંતઃકરણ એટલે ખરેખર શું તે વિષે આધુનિક મનોવિજ્ઞાનમાં પણ ખાસ સમજણ કદાચ આજ સુધી નથી. કેટલાક ડૉક્ટર મિત્રો સાથે મળવાનું થાય અને એવી વાત થાય કે 'માઇન્ડ' એટલે કે મન અને 'બૉડી' સંકળાયેલાં હોય એવું બને. પૂછીએ કે આ 'માઇન્ડ' તમે કહો છો તે શું છે? ત્યારે તેમનો જવાબ હોય છે, 'નેવર માઇન્ડ!' આમ શરીર અથવા મનના રોગોના ઊંડાણમાં જવાને બદલે કેવળ દવાઓ, રસાયણો અને ટીકડીઓ દ્વારા અને તેના અણુ, પરમાણુ દ્વારા તેની બાહ્ય ચિકિત્સા કરીને આગળ વધી જવું આવો ક્રમ સામાન્ય બની ગયો છે, પરંતુ એમાં પ્રશ્ન એ છે કે વારંવાર રોગો થવાનો ક્રમ, એમાંથી કેવળ આવી પદ્ધતિ દ્વારા બહાર આવી શકાય કે કેમ? એક વાર થોડા સમય માટે સાજા થઈ જઈએ અને ફરી વળી

રોગ થવાનો હોય, જો ફરી વાર એ જ ટીકડીઓ ખાધા કરવાની હોય તો એવી ચિકિત્સાપદ્ધતિનો શો ફાયદો?

પરંતુ આજના સમયની ગતિ અને ઝડપી જીવનપ્રણાલીમાં આવા બધા પ્રશ્નો કરવાનો સમય જ આપણને હોતો નથી અથવા તો એમ પણ કહેવાય કે તેની ટેવ જાણે ચાલી ગઈ છે. આવા સમયે બાપાની આરોગ્ય અને અંતઃકરણની વાત અને એમણે બતાવેલો સંબંધ એ અત્યંત પ્રસ્તુત બની જાય છે. આધુનિક વૈજ્ઞાનિક સંશોધન કરીને એ જાણવું જોઈએ કે સાચું આરોગ્ય અથવા નીરોગિતા પ્રાપ્ત કરવાની આ જ દિશા છે કે કેમ? પછી અચાનક આપત્તિકાળમાં જે તે સમયે જે જરૂરી હોય તે ઉપાયો કરવા પડે તેનો કોઈ વિરોધ નથી, પરંતુ આ સાથે જ મૂળભૂત અને સાચા આરોગ્ય તરફ આપણી ગતિ થયા કરે એ વાતને પણ ખાસ જોવાની છે.

અહીંયાં 'સ્વાસ્થ્ય' એ શબ્દ પણ વિચારવા જેવો છે. 'સ્વ' એટલે પોતે અને પોતાનામાં સ્થિરતા એટલે 'સ્વસ્થતા'. હવે સામાન્ય માણસની સ્થિતિ શું હોય છે? ખરેખર તો એ પોતાનામાં તો સ્થિર હોતો નથી, પરંતુ બહારની દુનિયાના કોઈ ધ્યેયમાં પણ તેની સ્થિરતા આવતી નથી. કેવળ એક જગ્યાએથી બીજી જગ્યાએ તેનું મન અને બુદ્ધિ સતત ફર્યા કરે છે, કોઈ એકધારી સ્થિરતા સિવાય. તેને ક્યારેક આ ગમે છે, તો ક્યારેક કંઈક બીજું. હવે પહેલા તો કોઈ બહારના ધ્યેયમાં પણ સ્થિરતાનો અભ્યાસ કરવો જોઈએ. આવી રીતે મનને ક્યાંય પણ સ્થિર થવાની એક આદત પડે તો પછી પોતાનામાં પણ સ્થિરતા સાધી શકાય. બાપાની વાત પ્રમાણે તો આવું કાર્ય થાય તો જ સાચું અને સુંદર સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાય.

જો શાસ્ત્રીજીએ કહ્યું છે એ ઉપરની વાતને સાચી માનીએ તો મનની શુદ્ધિ અને સ્થિરતા સિવાય સ્વસ્થતા આવે નહીં. એટલે જેનું મન આ રીતે સ્થિર નથી એને તો એક અથવા બીજી રીતે શરીરના વ્યાધિ પણ આવ્યા જ કરવાના. ખરેખર તો, આવી મનની અસ્થિરતામાંથી જ આજે બહુચર્ચિત 'સ્ટ્રેસ' કહીએ છીએ એ મનની અવસ્થા પેદા થાય છે. પછી એણે તો દવાઓ ખાવાની અને થોડા સાજા થવાનું, પણ ફરીથી વળી એક અથવા બીજી માંદગી આવ્યા કરવાની. આપણે જોઈએ છીએ કે આવા ચક્રમાં સમાજનો ઘણો સમૂહ એક અથવા બીજી રીતે ફસાયેલો રહે છે. પછી એમાં ડૉક્ટરો અને દવાના ઉદ્યોગો અને હૉસ્પિટલોનો વિકાસ ઘણો છે, પરંતુ સામાન્ય માનવી તો નીરોગિતા અને સ્વસ્થતા પ્રાપ્ત કરવાથી એકંદરે દૂર જ રહે છે.

વળી બીજી મહત્ત્વની વાત એ પણ છે કે આપણી ભારતીય પરંપરામાં જે

આ પ્રકારનાં સત્ય અથવા તથ્ય છુપાયાં છે તેનું આજના યુગમાં યોગ્ય વૈજ્ઞાનિક સંશોધન થાય એ અત્યંત આવશ્યક છે. આપણે ઉપર વાત કરી તેમ શરીર અને અંતઃકરણના સંબંધ વિશે હવે વૈજ્ઞાનિક સંશોધન વધી રહ્યું છે, પરંતુ આ પ્રકારની પહેલ એ પણ પશ્ચિમના દેશોમાંથી જ આવી રહી છે. આપણા પોતાના દેશમાં તો સંશોધન તરફ વલણ પ્રમાણમાં ઓછું જ જોવા મળે છે. મોટે ભાગે આપણે એવો અભિગમ અપનાવીએ છીએ કે અમે તો સઘળું જાણીએ જ છીએ અને અમારા દેશમાં તો પ્રાચીન શાસ્ત્રોમાં બધું વિજ્ઞાન અને જ્ઞાન ભરેલાં જ પડ્યાં છે. હવે આવી આ વાત સાચી હોય તો પણ તેને સંશોધન કરીને જો બહાર ન લાવીએ તો સામાન્ય માણસને માટે તેનો ઉપયોગ ભાગ્યે જ થાય. આથી સામાન્ય માણસના ફાયદા માટે પણ શાસ્ત્રીજીએ ઉપર કહી એવી અને બીજી અન્ય વાતોના વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય અત્યંત ઉપયોગી અને અનિવાર્ય છે.

૩૭. દેહ અને દેહનું પ્રારબ્ધ:

એક વાર હું શાસ્ત્રીજીને મળવા તેમને ત્યાં પહોંચ્યો ત્યારે તેમના ઘરે પહોંચતાં જણાયું કે તેઓ આરામ કરી પથારીમાં સૂતા હતા. જ્યારે પણ હું એમની મુલાકાત લેતો ત્યારે આવું કંઈ સામાન્ય રીતે જોવા મળતું નહિ, તેઓને ભાગ્યે જ સૂતેલા જોયા હતા. તેમને પૂછતાં એ ખબર પડી કે તેઓ પગથિયાં ઊતરતાં પડી ગયા હતા અને પગના મૂળે થાપામાં થોડી ઈજા થઈ. આથી સારવાર માટે જરૂરી આરામ કરવો પડે એમ હતું.

આ બધું વર્ણન કરીને પછી તેઓ મને કહેવા લાગ્યા કે શરીરને પણ તેનું પોતાનું પ્રારબ્ધ હોય છે અને એમાંથી પસાર થવું જ પડે. તેમાં જરાય ઢીલા ન થવાય, ડરપોક ન બનાય અને તેમાં કંઈ પસ્તાવો પણ ન કરવો જોઈએ. વળી તે હસીને બોલ્યા કે જુઓ આ ઉંમરે કોઈ આવી રીતે પડી જાય તો આવી સ્થિતિમાં તેનું હાડકું તૂટી જાય અને લાંબો ખાટલો આવે, પરંતુ આપણે સારી વાત જોઈએ તો આવું કંઈ થયું નથી!

અહીં મઝાની વાત એ હતી કે સામાન્ય રીતે જ્યારે આવી ઘટનાઓ બને છે ત્યારે લોકો મોટે ભાગે પીડા અને તકલીફમાં હોય છે, તેની જ વાત કરે છે. તેઓ જે મુશ્કેલીમાંથી પસાર થયા અને જે હજી થવાની છે તેની ચિંતા કરે છે, પરંતુ અહીં તો શાસ્ત્રીજીએ આ સઘળું બહુ સહજ અને કુદરતી રીતે અને પ્રકાશ અને આનંદની ભાવનાપૂર્વક લઈ લીધું હતું. એવું કહીને કે શરીરને કંઈક એવું થયું છે જે કદાચ અનિવાર્ય હતું અને શરીર તેના પોતાના સમયમાં આ ચોક્કસ તબક્કામાંથી પણ પસાર થઈ જશે. આથી એ ઘટનાની ચિંતા કરવાની કોઈ જરૂર નથી!

[ક્રમશઃ]



'મેરી માતા કે સરપર તાજ રહે'ના ગાયક માસ્ટર વસંતની કેટલીક યાદો

☐ રજનીકુમાર પંડ્યા

કોણ જાણે કેમ ઓગણ્યાએંશી વર્ષ ઉપરની, માત્ર છ વર્ષની મારી વયની સ્મૃતિમાં એક એવું બિનફિલ્મી ગીત ગુંજ્યા કરે છે કે જેના શબ્દોમાં આરપાર તીવ્ર દેશપ્રેમ છલકાતો હતો અને ગાયકે પોતાના તાલીમી કંઠમાંથી હાર્મોનિયમની અદ્ભુત સુરાવલીની સંગતમાં અતિમધુરા સ્વરે નકરું મધ રેડી દીધું હતું. ઘરનાં બારીબારણાં બંધ કરીને પિતાજી એ ગીત થાળીવાજા ઉપર સંભળાવતા, કારણ કે બ્રિટિશ સરકારે એ બે ભાગના એ ગીત *'મેરી માતા કે સરપર તાજ રહે'* પર જડબેસલાક પ્રતિબંધ મૂકી દીધો હતો અને એની નેગેટિવ (માસ્ટર રેકૉર્ડ)નો નાશ કરી દીધો હતો. કોઈ પોતાના ઘરના બંધબારણે પણ એ ગીત વગાડતાં ઝડપાતું તો પોલીસ પકડી જતી.

૧૯૩૦ની સાલમાં મુકાયેલો એ ગીત પરનો પ્રતિબંધ સત્તર વર્ષ ચાલ્યો. છેક ૧૯૪૭માં કનૈયાલાલ મુનશીના પ્રયત્નોથી

એને હટાવી દેવાયો. ઍડ્વોકેટ-લેખક સ્વ. બકુલ જોશીપુરા મને એમ કહેતા હતા કે બૅરિસ્ટર મુનશીએ એક દલીલ એવી પણ કરી હતી કે પ્રતિબંધ છતાં પણ જો આ ગીત દેશભરમાં આગની જ્વાળાની જેમ ફેલાઈ ગયું છે તો એ પ્રતિબંધનો હુકમ હાંસીપાત્ર બની રહ્યો છે અને એ હાંસી બ્રિટિશ સરકારની જ હાંસી છે. ગમે તેમ પણ પ્રતિબંધ ઉઠાવી લેવાયો ત્યાં સુધીમાં એ ગીતના ગાયક એવા માસ્ટર વસંત દેશપ્રસિદ્ધ બની ચૂક્યા હતા અને એના ગીતકાર માધવજી શુક્લ (મુરાદાબાદ)ને પણ દેશવ્યાપી પ્રસિદ્ધિ મળી ચૂકી હતી.

આ માસ્ટર વસંત તે નાટક જગતના મશહૂર અભિનેતા માસ્ટર વસંત નહીં, પણ મૂળ સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં સારસ્વત બ્રાહ્મણ પરિવારના સંગીતજ્ઞ અમૃતલાલ મદનજીને ત્યાં ૨.૨.૧૯૦૨ના રોજ જન્મેલા સંગીતભાસ્કર બાલગાંધર્વ માસ્ટર વસંત અમૃત. અસલમાં તો એ જામનગર સ્ટેટના આદિત્ય ઘરાણાની પરંપરાના રાજગાયક. એમના લક્ષગુરુ પંડિત ઓમકારનાથ. એમણે ૧૯૪૪માં બનેલી હિંદી ફિલ્મ 'ક્રિષ્ણભક્ત બોડાણા'માં નાયક તરીકે કામ કરેલું, જેમાં તેમનાં નાયિકા હતાં રાણી પ્રેમલતા અને સંગીતકાર હતા અવિનાશ વ્યાસ અને શંકરરાવ વ્યાસ. એમાં માસ્ટરજીનાં ગાયેલાં ત્રણ ગીતો હતાં, જે ઉત્તમ હતાં પણ અભિનેતા તરીકેની સંવાદોની અદાયગીની કળા તેમનામાં નહોતી એટલે પછી તેમને બીજી કોઈ ફિલ્મ ના મળી. પરંતુ વધુ ખ્યાતિ તો એમને ગાંધીજીની પ્રભાતફેરીઓમાં એ આગળ હાર્મોનિયમ લઈને ગાતા એ વખતે મળી. ત્યારે ગાંધીજીની સાથોસાથ એમને પણ જોવાની પણ લોકોને ઇંતેજારી રહેતી એટલા એ સોહામણા અને રૂપાળા પણ હતા. એમના આ એક ઉપરાંત અન્ય અનેક ગીતોની રેકૉર્ડ્સ બહાર પડી હતી અને ધૂમ વેચાઈ હતી. *'નાગર નંદજીના લાલ, રાસરમંતા મારી નથણી ચોરાણી', 'ઇધર સુદામા, ઉધર કનૈયા', 'મથુરામેં સહી, ગોકુલમેં સહી'* ઉપરાંત રાગ *દુર્ગામાં ગવાયેલું 'ફૂલ રહી બેલરીયા', 'દો દિન કા મેલા', 'દો ફૂલ સાથ ખિલે, કિસ્મત જૂદા જૂદા હો'* જેવાં અનેક પણ એમની એક ચતુષ્પંક્તિ તેમના ગાનથી જબરદસ્ત લોકપ્રિય થઈ હતી.

'દેખા શ્રી રાધિકાને સ્વમુખકમલ પાનીમેં,
ડૂબા હૂઆ હો જૈસા ચંદ્રમંડલ પાનીમેં,
બ્રિજ કે ગ્વાલબાલબાલિકા પૂકાર ઉઠે,
દેખો, દેખો, આજ આયા ચાંદ નિકલ પાનીમેં'

આ બધા એમના કંઠની અનન્ય મોહિની શૈશવથી જ મનમાં સચવાઈ રહી હોવા છતાં વર્ષો લગી એમનો પત્તો નહોતો મેળવી શકાયો, પણ ૧૯૮૧ની સાલમાં તેમને મારા સાહિત્યકાર મિત્ર (હવે તો સ્વર્ગસ્થ) ભગવતીકુમાર શર્માની મદદથી સુરતમાં વરાછામાં જ

ખોળી શકાયા અને પછી જે બન્યું તેનો તો બહુ લાંબો ઇતિહાસ છે, જે આ નાનકડા લેખમાં સંગોપવો બને તેમ નથી (પૂરો વિસ્તૃત લેખ પુસ્તક આર. આર. શેઠ દ્વારા પ્રકાશિત મારા "આપકી પરછાઇયાં" પુસ્તકમાં મળે).

એ વખતે ચીમનભાઈ પટેલની સરકાર પાસેથી તેમને માસિક માત્ર પાંચસો રૂપિયાની મદદ મેળવવા માટે મારે બહુ ઝઝૂમવું પડ્યું. બેશક, ચીમનભાઈએ તો મંજૂર કરી દીધું હતું, પણ પછી અમલદારશાહીનો કોઠો વીંધતાં છેક માસ્ટરજીના મરણની ઘડી આવી ગઈ. સુરતની અશક્તાશ્રમ હૉસ્પિટલમાં એમના અંતિમ શ્વાસ ગણાતા હતા ત્યારે લગભગ સત્યાગ્રહની કક્ષાના મારા અત્યાગ્રહથી એક અમલદાર એમને ચેક આપવા રૂબરૂ આવ્યા ત્યારે માસ્ટર વસંતના ચહેરા ઉપર એક ઠંડું સ્મિત એ ચેકને જોઈને આવ્યું હતું. એ સ્મિતનો અર્થ નિઃશ્વાસ થતો હતો. હવે એ ઘી પૂરવા છતાં પણ બુઝાતો ના અટકાવી શકાય એવી ધ્વસ્ત દિવેટનો દીવો હતા. એ પછી એમણે મને કંપતા હાથે એક આભાર પત્ર લખ્યો હતો, જે મારી પાસે સચવાયો છે.

એમના અવસાન પછી એમના નિઃસંતાન વિધવા એવાં વિજયાબાને મદદરૂપ થવાનો પ્રયત્ન મેં *'જન્મભૂમિ-પ્રવાસી'* અને *'ફૂલછાબ'*ની પૂર્તિઓ દ્વારા કર્યો હતો.

પણ ફરી પેલા *'મેરી માતા કે સરપર તાજ રહે'* ગીતની વાત કરીએ. મૂળ રેકૉર્ડમાં પણ નથી તેવી કેટલીક પંક્તિઓ તેમણે મારા ઉપરના પત્રમાં લખી છે, તે પત્રમાં એમને લખેલી એ વધારાની પંક્તિઓ સાથે આખા ગીતનો પાઠ આ પ્રમાણે છે.

મેરી જાં ન રહે, મેરા સર ના રહે, સામાં ન રહે, ના યે સાઝ રહે,
ઔર હિંદ મેરા આઝાદ રહે... મેરી માતા કે સરપર તાજ રહે,
પેશાનીમેં જિસકે શોભે તિલક, ઔર ગોદમેં ગાંધી બિરાજ રહે,
ન યે દાગ બદનમેં સુફેદ રહે, ન તો કોઢ રહે, ન યે ખાજ રહે.
મેરી માતા કે સરપર...
સીખ, હિંદુ, મુસલમાં એક રહે, ભાઈ ભાઈ કા રસ્મો રીવાજ રહે,
ગુરુ ગ્રંથ, કુરાન પૂરાન રહે, મેરી પૂજા રહે ઔર નમાઝ રહે.
મેરી માતા કે સરપર...
યે કિસાન મેરે ખુશહાલ રહે, પૂરી હો ફસલ, સુખસાઝ રહે,
મેરે બચ્ચે વતનપે નિસાર રહે, મેરી માં બહીનોં કી લાજ રહે.
મેરી માતા કે સરપર...
મેરી ગાય રહે, મેરે બૈલ રહે, ઘરઘરમેં ભરા સબ અનાજ રહે,
ઘી દૂધ કી નદિયાં બહેતી રહે ઔર આનંદ ઔર સ્વરાજ રહે.
મેરી માતાકે સરપર...
માધવકી હૈ ચાહ, ખુદાકી કસમ, ઔર મેરે

બાદ વફાત યે બાત રહે.
ગાઢેકા કફન હો સરપે પડા, ઔર વંદે માતરમ્ અલ્ફાઝ રહે.
મેરી માતા કે સરપર...

ગ્રામોફોન રેકૉર્ડમાં તેમણે આટલી પંક્તિઓ ગાયેલી પણ તેમાં નહીં ગવાયેલી પણ મૂળ કાવ્યમાં હતી તેવી નીચે મુજબની ચાર પંક્તિઓ તેમણે મને ૧૦-૬-૮૧ના પત્રમાં લખી મોકલેલી :
મેરી ટૂટી મઢૈયામેં રાજ રહે, કોઈ ગૈર ન દસ્તંદાઝ રહે,
મેરી બીનકે તાર મિલે હો સભી, ઔર ભીની મધુર આવાઝ રહે.
મેરી માતા કે...

ઉત્તર પ્રદેશના શહેર મુરાદાબાદના કવિ માધવલાલ શુક્લની કલમમાંથી નીપજેલું આ ગીત ૧૯૨૯માં રેકૉર્ડ થયેલું પણ તે દેશદાઝથી છલોછલ હતું. ઉપરના પાઠમાં અમુક શબ્દો જોઈશું તો એ વાત વધારે સ્પષ્ટ થશે.


'પેશાનીમેં જીસકે શોભે તિલક' માત્ર લલાટે તિલક હોવાનો જ નહીં, પરંતુ ભારતના ભાલ પર સોહી રહેલા લોકમાન્ય તિલકનો એમાં સંકેત છે. *'ગોદમેં ગાંધી'*નો અર્થ તો સ્વયં સ્પષ્ટ છે જ, પરંતુ દેશના નકશામાં અંગ્રેજ સત્તાનો નિર્દેશ કરતા સફેદ રંગને *'દાગ બદનમેં સુફેદ, કોઢ અને ખાજ'*નું ઇંગિત આપવામાં આવ્યું છે. વચ્ચેની પંક્તિઓ તો સર્વ ધર્મની કોમી એકતા અને સુખ, સમૃદ્ધિનો આશાવાદ પ્રગટ કરે છે, પરંતુ છેલ્લી ગવાયેલી ચાર પંક્તિઓમાં એવી-એવી કામના વ્યક્ત કરવામાં આવી છે કે મારા મૃત્યુ પછી *(મેરે બાદે વફાત)* પણ આ સુખસમૃદ્ધિ બરકરાર રહે. મારા મૃતદેહ પર ખાદીનું જ ખાંપણ *(ગાઢેકા કફન)* હોય અને મારા અંત સમયે હોઠ પર *'વંદે માતરમ્'* શબ્દો જ હોય.

કોઈ અજબ ચુંબકીય આકર્ષણ તે ગીતમાં હતું કે જે કોઈ ફિલ્મ કે નાટકના ગીતમાં ના હોય. માત્ર એની તેજાબી શબ્દાવલી અને હાર્મોનિયમની કોઈ અજબ સુરાવલીની સંગતમાં માસ્ટર વસંતની પરિશુદ્ધ ગાયકી-અદાયગી તેની પ્રચંડ અને દેશવ્યાપી પ્રિયતાનું રહસ્ય હતી.

આ અનન્ય ગાયકનું અવસાન 19મી જાન્યુઆરી, ૧૯૯૧ના દિવસે સુરતમાં થયું.

એ નિઃસંતાન હતા. માસ્ટરજીના અવસાન પછી વચ્ચે એક વાર વેરાવળ રહેતાં તેમનાં પત્ની વિજયાબાએ તેમનું હાર્મોનિયમ વેચવા કાઢ્યું હતું ત્યારે મારી કૉલમ દ્વારા કોઈ ચાહકને એ ખરીદી લેવા મારી કટાર દ્વારા મેં જાહેર અપીલ કરી હતી ત્યારે એક વ્યક્તિએ એ રૂપિયા અગિયાર હજારમાં તે ખરીદી લીધું હતું. ત્યાર પછી અત્યારે તેમના પરિવારના કોઈ સગડ નથી.

નોંધ: *કોઈ વાચક જો મને ઈ-મેઇલથી જણાવશે તો આખું અસલ ગીત માસ્ટરજીના સ્વરમાં મને ઈ-મેઇલથી મોકલતાં આનંદ થશે*
rajnikumarp@gmail.com



શ્રી કાન્તિ ભટ્ટ : એક અપ્રગટ મુલાકાત

☐ મુલાકાત અને ફોટોગ્રાફ : સંજય વૈદ્ય

નામ-અટક : કાન્તિ હરગોવિંદ ભટ્ટ

જન્મતારીખ – જન્મસ્થળ : ૧૫ જુલાઈ, ૧૯૩૧, સૌરાષ્ટ્રના સથમા (ગોપજ-તળાજા) ગામે

પિતા-માતાનું નામ : પિતા : હરગોવિંદ ભટ્ટ (શિક્ષક) માતા : પ્રેમકુંવર (નિરક્ષર)

મૂળ વતન : ઝાંઝમેર (ગોપનાથ-તળાજા નજીક)

ડિગ્રી-ઉપાધિ : બી.કૉમ. ૧૯૫૨, મહારાજા સયાજીરાવ યુનિ. વડોદરા

વ્યવસાય : પત્રકારત્વ, કટારલેખક, વાર્તાલેખક

જીવનસાથી : શીલા ભટ્ટ, પત્રકાર એક્ઝિક્યુટિવ એડિટર, રિડીફડોટ.કૉમ, ૯૮૨૧૦૧૬૩૬૯૭

સંતાન : શક્તિ ભટ્ટ, ૨૦૦૮માં અવસાન, ૨૭ની વયે.

વજન : ૧૫ વર્ષથી માપ્યું નથી. હાડપિંજર કહી શકાય તેવું શરીર.

ઊંચાઈ : ૬૬ ઇંચ.

સ્વભાવ : ચિંતાખોર પણ લહેરી – વિરોધાભાસવાળો સ્વભાવ. લેરખડો પણ પત્રકારત્વમાં અપટુડેટ રહેવાની ચિંતા.

હૉબી : 'ગરીબ' માણસને હૉબી પોષાય?

ફોબિયા : આવતી કાલે મારાથી સારો લેખ - કટાર નહીં લખાય તો?

અતિપ્રિય વ્યક્તિ : બીના ત્રિવેદી – ભાણેજ પુત્રી

વ્યસન : લેખનનું વ્યસન.

મહેચ્છા : સમુદ્ર કાંઠે ગામડામાં ઝૂંપડું (આધુનિક) બનાવીને નિવૃત્તિ ગાળવી.

તમારો સૌથી મોટો ગુણ : કોઈને ઉપયોગી થવું, કોઈને નડવું નહીં, બીજાનો માર્ગ સરળ કરી દેવો.

તમારો સૌથી મોટો અવગુણ : કોઈ ખેવના કે ગુંજાશ નથી તોય રોમૅન્ટિક બનવું.

જીવનમાં બનેલી શ્રેષ્ઠ ઘટના : બધી જ ઘટના એકબીજાને ચઢિયાતી છે. પત્રકારત્વમાં અવનવા અનુભવો થયેલા છે. ઇંદિરા ગાંધી વડાં પ્રધાન તરીકે સાસણગીરમાં આવ્યાં ત્યારે તેને મારો કૅમેરો આપીને સિંહ-સિંહણના ફોટા લેવા કહ્યા પછી તેની સાથે બાજરાનો રોટલો અને રીંગણાનો ઓળો ખાધો.

ભાવકો સાથે કેવો સંબંધ છે? શક્તિ (પુત્રી) ઉત્તમ મિત્ર હતી.

લેખકોમાં સૌથી વધુ કોણ ગમે? કેમ? : કોલિન વિલ્સન, સેક્સનો શ્રેષ્ઠ લેખક

સાહિત્ય તમારે માટે શું છે? : સાહિત્ય મારે માટે કાચો માલ છે.

ગમતા ત્રણ વિદેશી સર્જકો? : કોલીન વિલ્સન, એલન વોટ્સ, બરટ્રાન્ડ રસેલ

ગમેલી એક ઉત્તમ ફિલ્મ અને એક નાટકનું નામ : 'કાગજ કે ફૂલ.' જિંદગીમાં સુગંધી ફૂલ કરતાં કાગજ કે ફૂલ મને વધુ મળ્યાં છે. ગુરુ દત્તના એક ગાયનવાળી 'જલાદો ઇસે ફૂંક ડાલો યે દુનિયા – મેરે સામને સે હટા લો યે દુનિયા. અક્ષરશઃ આવું કહેવાનું મન આજની દુનિયા જોઈને થાય.

સ્વદેશ-વિદેશમાં પર્યટનો-પ્રવાસો કેટલાં થયાં? : અઢળક.

કયું વાહન વાપરો છો? : મોટર, મહિને એકાદ વાર વાપર્યા વગર પડી રહે છે.

ગમતાં દૈનિક-સામયિકનું નામ : ભારતમાં એક પણ નહિ. વિદેશના 'ધ આટલાન્ટિક', 'ધ નેથન', 'દર સ્પીગલ' (der Spiegel -જર્મન).

વિદેશની ધરતીના ઉત્તમ અનુભવ : સ્ટીમરની તમામ સફર.

ગુસ્સો ક્યારે આવે? : સમયનું મારા જેમ કોઈ પાલન ન કરે ત્યારે.

તમારી સાવ વાહિયાત ટેવ : બધી જ ટેવો ઉત્તમ.

તમારા દેખાવ વિશે કેટલા સભાન છો? : મારા દાંત એક ડૉક્ટર મિત્રએ પાડી નાખ્યા પછી મારો ચહેરો ગમતો નથી. એ પહેલાં મારો દેખાવ કુદરતી રાખતો.

જીવનમાં જોયેલી સૌથી સુંદર સ્ત્રી કોણ? : શીલાની નાની બહેન રીટા.

કોઈ વળગણ : સંબંધો? બધાં વળગણો જ છે.

અધૂરી ઇચ્છા કઈ? : સુંદર મનગમતી સ્વેચ્છાથી પરણેલી સ્ત્રી મેળવીને લગ્ન કરવાની ઇચ્છા અધૂરી છે. એટલે કે જીવ અવગતિએ જશે. 'કુંવારો' મરીશ.

૨૪ કલાકમાં ગમતો સમય કયો? : લેખ લખાઈ જાય પછીનો સમય.

કોઈની તસવીર બેડરૂમમાં રાખો છો?: તસવીર બધી હૃદયમાં.

તમારા વિશે કોઈ પણ જૂઠું વાક્ય બોલવાનું હોય તો શું બોલશો?: ઉપર લખેલું તમામ જુઠ્ઠું છે. ૨૧ વર્ષની ઉંમરે હું મૌલિકમાં મૌલિક હતો. આજે જિંદગી જૂઠ છે.

પહેરવેશ? ખાદી પહેરવી ગમે? : ઇન્ટરકૉમર્સ સુધી પૂરી ખાદી. બી.કોમ. થયા પછી ખાદીનું શર્ટ ૧૯૫૨ સુધી.

પ્રિય ભોજન - પ્રિય રેસ્ટોરાં : હાથે બનાવેલું દૂધીનું શાક અને રોટલો.

સૌથી સુખદ અનુભૂતિ? : હૈદરાબાદમાં શીલા સાથે અને વિજ્ઞાનીઓ સાથે પૂર્ણ સૂર્યગ્રહણ જોયું.

Extramarital સંબંધ વિશે? : હરામનું ધન, હરામ - પણ તમે અંગ્રેજી શબ્દ લખ્યો. તે હરામનો પ્રેમ મીઠો છતાં તદ્દન useless.

અત્યાર સુધીની ઉંમરનું કયું વર્ષ શ્રેષ્ઠ ગણશો? : ૧૯૬૪માં જ્યારે પિનાંગ બંદરેથી રંગૂન થઈ એક બંગાળીની પત્ની સાથે સફર.

જીવનભર જો કોઈ એક જ ઉંમરના રહી શકાતું હોય તો કઈ ઉંમરના બની



રહેવું ગમશે? : એવી ઉંમર જ્યારે કમાણી કરવાને બદલે જલસા કરતા, ૧૯૬૨.

આંખના ખૂણા ક્યારે ભીના થઈ જાય? : કરુણ ગીત સાંભળીને કે કોઈ વધુ પડતો પ્રેમ બતાવે ત્યારે.

પત્ની વિશે : ત્રણ પત્નીઓ, ત્રણેયનો લેવાદેવા વગરનો ગુનેગાર.

ગમતી હીરોઇન - મનપસંદ હીરો : વિદ્યા બાલન - ગુરુ દત્ત.

મનગમતું કાર્ય : કાવ્ય લખવું.

કેટલા વાગ્યે ઊઠો છો? : સૂવાનું રાત્રે ૯.૪૫, ઊઠવાનું ૪.૩૦થી ૫.૦૦.

દૈનિક પ્રવૃત્તિમાં અનિવાર્ય શું? : લેખન. હાથે ચા બનાવવી.

છેલ્લી કઈ ફિલ્મ જોયેલી? કઈ સિરિયલ જુઓ છો? : મારો મિત્ર ડૉ. પંકજ નરમ ફિલ્મ જોવા લઈ જાય તો જાઉં, ભાણેજ બીના ત્રવેદી પરણી નહીં ત્યાં સુધી મહિને એકાદ વાર તેની સાથે ફિલ્મ જોતો. છેલ્લા છ મહિનાથી ફિલ્મ નથી જોઈ.

કેવો સાધુ - સંન્યાસી ગમે? : મુક્તાનંદ સ્વામી જેવા.

ડિપ્રેશન આવે? : આવે અને જાય.

લગ્ન એટલે શું? : વારંવાર બેડીમાં બંધાવું ગમે.

પ્રેમ એટલે શું? : પ્રેમ એટલે પ્રેમ, મોટા ભાગે એક તરફી પ્રેમ અને પ્રેમ કરી કદાપિ પસ્તાવું નહીં.

ગુજરાતી હોવું એટલે શું? : ગુજરાતીને બદલે કાઠિયાવાડી થવું. કાઠિયાવાડી થવું એટલે લેરખડા થવું.

સર્જનમાં કોઈ પ્રેરણામૂર્તિ હતી? છે? : જે કોઈ સુંદર યુવતી જીવનમાં આવી તે આજ સુધી (૭૮ની ઉંમરે) તમામ.

પ્રારંભકાળમાં કયા મુખ્ય લેખકો અને કઈ કૃતિઓનો પ્રભાવ સ્વીકારો છો? : ઝવેરચંદ મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, ર. વ. દેસાઈ.

અંગત પુસ્તકાલયમાં કેટલી કિતાબો છે? : અગણિત રૂ. ૨૫થી ૩૦ લાખની.

સર્વપ્રથમ મૌલિક પ્રકાશિત કૃતિનું નામ. : 'બચુમામા' નામની ટૂંકી વાર્તા 'નવનીત સમર્પણ'માં છપાઈ.

સવારે લખો કે મોડી રાત સુધી? : સવારે જ.

અવાજો વચ્ચે, પ્રવાસ દરમિયાન કે એકાંતમાં લખવું ફાવે? : કોઈ પણ હાલતમાં અનિવાર્ય લેખન ફાવે. ઘોંઘાટ વચ્ચે, ટ્રેનમાં, મોટરમાં, વિમાનમાં, સ્ટીમરમાં, મડદા ઉપર બેસીને.

લેખન માટે કોઈ ખાસ સ્થળ વિશેષ : ઘરે મારું રેફરન્સ ફાઈલોથી ભરેલું ટેબલ.

લખતાં-લખતાં કોઈ અચાનક જ આવી ચઢે ત્યારે કેવું અનુભવો? : સહજ



છેલ્લી નકલ પૂર્વે કેટલી વાર લખો છો? : મારો લેખ (મેન્યુસ્ક્રિપ્ટ) આખરી કૉપી હોય.

આરંભે કયાં સામયિકોમાં કૃતિ પ્રકાશિત થવાથી હર્ષની લાગણી જન્મેલી? : ‘નવનીત’માં.

કઈ-કઈ કૃતિઓથી કીર્તિ મળી? : ‘ચિત્રલેખા’માં મારી ઇન્વેસ્ટિગેટિવ સ્ટોરીઓથી.

કેટલા સાહિત્યપ્રકારો, લેખનપ્રકારો અજમાવ્યા? : મેઘાણી અને પત્રકારત્વમાં મારો પ્રકાર હંમેશાં લેખને કોઈ ટુચકા કે અવતરણથી શરૂ કરવો.

પ્રસિદ્ધ પુસ્તકોની સંખ્યા : ૪૦-૪૫-૫૦?

પ્રિય ત્રણ ભારતીય લેખકોનાં નામ : ઉપર પ્રમાણે

આપની શ્રેષ્ઠ કૃતિઓ : તમામ લેખ શ્રેષ્ઠ.

માનઅકરામ : ‘ચિત્રલેખા’નો વજુ કોટક ગોલ્ડ મેડલ અને ગુજરાતી સાહિત્ય પરિષદનું ઇનામ વગેરે વગેરે.

પુરસ્કાર યા પારિતોષિક લેખન માટે ઉત્સાહ વધારે છે? : પારિતોષિક જ નહીં, લેખ વાંચી વાચકના ફોન આવે તે વધુ ઉત્સાહ વધારે છે.

સિનેમા, ટીવી, ઇન્ટરનેટ જેવાં માધ્યમોના આક્રમણથી સાહિત્યસર્જનનો પ્રભાવ ભવિષ્યમાં ઘટશે? : સાહિત્ય વાંચન ઘટશે, સર્જન નહીં ઘટે, સર્જન કદી ઘટે

નહીં, સર્જન વગર જિંદગી નથી.

વાંચન માટે વખત બચે છે? આજકાલ શું વાંચો છો? પ્રિય પુસ્તક? : વાંચવું એ પણ વ્યવસાય છે. બધાં જ પુસ્તકો પ્રિય. દિવસમાં પાંચ-છ પુસ્તક ઊથલાવવાં જ પડે.

તમારી સૌથી કડક ટીકા કોણે કરી છે? : અમદાવાદના તમામ પત્રકારો મારા અંદરથી ટીકાકાર છે. અકારણ લેવાદેવા વગરના હું તમામને ચાહું છું.

ઈશ્વરમાં માનો છો? ક્યારે યાદ આવે? : ઈશ્વરમાં માનીએ અને ઈશ્વરને સતત ભાંડીએ પણ ખરા. ઈશ્વર બડો અન્યાયી છે?

જીવનમાં પાછું વળીને નજર નાખો, એક સાક્ષી (નિરીક્ષક, Witness) તરીકે શું દેખાય? : પીડા... પીડા... પીડા...

'મને અફસોસ છે કે...' આ વાક્ય પૂરું કરશો? : હું શું કામ જન્મ્યો.

પૈસાનો મોહ ખરો? : પૈસાનો મોહ નથી કહેનારા હિપોક્રેટ છે.

મૃત્યુ વિશે શું વિચારો છો? : મૃત્યુથી ડરતો નથી એવું વિચારું છું કે મોડું-મોડું આવે.

જીવન પાસે શી અપેક્ષા છે? : સુંદર જીવનસાથી.

કોઈ મોહ, જે છૂટતો નથી? કોઈ ભૌતિક મોહ? : સુંદર જીવનસાથીનો.

બાળકોને પૂરતો સમય આપ્યો છે? : ના.

મિત્રદ્રોહ અને રાષ્ટ્રદ્રોહ - શું પસંદ કરશો? : કશું જ નહીં, કોઈનો પણ દ્રોહ કરવો નહીં. નોકરનો પણ નહીં, પ્રેમનો પણ નહીં.

જિંદગીમાં કશુંક દુનિયાની નજરોથી છુપાવવા જેવું છે? : પ્રેમસંબંધો.

સુખની તમારી વ્યાખ્યા? : પોતાના દિલની વાત કહેવી તે મોટોમાં મોટું સુખ.

જીવનનો મુદ્રાલેખ? : મુદ્રાલેખો લખી લખીને ફાડી નાખ્યા.

હસ્તાક્ષર : 

'આપણી જિંદગી મર્યાદિત છે. બહુ મોટી અને પોલી મહત્ત્વાકાંક્ષા પાછળ પડવાને બદલે જે કામ સારું હોય અને હાથવગું હોય એ તરત જ કરજો. ઘણીવાર એક સારું કામ બીજા માટે રસ્તા ખુલ્લા કરશે. નામના અને કીર્તિ બધાને ગમે છે, પરંતુ મોટેભાગે એની પાછળ પડનારની એ દૂર ભાગે છે. અને જે માણસ નિષ્ઠાપૂર્વક પોતાને મનગમતું કામ કરે છે એને જરૂરી કીર્તિ સામેથી આવીને મળે છે અને ન મળે તો એને એનો અફસોસ થતો નથી.'

- મોહમ્મદ માંકડ



ન હકાર, ન નકાર

☐ ધર્મેશ ગાંધી

આ વખતે તો ખાસ કાર્ડ છપાવ્યું. કેયૂરનું જ કામ હશે અથવા તો ચિરાગનું. લાકડાના ટેબલના ખૂણે પડી રહેલું સુવર્ણરંગી કાર્ડ એણે હાથમાં લીધું. વરખ ચઢાવેલી શાહી મીઠાઈ જાણે! વચ્ચોવચ, નકશીકામ કર્યું હોય એવું ગુલાબી ઝાંયવાળું કમળનું ફૂલ. ઉપરની તરફ, પાંખ પહોળી કરીને ઊડી રહેલો હંસ. પાછળ-પાછળ વિશાળ આકાશમાં ઉડાન ભરવા માટે પાંખો ફફડાવી રહેલાં બચ્ચાં... એ લોકોને આવા ખર્ચ પોસાય પણ ખરા.

બાર-તેર વર્ષ પહેલાં જ્યારે પહેલી વખત ભેગા થવાના હતા ત્યારે તો એમણે ફોન કરીને બધાને જાણ કરેલી. જોકે એને ત્યારે જાણ નહીં થઈ શકેલી. મોબાઇલ ક્યાં હતો એની પાસે! ઘરનું સરનામું પણ ખાસ કોઈને ધ્યાનમાં નહીં હોય. એ તો એક દિવસ બસમાંથી ઊતરતી વખતે સ્મિતે એને જોઈ લીધો હતો. પાનના ગલ્લે સ્પૉર્ટ્સ-બાઇક પર બેઠેલો સ્મિત અફસોસ વ્યક્ત કરતો હોય એમ બોલેલો, ‘યાર,

તું દેખાયો નહીં ગેટ ટુગેધરમાં! ફોન તો આવેલો ને?'

પ્રયત્ન તો એણે પોતે પણ એવો જ કરેલો કે ચહેરા ઉપર અફસોસ છલકાઈ ઊઠે. 'હા યાર! વરસો વીતી ગયાં, બધાથી છૂટા પડ્યા ને. મળવાની ઇચ્છા તો બહુ હતી. બટ, યૂ નો...'

સ્મિતે એના ખભા ઉપર સિગારેટવાળો હાથ થપથપાવતાં કહેલું, 'ઇટ્સ ઓકે બ્રો! નેક્સ્ટ ટાઇમ!'

સ્મિતની સિગારેટના ધુમાડામાં એના ચહેરાના મૂળ ભાવ છુપાઈ ગયેલા. 'ચાલ, જરા ઉતાવળમાં છું.' કહીને એ ત્યાંથી નીકળી ગયેલો. દૂર જઈને ઊંડો શ્વાસ લીધો હતો, હાશકારો થયો હોય એમ.

ઓચિંતી જ ટ્રેનની તીણી ચીસે એના વિચારોને કચડી નાખ્યા. નજીકની રેલવેલાઇન ઉપરથી ચીસો પાડતી ટ્રેન પસાર થઈ રહી હતી. એના જ નહીં, આખા ઘર ઉપર આછી કંપારી ફરી વળી. સ્થિર થવાનો પ્રયાસ કર્યો. કાચી ભીંતનો સહારો લીધો. નોકરી ને ઘર, બંને જગ્યાએ સ્થિર થવા માટે સંઘર્ષ કરતા પિતાનો ચહેરો નજર સામે ફરી વળ્યો. ટ્રેનનાં પૈડાંની જેમ ગોળ-ગોળ ફરતો ચહેરો. પોતે પણ અનેક વખત વિચાર્યું હતું, બીજે રહેવા જતા રહેવું. આમ ક્યાં સુધી ધ્રૂજતા રહેવું! જવું છે, પણ ક્યાં? ટ્રેન પસાર થઈ ચૂકી હતી.

'આ વખતે જઈ આવો.' સ્વાતિ કાનમાં કહેતી હોય એમ હળવા અવાજે બોલી.

'હેં!' ચોંકી જવાયું, કશે એકલો રહેવા માગતો હોય અને ઓચિંતું જ કોઈ જોઈ જાય એમ.

'હેં શું? તમારા મિત્રોએ રિયુનિયન માટે સપરિવાર આમંત્રણ આપ્યું છે ને!'

'ના, ના. નથી જવું. મને નહીં ફાવે.'

'સન્ડે જ તો છે! આમ પણ શું કરશો? પપ્પાજીના ગયા પછી તમે નોકરીએ જવા સિવાય ખાસ કશે નીકળ્યા હોય એવું યાદ નથી. આ બહાને જરા...'

'પપ્પાજી!' એણે સોનેરી આકાશમાં ઊડી રહેલા હંસને જોયા કર્યું. લાંબી ડોક, લાંબા પગ, કદ પણ કેવું મોટું! ઊડવા માટે સામે ખુલ્લું આકાશ. એની આંખો સામે વાદળ જેવું ધૂંધળું આવરણ છવાવા લાગ્યું. હંસ એક કાળા વાદળમાં અટવાઈ પડ્યો હતો. પાછળ ઊડતાં બચ્ચાં દિશાનું ભાન ન રહ્યું હોય એમ ચકરાવો લેતાં જમીન તરફ આવવા માંડ્યાં. એણે આંખો મીંચી દીધી.

'છેલ્લે, પાંચ વર્ષ પહેલાં બધા ફરી ભેગા થયેલા ત્યારે તો તમે...'

ત્યારે તો ચિરાગ સીધો ઘરે જ આવી પહોંચેલો. શોધી કાઢ્યું હશે પૂછી-પૂછીને. 'તો તું અહીં રહે છે!' જાણે તાજમહાલ નિહાળતો હોય એમ ચોમેર નજર ફેરવતાં બોલેલો, 'અઇલા, આ વખતે તો તારે આવવાનું જ છે, એનીહાઉ! ગયા વખતે, ફોન નહીં

આવેલો એમ કહીને છટકી ગયેલો. દર વખતે એમ લીંબુ પકડાવે એ નહીં ચાલે.'

ચિરાગને ચોખ્ખી ના કહી દેવાનું મન થઈ આવેલું, પણ સ્વાતિએ રસોડામાંથી ઇશારો કરેલો, આંખથી જ. જઈ આવો ને! એ કશું બોલી ન શકેલો, ન સ્વાતિને, ન ચિરાગને. ન હકાર, ન નકાર.

કાર્ડને ફરી ટેબલના ખૂણામાં ધકેલી દે એ પહેલાં સ્વાતિએ કાર્ડ હાથમાંથી લઈ લીધું. ઉઘાડ્યું. હળવું સંગીત વાગવા માંડ્યું. સ્વાતિએ ખુલ્લું કાર્ડ એની સામે ધરી દીધું. 'મઢી હાઇસ્કૂલ ગૅન્ગ રિયુનિયન'. રૂપેરી અક્ષરો ચળકી રહ્યા હતા. નીચે શાળાના દિવસોની યાદ તાજી થાય એવી ચાર-પાંચ પંક્તિઓ. ડાબી તરફ શાળાના ટ્રસ્ટીઓનાં, જમણી તરફ શિક્ષકોનાં નામ. નિમંત્રિત તરીકે વચ્ચોવચ એનું નામ. અંતમાં લાલ લચકદાર અક્ષરે ધમકી જેવી ઉક્તિ : 'ભાઈ ને બોલા આને કા મતલબ આને કા... બહાનેબાઝી નઈ મંગતા... વરના ઠોક ડાલેંગે....' અંતમાં ત્રણ સ્માઇલી સ્ટિકર- એક ઍન્ગ્રી ફેસ, બીજું બંદૂક, ત્રીજું રેડ-હાર્ટ. વાંચીને હસવું આવી જવું સહજ હતું, પણ એના માટે કોઈ પરિસ્થિતિ સહજ રહી ન હોય એમ ચહેરો ટ્રેનના પાટા જેવો જ રહ્યો. સખત. સપાટ.

રેલવેલાઇન પરથી પસાર થઈ ચૂકેલી ટ્રેનની પાતળી અસર હજીયે વાતાવરણમાં ઘૂમરાઈ રહી હતી. સ્વાતિ ઘણી વખત કહેતી, ટ્રેન કંઈ અટકવાની છે? આગળ વધતાં રહેવું એનું કર્મ જ નહીં, નસીબ પણ છે. વળી ટ્રેન ક્યાં એના માથા ઉપરથી પસાર થાય છે કે આટલો ભાર લઈને જીવવું! એ ચૂપ થઈ જતો, ટ્રેન ગુજરી ગયા પછી વાતાવરણમાં વ્યાપી ગયેલી ખામોશીની જેમ, પણ એના મસ્તિષ્કમાં ચોંટી ગયેલાં દૃશ્યો ખામોશ થઈ શકતાં નહીં. મુસાફરોની ધક્કામુક્કીમાં ડબ્બાના ખૂણામાં ધકેલાઈ જતું સૂકલું શરીર. ટ્રેનના પગથિયે લટકતો, ઊતર-ચઢ કરતો એક નખાઈ ગયેલો દેહ. દરવાજા આગળનો સળિયો એટલી મજબૂતીથી પકડી રાખ્યો હોય કે જાણે આખી ટ્રેનનો ભાર પોતાના ઉપર લઈ લેવા માગતી હોય એવી ઝોલાં ખાતી કૃશ કાયા.

નથી જવું આ વખતે પણ. એણે કાર્ડ ઝૂંટવીને ઘા કર્યો. કાર્ડ ટેબલની ખરબચડી સપાટી ઉપર જેમતેમ થોડું સરકીને ફરી ખૂણામાં ધકેલાઈ ગયું. જાણે ખૂણો જ મનગમતી જગ્યા હોય. ઝટ કોઈનું ધ્યાન ન જાય અને પોતાની નજર દરેક દિશામાં ફરતી રહી શકે!

'ચાલો, આ વખતે હું પણ સાથે આવીશ. ત્યારે તો નહીં આવી શકેલી; તમારા એકલાને જ તો આમંત્રણ હતું ત્યારે!' સ્વાતિએ મોં મચકોડીને ત્રાંસી આંખે એની સામે જોયા કર્યું.

આ વખતે સ્વાતિ સાથે આંખ જ નથી મેળવવી. એ મોં ફેરવી ગયો. સ્વાતિના ઇશારામાં વશીકરણ જેવું કશુંક છુપાયેલું

હોય છે. મરજી ન હોવા છતાં... ખરેખર તો ગયા વખતે પણ એણે નજર નહોતી મળવા દેવી જોઈતી હતી. એના મૌનને સ્વાતિએ સંમતિ સમજી લીધેલી. મિત્રોને મળવા એને ધક્કા મારીને ઘરેથી મોકલી આપ્યો હતો. ત્રણ કલાક પછી ઘરે પાછો ફર્યો ત્યારે સ્વાતિએ આછું મલકાઈને એનું મસાલાવાળી ચાથી સ્વાગત કરેલું. એને એમ કે પતિએ એનું મન રાખ્યું. જોકે એના તો હોઠ સુધી આવી ગયેલું કે હકીકત જણાવી દે. ઘરેથી તો નીકળી ગયેલો, પણ ગેટ ટુગેધરમાં નહીં, વસ્તીથી દૂર આવેલા તળાવના કિનારે જઈને બેસી રહેલો. ગંદા પાણીમાં તરતી, અળસિયાં તથા જીવાતો શોધતી માછલીઓને જોતો રહેલો. પણ આ વખતે એ નહીં જ જાય. જઈને કરવાનું પણ શું? ખિખિયાટા, ચિચિયારી, વળગાઝૂમી ને નાસ્તાપાણી!

કેયૂર કહેશે, 'ગૅસ સ્ટેશન છે આપણે તો, અમેરિકામાં. મઝ્ઝાની લાઇફ!' રાજ એની ફૅક્ટરીની વાતમાંથી ઊંચો નહીં આવે. મલ્હાર ગીતો ગાઈ-ગાઈને કાન સાથે મગજ પકવી નાખશે. પોતે કશું નહીં બોલે. બોલે પણ શું? પણ એ બધા મિત્રો એમ છોડશે ઓછા! પૂછશે કે તું શું કરે છે, તેજસ! શું જવાબ આપશે? એક ગૅરેજમાં ક્લાર્કની નોકરી? હાઇસ્કૂલમાં ભણતા ત્યારે એ એમની સાથે હોડમાં ઊતરતો. ભણવામાં હોશિયાર તો હતો જ, એ વાતનું ગુમાન પણ ખરું. જીવનમાં કોણ સૌથી આગળ વધશે? એ ચૅલેન્જ ફેંકતો. મૂછના દોરા ઉપર હાથ ફેરવીને કહેતો, 'તેજસના તેજ સામે તમે બધા ઝાંખા પડી જશો, જોજો એક દિવસ...' આજે ખાઈના અંધકારમાં ઊભો-ઊભો એ એમને શિખર ઉપર ઝંડો ફરકાવતા જોઈ રહ્યો હતો.

'તમે રિયુનિયનમાં જવા નથી માગતા એનું કારણ કંઈક બીજું તો...' સ્વાતિના શરારતભર્યા અવાજે એને ચોંકાવી દીધો.

બીજું? એણે તો હજી પહેલું પણ ક્યાં કહ્યું હતું?

'ચેતના તો નહીં?'

'ચ... ચેત...' સ્વાતિને ગળે ઊતરે એવો ખુલાસો શોધતાં એને વાર લાગી. જીભે પણ સાથ નહીં આપ્યો. કશોક સંતોષકારક જવાબ મળ્યો ત્યારે સ્વાતિના વેધક પ્રશ્ન પછી ઘણો સમય વીતી ચૂક્યો હતો. એ જવાબ ખોખલી કેફિયત તરીકે રજૂ થાય એના કરતાં બહેતર કે બહાર જ ન નીકળે. ચેતના... દસમા ધોરણથી પાંગરેલા પ્રેમાંકુરો બારમા સુધી આવતાં ઘણા વિસ્તરી ચૂક્યા હતા. બોર્ડની એક્ઝામ પૂરી થઈ ત્યાં સુધીમાં એની આર્થિક પરિસ્થિતિથી એ વાકેફ થઈ ચૂકી હતી. હંમેશ માટે એને છોડીને જઈ રહેલી ચેતનાને એણે લલકારી હતી : 'યાદ રાખજે, મારું ભવિષ્ય ઊજળું છે, તેજમય! મારા જેટલો પ્રેમ-પૈસો તને કોઈ નહીં આપે, સમજી લે. દુઃખી થશે.'

તેજમય! એણે એક નિસાસો મૂક્યો. સ્મિત તે દિવસે સાચું જ બોલી ઊઠેલો, 'તેજલા, તારું નામ તેજસ નહીં, તિમિર હોવું જોઈતું હતું. કેવા અંધારિયા ઘરમાં રહે છે તું, યાર! ઘર છે કે બોગદું!'

પોતે બધાથી દૂર હતો. ખૂણામાં. એની નજરમાં બધું આવતું હતું. સ્વાતિની ધારણા ક્યાં સાવ ખોટી હતી! ગેટ ટુગેધરમાં જઈને કદાચ એ ચેતનાનો સામનો કરવા માગતો ન હતો. એ પણ કારણ તો ખરું જ! એના પતિ સાથે એ મર્સિડીઝમાંથી ઊતરશે. પોતે કદાચ મોડો પહોંચશે તો... બધા એને રિક્ષામાંથી ઊતરી રહેલો જોશે. જોકે આ બધું એ અવગણી શકે એમ હતો. ચેતનાથી વિખૂટા પડ્યાનો અફસોસ સ્વાતિએ ક્યારેય જન્મવા દીધો જ નથી. ફરી ટ્રેનની ધડબડાટી બોલી ઊઠી. જ્યાં એ સ્થિર થવા માગતો હતો એ જમીન ફરી ધ્રૂજવા માંડી. ક્યારેક મન કરતું, દુનિયામાંથી આ ટ્રેનોનું નામોનિશાન મિટાવી દે. બધા જ પાટા ઉખેડીને દૂર ફંગોળી દે. શાળા છૂટ્યા પછીનાં વીસ-બાવીસ વર્ષોમાં આ ત્રીજી વખતનું રિયુનિયન ગોઠવાયું હતું. કોઈક પૂછી બેસશે, 'યાર, તું પણ તારા પિતાના પગલે જ ચાલે છે ને? અમારી જેમ...'

'પિતાના પગલે!' એનાથી હસી પણ નહીં શકાય.

'જો આ કેયૂરિયાને એના ડેડી તરફથી અમેરિકન સિટીઝનશિપ મળી, વારસામાં. એણે ત્યાં ગૅસ સ્ટેશન ને સ્ટોર્સ કર્યાં.' કોઈ વચેટિયો વળી બધા વતી મોટાઈ દેખાડવા માંડશે. 'રાજને એના પિતાએ વારસામાં ફૅક્ટરી-બંગલો-ગાડી આપ્યાં, કેવો રાજ કરે છે બિઝનેસમાં! ને આ તાનસેન મલ્હાર, એના સંગીતકાર પિતાને પગલે-પગલે સંગીતના સાગરમાં હિલોળા લે છે.' પછી ખાસ પોતાના માટે સૂચના આપતો હોય એમ એના ખભે હાથ મૂકીને વચેટિયો કહેશે, 'ટૅલેન્ટ હી સબ કુછ નહીં હોતા મેરે દોસ્ત! વિરાસત મેં ભી કુછ મિલના ચાહિયે!'

'તને શું મળ્યું વારસામાં, મિ. હોનહાર વિદ્યાર્થી તેજસ?' એકાદ પડઘો પડશે. પૂરપાટ દોડતી ટ્રેન થંભ્યા વગર કોઈક નાનકડા સ્ટેશનેથી પસાર થતી વખતે સીટી વગાડે એવો કર્કશ પડઘો.

વારસો? પિતા તરફથી મળેલો વારસો એની સામે ઑરેંજ લાઇટની જેમ ઝબૂક-ઝબૂક થઈ રહ્યો હતો, ન ગ્રીન, ન રેડ. તાર ઉપર ઊંધા લટકતા ચામાચીડિયાની પેઠે એ વારસાના અતીતમાં લટકવા માંડ્યો. રેલવેલાઇન ધણધણી રહી હતી. નજર સામે આખું ઘર કંપી રહ્યું હતું. પાટા પરથી નવજીવન એક્સપ્રેસ ટ્રેન દૈત્યની જેમ અત્યંત વેગથી ધસી આવતી હતી. એના લોખંડી પૈડાંઓ નીચે એક દેહ ચૂંથાઈ રહ્યો હતો. હજી તો એ તાજો-તાજો પુખ્ત બન્યો હતો, પણ ત્યાં સુધીમાં પિતા

હારી ગયા. થાકી ગયા. સૂઈ ગયા જઈને નજીકની રેલવેલાઇન ઉપર. ટ્રેન અટકી નહીં, પણ એની જિંદગી થંભી ગઈ, કાયમ માટે. પિતાએ છોડેલો વારસો એના ખભા ઉપર બે દાયકાનો ભારેખમ થાક જમાવીને ચોંટી ગયો હતો. એને મળેલ ચીંથરેહાલ વારસો મિત્રોની શાહી વારસાઈ સામે નજર મેળવી શકે એમ ન હતો.

'ના, ના...' એ બોલશે, 'હું મારા પિતાના પગલે નહીં ચાલું.' મુઠ્ઠીઓ વાળીને બોલશે, 'નહીં જ ચાલુ. ક્યારેય નહીં.'

સ્વાતિ આછું-આછું મુસ્કાશે. એનો હાથ પકડીને ઘર તરફ દોરી જશે. પછી તીખી-તીખી ચા બનાવવા ઝટપટ રસોડામાં દોડી જશે.

*

પણ સ્વાતિ આ એને ક્યાં દોરી જઈ રહી હતી? એણે વિચાર્યું હતું એમાંનું કશું ન થયું. સ્વાતિ ઘરેથી સીધી એને એ જગ્યાએ લઈ આવી હતી જે એના ઘરથી જ નહીં, ટ્રેનના ઘોંઘાટથીયે દૂર હતી. વસ્તીથી સાવ અલિપ્ત.

'તમે કદાચ આ જગ્યાએ ક્યારેય નહીં આવ્યા હોવ!' સ્વાતિ એક પથ્થર ઉપર બેસતાં બોલી. નજીકનાં ઝાડીઝાંખરા બરછટ છતાં પરિચિત નજરે તેજસ તરફ જોઈ રહ્યાં હતાં. એમનું અભિવાદન કરીને એણે નજરને તળાવની શાંત સપાટી ઉપર ઠેરવી. ટેવ મુજબ એક કાંકરો ઉઠાવીને કિનારા પરનાં ડહોળાં પાણીમાં ફેંક્યો. કંપારી ઊઠી. નાનકડાં વમળો સર્જાયાં. ગંદા પાણીની સપાટી નીચે નાસભાગ કરી રહેલી માછલીઓને એ તાકી રહ્યો. સ્વાતિએ એની તરફ જોયું. જાણતી હતી અત્યારે તેજસના મનમાં શું ચાલી રહ્યું હશે : આ ગંદું પાણી ને જીવાતો બતાવવા માટે તું મને અહીં લાવી છે?

'આ ગંદકી તો હું રોજ જોઉં છું.' તેજસ બોલ્યો.

સ્વાતિએ અનુમાન લગાવ્યું, હવે એ વાક્ય પણ દૂર નથી કે તેજસ બોલે : 'ગંદકીમાં જ તો જીવું છું, વર્ષોથી!' પણ એ પહેલાં સ્વાતિએ તળાવનાં થોડે દૂરનાં પાણી તરફ આંગળી ચીંધી. જાણે કે કહી રહી હોય – ત્યાં નજર કરો. એ ઊભી થઈ. બંને વચ્ચેનું અંતર વધુ હતું. નજીક ગઈ. તેજસની પીઠ ઉપર હાથ પસવાર્યો. એ જોઈ રહ્યો. પછી સ્વાતિની નજર ઉછીની લઈને એણે તળાવ તરફ જોયું. ચીંધાયેલી દિશામાં. આગળ જતાં પાણી ચોખ્ખું થઈ રહ્યું હતું. હજી વધુ આગળ... બિલકુલ પારદર્શક!

એણે ઘણી વખત તળાવના કિનારાનું કાદવયુક્ત પાણી જોયું હતું. આજે પ્રથમ વખત એની નજર આટલે દૂર સુધી ગઈ. ગંદા પાણીમાં આવી પડેલી માછલીઓ ઝડપભેર એ તરફ સરકી રહી હતી, પાછું વળીને જોયા વગર.

❑❑❑



‘એકવીસમું ટિફિન’ અને ‘મન મગન હુઆ’

☐ હરીશ ખત્રી

તાજેતરમાં ગુજરાતી રૂપેરી પડદે અને ગુજરાતી તખ્તે રજૂ થયેલી બે કૃતિઓ ધ્યાનપાત્ર છે. વિષયવસ્તુની અરૂઢતા અને રજૂઆતની ઉત્કૃષ્ટતાને કારણે આ કૃતિઓ નોંધપાત્ર બની છે. યુવા વાર્તાકાર રામ મોરીની ટૂંકી વાર્તા ‘એકવીસમું ટિફિન’નું ફિલ્માંતર વિજયગિરિ બાવાએ કર્યું છે. પીઢ નાટ્યકાર સતીશ વ્યાસના નાટક ‘મન મગન હુઆ’ની પ્રતનું પ્રયોગમાં રૂપાંતર વિક્રમ પંચાલ અને શૌનક વ્યાસે કર્યું છે. બંને કથાના કેન્દ્રમાં વિભિન્ન વયજૂથની વ્યક્તિઓ વચ્ચે પાંગરતા પ્રણયભાવનું પ્રાધાન્ય છે. ફિલ્મમાં પ્રૌઢ વયની ગૃહિણી તેના ટિફિનના યુવાન ગ્રાહક તરફ આકર્ષાય છે તો નાટકમાં પ્રૌઢ વયના પ્રોફેસર પ્રત્યે તેમની વિદ્યાર્થિની પ્રેમભાવ અનુભવે છે. બંને કૃતિઓમાં એક સમાન વિશેષતા એ છે કે બંનેમાં આ પ્રણયભાવને તેમની યુવાન પુત્રીઓની નજરે જોવામાં, અનુભવવામાં અને પરખવામાં આવ્યો છે.

ફિલ્મમાં, મધ્યમ વર્ગની ગૃહિણી (નીલમ પંચાલ) વરસોથી ટિફિનસેવા પૂરી પાડે છે. શુષ્ક સ્વભાવનો પતિ તેના કામમાં ડૂબેલો રહે છે અને કૉલેજિયન પુત્રી નીતુ (નેત્રી)ને મમ્મીના આ કામ તરફ ભારે અણગમો છે, કેમ કે તેને વારંવાર મમ્મીને મદદ કરવી પડે છે. રોજનાં વીસ ટિફિન તૈયાર કરતી મમ્મી તેની આવકમાંથી ઘર તો ચલાવી શકે છે, પણ પોતાની જાત પ્રત્યે ધ્યાન આપતી નથી. નીતુ ફરિયાદ કરે છે કે મમ્મી તો છે જ સાવ અણઘડ

અને અવ્યવસ્થિત. ફિક્કી સાડી, વાળની સફેદ ઊડતી લટો અને વધેલું પેટ. જોકે તેને લાગે છે કે મમ્મીના મનમાં કશુંક છે, પણ તે બોલતી નથી.

ત્યાં તેમના ઘરમાં અને પછી જીવનમાં ધ્રુવ (રોનક કામદાર)નો પ્રવેશ થાય છે. છ મહિના માટે શહેરમાં આવેલો આ હૅન્ડસમ યુવાન તેને માટે ટિફિન બનાવવાની વિનંતી કરવા આવ્યો છે. મમ્મીની રસોઈના તે એટલાં તો વખાણ કરે છે કે વીસ જ ટિફિન બનાવવાનો નિર્ણય કરી બેઠેલી મમ્મી આ યુવાન માટે એકવીસમું ટિફિન બનાવવાની હોંશે-હોંશે હા પાડી દે છે. તેથી નીતુને ભારે આશ્ચર્ય થાય છે. મમ્મીના ચહેરા પરનું સ્મિત અને ગુલાબી થઈ ગયેલા ગાલ આભી બનીને તે જોઈ રહે છે. હવે પરિસ્થિતિ ઊલટાઈ જાય છે. મમ્મીની અકળામણ આનંદમાં અને નીતુની અકળામણ કૌતુકમાં પલટાઈ જાય છે કે મમ્મીને અચાનક આ શું થઈ ગયું? એકવીસમું ટિફિન ખૂબ ઉત્સાહથી બને છે અને તેમાં ઘરનું અથાણું પણ મુકાય છે. મમ્મીની ફરિયાદો બંધ થઈ જાય છે. હવે તે ખુશમિજાજ અને પ્રફુલ્લિત રહે છે.

મહિનાની આખરે ધ્રુવ પૈસા આપવા આવે ત્યારે મમ્મી સરસ રીતે તૈયાર થાય છે. તેને ચા-નાસ્તો કરાવે છે અને બંને જણ મજેથી વાતો કરે છે. તેના ચહેરાની ફિક્કાશ ક્યાં ઊડી ગઈ! હવે તો તે વાળ પણ રંગે છે! અરે, અરીસામાં પોતાને કેટલા ભાવથી નીરખી રહે છે! રોજની એકધારી, નીરસ ઘરેડમાંથી પરાણે પસાર થતી સ્ત્રીની રસોઈકળાની કોઈ મુક્ત કંઠે પ્રશંસા કરે છે ત્યારે પેલો ઢસરડો ઉમંગમાં પરિણમીને, જીવનમાં પ્રસન્નતા જગાવીને તેનામાં આમૂલ પરિવર્તન લાવી દે છે. આ પરિવર્તનનું સુંદર ચિત્રણ ફિલ્મમાં જોવા મળે છે. નારીહૃદયના નાજુક અંતર્ભાવને કંડારતી કોઈ ઊર્મિસભર કાવ્યકૃતિ માણ્યાની અનુભૂતિ અહીં થાય છે.

મમ્મીનું બદલાયેલું સ્વરૂપ અને વર્તાવ નીતુ માટે અસહ્ય બની જાય છે. મમ્મીને બદલે હવે તે ઘાંટા પાડે છે, વાસણ પછાડે છે, પણ મમ્મીને હવે તેની કોઈ પરવા જ નથી રહી! પપ્પા તરફથી ઉપેક્ષા અને ધ્રુવ તરફથી પ્રશંસા પામતી મમ્મીની મનઃસ્થિતિ નીતુને ધીરે-ધીરે સમજાય છે અને તે આ સંબંધને સકારાત્મક ભાવથી, આનંદ અને અહોભાવથી નીરખતી થાય છે.

છેવટે ધ્રુવની ટ્રેનિંગ પૂરી થતાં તે વિદાય લેવા આવે છે. અચાનક મમ્મીના ચહેરા પરની ચમકને સ્થાને ઘેરી પીડા છવાઈ જાય છે. હાથ પર અનાયાસ થઈ ગયેલા ધ્રુવના સ્પર્શને હૃદયમાં એક ઊંડી ટીસ સાથે તે જોઈ રહે છે! થોડા સમય માટે અનુભવેલી સુખની આહ્‌લાદક લહેરી રૂંધાઈ જતાં ફરી પાછી એ જ નીરસ ઘરેડ, ઘાંટા,

અકળામણ! ટેવ અનુસાર અથાણાની બરણી ઉતારતી મમ્મીને નીતુ યાદ કરાવે છે કે....! ક્ષણ માટે એક થતી મા-દીકરીની આંખોમાં પ્રગટતી સંવેદના સાથે મમ્મીની આંખોમાં ધૂંધળાશ છવાઈ રહે છે.

ફીચર ફિલ્મને અનુરૂપ અન્ય પાત્રો અને પ્રસંગોનો ફિલ્મમાં સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ કથાનો તંતુ મુખ્યત્વે ધ્રુવને કારણે માતાના જીવનમાં આવતા બદલાવને યુવાન પુત્રીની નજરે વ્યક્ત કરવાનો રહ્યો છે. બેઉ પાત્રોની ચેતનાના સ્તરે સૂક્ષ્મ સંવેદનાનું ચિત્રણ અહીં અગ્રતા ધરાવે છે. આધેડ માતાના જીવનની નીરસતા અને શુષ્કતાની સાક્ષી રહેલી પુત્રી જ્યારે માતાના પ્રેમવંચિત હૃદયને પોતાના સમવયસ્ક એવા ધ્રુવ તરફ ઢળતું અને પ્રેમના જીવંત રસથી ભીંજાતું જુએ અને અનુભવે છે ત્યારે પહેલાં તો એ સ્વીકારવાનું એને માટે અઘરું બની જાય છે, પણ અંતે જતાં આ મનુષ્યસહજ કોમળ, નિર્મળ, નર્યા નીતર્યા, નૈસર્ગિક લાગણીના સૂક્ષ્મ ભાવને તે ઉદારતાથી જ નહીં, પણ સહજભાવે સ્વીકારી શકે છે. તે એટલે સુધી કે અચાનક આવી ચઢેલા ધ્રુવ સામે જતાં પહેલાં મમ્મીને શણગારવામાં તે મદદરૂપ થાય છે. જોકે આ શણગાર અધૂરો રહ્યાનો વિષાદભાવ ફિલ્મના કર્ણમધુર ગીતમાં સરસ રીતે વ્યક્ત થાય છે.

નાટક 'મન મગન હુઆ'ના કેન્દ્રમાં રીમા (તારિકા ત્રિપાઠી) છે, જે કૉલેજમાં અધ્યાપિકા હતી અને તેના પ્રોફેસર અનુપમ (શૌનક વ્યાસ)ના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કરતી હતી. હવે



'મન મગન હુઆ'નું એક દૃશ્ય

તો તે નિવૃત્ત છે, પણ કૉલેજકાળમાં સર પ્રત્યે તે અત્યંત મુગ્ધ હતી. તેમની મધુર વાણી, સ્નેહપૂર્ણ સ્વભાવ, હૂંફાળું સાન્નિધ્ય અને સમગ્ર વ્યક્તિત્વને કારણે તે સરથી ખાસ્સી પ્રભાવિત હતી. પછી તો, તેમના માર્ગદર્શનમાં જ સંશોધન કાર્ય પૂરું કરતાં તેને દસ વર્ષ લાગી જાય છે. આટલા વિલંબ માટે તે પારિવારિક જવાબદારીનું કારણ બતાવે છે. હવે તો તેની યુવાન દીકરી ગ્રીષ્મા (હિમાદ્રી જોશી) પણ કૉલેજમાં અધ્યાપિકા બની ગઈ છે. રીમાની વાતોમાં અને લગભગ દરેક બાબતમાં સતત સર પ્રત્યેનો આદર, અહોભાવ અને વિશેષ પક્ષપાત પ્રગટ થતો હોય છે. આથી, ગ્રીષ્માના મનમાં આશંકાનો એક કીડો સળવળવા લાગે છે. શું પારિવારિક જવાબદારી એ જ હતું મમ્મીના સંશોધનના વિલંબ પાછળનું કારણ? મમ્મીની ડાયરીમાં તે વાંચે છે કે 'મારે ક્યાં પીએચ.ડી. જલદી પૂરું કરવું છે? મારે તો સરનો સંગાથ જોઈએ.' અને, એક વાર કોઈ બહેનપણી સાથે ફોન પર વાત કરતી મમ્મીના શબ્દો તે સાંભળે છે કે 'મારા મૂલાધાર તો સર એક જ.' પછી તો તે ઊકળી ઊઠીને મમ્મી સાથે ઝઘડો કરે છે કે 'તેં મારા ભોળા પપ્પાને છેતર્યા છે. શું મારે એક પરપુરુષને પપ્પા કહેવાના? તું તો મા છે, કે છિનાળ?' ત્યારે રીમા તેની સામે એક ફાઈલ ધરી દે છે, જેમાંનો ડીએનએ રિપોર્ટ સ્પષ્ટ દર્શાવે છે કે તે તેના પપ્પાની જ દીકરી છે! આમ છતાં, તેને મનોમન સતાવતા પ્રશ્નનું સમાધાન થતું નથી. એટલે, તેનો તાગ મેળવવા માટે એક દિવસ સરના ઘરે પહોંચી જાય છે. મમ્મીનું ચરિત્ર લખવાના અંગત પ્રકલ્પને નામે તે સરને આકરા અને બેહૂદા સવાલ કરે છે, ત્યારે ક્રોધના આવેશને ઓગાળીને તથા ભયંકર ચોટ ખાધેલા તેના હૃદય પર પથ્થર મૂકીને અનુપમને પોતાની પ્રામાણિકતા અને ચારિત્ર્યની શુદ્ધતાનો ખુલાસો કરવો પડે છે. પોતાના હૃદયમાંથી હર કોઈ પ્રત્યે વહેતા પ્રેમ નહીં, પણ વહાલનો મહિમા તે સમજાવે છે. પોતાની શંકાનું સંપૂર્ણ નિર્મૂલન થવાથી અને સરના ઉદાત્ત ચારિત્ર્યની પ્રતીતિ પામીને ગ્રીષ્મા તેમનાં ચરણોમાં ઝૂકી જાય છે.

આ બંને કૃતિઓ બે બાબતે સમાનતા ધરાવે છે. એક તો, બે ભિન્ન વયજૂથની વ્યક્તિઓ એકબીજા પ્રત્યે આકર્ષણ અનુભવે છે. ફિલ્મમાં યુવાન એન્જિનિયર અને આધેડ ગૃહિણી વચ્ચે ઉત્કટ લાગણીનો સંબંધ બંધાય છે તો નાટકમાં યુવાન વિદ્યાર્થિની અને તેના આધેડ અધ્યાપક વચ્ચેનો પ્રેમસંબંધ કેન્દ્રમાં રહે છે. અલબત્ત, આ પ્રેમ એકપક્ષી એટલે કે રીમાના પક્ષે જ છે. બીજી સમાનતા એ છે કે આ બંને પ્રકારના સ્નેહસંબંધોને કોઈ એક પાત્રની પુત્રીની દૃષ્ટિએ નિરૂપવામાં આવ્યા છે. ગૃહિણી અને તેના ટિફિનના

યુવા ગ્રાહક ધ્રુવ વચ્ચે પાંગરતા અને ખીલતા પ્રેમભાવની સાક્ષી તેની યુવાન પુત્રી નીતુ જ બની રહે છે. પિતા દ્વારા ઉપેક્ષિત માતાનું યુવાન પ્રત્યે ઢળતું વલણ જોઈને શરૂમાં તો નીતુને આશ્ચર્ય અને અકળામણ થાય છે, પરંતુ વરસોનાં દાંપત્યમાં પિતાથી ઉપેક્ષિત માતાની નિરાશા અને ઉદાસીને આનંદ અને ઉત્સાહમાં પરિણમતી જોઈને નીતુ આ સંબંધને સ્વીકારવા જેટલી પરિપક્વતા દેખાડી શકે છે. એટલું જ નહીં, માતાની ખુશીમાં તે મદદરૂપ પણ થાય છે. અલબત્ત, આ સંબંધ ઝાઝું ટકી શકે એમ નહીં હોવાથી ગૃહિણીના જીવનમાં આવેલી અલ્પ કાળની વસંત યુવાનની વિદાય સાથે જ સમાપ્ત થઈ જાય છે. ફરી એ જ નીરસ, ઉદાસ, ભારેખમ જીવનની રોજિંદી ઘટમાળ!

નાટકમાં આવો જ ત્રિકોણ રચાય છે, પણ ત્યાંની પરિસ્થિતિ અને પાત્રોની મન:સ્થિતિમાં ઘણો ભેદ છે. નાનપણથી શરૂ કરીને યુવાની, પ્રૌઢાવસ્થા અને હવે નિવૃત્ત અવસ્થામાં પણ રીમાનો અનુપમ સર પ્રત્યેનો અપ્રતિમ લગાવ અને ઉત્કટ પ્રેમાવેશ અકબંધ જળવાઈ રહે છે. રીમાના મનોભાવથી અનુપમ અજાણ તો નથી, પણ રીમાની હૃદયોર્મિ પ્રત્યે તે નિર્લેપ અને અલિપ્ત જ રહે છે. તે પોતાના દાંપત્યમાં જ સંતુષ્ટ છે. રીમા જ સરનું વધુ ને વધુ સાન્નિધ્ય પ્રાપ્ત કરવાની તકો ઊભી કરતી રહે છે.

વહેતા સમય સાથે રીમાની અધ્યાપિકા પુત્રી ગ્રીષ્મા સર પ્રત્યે મમ્મીનો હઠીલો પક્ષપાત જોઈને આ સંબંધને સાશંક દૃષ્ટિએ જોવા લાગે છે. બંનેની વચ્ચે દેહસંબંધ હોવાની પાકી આશંકા તેના મનમાં જાગે છે. આ પ્રશ્નના મૂળ સુધી પહોંચવા માટેનું અભિયાન તે એક ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટની જેમ આદરે છે. ઓચિંતી સરના ઘરે પહોંચી જઈને તેમની ઊલટતપાસ કરે છે. બધો છોછ અને સંકોચ મૂકીને પોતે જ જેને ભયાનક અને અકલ્પ્ય કહે છે તેવો પ્રશ્ન એ સરને પૂછે છે ‘તમે ક્યારેય એકલા મમ્મી સાથે કોઈ હોટલના રૂમમાં, ગાર્ડનમાં કે થિયેટરમાં ગયા છો? એકાંતમાં... શરીર... આઇ મીન ઍડલ્ટ્રી?’ આમ, નાટકમાં માતાના ચારિત્ર્ય વિષેની માત્ર શંકા પરથી ગ્રીષ્મા વરિષ્ઠ સર પ્રત્યેની તમામ મર્યાદા વટાવીને તેમને અણછાજતા સવાલો પૂછવાની હદે જાય છે. જ્યારે બીજી બાજુ, ફિલ્મની કથામાં પુત્રી માતાના હૃદયભાવને સમજીને તેની પ્રત્યે સમભાવ દાખવે છે, ત્યારે પ્રશ્ન થાય કે એકવીસમી સદીની અત્યાધુનિક પેઢીની પ્રતિનિધિ સમાન આ બંને યુવતીઓના બે છેડા પર સ્થિત વિરોધાભાસી વલણને મૂલવવા માટે આપણે ક્યો અભિગમ અપનાવીશું?

ફિલ્મમાં ગૃહિણી અને ધ્રુવ વચ્ચેના સ્નેહસંબંધમાં દેહસંબંધને કોઈ સ્થાન

નથી. માત્ર બંને હૃદયમાં ઊગતી કોમળ ઊર્મિઓ વચ્ચે સધાઈ જતાં મૂક સંવાદની જ મહત્તા છે જેની પ્રતીતિ પુત્રી નીતુ પણ પામી શકે છે. જ્યારે નાટકમાં પુત્રી ગ્રીષ્માની ભૂમિકા થોડી જુદી છે. તેની ખોજમાં માતા અને સર વચ્ચેના સ્નેહસંબંધમાં દેહસંબંધને કોઈ સ્થાન હતું કે નહિ અને હતું તો કયા પ્રકારનું હતું તે જાણવાની તાલાવેલી જ મુખ્ય ભાગ ભજવે છે. નાટકમાં ચારિત્ર્યની અણીશુદ્ધતાનો મહિમા થયો છે, નીતિમત્તા પર ભાર મુકાયો છે. ફિલ્મમાં પણ સામાજિક બંધન અને મર્યાદાનું મહત્ત્વ છે જ. સામાજિક સુવ્યવસ્થા માટે તે આવશ્યક પણ છે જ, પરંતુ ‘વૃક્ષ ચલે નિજલીલા’ની જેમ કોઈ પ્રેમીહૃદયમાંથી કોઈની પ્રત્યે સહજપણે ઊગી નીકળતી પ્રેમઝંખનાનું શું?

મજાની વાત એ છે કે બંને કૃતિઓમાં આહાર મહત્ત્વનું સ્થાન ભોગવે છે. ફિલ્મમાં સ્વાદિષ્ટ ભોજનના સ્વાદથી ખેંચાઈ આવતો યુવાન અને તેના મોઢે પોતાની રસોઈની ભરપેટ પ્રશંસા સાંભળીને તેની તરફ ઢળતી એક આધેડ સ્ત્રી છે. ચટાકેદાર અથાણું, છાલવાળા બટાકાનું શાક, ડ્રાયફ્રૂટવાળી સુખડી, મગનાં ભજિયાં જેવી વાનગીઓનો રસથાળ મોંમાં પાણી લાવી દે છે! અને નાટકમાં પ્રથમ અંકમાં તો કૉફી બનાવવા અને તેને માણવાની ક્રિયા ઉપરાંત શાક સમારવાથી માંડીને તેને રાંધવાની પ્રક્રિયા સાથે રસોઈકળાના વિવિધ પાઠ અને ભોજન-ગ્રહણ-પ્રક્રિયા વિશેના વિગતપ્રચૂર છતાં રસભરપૂર સંવાદો પ્રેક્ષકની સ્વાદેન્દ્રિયમાં સળવળાટ કરાવે એવી રીતે રજૂ થાય છે. આમ, સર પાસેથી પાકશાસ્ત્ર અને સ્વાદશાસ્ત્રનું અનોખું જ્ઞાન ગ્રીષ્માને પ્રાપ્ત થાય છે. એ દરમિયાન, આહારભોગ અને દેહભોગની સૂચક સેળભેળ કરતા ચબરાકિયા સંવાદો વચ્ચે-વચ્ચે સાંભળવા મળે છે, જે આવનારી પરિસ્થિતિના સંકેતરૂપ બની રહે છે.

એકવીસમી સદીના સાંપ્રત પડાવે રજૂ થયેલ આ બંને કૃતિઓ એક તરફ પ્રણયના પરંપરિત મુખર સ્વરૂપ અને બીજી તરફ તેનાં સૂક્ષ્મ અને સંયત સ્વરૂપ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે. વૈચારિક અને સંવેદનાત્મક સ્તરે સમાજમાં આવી રહેલા બદલાવો પ્રત્યે ધ્યાન ખેંચે છે.

❑❑❑


‘21મું ટિફિન’ આ માત્ર ફિલ્મ નથી વાત છે સ્ત્રીના મનની.

પોતાની ઇચ્છાઓ, સપનાઓ અને આવડતોને ધીમી આંચે શેકીને બત્રીસ ભાતનાં ભોજનિયાં રાંધતી દરેક સ્ત્રીની કથા છે. આ કથા છે જાત ઘસીને સંસાર ઊજળો રાખતી એ સ્ત્રીઓના જીવનની જેને જિંદગીમાં કોઈ અપ્રિશિએટ નથી કરતું કે નથી બે મીઠાં વેણ કહેતું.

રસોઈ એ સ્ત્રીનું માત્ર કામ નથી, એની ટેલેન્ટ પણ છે. - ***રામ મોરી***

અક્ષરની ઓળખાણ

☐ ઋષભ પરમાર
☐ અવની સોલંકી



મારી પત્રકારત્વ-લેખનની સફર (સફરનામું) – ઉર્વીશ કોઠારી - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૨૮૮ (આર્ટપેપર), કિં. રૂ. ૯૯૦/-, પ્રકાશક : સાર્થક પ્રકાશન, ૧૪, ભગીરથ સોસાયટી, શાંતિ ટાવર સામે, વાસણા બસ સ્ટેન્ડ પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૯૮૨૫૨ ૯૦૭૯૬. Email: spguj2013@gmail.com.

પત્રકારત્વ ક્ષેત્રે છેલ્લાં ત્રણ દાયકા દરમિયાન ઉર્વીશ કોઠારીના પત્રકારત્વના અનુભવોનું આ રસપ્રદ સચિત્ર આલેખન છે. તેઓ ખુલાસો કરતાં લખે પણ છેઃ 'આ આત્મકથા નથી, સફરનામું છે.' પત્રકાર તરીકેની એમની નિષ્ઠાનો આ સફરનામાને પણ લાભ મળ્યો છે. ડાયરીમાંથી તત્કાલીન ભાવજગતનો પણ તેઓ સમાવેશ કરતા ગયા છે. એકંદરે એમને પત્રકાર તરીકે પ્રકાશનગૃહો, પત્રકારો અને સમાજનો જે અનુભવ થયો છે એનું ઝીણી દૃષ્ટિએ બયાન થયું છે. એમાં રંગીન તસવીરો, પત્રો, કટિંગો અને નોંધોનો પણ સમાવેશ થયો છે. અહીં પત્રકારની નિસબત ઉપરાંત વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે સામ્ય અને વૈષમ્યનો એક જાગરૂક વ્યક્તિના પરિપ્રેક્ષ્યથી આલેખ રચાયો છે. ભાષાભિવ્યક્તિ અને વિચારોની સ્પષ્ટતા લેખનને સુચારુ અને સુગમ બનાવે છે. પત્રકારો દુનિયાની છાનબિન કરીને રહસ્યો ખુલ્લાં કરતાં હોય છે પણ પત્રકારત્વની દુનિયાનાં કેટલાંક રહસ્યોનો અંદાજ આ પુસ્તક આપી શકે એમ છે. પત્રકારત્વ સાથે સંકળાયેલા સૌ ઉપરાંત સામાન્ય વાચકોને પણ પુસ્તક ગમી જાય એવું છે.

❑

પ્રિય બાપુ અને રામકથા (મોરારિ બાપુની રામકથાસૃષ્ટિની ગુણાનુરાગી વર્ણના) – સુમન શાહ - પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૨૮૦, કિં. રૂ. સપ્રેમ ભેટ, પ્રકાશક : ચિત્રકૂટધામ, તલગાજરડા.

સુમન શાહને ગુજરાતી વાચક સુપેરે જાણે છે. વાર્તાકાર, વિવેચક અને અધ્યાપક રૂપે. એમના અભ્યાસગ્રંથ 'સુરેશ જોષીથી સુરેશ જોષી'થી સર્જકો અને વિદ્યાર્થીઓ પરિચિત છે. એમને પ્રિય બાપુ અને રામકથા લખવાનું કઈ રીતે સૂઝ્યું એ પ્રશ્નનો



ઉત્તર કંઈક આવો છેઃ (રામ)કથાઓનો મૂળાધાર છે, તુલસીદાસનું 'રામચરિતમાનસ', ઉપરાંત દરેક રામકથામાં 'માનસ' અને તે સાથે જોડાયેલા વિષયમુદ્દાનું બાપુની આગવી દૃષ્ટિમતિએ લાક્ષણિક સમ્મિલન સાધાયું છે. શાસ્ત્રીય રીતે એમ કહેવાય કે બાપુની રામકથાઓ તુલસીદાસનાં કાવ્યસર્જન અને જીવનદર્શન પરનાં બાપુનાં મૌલિક અને સર્વથા સમૃદ્ધ કથોપકથનો છે. એમાં બાપુની ચિન્તનશીલ અને સર્જનશીલ વ્યક્તિતાના આગવા ગુણવિશેષો ભળ્યા છે. દરેક રામકથા ધર્મ અને અધ્યાત્મ વિષયક અનેક સમ્પ્રત્યયોના એક રૂડા સમવાય સ્વરૂપે નીપજી આવે છે. એ જિજ્ઞાસુ શ્રોતાના ધ્યાનને અને મન-હૃદયને આકર્ષે છે. એથી એને જીવન-વિચારનું ભાથું મળે છે. ટૂંકમાં, રામકથામાં 'માનસ' તો ખરું જ પણ 'માનસ' ઉપરાન્તની મોંઘી સમ્પદાનો આવિષ્કાર થયો હોય છે. એટલે લગી કે એવા આવિષ્કારને પરિણામે એને આપણે બાપુનું માનસ કહી શકીએ, સમજો, એક વિરલ એવી બાપુકૃતિ કહી શકીએ. એ બાપુકૃતિનો હું પહેલેથી પ્રેમી રહ્યો છું. એથી પ્રગટતી રસાત્મક ઘટનાઓને મેં વારંવાર માણી છે, એના કલાસૌન્દર્યનો અનુભવ મેળવ્યો છે... મારે કહેવું ઘટે કે વિવિધ રામકથાઓ જેમાં પ્રગટી એ સ્પોકન ટૅક્સ્ટ મારા આ પુસ્તકનો મૂળાધાર છે.'

બાપુ દ્વારા અભિવ્યક્ત થતી પ્રાચીન ભક્તિમય વાચનાને અર્વાચીન બૌદ્ધિક આયામથી જોવાનો આ એક સુભગ અવસર રામકથામાં રજૂ થતાં ભક્તિ, જ્ઞાન, ડહાપણ, ધૈર્ય, શાન્તિ, પીડા, ઊર્મિ, કથા, નાટક, વક્તૃત્વ અને ગાનનો સુચારુ પરિચય કરાવે છે.

❑



દરિયો રણ પહાડ (કથાત્રયી): વીનેશ અંતાણી - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૧૯૦, કિં. રૂ. ૨૭૫, પ્રકાશક : આર.આર.શેઠની કું. 'દ્વારકેશ' રોયલ એપાર્ટમેન્ટ નજીક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧, ૦૭૯-૨૫૫૦૬૫૭૩, ૭, અર્થબાગ, ૧૧૬, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ટેલિ. ૦૨૨-૨૨૦૧૩૪૪૧. Email: sales@rrsheth.com.

વિશિષ્ટ પરિવેશની ત્રણ લાંબી વાર્તાઓનો આ સંપુટ છે. વીનેશ અંતાણીની કથાસર્જનયાત્રાનો આ એક મહત્ત્વનો પડાવ છે. પરિવેશનો કલાત્મક વિનિયોગ, ભરપૂર કલ્પનાશીલતા અને પાત્ર સુસંગત

સર્જનાત્મક ગદ્યથી આ વાર્તાઓ વાચકને એક જુદા સ્તરનો અનુભવ કરાવે છે.

આ વાર્તાઓ પૂર્વે 'એતદ્'માં પ્રકાશિત થઈ હોવાથી અહીં વાચક (સર્જકો)ના પ્રતિભાવોને પણ સમાવી લેવામાં આવ્યા છે. એક મોટા ગજાના વાર્તાકારે રચેલી ત્રિપદીઃ કિરીટ દૂધાત, દરિયોઃ ભારતની અનેક ભાષાઓમાંથી માત્ર ગુજરાતીને જ મળેલું અપૂર્વભૂત સૌભાગ્યઃ દિલીપ ઝવેરી, રણઃ પડખું બદલતી પીડાની વચ્ચે હિજરાતા રણવાસીની કથાઃ ધીરેન્દ્ર મહેતા, પહાડઃ પ્રેમ અને મૃત્યુના સંવાદી સૂરો વહાવતી વાર્તાઃ રમણીક સોમેશ્વર. વાર્તા અને વાર્તાવસ્તુને સમજવા માટે આ પ્રતિભાવો એક જુદો આયામ રજૂ કરે છે. પ્રતિભાવકનાં નામો જોતાં વાર્તાનું વિત્ત સમજાય એવું છે. સજ્જ વાચકો અને વાચકોની સજ્જતાને સંમાર્જિત કરતી આ વાર્તાઓ એક અનોખી સૃષ્ટિનું સર્જન કરે છે.

❑

લંબચોરસ લાગણીઓ (વાર્તાસંગ્રહ): ગિરિમા ઘારેખાન - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૨૮, કિં. રૂ. ૧૫૦, પ્રકાશક: અમોલ પ્રકાશન – ૫૨, પાંચમો માળ, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન – ૯૪૨૮૩ ૫૫૨૦૭, ૯૮૨૫૦ ૬૭૦૫૩.



લાગણીઓને પણ આકાર! સાંભળીને આશ્ચર્ય થવું સહજ છે. સ્ત્રી હૃદય અત્યંત સંવેદનશીલ હોય છે. એમાં પણ કોઈ સ્ત્રી લેખિકા જ્યારે લાગણીઓને કલમ દ્વારા કાગળ પર ઉતારે ત્યારે તે કોઈપણ આકાર પ્રાપ્ત કરી શકે છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં વાર્તાઓના એક-એક ધબકારાને 'લંબચોરસ લાગણીઓ' સ્વરૂપે ઊજાગર કર્યા છે.

વાર્તાકાર ગિરિમા ઘારેખાનનો આ બીજો વાર્તાસંગ્રહ છે. જેમાં કુલ ૧૬ વાર્તાઓની કથાવસ્તુ, શૈલી, ઘટનાપ્રસંગ, અંત વગેરે સ્ત્રીના અકળ મનના ઊંડાણને વાચા આપે છે. 'એ આંખો', 'મૂંઝવણ', ' સંબંધ', ' સ્પર્શ' વગેરે વાર્તાઓ અહીં નોંધનીય છે. બદલાની ભાવના, પ્રેમનો સ્વીકાર અને તિરસ્કાર, લાગણી, સંબંધ-વિચ્છેદ, મુગ્ધ પ્રેમ અને સંબંધોના સમીકરણની કથાનું રહસ્યચિત્ર ધ્યાનાર્હ બને છે.

ધૂમકેતુ પુરસ્કારથી સન્માનિત અને સુવિખ્યાત વાર્તાકાર શ્રી દીવાનભાઈ ઠાકોરની પ્રસ્તાવના વર્તાસંગ્રહને વિશેષ ઉઘાડ આપે છે.

❑



હૃદય મંદિરનાં પગથિયાં પરથી (પ્રાર્થનાસંગ્રહ): ગુણવંત શાહ, સંપાદન - અમીષા શાહ - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૬૩, કિં. રૂ. ૭૫, પ્રકાશક : આર.આર.શેઠની કું. 'દ્વારકેશ' રોયલ એપાર્ટમેન્ટ નજીક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧, ૦૭૯-૨૫૫૦૬૫૭૩, ૭, અર્થબાગ, ૧૧૬, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ટેલિ. ૦૨૨-૨૨૦૧૩૪૪૧. Email: sales@rrsheth.com.

નિબંધ, આત્મકથા, પ્રવાસ, કાવ્ય, નવલકથા, વ્યક્તિ ચિંતન, ધર્મ ચિંતન, વિચાર ચિંતન જેવાં અનેક સાહિત્ય સ્વરૂપોમાં ખેડાણ કરનાર શ્રી ગુણવંત શાહની ૭૪ પ્રાર્થનાઓનું સંપાદન અમીષા શાહ દ્વારા થયું છે.

મૌન રહીને પણ ઘણું કહી શકીએ, કશું માગ્યા વગર પણ ઘણું મેળવી શકીએ એવી વિશિષ્ટ શક્તિ પ્રાર્થનામાં રહેલી છે. પ્રાર્થના માટે મળેલા શબ્દોને 'ભગવાનની ટપાલ' કહેતા શ્રી ગુણવંત શાહની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અપાર છે. પરપોટા જેટલું જીવન પ્રાર્થનાઓ દ્વારા જ ટકી શકે છે. પ્રસ્તુત સંગ્રહમાંથી પસાર થતાં એનો સચોટ ખ્યાલ આવે છે.

'એક પરપોટો
સાત-આઠ સેકન્ડ સુધી ન ફૂટ્યો
ત્યારે
અન્ય યુવાન પરપોટા બોલ્યા :
દાદા બહુ લાંબુ જીવ્યા!'
ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું એક ઉદાહરણ..
કોઈ દીવાની જ્યોત
અંધારાને કારણે હોલવાઈ ગઈ હોય
એવું બન્યું નથી.

સમગ્ર પ્રાર્થનાઓનો નિચોડ અમુક પંક્તિઓમાં જ રજૂ કરીને, સંસારમાં રહીને પણ સાધુ બની શકાય એવો ભાવ 'સંસારી સાધુ'માં પ્રગટ કર્યો છે.

નાનું નાનું સત્ય,
નાની નાની પ્રમાણિકતા...
.....નાનો નાનો સહજ ત્યાગ
અને નાનો નાનો સહજ વૈરાગ્ય!
આવો સંસારી માણસ સાધુ નહીં બને તો ચાલે...

અમીષા શાહને આવી અનેક પ્રાર્થનાઓનું સંપાદન કરીને વાચકો સુધી પહોંચાડવા બદલ અભિનંદન.

તમારી દૃષ્ટિએ

જુલાઈ ૨૦૨૨ના અંકમાં ધ્રુવ ભટ્ટ 'અંતરિક્ષના આગિયા' લેખ વાંચવાની મજા પડી. પૌરાણિક વાર્તાઓ આધારિત સરળ ભાષામાં લેખક અંતરિક્ષની સફર કરાવે છે. પારુલ ખખ્ખરનું ગીત અને અશરફ ડબાવાલાની ગઝલમાં મજા આવી. ગીતા માણેકની 'અજાણ્યો અતિત' વાર્તા સારી રહી. 'જ્ઞાની અને વિજ્ઞાની'માં શ્રી પંકજ જોશીએ પ્રારબ્ધ અને પુરુષાર્થનો ભેદ સારી રીતે સમજાવ્યો. રાજુલા જેવા નાના ગામના શ્રી ધીરજરામ શાસ્ત્રી જેવા વિદ્વાન કે જે વિખ્યાત વૈજ્ઞાનિક એવા શ્રી પંકજ જોષીના ગુરુ હોય અને શાસ્ત્રીના માધ્યમ દ્વારા લેખમાળા છપાઈ હોય તે ગૌરવની વાત છે.

મુંબઈ - ચંદ્રકાંત એસ. સંઘવી

* * *

જુલાઈ-૨૨ના અંકમાં 'મારું કામ પરકાયા પ્રવેશ જેવું છે' - શેખર સેન – ગાયક, સંગીતકાર, ગીતકાર અદાકાર પદ્મશ્રી શેખર સેન માટેનો લેખ ખૂબ જ માહિતીપ્રદ તેમ જ 'નાટકો' માટેનો સાચો ખ્યાલ આવ્યો. 'પરિવાર સાથે મલ્ટિપ્લેક્સમાં જઈએ તો સહેલાઈથી હજાર – બે હજાર રૂપિયા ખર્ચીએ છીએ પરંતુ બસો કે ત્રણસો રૂપિયામાં નાટકોની ટિકિટો ખરીદવાનો ખર્ચો આપણને ભારે પડે છે?! શેખર સેનની વ્યથા સાચી છે.

મીઠાપુર - મુકેશ ટી. ચંદારાણા

સાભાર સ્વીકાર

* પ્રકાશકઃ ન્યુઝવાલા મિડિયા (સી-5, બ્લોક નં. 11, વિતરાગ સોસાયટી, રૈયા રોડ, રાજકોટ-360005. ફોનઃ 98253 85652)નાં પ્રકાશનો: * 'સમસ્યા અને સમાધાન' : લે. જયસુખભાઈ પટેલ, પૃ. 178, કિં. રૂ. 200, પહેલી આવૃત્તિ - 2019.

* અમોલ પ્રકાશન (52, પાંચમો માળ, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન પાસે, પરિમલ ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-380 006): * રજથી સૂરજ સુધી : ગિરિમા ઘારેખાન, પૃ. 168, કિં. રૂ. 160, પહેલી આવૃત્તિ - 2019.

* પ્રકાશક : જ્ઞાનની બારી (જી-1, લાભ કોમ્પલેક્ષ, સત્તર તાલુકા સોસાયટી, સી. યુ. શાહ કોલેજ પાસે, ઈન્કમટેક્સ, અમદાવાદ-09. મો. 9408371206) * દેવભૂમિ દ્વારકાનાં પ્રાચીન જૈન સ્થાનો : લેખકઃ સતીશચંદ્ર વ્યાસ, પૃ. 68, કિં. રૂ. 150, પહેલી આવૃત્તિ - 2022.



ભ વ ન્સ - વૃ ત્ત

લંડન કેન્દ્ર : સુવર્ણ જયંતી

૨૧ મે ૨૦૨૨, ભારતીય વિદ્યા ભવન - લંડન કેન્દ્ર માટે અત્યંત શુભ અને યાદગાર દિવસ હતો. આ દિવસથી સુવર્ણ જયંતી ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો. લંડનમાં ભારતીય શાસ્ત્રીય કલાઓ અને સંસ્કૃતિના પ્રચાર અને સંવર્ધન માટે ૫૦ વર્ષ પૂર્વે આ સંસ્થાની સ્થાપના થઈ હતી.

યુ.કે.માં ભારતીય કળા અને સંસ્કૃતિની સૌથી મોટી સંસ્થા તરીકે ભવનનો ઇતિહાસ હંમેશાં પ્રભાવશાળી રહ્યો છે. જેમાં પ્રદર્શન અને કાર્યશાળા માટે વિશ્વના ખ્યાતનામ કલાકારોને આમંત્રવાનો, તેજસ્વી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાનો, કલા અને શૈક્ષણિક વર્ગો દ્વારા કલાકારો અને સાંસ્કૃતિક પ્રતિભાઓની આગામી પેઢીને વિકસાવવાનો આશય રહ્યો છે.

૧૯૭૨માં ઑક્સફર્ડ સ્ટ્રીટની એક નાની જગ્યામાં આશરે ૯૦ વિદ્યાર્થીઓથી ભવને એક નમ્ર પ્રારંભ કર્યો હતો, જે આજે ૨૩થી વધુ વિષયોમાં ૮૦૦ વિદ્યાર્થીઓ સાથે, એક વર્ષમાં ૧૦૦થી વધારે કાર્યક્રમો યોજે છે અને સાંપ્રત કળાકારો તેમ જ વિચારકો સાથે સતત સંવાદનું આયોજન કરે છે. હાલ આ કેન્દ્ર પશ્ચિમ કેન્સિંગ્ટનમાં વિશ્વ કક્ષાનું સભાગૃહ, વ્યાખ્યાન અને કાર્યશાળાનું આયોજન તેમજ કલા-પ્રદર્શન માટેની વિશાળ કલા-વિથિકા ધરાવે છે.

સંગીતના વિદ્યાર્થીઓની સુંદર પ્રસ્તુતિઓ દ્વારા ઉદ્‌ઘાટન સત્રની શરૂઆત થઈ હતી. તેમાં ભવનના વર્ગો, વિવિધ કાર્યક્રમો, વિદ્યાર્થીઓ અને તેમની સિદ્ધિઓની સમજ આપતી ટૂંકી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. તેના પછીની ફિલ્મમાં ભવનના છેલ્લા અમુક દાયકાઓની જૂની યાદો રજૂ કરતા પ્રસંગોનો મુખ્ય સાર હતો.




આ કાર્યક્રમમાં હેમરસ્મિથ અને ફૂલ્હામના મેયર કાઉન્સિલર પી. જે. મર્ફી અને યુ.કે. કમ્યુનિટી ફાઉન્ડેશનના માનદ્ પ્રમુખ બોરોનેસ ઉષા પ્રશર સી.બી.ઈ.એ શ્રોતાઓને સંબોધિત કર્યા. એમણે ભારતની સાંસ્કૃતિક વૈવિધ્યને પ્રોત્સાહન અને લંડનની વિવિધતામાં વધારો કરતા ભવનના મહત્ત્વનાં કાર્યો વિશે વાત કરી હતી. મુખ્ય મહેમાન તરીકે ભારતના ઉચ્ચ કમિશનના મંત્રી મનમીત સિંહ નારંગે સંબોધન આપ્યું હતું. આમ, ભવનના વિદ્યાર્થીઓની નૃત્યકલા દ્વારા સવારના સત્રનું સમાપન થયું હતું. સાંજના સત્રમાં ભરતનાટ્યમ નૃત્યાંગના રુક્મિણી વિજયકુમારનું આકર્ષક નૃત્ય જોવા મળ્યું.

આમ, ભવનની સુવર્ણ જયંતીને (મે ૨૦૨૨ થી એપ્રિલ ૨૦૨૩) સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ પ્રસ્તુતિઓ, કાર્યક્રમો, કાર્યશાળાઓ અને પ્રદર્શનો દ્વારા ઉજવવામાં આવશે.

કોલકત્તા કેન્દ્ર : રાજા રામ મોહન રૉયની ૨૫૦મી જન્મ જયંતી

૨૨ મે ૨૦૨૨ના રોજ રાજા રામ મોહન રૉય લાઇબ્રેરી ફાઉન્ડેશન અને ઈસ્ટર્ન ઝોનલ કલ્ચરલ સેન્ટર દ્વારા સંસ્કૃતિ મંત્રાલય - ભારત સરકારના સહયોગથી આધુનિક ભારતના પુનરુથ્થાનના જનકની ૨૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'યુગપુરુષ રાજા રામ મોહન' સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહ રાજા રામ મોહન રૉય લાઇબ્રેરી ફાઉન્ડેશન, સૉલ્ટ લેક અને સાયન્સ સિટી ઑડિટોરિયમ ખાતે યોજાયો હતો. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી શ્રી જી.કે. રેડ્ડી, પશ્ચિમ બંગાળના માનનીય રાજ્યપાલ શ્રી જગદીપ ધનકર અને તેમનાં પત્નીએ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું.

RRRLF કોલકત્તા ખાતે વર્ચ્યુઅલ રીતે શ્રી જી.કે. રેડ્ડી દ્વારા રાજા રામ મોહન રૉયની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર ભારતથી સુવિખ્યાત શિલ્પકાર શ્રી નિરંજન પ્રધાન, સાધારણ બ્રહ્મો સમાજના પ્રમુખ શ્રી પ્રદીપ ચક્રવર્તી અને સંસ્કૃતિ મંત્રાલયના નિર્દેશક શ્રી અતુલ મિશ્રા વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી. સેમિનારની શરૂઆત બ્રહ્મ સંગીત સાથે કરવામાં આવી. ત્યારબાદ રાજા રામ મોહન રૉયના જીવનના વિવિધ પાસાઓ, લાઈવ ઑડિયો વિઝ્યુઅલ પ્રશ્નોત્તરી અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયાં. સમગ્ર કોલકત્તાની વિવિધ શાળાઓએ ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો. ઑડિયો વિઝ્યુઅલ પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભવનની ગંગાબક્ષ કનોરિયા વિદ્યા મંદિરના નવમાં ધોરણની દેબદ્રિતા ઘોષ અને હોત્રી મઝુમદારે પારિતોષિક મેળવ્યાં.

કોટ્ટયમ કેન્દ્ર : સદ્ભાવનાના પ્રતિનિધિ



કોટ્ટયમ કેન્દ્રના અધ્યક્ષ ડૉ. પી.જી.આર. પિલ્લઈને લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ દ્વારા 'સદ્ભાવનાના પ્રતિનિધિ' તરીકે બિરદાવવામાં આવ્યા છે. ડૉ. પી.જી.આર. પિલ્લઈને હાર્દિક અભિનંદન.

અગરતલા કેન્દ્ર : વિશ્વ પર્યાવરણ દિવસ

દર વર્ષે ૫મી જૂને પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ લાવવા અને સૌથી મહત્ત્વના ગ્રહ પૃથ્વીને બચાવવા માટે 'વિશ્વ પર્યાવરણ દિવસ' ઉજવવામાં આવે છે.

ગૌરવની વાત એ છે કે, વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અગરતલા કેન્દ્રના લગભગ દરેક વિદ્યાર્થીઓએ સક્રિયપણે જાગૃત સૈનિક તરીકેની ભૂમિકા ભજવી. આ ઉપરાંત તેઓએ અગાસી, રવેશ અને રસોડાના નાના બગીચાઓની પણ માવજત કરી.



રજાઓનો સમય હોવા છતાં તમામ વિદ્યાર્થીઓએ છોડ રોપીને, તેમના નાના બગીચાઓને પાણી આપીને, ઘરની પાછળના વરંડાની સફાઈ કરીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવનના સભ્યોએ વિશ્વને વસવાટ માટેનું એક સુંદર સ્થળ બનાવવાના શપથ લીધા હતા.

કોલકત્તા કેન્દ્ર : કોવિડ રસીકરણ કાર્યક્રમ

ભવનની ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિરે, બિદાન નગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સોલ્ટ લેક ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે ત્રીજા નિઃશુલ્ક કોવિડ રસીકરણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૧૨ થી૧૮ વર્ષના ૨૫૫ વિદ્યાર્થીઓએ પહેલો અને બીજો ડોઝ લીધો હતો.



કોલકત્તા કેન્દ્ર : જાપાનીઝ તત્ત્વજ્ઞાન



૭ જૂન ૨૦૨૨ના રોજ ભવનની ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિર અને બી.આઈ.એમ.એસ. વિદ્યાશાખાના તમામ શિક્ષકો માટે જાપાન સ્થિત સફળ ઉદ્યોગસાહસિક ડૉ. સૌરવ કુંડુ દ્વારા પારસ્પરિક સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

સત્રની શરૂઆતમાં નિયામક, ડૉ. જી.વી. સુબ્રમણ્યમ દ્વારા ડૉ. કુંડુને સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. કુંડુએ ટૉક્યો મેટ્રોપોલિટન યુનિવર્સિટીથી એન્જિનિયરિંગમાં ડૉક્ટરેટની પદવી મેળવી છે. જાપાનના એમના અંગત અનુભવો અને અવલોકનોની સાથે, ત્યાંની સંસ્કૃતિ તેમજ ત્યાંની નોંધપાત્ર વ્યક્તિઓએ અનુસરેલ વ્યવસાયિક નીતિનિયમો તરફ ધ્યાન દોર્યું કર્યું.

ડૉ.કુંડુએ જાપાનીઝ સંસ્કૃતિને દર્શાવતી રંગીન સ્લાઇડ્સ પ્રદર્શિત કરી. એમની છટાદાર અને સ્પષ્ટ વાણીમાં સમજ આપતું આ સત્ર ખૂબ જ સફળ રહ્યું.

શિક્ષકોનો ઉત્સાહ તેમજ સક્રિય ભાગીદારી અને ડૉ. કુંડુની પ્રશ્નોત્તરીના નિપુણ સંચાલનને લીધે જાપાનીઝ સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાન વિશે શિક્ષકોને અઢળક માહિતી પ્રાપ્ત થઈ.

થ્રિસુર કેન્દ્ર : પી. ચિત્રન નમ્બુદિરીપદ શતાબ્દી મંદિરમ્

કુલપતિ મુનશી ભવન વિદ્યા મંદિર, પોટ્ટોર, થ્રિસુરમાં ૩.૨૫ કરોડ રૂપિયાના ખર્ચે બહુહેતુક સભાગૃહનું નિર્માણ થયું છે. આ નિર્માણ થ્રિસુર કેન્દ્રના સ્થાપક, ઉપાધ્યક્ષ, સ્વપ્નદ્રષ્ટા. શિક્ષણવિદ, લેખક અને સામાજિક કાર્યકર શ્રી પી. ચિત્રન નમ્બુદિરીપાદની જન્મશતાબ્દી નિમિત્તે કરવામાં આવ્યું હતું. શરૂઆતથી જ ભવનના થ્રિસુર કેન્દ્ર પ્રત્યેની એમની મૂલ્યવાન સેવાઓના સ્મરણાર્થે સભાગૃહનું નામ 'પી. ચિત્રન નમ્બુદિરીપાદ શતાબ્દી મંદિરમ્' રાખવામાં આવ્યું છે. તેનું ઉદ્ઘાટન સંસદ સભ્ય અને ભવનના હોદ્દેદાર શ્રીમતી રેમ્યા હરિદાસની ઉપસ્થિતિમાં, કેરળ રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કે. રાજન દ્વારા કરવામાં આવ્યું હતું. કેરળ સ્થિત ભવનનાં અન્ય કેન્દ્રોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364002. મો. 9173470085

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

કૂપમંડૂક: ફોન : 022 23630786

રાજેશ પંડ્યા: એ/5, ઋતુરાજ સોસાયટી, નૂતન વિદ્યાલય પાસે, કસ્તુરબા નગરની બાજુમાં સમા, વડોદરા-390024

સાહિલ: નિસા, 3/15, દયાનંદ નગર, રાજકોટ-360002. મો. 9428790069

રમણીક સોમેશ્વર : c/o ડૉ. દર્શના ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ- (કચ્છ) 370 001, મો. - 9429342100

પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટ: 32, ચંદન ટેનામેન્ટ્સ, વિભાગ -2, જશોદાનગર પાટિયા બસસ્ટોપ સામે, વટવા GIDC રોડ, જશોદાનગર, અમદાવાદ 382445. M: 9773421835

હાર્દિક વ્યાસ: બ્લોક નં-4, ધરતી પાર્ક-1, પાઠક સ્કૂલ સામે, હનુમાન પરા, મેઈન રોડ, અમરેલી-365 601. મો. 9825415695.

ગિરીશ ભટ્ટ: પ્રશાંતિ નિલયમ, માધવ નગર, સુરેન્દ્રનગર, પીન-363001.

હિમાંશી શેલત: સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007.

આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au

નટવર પંડ્યા: S.M.C. ફ્લેટ્સ નં-આઈ/ ૪ /૮, (નં I/4/8), બાપા સીતારામ સોસાયટી, સાગર સોસાયટીની બાજુમાં, કૉમ્યુનિટી હૉલ સામે, L. H. રોડ, કાપોદ્રા, સુરત-6, Mob. 8530669907

મોના જોષી: 591/2,સેક. 30, ગાંધીનગર. મો. 7779015553.

ઉર્વીશ કોઠારી : લુહારવાડ, મહેમદાબાદ-387130. મો. 9998216706.

ધ્રુવ ભટ્ટ: 1, ગોપાલ નગર, સ્ટેશન રોડ, કરમસદ-388325.

કિશોર પટેલ: બી/૧૦૪, બ્લ્યુ બેલ એનેકસ સોસાયટી, આનંદ નગર, લિંક રોડ, દહીંસર (પૂર્વ), મુંબઈ-400068. મો.: 9869717010, ઈમેઇલ: keyshorpatel@gmail.com

ડૉ. પંકજ જોશી: psjcosmos@gmail.com

રજનીકુમાર પંડ્યા: બી-૩/જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ, જયમાલા ચોક,મણિનગર-ઇસનપુર રોડ,અમદાવાદ-૩૮૦૦૫૦/ મો.95580 62711 ઇ મેલ-rajnikumarp@gmail.com

સંજય વૈદ્ય: 3-એ, ચંદ્રસોસાયટી, કાર્ગો મોટર્સવાળી ગલી, સી.જી. રોડ., અમદાવાદ-380006. મો. 8000913169

ધર્મેશ ગાંધી: 107, વિઝન કોમ્પ્લેક્ષ, પારસી અગિયારી પાસે, તરોટા બજાર, નવસારી-396445. Mob: 91064 80527. dharm.gandhi@gmail.com

હરીશ ખત્રી: ૩૦૩, પદ્માવતી ડુપ્લેક્સ, સુંદરવન સોસાયટી, વાસણા, અમદાવાદ - 380007. મો. 99041 57939

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009



વૉટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

રમેશ કમલેશ પાસે હૈયાવરાળ કાઢી રહ્યો હતો.

રમેશ : બોલ દોસ્ત, બે દા'ડા પહેલાં મારે તારી ભાભી સાથે બરાબરની જામી ગઈ. બીજી સવારે એ તો ઘોરતી રઈ એટલે નાછૂટકે હું ઊઠ્યો. બબલુ અને ટીનાને તૈયાર કર્યાં, નાસ્તાના ડબ્બા ભરી આપ્યા ત્યાં સુધી એ તો સૂતી જ રહી. જેવો બેય છોકરાંને લઈને ઘરની બહાર પગ મેલ્યો ત્યારે માઈની બેટી ટહુકી : 'એ છોકરાંને વૅકેશન છે. ક્યાં ચાલ્યા?' તો વહેલાં નો કેવાય? હુંય ના સૂતો રહેત!

☺ ☺ ☺

મગન હાથમાં છત્રી, પેટી લઈને તૈયાર થઈને બેઠો હતો. બાજુમાંથી આવી રહેલા રામજીએ પૂછ્યું : અલ્યા ક્યાં ચાલ્યો?

મગન : આ ટીવીવાળી કાલે રાતે બોલતી હતી : 'આઓ હમ આપ કો દિલ્હી કી બારીશ કા નઝારા દિખાને કે લિયે લે ચલતે હૈ દિલ્હી...' હું તો તરત તૈયાર થઈ ગયો પણ એ તો પાછી આવી જ નહીં.

☺ ☺ ☺

જમાલ : સાહેબ, જોઈ લ્યો બધા કાગળિયાં. વીમો, લાયસન્સ... બધું છે... ને હેલ્મેટ પણ પહેરી છે મેં.

પોલીસ : તોય દંડ તો થાશે જ.

જમાલ : શાનો? કેટલો?

પોલીસ : 2000 રૂપિયા. આ બધાં કાગળિયાં તેં જે કોથળીમાં સાચવ્યાં છે, જો ઈ પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે. એનો દંડ ૨૦૦૦ રૂપિયા છે.

હાસ્યેન સમાપયેત્

જૂની ચીજવસ્તુઓ વેચનાર એક દુકાનદાર પાસે જઈ ગ્રાહકે પૂછ્યું, "નવામાં શું છે?"

દુકાનદારે જરા ખીજમાં કહ્યું, "નવામાં કશું નથી, બધું જૂનું જ છે."

☺ ☺ ☺

એક મિત્ર બીજાને કહ્યું, "આજે મારી છત્રી ખોવાઈ ગઈ."

બીજો, "કેમ કરતાં?"

"ખોલવા જતાં."

☺ ☺ ☺

નવાણું વર્ષીય એક વ્યક્તિનો ઇન્ટર્વ્યૂ કરીને છૂટા પડતાં પત્રકારે કહ્યું, "આશા છે કે તમારા સો વર્ષ પૂરાં થાય ત્યારે હું હાજર રહી શકું."

વૃદ્ધે કહ્યું, "જરૂર હાજર રહી શકશો. હજી તો તમે યુવાન છો અને પ્રમાણમાં સ્વસ્થ દેખાઓ છો."

☺ ☺ ☺

"આજકાલ બધાના છૂટાછેડા બહુ થાય છે એનું શું કારણ?"

"લગ્ન."

☺ ☺ ☺

એક કિશોરે દાંતના દવાખાને જઈને કહ્યું, "મારી મમ્મીએ મારો દાંત પાડાવવા કહ્યું છે."

સહાયક, "ડૉક્ટર તો હમણાં બહાર ગયા છે."

કિશોર, "હવે પાછા બહાર ક્યારે જવાના છે?"

☺ ☺ ☺

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

Books for All Times

Much Awaited Reprints

- **HINDU DHARMA**
- **SAUNDARYALAHARI**
- **THE GURU TRADITION**



For copies, please contact:
BHARATIYA VIDYA BHAVAN Publication Division
505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 400 034
Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 23520385
E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans.info
Website: www.bhavans.info
• Postage Extra